આસ્તિકતાનો આદર્શ

●

[illegible]ડા (કાઠીયાવાડ) નિવાસી
શેઠ મનસુખલાલ સુખલાલ તારવાળા
તરફથી
શ્રી નવપદજીની આરાધનાના ઉદ્યાપન
નિમિત્તે

: લેખક :

પૂ. મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજી મ.

: પ્રકાશક :

શ્રી વીરશાસન કાર્યાલય-અમદાવાદ

આસ્તિકતાનો આદર્શ

યાને

નાસ્તિક-મત-વાદનું નિરસન-ભાગ બીજો

: લેખક :

પૂ. સકલાગમરહસ્યવેદી, પરમ ગીતાર્થ, સ્વર્ગસ્થ આ. શ્રીમદ્ **વિજયદાનસૂરીશ્વરજી** મ ના પટ્ટપ્રભાકર પૂ. સિદ્ધાન્તમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ **વિજયપ્રેમસૂરીશ્વરજી** મ.ના પટ્ટાલંકાર પૂ. પરમ શાસનપ્રભાવક, સમર્થ વિદ્વાન, વ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યદેવ શ્રીમદ્ **વિજયરામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજના શિષ્યરત્ન

પૂ. મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ

: પ્રકાશક :

શાહ પ્રેમચંદ હઠીસંગ

તંત્રી, **શ્રી વીરશાસન**

શ્રી વીરશાસન કાર્યાલય : રતનપોળ : **અમદાવાદ**

વીર સં. ૨૪૬૬] ભેટ [વિક્રમ સં. ૧૯૯૬

Printed at The Virvijaya Printing Press, Ratanpole, Ahmedabad, by Keshavlad Sankalchand Shah.

ગ્રન્થસમર્પણ

'આસ્તિકતાનો આદર્શ' પામવો, એ આદર્શ આસ્તિકતાને વરેલા સત્પુરૂષોની કૃપાનું જ એક ફળ હોઈ શકે. સત્પુરૂષોની સાચી કૃપા પામવાનું સૌભાગ્ય પણ સૌ કોઇને પ્રાપ્ત થઇ શકતું નથી. ઘણા આત્માઓનું જીવન તો દુષ્કર્મના યોગે સત્પુરૂષોની વિરાધના કરવામાં જ પૂરૂં થઈ જાય છે. એ વિરાધના, એમને ગુણપ્રાપ્તિમાં પરમ અંતરાય રૂપ નિવડે છે. આદર્શ આસ્તિકતાદિ સર્વોત્કૃષ્ટ ગુણોને વરેલા સત્પુરૂષો આ જગત્‌માં ક્વચિત્ જ નજરે પડે છે: અને જેઓની નજરે ચઢે છે, તેઓમાંથી પણ થોડા જ તે સત્પુરૂષોને ઓળખી શકે છે. ઓળખ્યા બાદ પણ તેમનાથી લાભ તો તેથી પણ થોડાને જ થાય છે. તેનું કારણ–'સત્પુરૂષોની કૃપામાં ખામી હોય છે.'–એ નથી, કિન્તુ એ કૃપાને ઝીલનારની ખામી જ એમાં મૂખ્ય કારણ છે. આસ્તિકતાદિ સદ્‌ગુણો પામવાના અર્થી આત્માએ, એ ખામી દૂર કરવા પ્રયાસ કરવો જોઇએ અને એમ થાય તો આજે પણ સત્પુરૂષોની કૃપાના ફળ રૂપે પ્રાપ્ત થતા આસ્તિકતાદિ સદ્‌ગુણોની પ્રાપ્તિ દુર્લભ નથી. જે સત્પુરૂષની સત્કૃપા વડે લેખકને આસ્તિકતાદિ પરમ સદ્‌ગુણોનો યત્કિંચિત્ મહિમા હૃદયમાં અંકિત થવા પામ્યો છે, તે સત્પુરૂષના પવિત્ર કરકમલમાં આ લઘુ ગ્રન્થ સમર્પણ કરી લેખક કૃતાર્થતા અનુભવે છે. એ સત્પુરૂષનું પવિત્ર નામ છે:–

પૂ. પરમ શાસનપ્રભાવક, વ્યાખ્યાનવાચસ્પતિ ગુરૂવર્ય્ય આચાર્યદેવ શ્રીમદ્ **વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ**, કે જેમન પવિત્ર પ્રતિકૃતિ આ પુસ્તકમાં સામે જ રખાયેલી છે. આ પ્રતિકૃતિ પણ પવિત્રભાવે દર્શન કરનારને સદ્‌ગુણપ્રાપ્તિમાં પરમ સહાયક થનારી છે.

પૂજ્યપાદ પરમ શાસનપ્રભાવક, વ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યદેવ



શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

પ્રસ્તાવના

'આસ્તિકતાનો આદર્શ'–એ નામનું આ પુસ્તક, વાસ્તવિક રીતિએ તો, આ પૂર્વે પ્રગટ થયેલ 'નાસ્તિક–મત–વાદનું નિરસન' એ નામના ગ્રન્થનો દ્વિતીય વિભાગ છે: છતાં આને **'આસ્તિકતાનો આદર્શ'** એ નવું નામ એટલા માટે આપવું પડયું છે કે–આ વિભાગમાં 'નાસ્તિકતા'ને પુષ્ટ કરનાર વિચારોના નિરસન કરતાં પણ, 'આસ્તિકતા'ને પોષનાર વિચારોના આલેખને અધિક પૃષ્ઠો રોકેલાં છે.

'સમાજ–શરીરને કોરી ખાનારા કારમા શત્રુઓ' શિર્ષક લેખ મોટે ભાગે આજે પૌર્વાત્ય સંસ્કૃતિને ભણેલા તેવા પ્રકારના સંસ્કૃતજ્ઞ પંડિતોમાં પ્રગટીને પ્રસાર પામતી પ્રચ્છન્ન નાસ્તિકતા અને તેના જરૂરી પ્રતિકારને દર્શાવે છે: જ્યારે **'આધિભૌતિકવાદનું સ્વરૂપ અને રહસ્ય'** શિર્ષક લેખ પાશ્ચિમાત્ય સંસ્કૃતિથી સંસ્કાર પામેલા સુશિક્ષિત કહેવાતા વર્ગમાં પ્રવેશ પામતી નાસ્તિકતાને અને તેના જરૂરી પ્રતિકારને બતાવે છે. આ ઉભય પ્રકારની નાસ્તિકતાનો જન્મ બુદ્ધિમત્તામાંથી થયેલો છે, તેથી તેનો પ્રતિકાર પણ બુદ્ધિમાનોને સારી રીતિએ ગ્રાહ્ય થાય, તેવી સચોટ યુક્તિઓ અને પ્રમાણોપૂર્વક આપવા પ્રયત્ન કરવામાં આવ્યો છે.

પૌર્વાત્ય અને પાશ્ચિમાત્ય, ઉભય પ્રકારની સંસ્કૃતિને ભણેલા પંડિતો, આને મધ્યસ્થ દૃષ્ટિએ વાંચે, વિચારે અને સારભાગને ગ્રહણ કરે, એવી લેખકની આંતરિક અભિલાષા છે. સામાન્ય વાંચકોને પણ એ બે લેખોની વસ્તુ શ્રદ્ધાને પરિપકવ બનાવે, એવા સુંદર જ્ઞાનને અર્પનારી નિવડશે, એમ લેખકનું માનવું છે.

'**ઇતિહાસ અને આગમ**' પ્રમાણની ચર્ચાને સ્પર્શતો લેખ પણ આજના ઇતિહાસજ્ઞ ગણાતા પંડિતો તથા તેમને અનુસરનારાઓ માટે ખાસ વિચારવા અને મનન કરવા યોગ્ય છે. મધ્યસ્થભાવે તેના ઉપર વિમર્શ અને મનન કરવામાં આવશે, તો ઇતિહાસથી પણ ચઢીયાતા એવા આગમ–પ્રમાણની મહત્તાનો ખ્યાલ તેમને પણ આવ્યા સિવાય રહેશે નહિ.

વૈરાગ્ય, ઇન્દ્રિયજય અને અન્તિમ આરાધના–વિષયક ત્રણ લેખો તો સીધી રીતિએ આસ્તિકતાનેજ પોષનારા છે. આદર્શ આસ્તિકતાને પામવાની અભિલાષાવાળા હરકોઈ આત્માઓ માટે તે લેખો વારંવાર મનન કરવા યોગ્ય છે અને એ રીતિએ મનન કરી તેમાં રહેલા ભાવોને હૃદયમાં કોતરી લેવા લાયક છે. મૂખ્યત્વે આ ત્રણ લેખોથી જ આ પુસ્તકનું '**આસ્તિકતાનો આદર્શ**' એ નામ સાર્થક બને છે. આ લેખોમાં આલેખાયેલી વાતોને એક વાર નહિ પણ અનેક વાર વાંચવાથી, વિચારવાથી અને ચિન્તવવાથી આસ્તિકતાની સુદૃઢતા થયા વિના રહે તેમ નથી: કારણ કે–એમાં દર્શાવેલા વિચારો, એ આસ્તિકતાની ટોચે પહોંચેલા મહાપુરૂષોનાં વચનોનો અનુવાદ માત્ર છે, કિન્તુ સ્વકપોલકલ્પિત નથી.

છતાં આજે આસ્તિક ગણાતા કે નાસ્તિક ગણાતા ઉભય પ્રકારના આત્માઓમાં નાસ્તિકતાનું નિરસન કે આસ્તિકતાનું

સમર્થન કરાવનાર સાહિત્ય વાંચવાનો રસ બિલકુલ મંદ પડી ગયેલો દેખાય છે : તેનું કારણ એમ જણાય છે કે-કહેવાતા આસ્તિકો પોતાનામાં આસ્તિકતા આવી ગયેલી જ છે, એમ માને છે અને કહેવાતા નાસ્તિકો નાસ્તિકતાથી તેમને લેશ પણ હાનિ થતી હોય, એમ સમજતા જ નથી. એ બંને માન્યતાઓ સર્વથા ખોટી છે. નાસ્તિકતા, એ એક ભયંકર દુર્ગુણ છે અને એ ભયંકર દુર્ગુણથી આત્માને અને જગત્‌ને કેટલું ભારે નુક-શાન થાય છે, એ વસ્તુની વિગતવાર ચર્ચા આ પુસ્તકના પ્રથમ વિભાગમાં વિસ્તારથી થઈ ગયેલી છે. અર્થી આત્માઓને ત્યાંથી એ પણ વાંચી લેવાની ભલામણ છે. વળી જે આસ્તિક આત્માઓ અનાદિકાલીન કુવાસનાઓના જોરે અનેક પ્રકારની પ્રચ્છન્ન અને અપ્રચ્છન્ન નાસ્તિકતાથી ઘેરાયેલા છે, છતાં પોતાની જાતને પરમ આસ્તિક માનીને ચાલી રહ્યા છે, તેઓની સ્થિતિ વધારે ભયાનક છે. નાસ્તિક આત્મા જગત્‌ને ભય રૂપ છે જ, પરન્તુ નાસ્તિક હોવા છતાં પોતાને આસ્તિક તરીકે માનનારા અને મનાવનારા સ્વને અને જગત્‌ને અધિક ભય રૂપ છે, એ વાતની સમજ ઘણા થોડાને છે. એવા જ કોઈ મિથ્યા અભિમાનથી નાસ્તિકતા રૂપી દુર્ગુણના મર્મોને પ્રકટ કરતું અને આસ્તિકતા રૂપી સદ્‌ગુણના રહસ્યનો સ્ફોટ કરતું અમૂલ્ય પણ સાહિત્ય વાંચવા પ્રત્યે આસ્તિક આત્માઓની પણ બેદરકારી વધેલી હોય તેમ જણાય છે. પરન્તુ એ બેદરકારીથી આસ્તિક આત્મા નાસ્તિક કરતાં પણ અધિક નુકશાનનો ભોગ થનાર છે, એમ કહેવું ખોટું નથી.

ચાહે આસ્તિક હો, ચાહે નાસ્તિક હો, ઉભયને જીવવું અને મરવું એ જો લલાટે લખાયેલું જ છે, તો કેવી રીતિએ

જીવવાથી જીવ્યા ગણાય અને કેવી રીતિએ મર્યાથી મર્યા ગણાય, એ બન્ને વાતો બન્નેએ સ્પષ્ટ રીતિએ સમજી લેવી આવશ્યક બને છે. જે જીવનમાં વૈરાગ્ય નથી, જે જીવનમાં ઇન્દ્રિયો ઉપર અંકુશ નથી, એ જીવન સ્વપરને ભારભૂત છે, નિ:સાર છે અને ભાવિ દુ:ખનું જ એક કારણ છે : અને એ જ રીતિએ જીવનની અન્તિમ પળોમાં પણ જેને શાન્તિ નથી, સમાધિ નથી, આરાધક બનવાની તમન્ના નથી, એ મરણ પણ સત્પુરૂષનું મરણ નથી, સત્પુરૂષને પ્રશંસનીય નથી. સત્પુરૂષને છાજતું જીવન અને સત્પુરૂષને છાજતું મરણ જીવવા અને મરવા માટે '**આસ્તિકતાનો આદર્શ**' એ પરમ જરૂરી છે અને એ આદર્શને પૂરો પાડવા માટે જ આ લઘુ પુસ્તક છે.

સૌ કોઈ આનો લાભ લે અને લેખક તથા સહાયકના શ્રમ વિગેરેને સફળ બનાવે, એ જ અભિલાષા.

લાલબાગ જૈન ઉપાશ્રય, મુંબાઈ.
સં. ૧૯૯૬, માર્ગશિર્ષ શુકલાષ્ટમી.

મુનિ ભદ્રંકરવિજય

અ૦નુ૦ક્ર૦મ૦ણિ૦કા

શુદ્ધિપત્રક

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધિ	શુદ્ધિ
૫	૨–૩	એકાન્ત અને દુર્ગતિથી રહિત	એકાન્ત દુઃખ અને દુર્ગતિથી રહિત
૬	૨૩	સાથી	સૌથી
૨૮	૨૩	ન્યાય	ન્યાય્ય
૩૪	૮	માણુસનો	માણુસના
૩૫	૨૧	પ્રતિપાદન	વિધાન
૩૭	૪	મૈથુન સેવનારનું	મૈથુન સેવનાર
૮૫	૨૪	**ज्ञानलवदुर्विग्धः ।**	**ज्ञानलवदुर्विदग्धः ।**
૮૯	૧૫	માનવાની ના માડે છે	માનવાની ના પાડે છે
૧૧૯	૨	વસ્તુપ્રમાણુનું	વસ્તુ પ્રમાણુનું
૧૨૮	૮	જડદ્વૈત	જડાદ્વૈત
૧૨૯	૬	પરિણુમો	પરિણુામો
૧૩૯	૧૫	નીતિતત્ત્વોનો	નીતિતત્ત્વનો
૧૫૯	૧૮	વસ્તુ નિરાળી છે	વસ્તુ નિરાળી નથી
૧૭૦	૬	**ततयो**	**तनयो**
૨૨૯	૨૨	**सघं**	**सव्वं**

તા. ક. આ ઉપરાંત જ્યાં જ્યાં કાનો, માત્રા કે રેફ વિગેરે ઉડી કે વધી ગયાં હોય, તે સુધારીને વાંચવા વાંચકોને વિનંતિ છે.

સમાજ-શરીરને

કોરી ખાનારા

કારમા શત્રુઓ

લેખાંક ૧ લો :

સમાજ એટલે માનવસમુદાય : તેને કોરી ખાનારા એટલે પાયમાલ કરનારા, અર્થાત્–તેનું સત્ત્વ એટલે સારભૂત ધન ચૂસી લેનારા શત્રુઓ.

સમાજનું સારભૂત ધન શું ?–તેની વ્યાખ્યા સૌની જૂદી જૂદી છે. પરન્તુ આપણે અહીં તે સર્વ વ્યાખ્યાઓની ઉપેક્ષા કરીને, એક માત્ર શ્રી જિનપ્રણીત વ્યાખ્યા શું છે, તેનો જ વિચાર કરવો છે.

'માનવસમુદાયનું સારભૂત ધન કયું ?'–એનો સાચો નિર્ણય કરવા માટે શ્રી જિનપ્રણીત આગમનો આશ્રય લીધા સિવાય છૂટકો જ નથી. શ્રી જિનપ્રણીત આગમ, એ જ એક અતીન્દ્રિય પદાર્થોના સત્ય નિર્ણયનો આધાર છે. ઇન્દ્રિયાતીત પદાર્થો સંબંધી સાચા નિશ્ચયો પ્રાપ્ત કરવા માટે, જે કોઈ એ સિવાયના ઉપાયોનું અવલંબન લે છે, તે અમાવાસ્યાની અંધારી રાત્રિએ સ્હેજે પ્રાપ્ત થયેલ દીપકનું અવલંબન છોડી દઈને, માત્ર પોતાની ચક્ષુઓના વિશ્વાસે જ અટવીનો વિષમ માર્ગ કાપવાનું અનુચિત સાહસ કરે છે.

અટવીનો માર્ગ કાપવા માટે દીપકનું અવલંબન છોડી દેવું અને કેવળ આંખ ઉપર જ વિશ્વાસ રાખવો, એ જેમ બુદ્ધિમત્તા નથી: તેમ સંસાર-અટવીમાં દુઃષમ કાળ રૂપી રજનીના સમયે આગમ રૂપી દીપકની અવગણના કરવી અને પોતાની અગર પરની બુદ્ધિ રૂપી ચક્ષુ ઉપર અઘટિત વિશ્વાસ ધારણ કરી દેવો, એ ઈરાદા પૂર્વક નાશને નજદિક નોંતરવા બરોબર છે.

'આગમ રૂપી દીપક આજે વિદ્યમાન નથી, અગર હોય તો પણ તેનો ઉપયોગ કરવાની આવશ્યકતા નથી.'-એમ બોલનારા ભાવ-અટવીના ધાડપાડુઓ છે. એ દીપકને ઝુંટાવી લીધા સિવાય અગર બુઝાવી નાખ્યા સિવાય સાર્થના સમૂહને લુંટવાનું કામ સરળ બની શકતું નથી. એ કારણે ધાડપાડુઓનો સૌથી પ્રથમ પ્રયત્ન રાત્રિના વખતે દીવાઓ ઝુંટવી લેવા અગર બુઝવી નાંખવાનો હોય છે. એ જ ન્યાયે આગમ રૂપી દીપકનું અવલંબન લેનારા આત્માઓ, એ દીપકનું અવલંબન ન છોડી દે ત્યાં સુધી, તેઓ પાસે એ છોડાવવાનો પ્રયત્ન કરવો અગર ન છોડે તો છેવટે બુઝાવી નાખવાનો પ્રયત્ન કરવો, એ ભાવમાર્ગના ધાડપાડુઓનું પ્રથમ કર્ત્તવ્ય બને છે.

પરન્તુ એવા ધાડપાડુઓથી બચવું, એ હિતાર્થી આત્માઓનું પરમ કર્ત્તવ્ય છે. આ સંસાર એક ભયંકર અટવી છે. અટવીમાં જેમ સીધા અને વાંકા-ઉભય પ્રકારના માર્ગો હોય છે: સિંહ, વ્યાઘ્રાદિ હિંસક પશુઓનો ભય હોય છે: અનેક પ્રકારનાં વૃક્ષો હોય છે: વૃક્ષોની વિવિધ છાયા, પત્રો, પુષ્પો અને ફળો હોય છે: તથા ખાડા, ટેકરા અને ચોર-લુંટારૂઓના ઉપદ્રવો હોય છે: તેમ આ સંસાર-અટવીમાં પણ બધું છે. અટવીમાં ફસાવનારા ધાડપાડુઓ હોય છે, તેમ અટવીને પાર ઉતારનારા દયાળુ સાર્થવાહો પણ હોય છે. એનું સ્પષ્ટ સ્વરૂપ સમજાવવા માટે જ્ઞાનિઓ ઉપનય સહિત દ્રવ્ય-અટવી અને ભાવ-અટવીનું અનેક સ્થળે વિધવિધ પ્રકારનું વર્ણન કરે છે. તેનો આછો ખ્યાલ આવે, એ માટે અહીં પણ તેમાંનો એક નમૂનો ટુંકમાં જોઈ

જવો, એ અપ્રસ્તુત નથી.

ભાવ–અટવીનું ચોક્કસ સ્વરૂપ સમજાવવા માટે, પ્રથમ દ્રવ્ય–અટવીનું વર્ણન કરતાં, શાસ્ત્રકાર મહારાજાઓ ફરમાવે છે કે—

“ વસન્તપુર નામનું નગર છે. ત્યાં એક ધન નામનો સાર્થવાહ છે. સાર્થવાહ નગરમાં ઉદ્‌ઘોષણા કરાવે છે. ઘણા લોકો એકઠા થાય છે. ગ્રામાન્તર જવા માટે અટવી ઉલ્લંઘન કરવાના બે રસ્તા છે. એક માર્ગ સરળ છે અને બીજો વક્ર છે. વક્રમાર્ગે સુખપૂર્વક જવાય છે, પણ ઘણા કાળે પહોંચાય છે. જો કે–અન્તે તો તે માર્ગ પણ સરળ માર્ગને મળી જ જાય છે.

સરળ માર્ગ વડે જલ્દી પહોંચાય છે, પણ કષ્ટથી પહોંચાય છે. સરળ માર્ગ ઘણો વિષમ અને લપસણો છે. તે માર્ગમાં પ્રવેશ કરતાં જ મહા ઘોર અને વિકરાળ સિંહ તથા વાઘ પગને વળગે છે. તે છોડે નહિ ત્યાં સુધી માર્ગમાં આગળ વધાતું નથી. અટવીના અન્ત સુધી તે પીછો પકડે છે.

એ માર્ગે વૃક્ષો પણ ઘણાં આવે છે. તેમાં કેટલાંક ઘણાં મનોહર છે, પરન્તુ તેની છાયા વિશ્રાંતિ લેવા લાયક નથી: કારણ કે–તે ઘણાં મનોહર એવાં પણ વૃક્ષોની તે છાયા મારણપ્રિયા છે. વળી કેટલાંક વૃક્ષો ખરી ગયેલાં તથા કરમાઈ ગયેલાં પાંદડાંવાળાં છે. તેની નીચે થોડી વાર વિશ્રાંતિ કરી હોય તો મરવાનો ભય નથી.

એ માર્ગની બન્ને બાજુએ મનોહર રૂપવાળા ઘણા પુરૂષો છે. તે રસ્તે જતા મુસાફરોને બોલાવી રહ્યા છે, પરન્તુ તેઓનું વચન સાંભળવા લાયક નથી. તેઓના વચનથી ભોળવાઈ સાર્થના માણસોથી ક્ષણ વાર પણ છૂટા પડ્યા તો મોટો ભય છે: કારણ કે–એકલાથી તો તે અટવીનું ઉલ્લંઘન થઈ શકે તેમ નથી.

દુરન્ત અને ઘોર એવો દવાગ્નિ પણ તે અટવીમાં સળગી રહ્યો છે. અપ્રમત્તપણે તે દવાગ્નિ ઓલવવા લાયક છે: કારણ કે–તેને ઓ-

લવવા માટે થોડી પણ બેદરકારી બતાવવામાં આવે, તો તે નિશ્ચિતપણે બાળી નાખે છે.

વળી દુઃખે લંઘન કરી શકાય તેવા ઉંચા પર્વતો રસ્તામાં આવે છે. સાવધાન બનીને તેને ઓળંગવામાં ન આવે, તો નિયમા મૃત્યુ થાય છે. આગળ ચાલતાં અત્યંત ગુપિલ અને ગહ્વર વંશની જાળો આવે છે. તે એકદમ લંઘી જવા લાયક છે: કારણ કે-ત્યાં રહેવાથી ઘણા દોષો ઉત્પન્ન થાય છે.

ત્યાર બાદ તુરત જ એક મોટો ખાડો આવે છે. તે ખાડાની નજદિક 'મનોરથ' નામનો બ્રાહ્મણ કાયમ માટે ઉભો રહે છે. જે કોઈ ત્યાંથી જવા માગે, તેને તે કહે છે કે-'આ ખાડાને થોડો પૂરતા જાઓ.' તેનું તે વચન બીલ્કુલ સાંભળવા લાયક નથી: કારણ કે-તે ખાડો કદી પૂરાતો નથી. જેમ જેમ તેને પૂરવા જાઓ, તેમ તેમ તે મોટો થતો જાય છે અને આજુબાજુના માર્ગોને પણ ભાગી નાંખે છે. આવી રીતિએ જેમ પૂરો તેમ મોટો થતો અને આજુબાજુના માર્ગોને ભાગતો ખાડો પૂરવાનું તે બ્રાહ્મણ કહે છે, તેય જ્યાં સાંભળવા લાયક નથી: ત્યાં વળી તે પૂરવા માટે તો રોકાવાનું હોય જ શાનું?

એ જ રીતિએ તે અટવીમાં ચક્ષુ આદિ ઈન્દ્રિયોને અત્યંત સુખ-કારક દિવ્ય કિંપાક નામનાં ફળો છે. તે ફળો જોવા લાયક પણ નથી અને ખાવા લાયક પણ નથી.

વળી ત્યાં વસનારા બાવીસ મહા વિકરાલ પિશાચો પ્રતિક્ષણ ત્રાસ આપ્યા કરે છે, પરન્તુ તે ત્રાસ ગણકારવા લાયક નથી.

સરળ માર્ગે ચાલતાં આહાર-પાણી અત્યંત વિરસ અને દુર્લભ હોય છે. એ કારણે રસ્તે ચાલતાં પ્રયાણ કદી અટકાવવા યોગ્ય નથી. નિરન્તર ગમન ચાલુ રાખવામાં ન આવે, તો ઇપ્સિત સ્થાને કદી પણ પહોંચી શકાય એમ નથી. રાત્રિએ પણ માત્ર બે પ્રહરથી અધિક નિદ્રા નહિ લેતાં, બાકીના બે પ્રહર પ્રયાણ ચાલુ રાખવું એ જ ઈષ્ટ છે.

એ રીતિએ અપ્રમત્તપણે ચાલવામાં આવે, તો તુરત જ અટવીનું ઉલ્લંઘન થઈ જાય તેમ છે. અટવીનું લંઘન થઈ ગયા બાદ, એકાન્ત અને દુર્ગતિથી રહિત એવું નગર પ્રાપ્ત થાય છે, કે જ્યાં કોઈ પણ પ્રકારનો ક્લેશ છે જ નહિ.

સરલ માર્ગના ગુણોનું આ વર્ણન સાંભળીને કેટલાકો સાર્થવાહની સાથે જ તે સરળ માર્ગે ચાલ્યા, જ્યારે બીજા કેટલાકો વિષમ માર્ગે ચાલ્યા. એ રીતિએ ચાલતાં, સાર્થવાહ અને તેની સાથેના આત્માઓ પ્રશસ્ત દિવસે ઈપ્સિત પુરે પહોંચી ગયા.

રસ્તે ચાલતાં સાર્થવાહ અને તેમની સાથેના માણસો માર્ગને બને તેટલો સુધારતા જાય છે. વચમાં આવતી શિલાઓ વિગેરેમાં માર્ગના ગુણ અને દોષ જણાવનારા અક્ષરો પણ લખે છે. એ અક્ષરો ઉપરથી આટલું ચાલ્યા અને આટલું ચાલવાનું બાકી રહ્યું, એની પાછળવાળાઓને ખબર પડે છે.

આજ્ઞા મુજબ સાથે ચાલનારા શીઘ્ર ઇચ્છિત સ્થાને પહોંચી ગયા. પાછળ રહેલા જેઓ લખ્યા મુજબ ચાલે છે, તેઓ પણ પહોંચી રહ્યા છે. જેઓ એ રીતિએ ચાલ્યા પણ નહિ અને ચાલતા પણ નથી, પરન્તુ છાયાદિમાં વિશ્રાંતિ લેવા ઉભા રહે છે, તેઓ પહોંચ્યા પણ નથી અને પહોંચનાર પણ નથી."

આ દૃષ્ટાંતનો ઉપનય એ છે કે–

સાર્થવાહની જગ્યાએ શ્રી અરિહંતદેવને સમજવા. ઉદ્‌ઘોષણા, એ તેમની ધર્મદેશના છે. મુસાફરના સ્થાને સંસારવર્તી જીવો છે. અટવી એ સંસાર છે. સરળ માર્ગ એ સાધુમાર્ગ છે અને વક્ર માર્ગ એ શ્રાવક-માર્ગ છે. ઈપ્સિત પુર એ મોક્ષ છે. સિંહ અને વાઘ, એ બે રાગ અને દ્વેષ છે. મનોહર વૃક્ષોની છાયા તુલ્ય સ્ત્રી આદિથી સંસક્ત વસ-તીઓ–રહેવાનાં સ્થાનો છે. પરિશાટિત વૃક્ષો, એ અનવદ્ય વસતી-સ્થાનકો છે. માર્ગની બે બાજુએ રહી બોલાવનાર પુરૂષો, એ પાસત્થાદિ અકલ્યાણ-મિત્રો છે. સાર્થની સાથે ચાલનારા સાર્થિકો, એ સાધુઓ

છે. દવાગ્નિઓ, પર્વતો, વંશજાળો અને ખાડાઓ,-એ ક્રોધાદિ ચાર કષાયો છે. કિંપાક ફળ તુલ્ય પાંચ ઇન્દ્રિયોના શબ્દાદિ વિષયો છે. ૨૨ પિશાચ એ બાવીસ પરિષહો છે. વિરસ અને અલ્પ ભોજનપાનની જગ્યાએ પ્રાસુક અને એષણીય આહારાદિક છે. પ્રયાણના સ્થાને નિરન્તર ઉદ્યમ છે અને રાત્રિએ બે પ્રહર ગમનના સ્થાને સ્વાધ્યાય-કરણ છે તથા અન્તે પુર-પ્રાપ્તિ, એ મોક્ષ છે.

મનુષ્યભવ રૂપ નગરથી માંડી મોક્ષપુરની પ્રાપ્તિ સુધી વચ્ચે આવતા અન્તરાયો અને અટવી એટલા બધા વિષમ છે કે-વિના સાર્થવાહ કે વિના સાર્થિકોની સહાયે, તે સઘળાનો પાર પામી શકાય તેમ નથી. અહીં આપણે બીજાં વિઘ્નોનું વર્ણન કરવું નથી, પણ માર્ગની બાજુમાં ઉભા રહીને મુસાફરોને બોલાવવાનો તથા સાર્થથી છૂટા પાડી તેમને લુંટી લેવાનો પ્રયાસ કરનારા ધાડપાડુઓમાંના કેટલાક ધાડપાડુઓનો વિચાર કરવો છે. એ ધાડપાડુઓ અનેક પ્રકારના હોય છે અને તે દરેકની લુંટવાની રીતિ પણ જૂદી જૂદી જાતિની હોય છે. એમાંની એક રીતિ રાત્રિના વખતમાં દીપકને પડાવી લઈ અગર બુઝાવી નાખીને લુંટી લેવાની રીતિ પણ છે.

એ દીપક તે આગમ રૂપી દીપક છે. દુઃષમાર રૂપી અંધાર રજનીમાં ઉન્માર્ગથી બચી સન્માર્ગ પર સ્થિર રહેવા માટે, એ સિવાય અન્ય કોઈ આધાર નથી. જ્યાં સુધી એ દીપક સળગતો છે, ત્યાં સુધી માર્ગને ચૂકાવનાર આત્માઓ પોતાની મુરાદમાં ફલિભૂત થઈ શકતા નથી. એ જ કારણે મજબૂતપણે એ દીપકને પકડી રાખનાર આત્માઓ તરફથી જે જાતિની ફાવટ પોતાને થવી જોઇએ તે થઇ શકતી નથી અને તેથી ઉન્માર્ગપથપ્રરૂપકોની સાથી અધિક ચોટ તે દીપકને બુઝાવવા ઉપર જ હોય છે: પરન્તુ સાર્થવાહ અને સાર્થિકોની અજબ જેવી સહાયના યોગે, એ ઉત્પથપ્રરૂપકોની ધારણા ધૂળમાં મળી જાય છે.

તો પણ તેઓની મોહક વાતોમાં લોભાઈ જઈ સાર્થનો સાથ છોડી દેનારા ઓછા નથી હોતા. સાર્થથી છૂટા પડેલા પણ તેઓ જ્યાં

સુધી હાથમાંના દીપકને છોડવા તૈયાર થતા નથી, ત્યાં સુધી તેઓને લુંટી લેવાનું કાર્ય તેટલું સરળ બની શકતું નથી. એ કારણે સૌથી પહેલાં એ દીપકને છોડાવવાનો પ્રયાસ જોસભેર કરવામાં આવે છે. ઘણાઓ એ પ્રયાસના ભોગ બની, હાથમાં રહેલા દીપકને ફેંકી દે છે, ફોડી નાખે છે અથવા તેને સર્વથા અવિશ્વસનીય માની તેની સામે જોવાનું પણ જીંદગી પર્યંત માંડી વાળે છે.

આજે આગમ રૂપી દીપક સામે જે જાતિની કટાક્ષભરી પદ્ધતિ અંગીકાર કરાઈ રહી છે, તે પણ એમ પૂરવાર કરે છે કે–તેમ કરનારાઓ ભાવમાર્ગના ધાડપાડુઓમાંના જ માણસો છે. એ ધાડપાડુઓનો ઈરાદો એ છે કે–લોકોનું સદ્વસ્તુઓ પ્રત્યેની શ્રદ્ધા રૂપી ધન લુંટી લઈ, પોતાની જેમ તેમને પણ ધાડપાડુ બનાવવા અગર સદાને માટે દરિદ્રાવસ્થામાં ધકેલી દઈ, પોતાની દયા ઉપર જીવતા રાખવા. તેઓના આ ઈરાદાને કળી શકવો, એ કોમળ બુદ્ધિના આત્માઓ માટે અતિશય કઠિન હોય છે, તેથી ઘણાઓ તો તેવાઓને પરોપકારનાં પુતળાં અને દયાના દેવ માની લઈ, પોતાનું સર્વસ્વ તેઓની પાસે સ્વેચ્છાએ લુંટાવી દે છે. આવી વિષમ સ્થિતિમાં ચતુર આત્માઓએ ઘણા જ સાવધ બનવાની આવશ્યકતા રહે છે. અન્યથા, આગમદીપક બુઝાયા કે લુંટાયા પછી રાત્રિચરો (રાક્ષસો) અને નકતંચરો (લુંટારાઓ) માટેનો માર્ગ સર્વથા નિર્ભય બન્યા સિવાય રહેવો નથી.

આજે મુક્તિમાર્ગના મુસાફરોનો થોડો પણ બચાવ જો થઈ રહ્યો હોય, તો તે એક શ્રી જિનાગમ રૂપી ભાવદીપકનો જ પ્રભાવ છે.

આ જગતમાં જ્યાં સુધી અંધકાર રહેવાનો છે, ત્યાં સુધી પ્રકાશની કિંમત પણ રહેવાની જ છે. પ્રકાશ પ્રત્યે પ્રદ્વેષ ધરાવનારા આત્માઓ પોતાના દ્વેષની જ્વાળાઓમાં ગમે તેટલા સળગ્યા કરે, પરન્તુ અંધકારને અંધકાર તરીકે પીછાણનાર આત્માઓ બચાવના એકના એક સાધન પ્રકાશની કદર બુઝ્યા સિવાય રહી શકવાના નથી. પ્રકાશની કદર તે જ આત્માને ન હોય, કે જેને અંધકાર બૂરો ન

લાગ્યો હોય : અંધકાર તેને જ ભૂરો ન લાગે, કે જેની સ્વાર્થસિદ્ધિ પ્રકાશમાં હણાતી હોય : અને પ્રકાશમાં સ્વાર્થસિદ્ધિ તેની જ હણાય, કે જે જગતને ઠગીને સ્વાર્થ સાધવા માગતો હોય.

જગતને ઠગવાનો જ એક ધંધો લઈને બેઠા હોય, તેવાઓને અંધકાર એ જ સ્વાર્થસિદ્ધિનો પરમ ઉપાય લાગે, એમાં કશું જ આશ્ચર્ય નથી : પરન્તુ જેઓને પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા માટે કોઈને પણ ઠગવાની અપેક્ષા નથી, એટલું જ નહિ, પરન્તુ બીજાઓના ઉપકારમાં જ પોતાનો સ્વાર્થ માનવો છે, તેવાઓને તો અંધકાર એક પરમ શત્રુભૂત ભાસે અને પ્રકાશ એ જ એક પરમ મિત્ર લાગે, એમાં કશો જ સંશય નથી. એ કારણે જગદ્‌વંચનાથી વિરામ પામેલા અને પરાર્થમાં જ સ્વાર્થ માનનારા કોઈ પણ સજ્જન પુરૂષને મન અજ્ઞાનાંધકારને ટાળનાર આગમ રૂપી પરમ દીપક, એ સ્વપરને પરમ આશિર્વાદ તુલ્ય છે એમ લાગે, એમાં કશી જ નવાઈ નથી.

આગમ, એ સ્વપરને પરમ આશિર્વાદ તુલ્ય હોવા છતાં, તેના પ્રત્યે કરડી નજર ધરાવનાર વર્ગ શાથી હયાત છે ?–એ વાત સમજાયા પછી, એ સમજવું મુશ્કેલ નથી કે–આ દુઃષમાર કાળ રૂપી રજનીના સમયમાં સૌથી અધિક રક્ષણ કરવા લાયક કાંઇ હોય, તો તે એક આગમ રૂપી દીપક જ છે : પરંતુ ઉત્તમ વસ્તુઓનું મૂલ્ય જ્યાં સુધી જગતમાં અધિક રહેવાનું છે, ત્યાં સુધી અધમ વસ્તુઓ પણ ઉત્તમ વસ્તુઓના મૂલ્યે વેચાય તેવો પ્રયાસ કરનારા પણ જીવતા જ રહેવાના છે. શ્રી જિનપ્રણીત આગમ, એ આ દુઃષમકાળમાં અપૂર્વ રજનીશ (ચંદ્ર અગર દીપક) તુલ્ય હોવા છતાં, અજિનપ્રણીત વચનો પણ પોતાને શ્રી જિન પ્રણીત આગમ તુલ્ય ગણાવવા માટે જોરશોરથી પ્રચાર કરી રહ્યાં હોય છે, એ વાત ભૂલવા જેવી નથી.

અજિનપ્રણીત આગમો, એ શ્રી જિનપ્રણીત આગમ તુલ્ય પોતાને ગણાવવા માટે જોરશોરથી પ્રચાર કરી રહ્યાં હોય, તેવા વખતે તે બેનો ભેદ યા વિવેક કરવાનો પ્રયત્ન નહિ કરનારા અગર તેવા પ્રય-

ત્નને બીનજરૂરી ગણુનારા, ખરેખર, સત્ય માર્ગથી વંચિત જ રહેવા સરજાયા છે: પરંતુ સત્ય માર્ગથી વંચિત ન રહી જવાય, તેની જેઓને સંપૂર્ણ દરકાર છે, તેવા આત્માઓ તો કોઈ પણ ભોગે શ્રી જિનપ્રણીત અને અજિનપ્રણીત વચનોનો વિભેદ યા વહેંચણ કર્યા સિવાય રહી શકે જ નહિ. એ જાતિનો વિભેદ કરવો, એ સ્વપરહિત માટે પરમ આવશ્યક છે. એને અનાવશ્યક ગણાવનારા આડકતરી રીતિએ અંધકારના હિમાયતી છે: અથવા તો પ્રકાશની કિંમત અંધકારથી લેશ પણ અધિક આંકનારા નથી, કિન્તુ પ્રકાશ અને અંધકારને તુલ્ય કોટિમાં મૂકનારા છે.

લેખાંક ૨ જો :

સમાજશરીરને કોરી ખાનારા શત્રુઓને સમજવા માટે, સમાજશરીરનું સારભૂત તત્ત્વ શું?–એ પહેલાં સમજવું પડશે. જેમ શરીરનું સારભૂત તત્ત્વ શુક્ર છે અથવા દેહાકૃતિની સારભૂત વસ્તુ મુખ છે અથવા મુખનું પણ સારભૂત તત્ત્વ નાસિકા છે અથવા તેથી પણ અધિક ચક્ષુ છે, તેમ સમાજશરીરનું સંરક્ષણ કરનાર યા તેને શોભા આપનાર વસ્તુ શું છે, તે પણ સમજવું પડશે. એ સમજવા માટે સમાજને સમજવો પડશે અને સમાજને સમજવા માટે માનવજાતિને સમજવી પડશે.

માનવજાતિ, એ સર્વ જાતિઓમાં પ્રધાન જાતિ છે, તેનું કોઈ પણ કારણ હોય, તો તે સૌથી અધિક બુદ્ધિમાન પ્રાણિઓના સમુદાયથી બનેલી જાતિ છે, તે સિવાય બીજું એક પણ નથી. માનવજાતિ એટલે બુદ્ધિમાન પ્રાણિઓનો સમુદાય. માનવસમુદાયમાં પણ કાળભેદે બુદ્ધિના તારતમ્યનો અનેક પ્રકારનો ભેદ પડી જાય છે, તો પણ ગમે તેવા કાળે બીજા પ્રાણિઓની બુદ્ધિ કરતાં માનવજાતિની બુદ્ધિ વિશેષિત જ રહેવાની છે, એમાં સંશય નથી. માનવસમુદાય, એ

બુદ્ધિપ્રધાન વર્ગ છે. એનો અર્થ એ છે કે–બુદ્ધિ, એ મનુષ્યોનું સત્ત્વ છે: બુદ્ધિ, એ જ મનુષ્યની શોભા છે. જેમ શરીરનું સત્ત્વ એ શુક્ર અને શરીરની શોભા એ મુખ, તેમ આદમીને આદમી તરીકે ટકાવનાર કે શોભાવનાર એક માત્ર બુદ્ધિ છે.

સમાજ, એ આદમીનો જ સમુદાય હોવાથી, સમાજની શોભા કે સમાજની સ્થિતિનો આધાર પણ બુદ્ધિ જ બની જાય છે. એ બુદ્ધિને ઘાયલ કરવી, એ સમાજશરીરને ઘાયલ કરવા બરાબર છે: એ બુદ્ધિને ચૂસી લેવી, એ સમાજશરીરને ચૂસી લેવા બરાબર છે: અને એ બુદ્ધિને ફોલી ખાવી, એ સમાજશરીરને ફોલી ખાવા બરાબર છે. આથી એ ફલિત થાય છે કે–બુદ્ધિને ઘાયલ કરવા, ચૂસી લેવા કે ફોલી ખાવા માટે પ્રયત્ન કરનારા, એ સમાજના પરમાર્થ શત્રુઓ છે.

પરન્તુ બુદ્ધિ એ કોઈ એવી ચીજ નથી કે–તેને બાહ્ય શસ્ત્રો વડે હણી શકાય. બુદ્ધિ જેમ આંતરિક વસ્તુ છે, તેમ તેને હણવાનાં શસ્ત્રો પણ આંતરિક જ છે. એ શસ્ત્રો કયાં ?–એ સમજાવવાનો પ્રયત્ન કરવો, એ જ પ્રસ્તુત લેખનો વિષય છે.

બુદ્ધિ, એ આન્તરિક વસ્તુ છે: તેનું કારણ તે બાહ્ય ઇન્દ્રિયોથી અગોચર છે. જે વસ્તુ બાહ્ય ઇન્દ્રિયોને ગોચર ન થઈ શકતી હોય, તે વસ્તુ ન જ હોય, એવો નિશ્ચય કરી શકાય એમ નથી. આકાશ વિગેરે કે પરમાણુ આદિ પદાર્થો બાહ્ય ઇન્દ્રિયોથી અગોચર હોવા છતાં, તેની સત્તા દરેકને સ્વીકારવી જ પડે છે: તેમ બુદ્ધિ, જ્ઞાન આદિ આન્તરિક વસ્તુઓ ઇન્દ્રિયપ્રત્યક્ષ ન થઈ શકતી હોય, તો પણ સ્વસંવેદન પ્રત્યક્ષથી પ્રત્યેકને તેની સત્તા સ્વીકાર્યા સિવાય ચાલે તેમ છે જ નહિ. જેઓ અસ્વસંવેદન (બહિરિન્દ્રિયગોચર) પ્રત્યક્ષ જ્ઞાન દ્વારા અનુભવાતા બાહ્ય પદાર્થોની સત્તા સ્વીકારવા તૈયાર છે, તેઓ એ પદાર્થોનો અનુભવ કરાવનારા જ્ઞાનની જ સત્તા સ્વીકારવાની જો ના પાડે, તો તેઓનું એ ચેષ્ટિત પુત્રનો સ્વીકાર કર્યા બાદ, માતાનો જ અસ્વીકાર કર્યા જેવું જ હાસ્યાસ્પદ બને. માટે જો બાહ્ય પદાર્થોની સત્તા નિશ્ચિત થાય

છે, તો તેનો નિશ્ચય કરાવનાર જ્ઞાનાદિ આંતરિક પદાર્થોની સત્તા માન્યા સિવાય છૂટકો જ નથી.

બાહ્યેંદ્રિય–અગોચર બુદ્ધિ પણ સ્વસંવેદન–ગોચર હોવાથી પોતાની હયાતિ પૂરવાર કરે છે: અને બુદ્ધિ જ જો માનવસમુદાયનું સર્વસ્વ છે, તો તેને હણાઈ જતાં, નાશ પામતાં કે વિપરીત માર્ગે તણાઈ જતાં બચાવી લેવાની ફરજ, એ સૌથી મોટી થઈ પડે છે. બુદ્ધિને નાશ પામતાં, હણાઈ કે તણાઈ જતાં બચાવી લેવાની જેટલી ફરજ છે, તેટલી જ તેને વિકસિત કરવાની કે વૃદ્ધિ પમાડવાની પણ ફરજ થઈ પડે છે. આ ફરજને જેઓ સમજી શકતા નથી, તેઓ માનવસમાજની સેવાના બદલે જ જો અસેવા અગર કુસેવા પણ કરી બેસે, તો તેમાં કશું જ આશ્ચર્ય પામવા જેવું નથી.

બુદ્ધિને હણાઈ જતી અટકાવવી કે વિકાસભાવને પમાડવી, એ જ એક માનવસમાજની સેવા કરનારનું પરમ લક્ષ્ય હોવું જોઇએ. એ લક્ષ્યને સ્થિર કર્યા સિવાય સેવા માટે કરવામાં આવેલો સઘળો પ્રયત્ન, એ કાં તો નિષ્ફળ બનનાર છે, કાં તો કુસેવામાં પરિણમનાર છે. સેવાનો પ્રયત્ન નિષ્ફળ ન બને કે કુસેવામાં ન પરિણમે, એ ખાતર માનવસમુદાયની બુદ્ધિને નુકશાન કરનાર તત્ત્વોનું જ્ઞાન સૌથી પ્રથમ મેળવી લેવું જોઈએ, એ આપોઆપ જ સાબીત થઇ જાય છે.

બુદ્ધિ, એ આત્માનો ગુણ છે. આત્માના સર્વ ગુણોમાં તે ગુણ પ્રધાન છે. જેમ બીજી પ્રધાન અને શ્રેષ્ઠ વસ્તુઓ માટે બને છે, તેમ આત્માના પ્રધાન જ્ઞાનગુણને પણ હાનિ પહોંચાડનારાં તત્ત્વો આ જગતમાં ઓછાં નથી. એ સર્વ તત્ત્વોમાં પ્રધાન હાનિકારક તત્ત્વ વિપરીત શ્રદ્ધા છે. વસ્તુ જેમ અમૂલ્ય, તેમ તેની રક્ષા કરવી પણ મુશ્કેલ. અમૂલ્ય વસ્તુને લુંટાઈ જતી અટકાવવા માટે જો પૂરેપૂરી સાવધગીરી રાખવામાં ન આવે, તો તે વસ્તુ સચવાઈ શકવી મુશ્કેલ છે: તેમ જ્ઞાન યા બુદ્ધિ જેવી અમૂલ્ય આત્મવસ્તુને લુંટાઇ જતી અટકાવવા માટે પણ, આત્માએ અત્યંત સાવધ બનવાની આવશ્યકતા રહે જ છે.

વિપરીત શ્રદ્ધા, એ આત્માના જ્ઞાનગુણને હણી નાખનાર છેઃ અને સમ્યક્ શ્રદ્ધા, એ આત્માના જ્ઞાનગુણને વિકસિત બનાવનાર છે, એ એક સિદ્ધાન્ત છે. જો કે-જ્ઞાન અને શ્રદ્ધા, એ બંને આત્મગુણો હોવાથી, તે બેને એકમેકથી જૂદા પાડી સમજવા જરા મુશ્કેલ છે, તો પણ જેઓએ પોતાના જ્ઞાનગુણને સુરક્ષિત અને નવપલ્લવિત બનાવવો હશે, તેઓને એ બેનો ભેદ સમજ્યા સિવાય ચાલે તેમ નથી. જ્ઞાનની હિમાયત કરનાર આત્મા જ્યારે શ્રદ્ધાની વાત તરફ બેદરકાર બને છે, ત્યારે તેની તે હિમાયત કેટલી પોકળ કે અર્થશૂન્ય છે, તે આપોઆપ જણાઈ આવે છે. જ્ઞાનને સમ્યગ્ બનાવનાર શ્રદ્ધા છે અને શ્રદ્ધાને સમ્યગ્ બનાવનાર જ્ઞાન છે. સમ્યગ્જ્ઞાન અને સમ્યક્-શ્રદ્ધા ઉભયની ઉત્પત્તિ પણ ડાબા-જમણા ગોશૃંગ કે અશ્વકર્ણની જેમ સાથે જ થનારી છે. ત્યારે સમ્યગ્જ્ઞાનનો જેને ખપ છે, તેને સમ્યક્શ્રદ્ધા પ્રત્યે બેદરકારી બતાવવી, એ પાલવી શકે તેમ નથી.

જ્ઞાનનું મૂળ શ્રદ્ધા અને શ્રદ્ધાનું મૂળ જ્ઞાન હોય, તો બંનેની એકીસાથે ઉત્પત્તિ કેવી રીતે માની શકાય, એ એક કોયડો છે. અત્રે એ પ્રશ્ન સંભવિત છે કે-"એક કાળે ઉત્પન્ન થનાર વસ્તુમાં કાર્ય-કારણભાવ કદી જોયો નથી, તો એક જ કાળે ઉત્પન્ન થનાર સમ્યગ્જ્ઞાન અને શ્રદ્ધા વચ્ચે કાર્ય-કારણભાવ છે એમ કથન કરવું, એ-' નિરન્તર હું મૌની છું '-એવું કથન કરવા બરાબર નથી?"

પરન્તુ આ પ્રશ્ન અધુરી સમજથી ઉત્પન્ન થયેલો છે. જ્ઞાન અને શ્રદ્ધાની ઉત્પત્તિ એક કાળે પણ છે અને તે બે વચ્ચે કાર્ય-કારણભાવ પણ રહેલો છે. એનું તાત્પર્ય એ છે કે-શ્રદ્ધાની ઉત્પત્તિમાં જે જ્ઞાન કારણ છે, તે જ્ઞાન પોતાનું નહિ પણ પરનું. પરનું સમ્યગ્જ્ઞાન જ્ઞાનમાં રહેલી વિપરીતતાને ટાળનારૂં થાય છે અને જ્ઞાનની વિપરી-તતા ટળે, એની સાથે જ શ્રદ્ધાગુણ ઉત્પન્ન થનારો હોવાથી, શ્રદ્ધાનું મૂળ જ્ઞાન છે, એ કથન અક્ષરશઃ સત્ય છે. નિસર્ગ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ વખતે પણ બાહ્ય અવલંબનો કે પરાધિગમ નહિ હોવા છતાં,

દર્શનમોહનીય આદિ પ્રકૃતિઓના આંતરિક ક્ષયોપશમથી પૂર્વનું જ્ઞાન એ જ શ્રદ્ધા રૂપે પરિણમે છે, તેથી ત્યાં પણ શ્રદ્ધાનું મૂળ જ્ઞાન કહેવામાં કોઈ પણ જાતિની હરકત નથી.

શ્રદ્ધાનું મૂળ જેમ જ્ઞાન છે, તેમ જ્ઞાનનું મળ પણ શ્રદ્ધા છે—એ વાત પણ તેટલી જ સત્ય છે. આમ તો કોઈ પણ આત્મા કોઈ પણ ક્ષણે જ્ઞાનરહિત હોતો નથી, પરન્તુ શ્રદ્ધાગુણના પ્રાદુર્ભાવ પહેલાનું તે જ્ઞાન એ અજ્ઞાન (વિપરીત જ્ઞાન-અયથાર્થ જ્ઞાન) ગણાય છે. યથાર્થ જ્ઞાન કે સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિ સમ્યક્શ્રદ્ધાન પછી જ થાય છે. એ અપેક્ષાએ સમ્યગ્જ્ઞાનનું મૂળ શ્રદ્ધા છે, એ કથન પણ બરોબર છે. સમ્યગ્જ્ઞાન અને શ્રદ્ધા ઉભયની ઉત્પત્તિ એક કાળે હોવા છતાં, એ બંનેનાં કારણો જૂદાં જૂદાં પડી જતાં હોવાથી, નયવાદની દૃષ્ટિએ જ્ઞાનનું મૂળ શ્રદ્ધા અને શ્રદ્ધાનું મૂળ જ્ઞાન કહેવામાં કોઈ પણ જાતિની હરકત રહેતી નથી. જ્ઞાનનું મૂળ જે શ્રદ્ધા છે, તે સમ્યગ્જ્ઞાનનું મૂળ છે: નહિ કે-વિપરીત યા અયથાર્થ જ્ઞાનનું મૂળ. એ જ રીતિએ શ્રદ્ધાનું મૂળ જે જ્ઞાન છે, તે પરનું સમ્યગ્જ્ઞાન, નહિ કે-સ્વનું: અને સ્વનું માનીએ, તો પણ તે સમ્યગ્જ્ઞાન પહેલાંનું મંદ મિથ્યાત્વવાળું અયથાર્થ જ્ઞાન. મંદ મિથ્યાત્વવાળું અયથાર્થ જ્ઞાન પણ સમ્યગ્જ્ઞાનનું કારણ બની શકે છે, તેમાં હેતુ કોઈ પણ હોય, તો તે મિથ્યાત્વની મંદ દશામાં આગ્રહનો અભાવ છે. નિરાગ્રહી અને મધ્યસ્થદૃષ્ટિ આત્મા મિથ્યાત્વવાળી દશામાં પણ સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિનો અધિકારી બની શકે છે.

અથવા નિશ્ચય નયની દૃષ્ટિએ જ્ઞાન અને શ્રદ્ધા ઉભયની ઉત્પત્તિ એક જ કાળે થાય છે, તેથી તે બેમાં કાર્ય-કારણભાવ નથી એમ માનવામાં પણ કાંઈ હરકત નથી. જ્ઞાન અને શ્રદ્ધાનો પરસ્પરનો કાર્ય-કારણભાવ માનવામાં આવે છે, તે કેવળ વ્યવહાર નયની દૃષ્ટિથી: અને માર્ગની પ્રાપ્તિ, ટકાવ અને વૃદ્ધિ માટેનાં સાધનોમાં વ્યવહાર એ પણ એક મુખ્ય સાધન હોવાથી, વ્યવહારની દૃષ્ટિને પણ પ્રધાન માન્યા સિવાય ચાલી શકે તેમ નથી.

આ રીતિએ શ્રદ્ધા એ જ જ્ઞાનનો એક પરમ ઉપાય હોવાથી, એ શ્રદ્ધા વિપરીત ન બની જાય કિન્તુ સમ્યગ્ બની રહે, એ માટે જેટલો પ્રયત્ન કરવામાં આવે તેટલો ઓછો છે. જ્ઞાનને સુધારનાર જેમ શ્રદ્ધા છે, તેમ બગાડનાર પણ શ્રદ્ધા છે. કેવળ (માત્ર) જ્ઞાનથી ફુલાઈ જવાનું નથી. વિશાળમાં વિશાળ જ્ઞાન પણ વિપરીત શ્રદ્ધાથી યુક્ત હોય, તો તે જ્ઞાન તારનારૂં થઈ શકતું નથી, કિન્તુ ડૂબાવનાર જ થાય છે. ઝેરનો એક કણીઓ જેમ પાયસાન્નથી ભરેલા સમસ્ત કુંડાને ઝેરસ્વરૂપ બનાવી દે છે, તેમ વિપરીત શ્રદ્ધાથી યુક્ત આત્માના સેંકડો ગ્રન્થોનું અધ્યયન પણ ઝેરસ્વરૂપ બની જાય છે. તલવાર એ શત્રુને ઠાર મારનારી હોવા છતાં, તેનો ઉપયોગ નહિ કરી જાણનાર બાળકના યા ઉન્મત્તના હાથમાં જો તે આપવામાં આવે, તો તે તેનો પોતાનો જ ઘાત કરનારી થાય છે: તેમ જ્ઞાન એ ઉત્તમ અને તારક હોવા છતાં પણ, વિપરીત તત્ત્વોની શ્રદ્ધાથી જો તે ઓતપ્રોત થયેલું હોય, તો તે તેના માલીકને ઉત્તમ બનાવવાના બદલે અધમ જ બનાવે છે: અગર ઉંચે ચઢાવવાના બદલે નીચે પાડનાર જ થાય છે.

એટલા માટે ઉન્નતિનું પગથિયું એ જ્ઞાન નથી પણ શ્રદ્ધા છે, એ વાત વધારે દૃઢ થાય છે. જ્ઞાનના મદમાં આવી જઈ, જેઓએ પોતાની શ્રદ્ધાને સુધારવાનો પ્રયત્ન છોડી દીધો, તેઓ જ્ઞાની તો બન્યા, પણ પોતાની સ્થિતિ કે ગતિને સુધારી શકયા નહિ. આત્માની ગતિ અને સ્થિતિ–ઉભયને સુધારવા માટે એકલું જ્ઞાન કદી ફલિભૂત થઈ શકતું નથી, કિન્તુ શ્રદ્ધાયુક્ત જ્ઞાન એ જ એક કાર્યસાધક છે.

અને શ્રદ્ધાની પ્રાપ્તિ, એ સૌથી દુષ્કર છે. જ્ઞાનની પ્રાપ્તિ એ દુન્યવી લોભથી પણ થઈ શકે છે, જ્યારે દુન્યવી લોભ એ સમ્યક્-શ્રદ્ધાની પ્રાપ્તિમાં કામ આવી શકતો નથી: ઉલ્ટો અંતરાય રૂપ થઈ પડે છે. સાડા નવ પૂર્વના જ્ઞાની પણ અશ્રદ્ધાળુ રહી ગયા અને અલ્પ જ્ઞાનને ધરનારા પણ શ્રદ્ધાળુ આત્માઓ ઉભય લોક સાધી ગયા. શ્રદ્ધાની પ્રાપ્તિ દુષ્કર એટલા માટે છે કે–અમૂક અંશે પણ

દુન્યવી સ્વાર્થથી નિઃસ્પૃહ બન્યા સિવાય તે પ્રગટ થઈ શકતી નથી, જ્યારે જ્ઞાનની પ્રાપ્તિ સર્વ પ્રકારના દુન્યવી સ્વાર્થથી ભરેલા આત્માઓમાં પણ દુન્યવી દૃષ્ટિએ ઉંચામાં ઉંચી કોટિની લાગે તેવી પણ થઈ શકે છે. એ કારણે ઉત્તમ અગર અધમ મનુષ્યની સાચી પરીક્ષા–'તેનામાં કેટલું જ્ઞાન છે?'–એની તપાસ દ્વારાએ થઈ શકતી નથી, પરન્તુ–'તે કેવી જાતિની શ્રદ્ધા ધરાવે છે?' અર્થાત્ 'તેની શ્રદ્ધા, વિશ્વાસ અને રૂચિ કયા પદાર્થો ઉપર છે?'–એની પરીક્ષા દ્વારાએ જ થઈ શકે છે.

ઉંચી કોટિનું જ્ઞાન ધરાવનાર આત્મા પણ જો અધમ કોટિની રૂચિવાળો હોય, તો તે દુનિયામાં પણ ઉત્તમ ગણાતો નથી. મનુષ્યના મનુષ્યત્વની પરીક્ષા તેની રૂચિ ઉપર છે, પણ માત્ર જ્ઞાન ઉપર નથી. ધનની રૂચિવાળો જ્ઞાની પણ પાપી બને છે અને ધર્મની રૂચિવાળો અજ્ઞાની પણ નિષ્પાપ જીવન ગાળી શકે છે. જીવનમાં પાપી બનવું કે નિષ્પાપ બનવું, તેનો મૂખ્ય આધાર જ્ઞાન ઉપર નથી, પણ રૂચિ ઉપર છે. એ રૂચિને સુધારનાર જ્ઞાન તારક છે અને બગાડનાર જ્ઞાન ડૂબાવનાર છે.

જગતમાં જીવોની રૂચિના મૂખ્ય બે વિભાગ પડે છે. એક વૈષયિક સુખની અને બીજી આત્મિક સુખની. વૈષયિક સુખની રૂચિવાળો વર્ગ મોટો છે, જ્યારે આત્મિક સુખની રૂચિવાળો વર્ગ પ્રમાણમાં બહુ અલ્પ હોય છે. વિષયસુખની રૂચિવાળા આત્માઓને ધન જેટલું ગમે છે, તેટલો ધર્મ ગમતો નથી. એને ધનવાન જેટલા ગમે છે, તેટલા ધર્મવાન ગમતા નથી. એને ધનવાનની પ્રવૃત્તિઓ જેટલી ગમે છે, તેટલી ધર્મિઓની પ્રવૃત્તિઓ ગમતી નથી. આત્મિક સુખની અભિલાષાવાળા આત્માઓને મન ધન એ તુચ્છ લાગે છે અને ધર્મ એ કિંમતી સમજાય છે. ધનની પુંઠે પડનાર આત્માઓ તેને મન વ્યર્થ જીવન ગાળનારા લાગે છે, જ્યારે ધર્મની પુંઠે પડનાર આત્માઓ જીવનને સાર્થક કરનારા લાગે છે. રૂચિનું આ અંતર આંતરિક ક્ષયોપશમથી જ થનારૂં હોવા છતાં, એ જાતિનો આંતરિક ક્ષયોપશમ

પેદા કરવા માટે બાહ્ય સાધનો એ ઓછાં ઉપયોગી નથી : બલ્કે, બાહ્ય સાધનોની જ તેવી અસર થયેલી હોય છે.

અધમ રૂચિવાળા આત્માઓ પોતાની તે રૂચિને છોડી નહિ શકતા હોવાથી, ઉત્તમ રૂચિવાળા આત્માઓ પ્રત્યે તેમનો વિરોધ ચાલુ હોય છે. એ વિરોધનું મૂળ રૂચિનો ભેદ છે. જ્યાં સુધી બે વિરૂદ્ધ પ્રકારની રૂચિ રહેવાની છે, ત્યાં સુધી એ વિરોધ પણ કાયમ રહેવાનો છે. એ વિરોધને જેઓ ટાળવા ઇચ્છતા હોય, તેઓએ રૂચિનો ભેદ ટાળવાની પ્રથમ આવશ્યકતા છે. પરસ્પર વિરૂદ્ધ રૂચિવાળા જીવો, પોતાની તે રૂચિને સમાન બનાવ્યા સિવાય, એકમતિ બનવા માગતા હોય, અગર તેઓને જો કોઈ એકમતિ બનાવવા ઇચ્છતું હોય, તો તેઓની તે ઇચ્છા કેવી રીતિએ ફલિભૂત થવાની છે ? એકમતિ બનવા માટે રૂચિની એકતા કરવી, એ તો પ્રથમ આવશ્યક છે.

રૂચિની એકતા કરવાનો પ્રયાસ કર્યા સિવાય જ, જગતને એક અભિપ્રાયવાળું બનાવી દેવાની ચેષ્ટા કરવી, એ એક બાલિશ ચેષ્ટા જ છે. સર્વ-ધર્મ-સમભાવ, સર્વ-દર્શન-સમભાવ, સર્વ-શાસ્ત્ર-સમભાવ આદિની વાતો કરનારા, એ ધર્મરૂચિ સમાજને ધર્મરૂચિથી ભ્રષ્ટ કરી અધર્મ-રૂચિ બનાવવા માટેનો પ્રયાસ કરનારા છે. રૂચિભેદ રહેવાનો છે, ત્યાં સુધી ધર્મભેદ પણ રહેવાનો છે : ધર્મભેદ રહેવાનો છે, ત્યાં સુધી દર્શનભેદ પણ રહેવાનો છે : દર્શનભેદ રહેવાનો છે, ત્યાં સુધી શાસ્ત્રભેદ પણ રહેવાનો જ છે : અને શાસ્ત્રભેદ રહેવાનો છે ત્યાં સુધી જ્ઞાનભેદ પણ રહેવાનો છે. એ જ રીતિએ સર્વ-જાતિ-સમભાવ, સર્વ-સંપ્રદાય-સમભાવ, નર-નારી-સમભાવ આદિની વાતો પણ તેટલી જ ઉન્માર્ગે દોરનારી છે. જ્યાં સુધી આચારભેદ રહેવાનો છે, ત્યાં સુધી જાતિભેદ પણ રહેવાનો છે : જ્યાં સુધી જાતિભેદ રહેવાનો છે, ત્યાં સુધી વિચાર-ભેદ પણ રહેવાનો છે : જ્યાં સુધી વિચારભેદ રહેવાનો છે, ત્યાં સુધી યોગ્યતાભેદ પણ રહેવાનો છે : અને જ્યાં સુધી યોગ્યતાભેદ રહેવાનો છે, ત્યાં સુધી સંપ્રદાયભેદ અને નરનારીનો ભેદ પણ રહેવાનો જ છે.

સ્વાર્થ માટે નહિ, પણ ઉત્તમ આચાર, ઉત્તમ વિચાર અને ઉત્તમ વ્યવહાર માટે રૂચિની ભિન્નતા અનુસાર જાતિ આદિના સ્થૂલ ભેદો પણ આવશ્યક છે. એ ભેદોને નિર્મૂલ કરવાની વૃત્તિ તેઓમાં જ જન્મે, કે જેઓ ઇરાદા પૂર્વક અગર તો અજ્ઞાનથી પણ ઉત્તમતા અને અધમતાનો ભેદ ટાળી નાખવા માગતા હોય.

સર્વ જગતને ઉત્તમ બનાવી દેવાની ભાવના, એ અવશ્ય કરણીય હોવા છતાં પણ, જ્યાં સુધી સકલ જગત ઉત્તમ બન્યું નથી, ત્યાં સુધી સઘળા પ્રકારના ઉત્તમ વ્યવહારોનો વિલોપ કરવા તૈયાર થવું, એ ભયાનક મૂર્ખતા છે. સ્વાર્થ માટે જાતિ–પાંતિના ભેદ નભાવી રહ્યા હોય, તેવા પણ આ જગતમાં ન જ હોય એમ નહિ, પણ તેવાઓના પાપે ઉત્તમ આચાર–વિચારોની રક્ષા માટે જરૂરી ભેદોનો પણ નાશ કરી નાખવો, એ ચોરના પાપે શાહુકારને જ ઠાર મારી નાખવા જેવું ઉતાવળીયું અને અઘટિત પગલું છે.

લેખાંક ૩ જો :

શત્રુઓ બે પ્રકારના હોય છે: એક બહિરંગ અને બીજા અંતરંગ. બહિરંગ શત્રુઓ જેટલું નુકશાન કરી શકે છે, તેના કરતાં કેઈ-ગુણું નુકશાન અંતરંગ શત્રુઓ કરે છે : એટલું જ નહિ, કિન્તુ બહિરંગ શત્રુઓ તરફથી થનારા નુકશાનનું રક્ષણ કરવાનાં સાધનો જેટલાં વિપુલ અને સુલભ હોય છે, તેટલાં વિપુલ અને સુલભ અંતરંગ શત્રુઓના ભયનું નિવારણ કરવાનાં સાધનો હોતાં નથી. સમાજ-શરીરને અનેક પ્રકારના ભયો હોય છે, તેમાં અહીં જે કાંઇ વર્ણન કરવામાં આવનાર છે, તે કેવળ આંતરિક ભયોનું જ વર્ણન કરવામાં આવનાર છે. બહિરંગ ભયો અને તેનાથી બચવાના ઉપાયો માટે પ્રયત્ન કરનારા ઘણા છે, કિન્તુ આંતરિક ભયોથી ભય પામનારા કે પમાડનારાનો

આ કાળમાં લગભગ દુષ્કાળ છે : તો પછી તેનાથી બચવાના ઉપાયો જાણનાર અને જણાવનારની સંખ્યા તેથી પણ ઓછી હોય, એ ન સમજી શકાય એવી વાત નથી.

આજે સમાજશરીર એટલે માનવસમુદાયને આપત્તિમાંથી ઉગારવાનો પ્રયત્ન કરનારા નથી રહ્યા એમ નથી. પરોપકારવૃત્તિ, એ મનુષ્યજાતિનો સાહજિક ધર્મ છે. જ્યાં સુધી મનુષ્યજાતિ હયાત રહેવાની છે, ત્યાં સુધી પરોપકાર વૃત્તિ પણ હયાત રહેવાની છે જ. બીજા શબ્દોમાં કહીએ, તો પશુવૃત્તિ અને મનુષ્યવૃત્તિ વચ્ચે જે તફાવત છે, તે પરોપકારાદિ ગુણોના વિકાસને અંગે જ છે. પરોપકારાદિ ગુણો જ્યાં વિકસ્યા નથી હોતા, તે મનુષ્યોને મનુષ્યો તરીકે ગણવાની જેમ પ્રાચીન તત્ત્વજ્ઞાનિઓ ના પાડે છે, તેમ અર્વાચીન તત્ત્વગવેષકો પણ ના જ પાડે છે. અર્થાત્–મનુષ્યજાતિ ગમે તેટલી નીચી કોટિએ ઉતરી ગયેલી હોય, તો પણ તેમાં કોઈ ને કોઈ પરગજુ અને પરોપકારી આત્માઓ ઉત્પન્ન થયા સિવાય રહેતા નથી. એવા આત્માઓ પોતાના સ્વાર્થની ચિન્તાની સાથે અન્યના સ્વાર્થની ચિંતા પણ કરે છે જ : એટલું જ નહિ, પણ કેટલીક વખત સ્વાર્થચિન્તા કરતાં પરાર્થચિન્તામાં વધુ આનન્દ અનુભવે છે. સ્વાર્થને ગૌણ બનાવી, પરાર્થમાં આનંદ માણનારા આત્માઓ, મનુષ્યજાતિમાં કોઈ વખત અધિક તો કોઈ વખત અલ્પ, પણ હોય છે અવશ્ય. એ ન્યાયે વર્તમાનકાળમાં પણ પરાર્થમાં આનન્દ અનુભવનારા મનુષ્યો મળી આવવા સહજ છે, કિન્તુ તેઓની એ પરાર્થવૃત્તિ માનવજાતિને બહિરંગ ભયોથી બચાવી લેવા પૂરતી જ હોય છે. અંતરંગ ભયો બહિરંગ ભયો કરતાં કેઈગુણા અનર્થદાયક હોવા છતાં, તેના પ્રત્યે પરાર્થ પ્રધાનવૃત્તિવાળા આત્માઓનું પણ મોટા ભાગે ઔદાસિન્ય જ હોય છે.

" અંતરંગ ભયો, એ અતિશય અનર્થકારક હોવા છતાં અને બહિરંગ ભયોનું મૂળ પણ એ અંતરંગ ભયો પ્રત્યેની ઉપેક્ષા હોવા છતાં, પરોપકાર-પ્રધાન વૃત્તિવાળા પુરૂષોનું પણ ધ્યાન તે તરફ ઓછું

કેમ રહે છે?"-એમ જો કોઈ પૂછે, તો કહેવું જોઈએ કે-તેનાં અનેક કારણો છે. તેમાંનું મૂખ્ય કારણ એ છે કે-અંતરંગ ભયો એ માનસિક છે અને બહિરંગ ભયો એ શારીરિક છે. શારીરિક ભયો જેટલા સુગ્રાહ્ય છે, તેટલા માનસિક ભયો સુગ્રાહ્ય નથી. મનુષ્યને મનુષ્યથી ભય: મનુષ્યને હિંસક જંતુઓથી ભય: મનુષ્યને ચોર, લુંટારા યાને બદમાશોથી ભય: મનુષ્યને આજીવિકા તૂટી જવાની સંભાવનાથી થતો ભય: મનુષ્યને અકસ્માતોથી થનારા ભય: મનુષ્યને યશ, આબરૂ અને ઈજ્જત ચાલી જવાનો ભય: અને મનુષ્યને બાહ્ય રોગોથી થતો ભય: એ વિગેરે ભયોથી દુનિયા અતિશય સુપરિચિત છે. એનું દુઃખ કેટલું ભારે છે, તેનો અનુભવ પ્રાયઃ પ્રત્યેક મનુષ્યને સ્વાનુભવસિદ્ધ છે.

જ્યારે એથી વિપરીત અંતરંગ ભયો, એ આંતરિક અને માનસિક હોવાથી, સિવાય બુદ્ધિમાન બીજાઓથી જાણવા અને સમજવા પણ શકય નથી. એ જ એક કારણ છે કે-અકસ્માત, અપયશ અને રોગાદિકના ભયો કરતાં, આંતરિક ભયો કોટિગુણા ભયાનક હોવા છતાં, અંતરંગ ભયોથી બચવા અને બચાવવાના પ્રયત્નો આ દુનિયામાં બહુ જ ઓછા થઈ રહ્યા છે.

આજે આર્થિક બેકારીથી મનુષ્યજાતિને ઉગારી લેવાની બૂમો સંભળાય છે, કિન્તુ આન્તરિક ગુણોની બેકારી વધતી જાય છે-તેની બૂમ કોઈ પણ જગ્યાએ સંભળાતી નથી. અર્થાત્-તેની વાત અલ્પ્ય છે. આગથી બચાવવા માટે બંબાઓ થયા, કિન્તુ વિષયાશા કે તૃષ્ણાની આગ બુઝાવવા માટેના બંબાઓ નવા થવા દૂર રહો, કિન્તુ કોઈ જગ્યાએ જૂના પણ રહી ગયા હોય તો તે બીનજરૂરી છે-એવા પોકારો થવા લાગ્યા. સમુદ્રમાં ડૂબતી સ્ટીમરોને બચાવી લેવાનાં સાધનો થયાં, પણ સંસારના મધ્ય દરીએ ડૂબતી મનુષ્યની જીવનનાવોને બચાવી લેવાનું એક પણ નવું સાધન ન સરજાયું, એ જ તેના પ્રત્યેની ઉપેક્ષાનું પ્રમાણ છે. રોગ અને ઝેરી જંતુઓના હુમલાઓ સામે મનુષ્યોનું સંરક્ષણ કરવા માટે અથાગ પરિશ્રમો સેવાઈ રહ્યા છે,

કિન્તુ માનસિક મહા રોગો અને તેને વધારનાર દુરાશા અને પિપાસાઓનો પ્રતિકાર કરવા માટે એક પણ યોજના ઘડવામાં આવતી નથી, એ જ આંતરિક ભયથી નિર્ભય બનેલા માનવસમાજનું સાચું પ્રતીક છે. આજની કૉર્ટો ચોર અને ખૂનીઓ આદિથી મનુષ્યજાતનું સંરક્ષણ કરવામાં ઇતિકર્તવ્યતા માને છે, કિન્તુ માનવજાતિના સાચા દુશ્મનોથી, આંતરિક ધનના ચોરોથી અને આંતરિક ગુણોના સંહારકોથી માનવજાતને બચાવવા માટે એક પણ કૉર્ટ કે કચેરી છે નહિ અને થતી પણ નથી. આ બધી વસ્તુઓ, એ પણ આંતરિક ભયો પ્રત્યેની મનુષ્યજાતિની બેદરકારીના અચૂક પૂરાવાઓ છે.

આંતરિક ભયોમાં સૌથી મોટો ભય મિથ્યાત્વનો છે. અવિરતિ, પ્રમાદ, કષાય, દુષ્ટ યોગો આદિ તરફથી ભય નથી એમ નહિ, કિન્તુ એ સર્વ ભયોથી અધિક ભય મિથ્યાત્વ તરફથી છે. શ્રી જૈનશાસને મિથ્યાત્વની જે વ્યાખ્યા બાંધી છે, તે બહુ સમજવા જેવી છે. સુદેવાદિને ન માનવા અગર ખોટા માનવા તથા કુદેવાદિને સત્ય માનવા અગર ખોટા ન માનવા, એ શ્રી જૈનદર્શને સ્વીકારેલી મિથ્યાત્વની પ્રધાન વ્યાખ્યા છે. એ મિથ્યાત્વ માનવસમાજનો મોટામાં મોટો શત્રુ છે, આત્માના સર્વસ્વનો સંહારક છે અને ગુણધનનો મોટામાં મોટો ચોર છે. શ્રી જૈનશાસનને એક સંકુચિત વૃત્તિનો સંપ્રદાય કહીને હસી કાઢનારને શ્રી જૈનશાસનની આ વાત એટલી મહત્ત્વની નહિ પણ લાગે, પરન્તુ શ્રી જૈનશાસનને જેઓ એક યથાર્થ વક્તા-સંપૂર્ણ જ્ઞાની મહાપુરૂષનું પ્રરૂપેલું શાસન માને છે, તેઓને મિથ્યાત્વ રૂપી ભયાનક શત્રુની પીછાન જેવી રીતિએ શ્રી જૈનશાસન કરાવે છે, તેવી રીતિએ માનવામાં કોઈ પણ જાતિનો સંદેહ નહિ જ રહે.

શ્રી જૈનશાસન, એ કોઈ વાડો, સંપ્રદાય કે સંકુચિત મનોવૃત્તિ ધરાવનાર માનવીનું શાસન નથી: કિન્તુ સમસ્ત જગતના કલ્યાણની ભાવનાથી ઓતપ્રોત થયેલું તે એક સર્વોચ્ચ શાસન છે. તેને સંકુચિત દૃષ્ટિએ જોવા કરતાં, તે જેવી ધરાવે છે તેવી વિશાળ દૃષ્ટિએ તેને

જોવું, તે જ તેને એક ન્યાય આપવા બરાબર છે. સમસ્ત જગતના કલ્યાણની દૃષ્ટિએ જ શ્રી જૈનશાસને મિથ્યાત્વને સર્વહિતસંહારક ઘોર દુશ્મન માનેલો છે અને મનાવેલો છે. એક મિથ્યાત્વની હાજરીમાં આંતરિક સર્વ પ્રકારના દોષો નવપલ્લવિત બન્યા રહે છે અને એક મિથ્યાત્વના નાશમાં આંતરિક સર્વ દોષોનો થોડા યા અધિક કાળમાં નિયમા નાશ થાય છે.

શ્રી અરિહંતાદિ સુદેવ, સુગુરૂ અને સુધર્મતત્ત્વની શ્રદ્ધાપૂર્વક આરાધના, એ મિથ્યાત્વના નાશનો પરમ ઉપાય છે. એ ઉપાયનું અવલંબન લીધા વિના જ, જેઓ મિથ્યાત્વના નાશની કે સમ્યગ્દર્શનાદિની ઉપાસનાની વાતો કરે છે, તેઓ હવામાં જ કીલ્લા ઉભા કરવાની વાતો કરે છે.

મિથ્યાત્વ એ મોટો શત્રુ છે-એમ જે કહેવામાં આવે છે, તેનું કારણ એ છે કે-તે માનવીની સત્શ્રદ્ધા ઉપર કુઠારાઘાત કરે છે: અને એક વાર ઉત્તમ વસ્તુઓ પ્રત્યેની શ્રદ્ધાથી માનવી વિહીન બન્યો, પછી તે માનવીનો વિનાશ સત્વર છે.

જૈન સિવાયનાં દર્શનોએ પણ ગાયું છે કે-

'श्रद्धावांल्लभते ज्ञानम् ।' તથા 'संशयात्मा विनश्यति ॥'

વિના શ્રદ્ધા જ્ઞાનની પ્રાપ્તિ શક્ય નથી અને શ્રદ્ધાથી ચ્યુત થનારાનો વિનિપાત સુનિશ્ચિત છે. શ્રદ્ધા, એ સર્વ ગુણોનું મૂળ છે. પરમાર્થના માર્ગમાં કે વ્યવહારના માર્ગમાં શ્રદ્ધાભ્રષ્ટ આત્માઓ સર્વદા નાલાયક મનાયા છે. કોઈ પણ આત્માને તેના કલ્યાણમાર્ગથી ભ્રષ્ટ કરવો હોય, તો તેનો સરળમાં સરળ ઉપાય એ છે કે-સૌથી પ્રથમ તેને તેના કલ્યાણમાર્ગની શ્રદ્ધાથી ભ્રષ્ટ કરવો. માનસશાસ્ત્રિઓનું પણ કહેવું છે કે-વિચાર, એ આચારને ઘડનારા છે. કોઈ માણસને સુધારવો યા બગાડવો હોય, તો સૌથી પહેલાં તેના વિચારોને ફેરવવા પ્રયત્ન કરવો જોઈએ. જ્યાં સુધી તે પોતાના વિચારોમાં મક્કમ હશે, ત્યાં સુધી તેને તેના આચારમાર્ગથી ખસેડવો દુઃશક્ય છે.

વિચારોની એ મક્કમતાનું નામ જ શ્રદ્ધા છે. એ શ્રદ્ધા જ્ઞાનથી ઘડાય છે એ વાત સાચી છે, તો પણ સર્વ પ્રકારનું જ્ઞાન શ્રદ્ધાને ઘડનારૂં કે દૃઢ કરનારૂં જ થાય છે, એમ કહેવું એ સાચું નથી. જ્ઞાનથી જેમ વિચારો અને શ્રદ્ધા મક્કમ બને છે, તેમ જ્ઞાનથી જ વિચારો અને શ્રદ્ધા નષ્ટ થાય છે યા શિથિલ બને છે. શ્રદ્ધાને ઘડનારૂં, સ્થિર કરનારૂં કે વધારનારૂં જ્ઞાન જેમ સહાયક અને આદરણીય છે, તેમ શ્રદ્ધાને બગાડનારૂં, ઉખેડનારૂં કે નાશ કરનારૂં જ્ઞાન તેટલું જ અનર્થકારક અને અનાદરણીય છે. બધાનો મથિતાર્થ એ જ છે કે-માનવીને ચઢાવવો કે પાડવો હોય, તો સૌથી પ્રથમ એની વિચારણાને પલટાવવાની જ મોટામાં મોટી આવશ્યકતા રહે છે: અને એટલા માટે કોઈ પણ ક્ષેત્રના નાયકો સૌથી પ્રથમ પ્રયત્ન તેને માટે જ કરે છે.

આ વસ્તુસ્થિતિને જાણનારા બહુ સહેલાઈથી સમજી શકશે કે-શ્રી જૈનશાસને મિથ્યાત્વને પરમ શત્રુ તરીકે સ્વીકાર્યો છે, તે સોએ સો ટકા વ્યાજબી છે. મિથ્યાત્વ, એ વિચારોને વિપરીત માર્ગે પલટાવનાર છે: અને એટલા માટે જ શ્રી જૈનશાસનથી ચ્યુત કરવાનો ઈરાદો ધરાવનાર કોઈ પણ આત્મા, શ્રી જૈનશાસનને અનુસરનાર આત્માઓની સમ્યક્ શ્રદ્ધા ઉપર પ્રથમ ઘા કરે છે. શ્રદ્ધા ઉપર ઘા કર્યા વિના, કેવળ આચારોને ખોટા વર્ણવવા પ્રયત્ન કરનારા, શ્રી જૈન-શાસનને પરાજિત કરવા માટે કદી પણ સફળ થઈ શકતા નથી. જેટલી સફળતા તેઓ શ્રદ્ધાને નબળી પાડવામાં મેળવી શકે છે, તેટલી જ સફળતા તેઓને ત્યાર પછી બીજાં કાર્યોમાં મળી શકે છે. આ વસ્તુ ધ્યાનમાં રાખીને જ, આજે શ્રી જૈનશાસનમાં ઉત્પન્ન થયેલા કેટલાક બહુલકર્મી આત્માઓ, કેટલોક વખત થયાં શ્રી જિનમતના અનુયાયીઓની શ્રદ્ધાના પાયા હચમચાવવા ભારેમાં ભારે પ્રયત્ન કરી રહ્યા છે. તેઓના તે પ્રયત્નોમાં તેમને કેટલી સફળતા મળી છે, તે ઉઘાડી આંખે દેખી શકાય એવું હોવાથી, તેને અમે અહીં ચર્ચવા

ઉડાવવાનો પ્રયત્ન કરનારા શાસનના પાયાને જ ઉખાડવાનો પ્રયત્ન કરનારા છે, એટલું જ સમજાવવું આ સ્થળે ઉપયુક્ત છે.

સમસ્ત માનવસમાજની વાત ઉપરથી એકદમ જૈનસમાજની વાત ઉપર આવી જવાથી, કેટલાકને આશ્ચર્ય લાગશે : પરન્તુ તેવા આત્માઓ શ્રી જૈનશાસન એ સમસ્ત માનવસમાજનું સાચું સંરક્ષણ કરનાર છે, એ વાતને હજુ સમજ્યા નથી, એમ કહેવું પડશે. શ્રી જૈનશાસનનો સંબંધ અમૂક વ્યક્તિઓ સાથે જ છે-એમ કહેવા કરતાં, તે ચરાચર સમસ્ત વિશ્વની સાથે છે-એમ કહેવું એ જ બરાબર છે.

શ્રી જૈનશાસન ચરાચર વિશ્વની સાથે સંબંધ રાખતું હોવા છતાં, સમસ્ત વિશ્વ તેને પોતાનું ગણતું નથી: તેથી જ ઉપર્યુક્ત સંદેહ ઉત્પન્ન થાય છે. એમાં શ્રી જૈનશાસનની નહિ, પણ-તેવા આત્માઓની જ સંકુચિત દૃષ્ટિ કારણ છે, એ વાત વિસરી જવા જેવી નથી.

શ્રી જૈનશાસન, એ સમસ્ત માનવસમાજ માટેનો જ નહિ, કિન્તુ ચરાચર વિશ્વ માટેનો એકનો એક કલ્યાણપથ હોવા છતાં, શ્રી જૈનશાસનની તે જાતિની વિશાળ દૃષ્ટિને નહિ સમજી શકનાર આત્માઓ, તેની વાતને અમૂક વ્યકિતઓની, સંપ્રદાયની કે કોમની વાત માની લે, તેમાં શ્રી જૈનશાસનનો અપરાધ નથી. સમસ્ત જગતના કલ્યાણને પોતાની ભાવનામાં સમાવી લેનાર વિશાળ દૃષ્ટિવાળા શ્રી જૈનશાસને, મિથ્યાત્વને સમસ્ત માનવગણનો જ નહિ, કિન્તુ પ્રાણી માત્રનો મહાશત્રુ માનેલો છે. પ્રાણી માત્રમાં માનવપ્રાણિની ગણના મુખ્ય હોવાથી, આપણે અહીં કેવળ માનવસમાજને ઉદ્દેશીને વિચાર ચલાવી રહ્યા છીએ. એ માનવસમાજ અનેક આપત્તિઓથી સદા ગ્રસ્ત છે. પરોપકારી પુરૂષો તેની તે આપત્તિઓ ઓછી કરવા માટે અનેક પ્રયાસો કરે છે, તો પણ તેઓના પ્રયત્નો કેવળ બાહ્ય આપત્તિઓથી રક્ષણ કરવા પૂરતા હોય છે, જ્યારે શ્રી જૈનશાસનની ઘોષણા બાહ્ય આપત્તિઓના પણ મૂળ સુધી પહોંચી જઈ, બાહ્ય અને આંતર સર્વ પ્રકારની આપત્તિઓથી પ્રાણિગણની રક્ષા માટે કારણ રૂપ બની જાય છે.

આંતર આપત્તિઓ, એ બાહ્ય આપત્તિઓનું પણ બીજ છે: કારણ કે-તે તેમાંથી ઉદ્‌ભવેલી છે અને તેના નાશથી જ નાશ પામનારી છે: તેથી ખરાં ભયનાં સ્થાનો આંતર આપત્તિઓ જેનાથી ઉત્પન્ન થનારી છે, તે છે: અને એ ભયનાં સ્થાનોમાં મૂખ્ય સ્થાન 'મિથ્યાત્વ'નું જ છે.

કલિકાલસર્વજ્ઞ, આચાર્યભગવાન શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા, મિથ્યાત્વની ભયાનકતાનું વર્ણન કરતાં, એક સ્થળે ફરમાવે છે કે-

"मिथ्यात्वं परमो रोगो, मिथ्यात्वं परमं तमः ।
मिथ्यात्वं परमः शत्रु-र्मिथ्यात्वं परमं विषम् ॥१॥
"जन्मन्येकत्रदुःखाय, रोगो ध्वान्तरिपुर्विषम् ।
अपि जन्मसहस्रेषु, मिथ्यात्वमचिकित्सितम् ॥ २ ॥"

અંધકાર, રોગ, વિષ અને શત્રુ,-એ આ જગતમાં દુ:ખનાં કારણ મનાય છે: પરન્તુ એ સઘળાંને ટપી જાય એવું દુઃખનું નિમિત્ત તો માત્ર એક મિથ્યાત્વ છે. રોગ, અંધકાર, શત્રુ અને વિષ તો એક જ જન્મમાં દુઃખ દેનારાં છે: જ્યારે મિથ્યાત્વ, જો પ્રતિકાર કરવામાં ન આવે તો, હજારો જન્મોમાં દુઃખ આપનાર થાય છે.

મિથ્યાત્વની આ ભયાનકતા વર્ણવનારા મહાપુરૂષો મહાજ્ઞાની છે, નિઃસ્પૃહ છે અને અસત્ય બોલવાના પ્રયોજનથી પણ રહિત છે. આવા મહાત્માઓ પણ જ્યારે મિથ્યાત્વની.આટલી ભયાનકતા વર્ણવે છે, ત્યારે હિતાર્થી આત્માઓએ તેના ઉપર અધિક વિચાર કરવાની આવશ્યકતા છે.

મિથ્યાત્વ એ બુદ્ધિનો વિપર્યાસ છે: આત્માના વિચારોને વસ્તુસ્થિતિથી વિપરીત ઘડનાર છે: અને બુદ્ધિનો એક મહાન દોષ છે. આ કારણે એ દોષ સર્વ દોષોના રાજા સમાન છે.

આત્માના અવનત ભાવિનું એ જ એક મૂળ છે. એથી વિપરીત, મિથ્યાત્વનો અભાવ એ આત્માના ઉન્નત ભાવિનું ઉપાદાન છે. મિથ્યાત્વ જેમ શત્રુ છે, તેમ એ મિથ્યાત્વને પમાડનાર વ્યક્તિઓ કે આલંબનો

પણ જ્ઞાનિઓની દૃષ્ટિએ મહાશત્રુઓ મનાયા છે. એને જ આપણે બીજા શબ્દોમાં 'ભાવમાર્ગના ધાડપાડુઓ' કહીએ છીએ. એ ધાડપાડુઓની ધાડથી બચાવવાનો પ્રયત્ન કરવો, એ ભારેમાં ભારે ઉપકાર છે. જે સમયમાં એ ધાડપાડુઓની સંખ્યા વધે છે, તે સમયમાં તેઓની ધાડથી જનસમુદાયની રક્ષા કરવાનું કાર્ય સાચા ઉપકારિઓ માટે સવિશેષ કરવા લાયક બને છે. એ કર્તવ્ય તરફ દુર્લક્ષ્ય કર્યે ઉપકારિઓને પાલવે તેમ નથી.

ભાવમાર્ગના ધાડપાડુઓની ઓળખાણ કરી લીધા બાદ, તેઓ કયી કયી રીતિએ ધાડ પાડવાનું કાર્ય કરી રહ્યા હોય છે, એની ખોજ કરવી પણ અનિવાર્ય બને છે. ભાવમાર્ગ, એ આંતરમાર્ગ છે. તેને લુંટવાનો પ્રયત્ન કરનારા પણ આંતરિક ઈલાજોને જ અજમાવે છે. એ આંતરિક ઈલાજો બીજા કોઈ જ નથી, કિન્તુ આત્માનું એકાન્તે હિત સાધનાર પદાર્થોને વિપરીત રૂપે ઓળખાવવા અને શામ-દામ-દંડ-ભેદાદિ નીતિઓ વડે એ પદાર્થો પ્રત્યેની માનવીની સ્વાભાવિક ઉચ્ચ શ્રદ્ધાને નષ્ટભ્રષ્ટ કરી નાખવી.

માનવી, એ બીજા પ્રાણિઓની અપેક્ષાએ બુદ્ધિમાન પ્રાણી છે, તેથી મનુષ્યજન્મ પામવાની સાથે જ તેનામાં પોતાનો ઉત્કર્ષ સાધવાની વિચારણા કોઈ ને કોઈ રૂપમાં ચાલુ હોય છે જ. ઉત્કર્ષ માટેની એની એ સ્વાભાવિક અભિલાષા જ, એને ઉત્તમ તત્ત્વો પ્રત્યે રૂચિવાળો બનાવે છે અને એ રૂચિ જ સમ્યક્શ્રદ્ધા રૂપે પરિણમે છે.

ભાવમાર્ગના ધાડપાડુ તરીકે ઓળખાતા મનુષ્યો, ગુરૂકર્મિતાના યોગે, સ્વભાવથી જ અધમાચરણ કરવા ટેવાયેલા હોય છે અને જન્માંતરમાં દુર્ગતિમાં જવા લાયક કર્મ ઉપાર્જન કરવા માટે જ જન્મેલા હોવાથી, તેઓનો માનવીની એ સાહજિક ઉત્તમ રૂચિને અયોગ્ય માર્ગે વાળવાનો લગભગ ધંધો જ થઈ પડે છે.

અહીં એ શંકા જરૂર થશે કે-"તેઓ પણ માનવી હોવા છતાં, તેમને પોતાના ઉત્કર્ષ માટેનો પ્રયત્ન કરવાના વિચારો નહિ આવતાં,

અપકર્ષ થાય તેવી જાતિના પ્રયત્નો આચરવાનું મન તેઓને કેમ થતું હશે ?" એનું સમાધાન અમારા ઉપરના શબ્દોમાંથી જ મળી રહે છે, તો પણ એ વાતને સમજવા માટે જરા વિગતમાં ઉતરવું એ પણ અનાવશ્યક નથી.

પ્રત્યેક કાર્યની સિદ્ધિ માટે જેમ પાંચ કારણોની આવશ્યકતા રહે છે, તેમ આત્માની ઉન્નતિ રૂપી કાર્યસિદ્ધિ કરવા માટે પણ એ પાંચેય કારણોની આવશ્યકતા રહે છે જ. એ પાંચ કારણોનાં નામ છે– અનુક્રમે કાળ, સ્વભાવ, નિયતિ, કર્મ અને ઉદ્યમ. આત્મોન્નતિનું કાર્ય સિદ્ધ કરવા માટે પુરૂષાર્થની જેટલી અગત્ય છે, તેટલી જ અગત્ય કાલાદિ બીજાં ચાર કારણોની પ્રાપ્તિની પણ છે. એમાંથી એક પણ કારણનો સંયોગ થવો જ્યાં સુધી બાકી છે, ત્યાં સુધી કાર્યસિદ્ધિ પણ અટકવાની જ છે. એ પાંચ કારણોમાં કર્મલઘુતા થવી એ પણ એક કારણ છે. જે આત્માઓની કર્મલઘુતા હજુ થઈ નથી અથવા જેના ભવ્યત્વનો પરિપાક થવા માટે હજુ સંપૂર્ણ સામગ્રી એકત્ર થઈ નથી, તે આત્માઓ પોતાનો ઉત્કર્ષ સાધવા માટે નિષ્ફળ નિવડે, એમાં કાંઈ આશ્ચર્ય પામવા જેવું નથી : એટલું જ નહિ, પરન્તુ અતિશય ગુરૂકર્મિતા આદિ કારણોએ તેવા આત્માઓ પોતાનો અપકર્ષ થાય તેવા પ્રયત્નોમાં જ મુશ્ગુલ બને છે. તેમાં પણ જેઓનો અપકર્ષ અતિ મોટો થવાનો હોય છે, તેવાઓને તેવી જાતિની સામગ્રી પણ ઘણી મળી રહે છે. એટલે મિથ્યાત્વનો પ્રચાર કરવા માટે જેઓ તનતોડ પ્રયાસ કરે છે, રાત્રિ અને દિવસ પોતાની બુદ્ધિ અને શક્તિનો તેની પાછળ વ્યય કરી રહ્યા હોય છે, તે આત્માઓ તેવી જ કોટિના જાણવા, કે જેઓ પોતાની બહુલકર્મિતાના યોગે પોતાની જાત માટે ભારેમાં ભારે અપકર્ષ સાધવાનો પ્રયાસ કરી રહ્યા છે.

આ જગતમાં હિંસા કરનારા, જૂઠું બોલનારા, ચોરી કરનારા, પરદારાસેવન કરનારા કે અતિશય લોભને આધીન થઈ ધનનો કેવળ સંચય કરનારા, તે જાતિનો અનર્થ નથી કરી શકતા, કે જે જાતિનો

અનર્થ પોતાની ગુરૂકર્મિતાના યોગે મિથ્યાત્વનો પ્રચાર કરવા માટે કમ્મર કસનારાઓ કરે છે. હિંસાદિક અપકૃત્યો સ્વ અને પરને અનર્થ કરનારાં તથા જગતમાં ઉપદ્રવ અને અશાંતિ ફેલાવનારાં છે, તો પણ તે અપકૃત્યોથી થનારી અશાંતિ મિથ્યાત્વનો પ્રચાર કરનારા અને સમ્યક્‌શ્રદ્ધાનો નાશ કરનારા આત્માઓ દ્વારા થનારી અશાંતિ કરતાં ઘણી જ અલ્પ હોય છે. આ એક સાચું નિરૂપણ છે: અને તેને સમજવા માટે જો પ્રયાસ કરવામાં આવે, તો સહેલાઈથી સમજી શકાય તેમ પણ છે. જે ક્રૂરતા, જે નિર્દયતા અને જે ઘાતકી અધ્યવસાયો મિથ્યાત્વના ઘોર પ્રચારકોમાં હોય છે, તે અધ્યવસાયો હિંસકો આદિમાં હોઈ શકતા નથી. સ્વાર્થ યા સંયોગવિવશ પ્રાણિઓ હિંસાદિક કૃત્યો કરે છે, તો પણ તે સંયોગ ટળી જતાં તેઓ હિંસાથી વિરામ પણ પામે છે: પરન્તુ મિથ્યાત્વયુક્ત આત્માઓ મિથ્યાત્વને ન તજે, ત્યાં સુધી જન્મ-જન્માંતરોમાં પણ પાપથી વિરામ પામી શકતા નથી. એ દૃષ્ટિએ હિંસાદિક પાપોથી થનારા નુકશાન કરતાં પણ મિથ્યાત્વાદિકની પ્રબલતાથી થનારાં નુકશાનો અપરિમિત જ છે.

લેખાંક ચોથો :

શ્રદ્ધા યાને સન્માર્ગ પ્રત્યેની રૂચિ, એ માનવસમાજનું અમૂલ્ય ધન છે. એ ધન જેટલું અમૂલ્ય છે, તેટલું જ તેનું રક્ષણ કરવું કઠિન છે. અમૂલ્ય વસ્તુઓને પડાવી લેનારા, પડાવી લેવા માટે તાકી રહેનારા અને એ ચાલ્યું જાય તો રાજી થનારા દુનિયામાં ઓછા હોતા નથી. વસ્તુ જેટલી કિંમતી, તેટલો જ નાશ પામવાનો ભય વધારે. માનવીની નૈસર્ગિક શ્રદ્ધા માટે પણ કાંઈક એવી જ પરિસ્થિતિ છે. નિસર્ગથી મનુષ્ય સન્માર્ગ યાને સુખી થવાના માર્ગ માટે ઝંખે છે અને એને જ આપણે શ્રદ્ધા શબ્દથી અહીં સંબોધીએ છીએ. એ સુખી થવાનો

માર્ગ અને તેને પ્રાપ્ત કરવાની નૈસર્ગિક ઝંખના, એ મનુષ્યની ઉન્નતિમાં ઉત્તરોત્તર અપૂર્વ સહાયક છે: કિન્તુ તેની તે નૈસર્ગિક ઝંખનાને અયોગ્ય માર્ગે વાળી દેવા માટે અગર નષ્ટ કરી નાખવા માટે ધાડપાડુઓનાં ટોળેટોળાં આ જગતમાં પરિભ્રમણ કરી રહ્યાં હોય છે. એ સઘળાઓની ધાડમાંથી થોડાક જ આત્માઓ પોતાના શ્રદ્ધાધનની રક્ષા કરવા સમર્થ બની શકે છે. બાકી સર્વ કોઈ લુંટાઈ જાય છે અને જે દશામાં જન્મ્યા હોય છે, તેના કરતાં પણ ઘણી જ કફોડી દશાવાળા બનીને મરણને શરણ થાય છે.

પોતાના કલ્યાણની અભિલાષા અને તે માટે સન્માર્ગ પ્રાપ્ત કરવાની તમન્ના મનુષ્યોમાં સ્વાભાવિક હોવા છતાં, શાથી તેઓ ઉન્માર્ગે ચઢી જાય છે તે વિચારવાનું કાર્ય જરૂરી છે. કોઈ પણ ઉત્તમ અભિલાષા અને ધર્મકામનાઓ ઉપર તેને લુંટનારા ધાડપાડુઓની ધાડ ચોમેરથી ચાલુ હોય છે. તેના ભોગ બનીને આત્માઓ અધમ અભિલાષાવાળા તથા ઉન્માર્ગના રસિકો બની જાય છે. અહીં એ પ્રશ્ન થાય તેમ છે કે-'એ ધાડ પાડનારાઓ પણ મનુષ્યો જ છે, તો પછી તેમને પોતાના કલ્યાણમાં જ વિઘ્ન નાખતી તેવી બુદ્ધિ શાથી થાય છે? દુન્યવી ધાડપાડુઓને તો લક્ષ્મી મેળવવાનો સ્વાર્થ હોય છે, જ્યારે ભાવમાર્ગના ધાડપાડુ તરીકે તમે જે મનુષ્યોને ઓળખાવવા માગો છો, તેઓને તેમ કરવાથી કયો સ્વાર્થ સિદ્ધ થાય છે? લક્ષ્મી આદિ લૌકિક સ્વાર્થ તો તેઓને હોતો નથી, તો તેવા લૌકિક સ્વાર્થથી રહિત આત્માઓ પોતાની બુદ્ધિ પ્રમાણે માર્ગ દર્શાવવા પ્રયત્ન કરે, તેઓના ઉપર એકદમ ધાડપાડુઓ તરીકેનો આરોપ મૂકી દેવા તૈયાર થઈ જવું, એ શું ન્યાય છે?'

કોઈ પણ મતપ્રવર્તક પ્રત્યે આ જાતિની સહિષ્ણુતાબુદ્ધિ ધરાવવાની મનોવૃત્તિ આજે સર્વત્ર પ્રચાર પામતી હોય તેમ જણાય છે. એ જાતિની સહિષ્ણુતાબુદ્ધિ, કહેવું પડશે કે-ઘણી વાર ન્યાયબુદ્ધિમાંથી જન્મેલી હોય તેમ દેખાય છે, પરન્તુ ન્યાયબુદ્ધિ સમાન દેખાતી

એ સહિષ્ણુતાબુદ્ધિ ઘણી વાર સત્યનું જ ખૂન કરનારી હોય છે : કારણ કે–સઘળા જ મતપ્રવર્તકો તે જાતિનો આદર પામવાને પાત્ર હોતા નથી. થોડાક ભવભીરૂ મતપ્રવર્તકોને છોડી, બીજા બધા કોઈ ને કોઈ સ્વાર્થ, ઈર્ષ્યા કે તેવી જ જાતિની કોઈ મલિન મનોવૃત્તિથી પ્રેરાયેલા હોય છે. ભવભીરૂ મતપ્રવર્તકોમાંનો પણ મોટો ભાગ સર્વજ્ઞોના જ્ઞાનની અપેક્ષાએ ઘોર અજ્ઞાનતાથી ઘેરાયેલો હોય છે. તે બધા પ્રત્યે એક-સરખી સહિષ્ણુતા દાખવવાની વૃત્તિ, એ બહારથી ન્યાયવૃત્તિ દેખાવા છતાં પણ, પરમાર્થથી ન્યાયનું જ નિકંદન કાઢનારી છે.

અહીં સહિષ્ણુતાનો અર્થ દ્વેષાભાવ કરવામાં આવતો હોય, તો તો કોઈ પણ ન્યાયપ્રિય વ્યક્તિને તેની સામે વાંધો ઉઠાવવાપણું હોઈ શકે જ નહિ : પરન્તુ આજે ‘ પરમતસહિષ્ણુતા ’ને જે સ્વરૂપ અપાઈ રહ્યું છે, તે પરમત પ્રત્યે દ્વેષ ધારણ ન કરવો, એટલા જ અર્થમાં સમાપ્ત થતું નથી : પરન્તુ–‘સર્વ મત સમાન છે, સર્વનો આશય એક જ છે, સર્વ એકસરખાં કલ્યાણકર છે અને સર્વ પણ ઉપાદેય કોટિનાં છે.’–એ અર્થમાં જ તેનો મોટો પ્રચાર કરવામાં આવે છે અને એ પ્રચાર ઘોરમાં ઘોર અન્યાય કોટિનો છે, એમ આપણું કહેવું છે.

ન્યાય–અન્યાયનો વિવેક કરી શકવાની તાકાત ધરાવનાર કોઈ પણ આત્માથી એમ કહી શકાય તેમ નથી કે–‘સર્વ મત સમાન છે, સર્વ મત ઉપાદેય છે અગર કોઈ પણ મત અનુપાદેય નથી.’ એ જાતિનું કથન સર્વથા અનુપાદેય છે. સર્વ મત કોઈ પણ કાળે ઉપાદેય હોઈ શકતા નથી અને ઉપાદેય હોય તેને ભિન્ન મત કહી શકાય જ નહિ.

આંશિક સમાનતા, એ જ જો સર્વ મતને સમાન ગણાવવા માટે બસ ગણાતી હોય, તો આંશિક સમાનતા તો શું માતા અને પત્નીમાં પણ નથી ? શાહુકાર અને ચોરમાં પણ નથી ? રાજા અને રંકમાં પણ નથી ? મેરૂ અને સર્ષવમાં પણ નથી ? હીરા અને પથ્થરમાં પણ નથી ? સૂર્ય અને આગીયા (ખજવા)માં પણ નથી ? સમુદ્ર અને ખાબોચીઆમાં પણ નથી ? કોઈમાં સ્રીત્વ, કોઈમાં મનુષ્યત્વ, કોઈમાં

પુદ્ગલત્વ, કોઈમાં પૃથ્વીત્વ, કોઈમાં પ્રકાશત્વ કે કોઈમાં જલત્વ આદિ ધર્મોનું સાધર્મ્ય રહેલું જ છે, તો તે સર્વને એક જ કાર્ય માટે યોગ્ય અગર એકસરખાં ફળને આપનાર માનવાં જોઈએ અને એમ માનવા શું કોઈ મૂર્ખ પણ તૈયાર છે? તત્ત્વદષ્ટિએ મૂર્ખમાં મૂર્ખ માણસ માતા-પત્નીનો કે હીરા-પથરાનો ભેદ તૂર્ત જ પારખી શકે છે, તો સર્વ મતને સમાન મનાવવાનો પ્રયત્ન કરનારા એટલી પણ બુદ્ધિથી વિહીન બન્યા છે, એમ માનવું?

એમ માનો કે ન માનો, તો પણ એ વાત નિશ્ચિત જ છે કે-જે કોઈ તેવી વાતો કરતા હોય અને તેમ કરવા છતાં જો બુદ્ધિશાળી મનાતા હોય, તો તેઓ આ વિષયમાં પોતાની બુદ્ધિનો ઉપયોગ કર્યા સિવાય જ બોલનારા છે એમ માનવું પડે: અગર બુદ્ધિનો ઉપયોગ કરવા જતાં પોતે જે મતનો પ્રચાર કરવા ઈચ્છતા હોય, તે મતને જ મૂકી દેવો પડતો હોય, તેથી પણ બુદ્ધિનો ઉપયોગ ન કરતા હોય.

'જો તે મત ખોટો હોય તો તેને મૂકી દેવામાં હરકત શી?'– એમ પણ ન કહેવું. એ રીતે ખોટા મતને મૂકી દેવાની વૃત્તિ ધરાવનાર સઘળા જ હોત, તો તો દુનિયામાં આટલા મતભેદોનું સામ્રાજ્ય કદી પણ જામ્યું ન હોત. તેવા આત્માઓની સંખ્યા બહુ અલ્પ હોય છે, કે જેઓ પકડેલ ખોટા મતને મૂકી દેવા તત્પર હોય છે. એ જાતિના અલ્પ આત્માઓ તો જે જે વાત ખોટી પકડાઈ ગયેલી પોતાને લાગે છે, તે તે વાત તુરત જ છોડી દેવા તત્પર રહે છે અને અન્તે સંપૂર્ણ સત્યના ઉપાસક બની કલ્યાણની સિદ્ધિ કરી શકે છે: કિન્તુ સઘળા આત્માઓ તેવા હોતા નથી, એ સઘળાના અનુભવની વાત છે. તેથી 'સર્વ મત સમાન છે'–એ જાતિની પોતાની હઠને છોડવા માટે પણ તેઓ કદી તૈયાર હોતા નથી, એ વાત આપણે આ જ લેખમાં આગળ ઉપર જોઈશું.

હવે વાત એક રહે છે–'સ્વાર્થની.' મતપ્રરૂપકોને ભિન્ન ભિન્ન મતો પ્રરૂપવાથી ફાયદો શું છે? 'તેઓની બુદ્ધિમાં એકની એક વાત

અન્ય રૂપે લાગવાથી અને તે જ એક સત્ય છે એમ સમજાવાથી અન્ય રૂપે પ્રરૂપે, એટલા માત્રથી તેમને સ્વાર્થી કહી દેવા એ વ્યાજબી નથી.'

આ વાત અમને સ્વીકાર્ય હોવા છતાં પણ, અધુરા જ્ઞાનવાળો મતપ્રરૂપક બનવાની લાલચ સેવે છે, એ શું તેનો ઓછો સ્વાર્થ છે? જે વિષયનું પોતાને પરિપૂર્ણ જ્ઞાન નથી, એ વિષયમાં પોતે મત-પ્રદર્શક બનવું, એ જ તેના અંતરમાં રહેલ લૌકિક કામનાનું પ્રયત્ક્ષ પ્રતીક છે. કોઈ પણ પ્રકારની લૌકિક કામનાથી પર બનેલા આત્માઓ, તેવી રીતે મત પ્રરૂપવાની ઉતાવળ કદી જ કરતા નથી અને સંપૂર્ણ જ્ઞાન દ્વારાએ પદાર્થોનો સત્ય નિર્ણય થયા બાદ જ તેને જગત્ સમક્ષ પ્રકાશિત કરે છે. જેઓ સ્વતન્ત્રપણે મત પ્રરૂપવા પહેલાં ત્યાં સુધી થોભી શકતા નથી, તેઓ કોઈ ને કોઈ લૌકિક વાસનાથી ઘેરાયેલા છે, એમ માન્યે જ છૂટકો છે.

'પોતે જેઓની આગળ મત પ્રકાશિત કરે છે, તેઓ કરતાં પોતે અધિક જ્ઞાની હોવાથી, પોતાથી હીન જ્ઞાનવાળા આત્માઓની દયાથી પ્રેરાઈ પોતા પાસે છે તેટલા જ્ઞાનનો લાભ આપે છે.'—એમ કહેવામાં આવે, તો તેવું ક્વચિત્ સંભવે છે અને તેવા આત્માઓ સંપૂર્ણ સત્યનું પ્રકાશન નહિ કરી શકવા છતાં, મોટે ભાગે સંપૂર્ણ સત્યને અનુરૂપ વાત જ કરે છે. જેને શ્રી જૈનદર્શનમાં માર્ગાનુસારિતા સંજ્ઞા આપવામાં આવી છે, તે આવી જ કોટિના આત્માઓમાં આવેલી હોય છે: પરન્તુ તે આત્માઓ પણ જ્યારે પોતાના મતના આગ્રહી બની જાય છે, ત્યારે તેઓ પોતાના માર્ગાનુસારિતા ગુણનો નાશ કરી, ઉન્માર્ગગામિતાના જ નાયકો બની જાય છે. અહીં આપણે તેવા માર્ગાનુસારી આત્માઓને છોડી દેવા છે, કે જેઓ દયાની શુભ લાગણીથી પ્રેરાઈ, સત્યને આંચ ન આવે તેવી રીતિએ પોતાના ક્ષયોપશમાનુસાર માર્ગને બતાવનારા છે. તેવા આત્માઓની સંખ્યા બહુ અલ્પ હોય છે અને તેઓ પણ પરંપરાએ જગતમાં કલ્યાણની વૃદ્ધિ કરવામાં જ નિમિત્તભૂત બને છે: પરન્તુ તે સિવાયના મોટી સંખ્યાના

મતપ્રરૂપકો તો અજ્ઞાન, દ્વેષ, સ્વાર્થ આદિથી પૂરેપૂરા ઘેરાએલા હોય છે અને એવી દશામાં તેઓ જે મતનું નિરૂપણ કરે છે, તે મત જગતને એકાન્ત શ્રાપરૂપ જ થઈ પડે છે.

એ દૃષ્ટિએ સર્વજ્ઞમત અને તેને અનુસરતા મત સિવાય અન્ય મતો અને તેના પ્રરૂપકો મનુષ્યસમાજ માટે શ્રાપ રૂપ છે, મનુષ્યની નૈસર્ગિક સત્યપથની જિજ્ઞાસાને કોરી ખાનારા છે તથા કલ્યાણપથની અભિલાષા યાને રૂચિ રૂપી અમૂલ્ય ધનને લુંટી લેનારા છે, એમ કહેવું જરા પણ અતિશયોક્તિભર્યું નથી.

વિશ્વમાં હયાતિ ધરાવતા મનુષ્યોમાં બધા કલ્યાણપથની અભિલાષાવાળા જ હોય છે—એમ આપણું કહેવું નથી, પરન્તુ કલ્યાણ-પથની અભિલાષાવાળા આત્માઓ માટે તો ભિન્ન ભિન્ન જાતિના એકાન્ત મતપ્રરૂપકો ધાડપાડુઓનું જ કાર્ય કરે છે, એમાં કોઈ જાતિનો શક નથી. એ ધાડપાડુઓમાં કેટલાક ગુરૂકર્મિતાના દોષથી પ્રેરાયેલા છે, કેટલાક સત્ય માર્ગના દ્વેષથી પ્રેરાયેલા છે, કેટલાક સ્વમતના દુરાગ્રહથી પ્રેરાયેલા છે, કેટલાક સ્વાર્થ અને અજ્ઞાનથી પ્રેરાયેલા છે અને કેટલાક બુદ્ધિહીન હોવા છતાં બુદ્ધિમાનમાં ખપવા માટેની મનો-વૃત્તિથી પ્રેરાયેલા પણ છે: પરન્તુ તે સર્વે એક યા અન્ય પ્રકારે માનવસમાજનું શ્રદ્ધા રૂપી ધન લુંટી લેવા માટે એકસરખી રીતે ધાડ-પાડુઓનું કાર્ય કરી રહેલ છે, એમ કોઇ પણ તટસ્થ દૃષ્ટિના વિચારકને લાગ્યા સિવાય રહેશે નહિ. જૈનમતના પ્રરૂપકો ઉપર આ આક્ષેપ લાગુ થતો નથી: તેના કારણની વિગતમાં ઉતરવા જઈએ, તો લેખનું કદ ઘણું મોટું થઈ જવાનો ભય છે: તો પણ ટુંકાણમાં એટલું કહ્યા સિવાય ચાલે તેમ નથી કે—તે મતના પ્રરૂપકો ઉપર્યુક્ત સર્વ પ્રકારના દોષોથી પર થયેલા હોય છે: અને જે કોઈ મતપ્રરૂપક ઉપર્યુક્ત અને તેના જેવા અન્ય પણ સઘળા દોષોથી વિમુક્ત બન્યા પછી જ મત પ્રરૂપવા તૈયાર થશે, તે શ્રી જૈનમતને છોડીને અન્ય મતનું નિરૂપણ કદી જ કરી શકનાર નથી: અર્થાત્-તેનો મત પણ શ્રી જૈનમત જ હશે.

શ્રી જૈનમતના નિરૂપકોનો અન્ય મતના નિરૂપકો ઉપર આ જાતિનો આક્ષેપ છે કે-તેઓ 'ભાવ માર્ગના ધાડપાડુઓ' છે. આ આક્ષેપ જૈનમત એટલા માટે કરે છે કે-તેઓ પોતાના અસત્ય માર્ગના આગ્રહને તજી દે અથવા તેને અનુસરનારાઓ અસત્ય માર્ગના અનુયાયિપણામાંથી બચી સત્યગવેષક બને. સત્યના સેવકોને એ જાતિની ઘોષણા કરવાનો હક્ક છે. એ હક્ક સર્વને પ્રાપ્ત થઈ શકતો નથી : કારણ કે-બધા જ જો તે જાતિની ઘોષણાઓ કરવા લાગી જાય, તો દુનિયા જે વિભ્રમમાં પડી છે, તે વિભ્રમમાં ઓર વધારો થવા પામે. સત્યને પામેલા સત્યના ઉપાસકોની એ ઘોષણા વિભ્રમનો નાશ કરનારી છે અથવા વિભ્રમના નાશમાં સહાયક થનારી છે. એ ઘોષણાઓના પ્રતાપે જ આજે સત્ય જળવાઈ રહેવા પામ્યું છે.

શ્રી જૈનમત સિવાયના મતો કયી કયી રીતિએ ખોટા છે, એનાં લંબાણ ને સ્પષ્ટ વિવેચનોથી જૈન સાહિત્ય ભરપૂર છે. એ જાતિનાં વિવેચનો સત્યની હયાતિ ટકાવી રાખવા માટે પરમ આવશ્યક છે. એ વિવેચનો અને ચર્ચાઓને પરમત-અસહિષ્ણુતાનું બીરૂદ કદાપિ આપી શકાય તેમ નથી. એમાં પરમત-અસહિષ્ણુતા નથી, કિન્તુ દયા છે : પરમતના ઉદ્ધારની કામના છે અને સત્યના સંરક્ષણની ધગશ છે. એ ધગશના અભાવમાં સત્યનો વિનાશ છે. કોઈ પણ દર્શનકારે એની સામે પરમત-અસહિષ્ણુતાનો આરોપ મૂકવાનું સાહસ કર્યું નથી : કારણ કે-એવો આરોપ જે કોઈ કરે, તેના પોતાના જ ગળામાં તે પ્રથમ આવે છે.

આજે પણ જેઓ અસત્ય મતના ખંડનની કે સત્ય મતના મંડનની વાતને-' પરમત-અસહિષ્ણુતા '-તરીકે ગણાવવાનો દાવો કરે છે, તેઓ શું પોતાના મતનું મંડન અને અન્ય મતનું ખંડન નથી કરતા ? અને જો નથી જ કરતા, તો તેઓ કયા આધારે કહી શકે છે કે-'અમે સાચા છીએ ?' અમે સાચા છીએ, એ કહેવાનો અર્થ જ એ છે કે-અમારા સિવાય બીજાઓ ખોટા છે. આવી દીવા જેવી સ્પષ્ટ વાતને પણ ઢાંકી દઈ ને, જગતના કલ્યાણની કામનાથી એકના

એક પરમ સત્ય મતનું મંડન કરવા માટે અસત્ય એવા અન્ય મતોનું ખંડન કરનારા મહાપુરૂષો 'અસહિષ્ણુ' છે, એવો ઇલ્કાબ આપવા તૈયાર થઈ જવું, એ શું ઓછી અસહિષ્ણુતા છે? તેઓ જો સાચા દીલથી જ અસહિષ્ણુતાને દુર્ગુણ માનતા હોત, તો પરમ સત્યના સમર્થકો ઉપર અસહિષ્ણુતાનો ખોટો આક્ષેપ મૂકવાને તેઓ કદી જ તૈયાર થઈ શકત નહિ.

માણુસ, એ પ્રધાનતાએ બુદ્ધિના આધાર ઉપર ચાલનાર પ્રાણી છે, તેથી માણુસનો ઉદ્ધારનો કે માણુસના અધઃપતનનો, સત્ય કે અસત્ય મતોની તેની બુદ્ધિ ઉપર થતી અસર ઉપર મોટો આધાર રહે છે. જ્યારે માનવસમાજના ઉદ્ધાર કે અધઃપાતની વાત કરવી હશે, ત્યારે સત્યાસત્ય મતની પરીક્ષા ઉપર આવ્યા સિવાય કદી પણ ચાલી શકનાર નથી. અધઃપાતનો માર્ગ છોડીને ઉદ્ધારના માર્ગ ઉપર જે કોઇને આવવું હશે, તેણે સત્ય અને અસત્યનો વિભાગ કરવો જ પડશે અને એ વિભાગ કરી અસત્યને છોડી સત્યના મક્કમ અનુયાયી બનવું જ પડશે. જેઓ સત્યાસત્યનો વિભાગ કરવાની જ ના પાડે છે અગર અસત્યને પણ સત્યની તુલનામાં જ ગણી લેવાનું શીખવે છે, તેઓ માનવસમાજના ઉદ્ધારના એકના એક વાસ્તવિક માર્ગને રૂંધવાનું જ કાર્ય કરનારાઓ છે.

મનુષ્યના ઉદ્ધારનો આધાર જ સત્ય માર્ગની પ્રાપ્તિ ઉપર છે, તો પછી તે સત્યને શોધવાની તેની વૃત્તિને નાબૂદ કરવા પ્રયાસ કરવો, એ શું દયાનું કાર્ય છે? અજ્ઞાન આત્માઓ ભલે તેને દયાનું કાર્ય કહેવા તૈયાર થાય, પણ સમજદાર આત્માઓ તો તેને સર્વથા દયાહીનતાનું જ કાર્ય ગણે છે: અને એ જ કારણે, ભાવદયાના ભંડાર શ્રી જિનમતના પ્રરૂપક મહાપુરૂષોએ, જગતમાં જેટલા ઉન્માર્ગનું નિરૂપણ કરનારા અસત્પથો છે, તેનું સર્વશઃ ખંડન કરવા માટે લેશ પણ પ્રમાદ સેવ્યો નથી: અને એનો જ એ પ્રતાપ છે કે-શ્રી જિન-મતના સાચા અભ્યાસક મનુષ્યો કોઈ પણ અસત્ય મતને તુરત જ

ઓળખી શકે છે અને તેના સંગથી પોતે દૂર થઈ શકે છે તેમ જ બીજાઓને પણ દૂર કરી શકે છે.

માનવીની વિચારકશકિત તથા કલ્યાણની અભિલાષાનો લાભ લઈ, તેને પોતપોતાના મતની જાળમાં ફસાવવા માટે, આજ સુધીમાં જગતમાં અનેક પ્રયાસો થયા છે અને વર્તમાનમાં પણ થઈ રહ્યા છે. તે બધાની ખબર લઈ લેવા માટે, શ્રી જૈનશાસને લેશ પણ પાછી પાની કરી નથી. શ્રી જૈનશાસનના સાહિત્યનો મોટો ભાગ કુદેવ, કુગુરૂ અને કુધર્મ આદિનાં સ્વરૂપો સમજાવવામાં તથા તેની આરાધનાથી બચાવી, સુદેવ, સુગુરૂ અને સુધર્મ આદિનું સ્વરૂપ સમજાવવા પૂર્વક તેની આરાધનામાં જોડવા માટે આલેખાયેલો છે.

સૃષ્ટિને ઉત્પન્ન કરનારાં, સૃષ્ટિનું પાલન કરનારાં અને એ જ સૃષ્ટિનો સંહાર કરનારાં કલ્પિત પાત્રોની કલ્પિતતા સાબીત કરી આપવા માટે, શ્રી જૈનશાસનના સ્તમ્ભભૂત પુરૂષોએ અથાગ પરિશ્રમ સેવ્યો છે. એ જ રીતિએ ધર્મના નામે અધર્મનો થતો પ્રચાર અટકાવવા માટે પણ શ્રી જૈનશાસનના અનુયાયિઓએ સદાને માટે કમ્મર કસી છે. વાણી દ્વારાએ ધર્મની વાત કરનારા અને ક્રિયા દ્વારાએ અધર્મને પણ ધર્મ રૂપ માનીને આચરનારાઓનાં ભોપાળાં શ્રી જૈનદર્શનના મહાપુરૂષોએ સ્પષ્ટ શબ્દોમાં ખૂલ્લાં કરી આપ્યાં છે.

અહિંસા એ જ એક પરમ ધર્મ છે, એવું એવું બોલવા છતાંય, એ અહિંસાનો જ ઘાત કરનાર યજ્ઞાદિ નિમિત્તે થતી પ્રાણિવધાદિ દુષ્ટ ક્રિયાઓનું પ્રતિપાદન કરનાર શાસ્ત્રોની શરમ શ્રી જૈનદર્શનના શાસ્ત્રકારોએ રાખી નથી. પુરાણાદિની અશ્રદ્ધેય, અસદ્‌ભુત અને પરસ્પર વિરોધી વાતોને શ્રી જૈનશાસને સર્વથા અવગણી છે. માટી અને પાણી વડે વારંવાર શૌચધર્મનું વિધાન કરનારા સ્માર્તોની અસત્ય વાતોનું શ્રી જૈનદર્શને ભારોભાર ખંડન કર્યું છે. બ્રહ્મચર્ય, તપ અને અકિંચન ધર્મની વિડંબના કરનાર બ્રાહ્મણ, સૌગત કે બુદ્ધની પામરતાની પીછાન કરાવવાનું શ્રી જૈનદર્શનના મહાપુરુષો ચૂકયા નથી. શ્રાપ આપનારા

તાપસો, જાતિમદાદિ વડે મદોન્મત્ત બનેલા દ્વિજાતિઓ અને બકવૃત્તિ ધારણ કરનારા પાખંડિઓનાં પાખંડોને ખૂલ્લાં પાડવા માટે પણ તેઓએ કશી જ કમીના રાખી નથી. ગૃહિણી, ગૃહ અને પુત્રાદિના પરિવારવાળા પણ ગુરૂ તરીકે થઈ બેઠેલા ગુરૂઓની સ્વપર-હિતઘાતક ગુરૂતાનો ભૂકો કરી નાંખવા માટે પણ. તે મહાપુરૂષોએ વાગ્બાણોનો વરસાદ લાગે તેવો દયામય સત્ય વચનોનો વરસાદ વરસાવ્યો છે. એ રીતિએ સઘળા કુમતોનો ઉચ્છેદ કરવા માટે શ્રી જૈનશાસને અપરિમિત પ્રયાસ કર્યો છે.

❀ ❀ ❀

લેખાંક ૫ મો :

સત્યની પ્રાપ્તિ માટે શ્રી જૈનશાસને રાગ, દ્વેષ અને મોહથી રહિત તેમજ કેવળજ્ઞાનથી અલંકૃત એવા શ્રી જિનેશ્વરદેવોના જ અગર તો શ્રી જિનેશ્વરદેવોને યથાર્થપણે અનુસરનારાઓના જ એક વચન ઉપર આધાર રાખવા માટે ફરમાવ્યું છે. એ એનો જગત ઉપર મોટામાં મોટો ઉપકાર છે : કારણ કે-અતીંદ્રિય સત્ય પામવા માટે એ સિવાય બીજો કોઈ આધાર જ નથી. જ્યાં સુધી રાગ, દ્વેષ અને મોહની હયાતિવાળા આત્માઓનો, એ ત્રણ દોષોથી સર્વથા રહિત એવા શ્રી જિનેશ્વરદેવોનાં વચનો પ્રત્યે સમર્પિતભાવનો અભાવ છે, ત્યાં સુધી અસત્યવદનનાં કારણો ટળતાં જ નથી અને જેઓના એ મહાદોષો ટળી ગયા છે અગર જેઓ તેમને સમર્પિત થયા છે, તેઓને અસત્ય વચન કથન કરવાનાં કારણો રહેતાં પણ નથી. શ્રી જૈનદર્શને આ સિદ્ધાન્તનું જેટલા જોરથી કથન કરી બતાવ્યું છે, તેટલા જ જોરથી તેનું પાલન પણ કરી બતાવ્યું છે. બીજું એક પણ દર્શન, એ સિદ્ધાન્તના સાંગોપાંગ પાલનમાં, શ્રી જૈનદર્શનની બરોબરી કરી શકે તેવી સ્થિતિ ધરાવતું નથી અને એ જ વાતની સાક્ષી તેઓનાં ભિન્ન ભિન્ન નિરૂપણોમાંથી મળી આવે છે.

'યજ્ઞાદિ ક્રિયાઓમાં પશુઓના ઉપઘાતથી પણ સ્વર્ગલોકની સંપત્તિ મળી શકે છે.'–એવું નિરૂપણ કરનાર એ સત્ય નિરૂપણ કરનાર છે, એમ કદી જ સિદ્ધ થઈ શકે તેમ નથી. વિષ્ટાનું ભક્ષણ કરનાર અને પોતાની સંતતિ સાથે પણ મૈથુન સેવનારનું ગાયના સ્પર્શ માત્રથી પવિત્રતાનું વિધાન કરનાર કે નદી અને તડાગના ત્રસજીવયુક્ત અણુગલ જલના સ્નાનથી પાપશુદ્ધિનું વિધાન કરનાર સત્ય વક્તાઓ છે, એમ ભાગ્યે જ કોઈ કહી શકશે. વડ, પીંપલ કે આંબલી આદિ વૃક્ષોને દેવની જેમ પૂજવાનું કહેનાર કે અગ્નિમાં હોમેલાં દ્રવ્યોથી દેવતાઓની ઉદરપૂર્તિ માનનાર યથાર્થ વક્તા અને સત્ય જ્ઞાની છે, એમ કહેવાની હિંમત ભાગ્યે જ કોઈ કરી શકશે. અનન્તકાયાદિનું ભક્ષણ કરનાર તથા જંગલમાં પણ સ્ત્રી–પુત્રાદિ પરિવાર સહિત વસનાર તાપસ તપસ્વી છે, એવું કથન કરનાર પ્રમાણિક છે, એમ માનવા તૈયાર થવું એ તેટલું જ અનુચિત છે.

ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય કે ગમ્યાગમ્યના વિવેકનો લેશ પણ જ્યાં ન હોય, ત્યાં પણ ધર્મ છે; એવું જણાવનાર જે મતો આ જગતમાં પ્રચલિત છે, તે મતો અસત્ય વક્તાઓના કહેલા છે, એ પૂરવાર કરવા માટે બુદ્ધિમાનો પાસે બહુ પ્રમાણો ધરવાની આવશ્યકતા નથી.

આ રીતિએ ધર્મના નામે જ થતો અધર્મનો પ્રચાર અટકાવવા માટે, શ્રી જૈનશાસને જગતમાં ભારેમાં ભારે અને સફળ પ્રયાસ કર્યો છે: જેના પરિણામે અનેકાનેક આત્માઓ ઉન્માર્ગના ભોગ થતા બચી જવા પામ્યા છે. સન્માર્ગની પ્રાપ્તિ કરાવવા માટે પણ શ્રી જૈનશાસને ઉઠાવેલી જહેમત પાર વિનાની છે, કિન્તુ શ્રી જૈનશાસનના એ પવિત્ર માર્ગમાં વિઘ્નો ઉભાં કરનારાં તથા કાંટા વેરનારાં પણ દરેક કાળમાં જૂથનાં જૂથ હોય છે. એ બધાં જૂથોનો સામનો કરવાની સાથે, અખંડ પરોપકારિતાનું પોતાનું કાર્ય પણ ચાલુ રાખવું, એ કોઈ નાનીસૂની વાત નથી: તો પણ શ્રી જૈનશાસનનો ઇતિહાસ જોનાર અને જાણનાર, એ સહેલાઈથી જાણી શકશે કે–દરેક યુગમાં

ઓછા યા વધતા અંશે શ્રી જૈનશાસને પોતાનું તે કાર્ય ચાલુ જ રાખ્યું છે અને યોગ્ય તથા પાત્ર આત્માઓને સત્ય પંથે ચડાવવાનો અધિકમાં અધિક અગર વાસ્તવિક યશ તેણે જ ખાટચો છે.

વિઘ્ન કરનાર જૂથનું બળ તોડવા માટે, પૂર્વે પણ જેમ અથાગ પરિશ્રમ સેવાયો છે, તેમ વર્તમાનમાં પણ શ્રી જૈનશાસનને પામેલા આત્માઓ, પોતાની શકિતનો તે માર્ગે સદ્દ્વ્યય કરવા માટે પ્રયાસ કરી રહ્યા છે. માનવસમાજને સત્યથી વંચિત કરવા માટેની જે રીતિઓ પૂર્વકાળમાં હતી, તે રીતિઓ કરતાં વર્તમાનની રીતિઓ નવીન તરેહની પણ હોય છે, તો પણ તેને ઓળખી લેવા તથા તેનાથી પણ બચાવી લેવા માટે કર્ત્તવ્ય માનીને પ્રયાસ કરનાર ઉપકારી સત્પુરૂષો વર્તમાનકાળમાં પણ નથી એમ નહિ.

પૂર્વની રીતિઓ કોઈ પણ એક મતને સત્ય માની, તેની તરફ આકર્ષવા માટેની હતી, જ્યારે વર્તમાનની રીતિ તેથી વિપરીત પણ હોય છે. કોઈ પણ એક મતના પ્રરૂપક તરફથી આજે માનવસમાજને ઠગાવાનો તેટલો ભય નથી, કે જેટલો ભય સર્વ મતને સરખા ગણાવનારા અને પોતે કોઈ પણ મતના અનુયાયી નહિ હોવાનો દાવો કરવા છતાં પણ, પોતાની વાતને મક્કમપણે વળગી રહેનારાઓ તરફથી છે. કોઈ પણ એક મતનો પ્રરૂપક સાચો છે કે જુઠ્ઠો, તેની પરીક્ષા તો તેના મતના અભ્યાસથી પરીક્ષક વર્ગ અવશ્ય કરી શકે છે, પરન્તુ–'અમે કોઈ પણ મતના અનુયાયી નથી'–એમ કહીને 'સર્વ મત સાચા' અગર 'સર્વ મત ખોટા'–એવા બુદ્ધિવિહીન પોતાના મતને સિદ્ધ કરવાનો પ્રયાસ કરનારા આત્માઓ પ્રજાને ભારે ભય રૂપ છે: કારણ કે–પરીક્ષામાં ઉતારવા માટે તેઓની પાસે કોઈ મત જ નથી.

સામાન્ય પ્રજા તેઓની આ દાંભિક વૃત્તિને કળી શકવા નિષ્ફળ નિવડે છે, તેથી તેઓની વાગ્જાળમાં આબાદ ફસાઈ જાય છે: અને તે પણ એમ માનવા લાગી જાય છે કે–'દરેક મતોમાં કાંઈ ને

કાંઈ ખોટાપણું અવશ્ય હોય છે, તો તેના અનુયાયી બનીને તેના જુઠ્ઠાપણાને શા માટે પોષણ આપવું અગર તે આપવામાંથી શા માટે ન બચી જવું? થોડા પણ અસત્યથી મિશ્રિત એવા મતોને પોષણ આપવાથી કે તેના જ એક અતિ આગ્રહી બનવાથી, જગતમાં કલેશોની જ વૃદ્ધિ થવા પામે છે અને પરિણામે અનેક પ્રકારની મારામારી, જોરજૂલ્મી અને અશાંતિનાં વાતાવરણો ઉભાં થાય છે. એના કરતાં સર્વને સમાન ગણવા અથવા સર્વથી તટસ્થ બનવું, એ શું ખોટું?' આ જાતિની વિચારશ્રેણિથી દોરવાઈ ગયેલા ઘણાઓ, આજે પોતે કોઈ પણ મતના અનુયાયી નહિ હોવાનું અભિમાન લે છે અને અભિમાનપૂર્વક જાહેર કરે છે કે–'અમારા જેવા સત્યના પક્ષપાતી બીજા કોઈ નથી.' પરન્તુ આ મતની પાછળ કેટલી પક્ષપાતીતા, કેટલી આગ્રહીતા અને કેટલી અજ્ઞાનતા ભરેલી છે, એનો જ્યારે વિચાર કરવા બેસીએ છીએ, ત્યારે ત્રાસ છૂટે છે. કોઈ પણ એક મતને સ્વીકારનાર આત્માને પોતાની બુદ્ધિનો ઉપયોગ કરવાની જેટલી તક મળે છે અગર તે મતના અનુયાયિઓ તરફથી જેટલી તક આપવામાં આવે છે, તેની એક રતિભર પણ તક કોઈ પણ મતના અનુયાયી નહિ હોવાનો દાવો કરનાર પોતે મેળવતો નથી અગર બીજાને મેળવવા દેતો નથી. આ નવા મતના અનુયાયિઓ બુદ્ધિના દરવાજાઓને લોખંડી તાળાંઓ વડે બંધ કરી દે છે અને એને ઉઘાડવા માટે જે કોઈ પ્રયાસ કરે, તે સર્વે તેમને દુશ્મન જેવા ભાસે છે. તેઓએ પોતાની ટૂંકી દૃષ્ટિએ ઉપકાર તેમાં માન્યો છે કે–કોઈ પણ મતની પરીક્ષા કરવા માટે બુદ્ધિ દોડાવવી જ નહિ અને બુદ્ધિ-માનપણાના મળેલા જન્મમાં પણ, ભવિષ્યના અનન્ત જીવનનો જેના ઉપર આધાર છે, તેના વિષયમાં પણ નિર્બુદ્ધિમાન જન્મ્યા હોઈએ તેની જેમ જ જીવીને મરી જવું. પરન્તુ આ તેઓની મૂર્ખશેખરતાને કોઈ પણ ન ઓળખી શકે, એવું તેઓએ અભિમાન ધરાવવું, એ કોઈ પણ રીતિએ ઉચિત નથી. તેઓની આ મૂર્ખશેખરતા સર્વને ટપી જાય એવી છે, એમ સાચા બુદ્ધિમાન આત્માઓ તરતમાં જ પારખી

શકે છે. કોઈ પણ મતના અનુયાયી બનવા પાછળ જેટલા ભયો તેઓ બતાવે છે, તેના કરતાં કેઈગુણા ભયો કોઈ પણ મતના અનુયાયી નહિ બનવાથી ઉત્પન્ન થાય છે.

મારામારી, બળજબરી કે ધમાધમી કેવળ મતપ્રરૂપકો જ કરે છે કે બીજાઓ પણ કરે છે? આ જગતમાં તામસી વૃત્તિવાળા આત્માઓ રહેવાના છે, ત્યાં સુધી એક સત્ય શોધવા માટેના પ્રયાસ છોડી દેવા માત્રથી મારામારી આદિ બંધ થઈ જનાર છે? મારામારી કે યુદ્ધાયુદ્ધી આદિમાં અશાંતિ જોનારા અને માનનારાઓની તો સૌથી મોટી ફરજ એ થઈ પડે છે કે-તેઓએ જગતમાં શાંતિ સ્થાપી શકે તેવા એક સત્ય મતની શોધ કરવી અને જગતના જેટલા માનવીઓ તેને પામે, તેટલાને તે પમાડવાનો પ્રયત્ન કરવો.

" કોઈ પણ મતના અનુયાયી નહિ બનવું-એ જાતિનો અમારો મત એ જ જગતમાં સાચી શાંતિ સ્થાપી શકે એમ છે અને તે મતના અનુયાયી બીજાઓને બનાવવા માટે તો અમે અમારા શકય પ્રયત્નો કરીએ જ છીએ : પરન્તુ મતાગ્રહી આત્માઓ અમને તેમાં સફળતા પ્રાપ્ત થવા દેતા નથી. "-એમ પણ નહિ કહેવું : કારણ કે-' કોઈ પણ મતના અનુયાયી નહિ બનવું '-એ મત ' **निरंतरमहंमौनी** 'ની જેમ સ્વવચનવિરોધી છે. ' હું સદા મૌન રહું છું '-એમ બોલનાર માણસ જેમ સાચો નથી કિન્તુ જુટ્ઠો છે, તેમ-' હું કોઈ પણ મતનો અનુયાયી નથી '-એમ બોલનાર પણ તેટલો જ જુટ્ઠો છે. ' હું કોઈ પણ મતનો અનુયાયી નથી '-એ પણ એક મત જ છે અને એ મતનો અનુયાયી તો તે બનવા માગે જ છે, તેથી તેનું બોલવું-' હું હસું પણ છું અને લોટ ફાકું પણ છું '-તે વાકયના જેવું સર્વથા અવિશ્વસનીય છે. હસે છે તે વખતે માણસ લોટ ફાકી શકતો નથી અને લોટ ફાકે છે તે વખતે માણસ હસી શકતો નથી, છતાં બંને ક્રિયા હું એકીવખતે કરૂં છું, એમ કહેનાર દિવાનો હોવો જોઈએ અને કહેનાર દિવાનો ન હોય તો પણ તેને માનનાર તો અવશ્ય દિવાનો

હોવો જોઈએ. એવી જ વાત કોઈ પણ મતના અનુયાયી નહિ બનનારની છે. એવાઓએ પોતે કોઈ પણ મતના અનુયાયી નથી એમ કહેવા કરતાં, પોતાના સિવાય બીજા કોઈ મતના પોતે અનુયાયી નથી એમ કહેવું, એ વધારે વ્યાજબી છે: કારણ કે–કોઈ પણ મતના અનુયાયી નહિ બનવું, એ જાતિનો પોતાનો મત તો તેઓએ કાયમ કર્યો હોય છે જ. એ પણ જો કાયમ કર્યો ન હોય, તો તેઓની દશા કોઈ પણ જાતિના વચનનો ઉચ્ચાર કરવા જેવી રહેતી નથી: અર્થાત્–તેઓનું મુખ શબ્દોચ્ચાર કરવા માટે પણ લાયક રહેતું નથી.

આ જાતિની કફોડી દશાનો ભોગ થઈ પડવા છતાં, તે મતના અનુયાયિઓ પોતાને બુદ્ધિમાન કહેવડાવવાનો ફાંકો રાખે છે અગર તેવાઓને બીજાઓ બુદ્ધિમાન ગણે છે, એ પણ એક આશ્ચર્ય છે: પરન્તુ આવાં આશ્ચર્યો આ જગતમાં અનેકાનેક બન્યા જ કરે છે અને હરેક કાળે તેવી જાતિના 'વદદ્ વ્યાઘાત' મતો ઉત્પન્ન થતા જ રહ્યા છે. પૂર્વકાળનો 'સર્વશૂન્યવાદી'નો મત, એ એનો એક નમુનો છે અને આ કાળમાં 'સર્વ મતના અનનુયાયી' હોવાનું વદનારાઓનો મત એનું જ રૂપક છે: વળી આ એક જ અજ્ઞાન અને મૂર્ખ મતમાંથી આજે તેવી જ જાતિના બીજા પણ અનેક મતો જન્મ્યા છે, કે જેનો ભોગ આજની પ્રજા ફૂદકે ને ભૂસ્કે થતી જાય છે. એમાંના કેટલાક મતોની સામાન્ય આલોચના કરી જઈને, આ લેખને આપણે પૂર્ણવિરામ આપીશું.

કોઈ પણ મતના અનુયાયી નહિ બનવાનું અભિમાન લેનાર, છતાં પણ અલ્પ બુદ્ધિના ધણી એવા પોતાના મતના આજીવન આગ્રહી રહેનાર મતવાદિઓના મતનો એક ફણગો છે-'સર્વ–ધર્મ–સમભાવ.' એ મતવાળાઓનું કહેવું છે કે–'સર્વ ધર્મસંસ્થાઓને પોતાની ધર્મસંસ્થા જેટલી જ પવિત્ર માનવી. એમ કરવાથી સહિષ્ણુતા ગુણ કેળવાય છે અને પરમતનો દ્વેષ નાશ પામે છે.' પરન્તુ તેઓની આ વાત 'બકરૂં કાઢીને ઉંટને પેસાડવા' જેવી છે. તેઓને પરમત પ્રત્યેના

દ્વેષ (?) રૂપ ‘ બકરા ’ને કાઢવા જતાં, અપવિત્ર ધર્મોને પણ પવિત્ર માનવા સુધીની નિર્વિવેકિતા રૂપી ‘ ઉંટ ’ને સ્થાન આપવું પડે છે, છતાં તે તેઓની બુદ્ધિએ ચઢતું નથી, એ આશ્ચર્ય છે !

‘ અપવિત્રને પણ પવિત્ર માનવા ’–એ જાતિના આગ્રહે ચઢેલ તેઓ એક પછી એક સત્યોનું ખૂન કરવાનો પ્રયાસ કરી, ઘોર પાપના ભાગી થાય છે. પોતાના એ આગ્રહને પોષવા માટે તેઓને હિંસા-વિધાયક ધર્મને પણ આવશ્યક માનવો પડે છે : કારણ કે–જે કાળમાં કૃષિકાર્ય સારી રીતિએ કે પૂરતા પ્રમાણમાં ન થઈ શકે, જંગલી પશુઓ ઘણાં વધી જાય, મનુષ્યોની આજીવિકા માટે જળજંતુઓ સિવાય બીજો આધાર ન હોય, તે કાળમાં પ્રાણિવધ પણ ધર્મનું કાર્ય માની લેવામાં આવ્યું હોય, તો હરકત શું છે ? ગોવધનો પ્રશ્ન પણ તેઓની દૃષ્ટિએ તેવો જ છે. જે દેશમાં અને જે કાળમાં જેણે ‘ ગોવધ ’માં ધર્મ છે એમ કહ્યું છે, તેણે તે દેશ અને તે કાળમાં ‘ મનુષ્યવધ ’ અટકાવવા માટે ‘ ગોવધ ’નું વિધાન કર્યું છે, માટે ‘ ગોવધ ’નું વિધાન કરનાર કાંઈ નિર્દય ઠરી શકતો નથી. જે દેશમાં ‘ ગોવંશ ’ એ જ કૃષિકાર્યનું એક માત્ર સહાયક હોય, તે દેશમાં ‘ગોમાતા’ જેવા શબ્દની ઉત્પત્તિ થાય અને તે ધર્મ મનાય : પણ જ્યાં ઉંટ કે ઘોડાથી ખેતી થઈ શકતી હોય, ત્યાં ‘ ગોરક્ષણ ’ ધર્મ ન મનાય, તેમાં ખોટું શું છે? મુહમ્મદ સાહેબની પવિત્રતાને યાદ કરીને, મનુષ્યવધના યુગમાં મનુષ્ય-વધ અટકાવવા માટે તેઓએ પશુવધનું વિધાન કર્યું છે, એવો સમન્વય કરી સર્વ-ધર્મ-સમભાવી બની શકાતું હોય, તો શા માટે તેવા સર્વ-ધર્મ-સમભાવી ન બનવું ?

એ જ રીતિએ એક કહે છે કે–‘ ઈશ્વર જગત્કર્તા છે. ’ અને એક કહે છે કે–‘નથી.’ પરન્તુ એ ચર્ચામાં પડવાથી ફાયદો શો ? બંનેનું લક્ષ્ય એક જ છે. ઈશ્વરકર્તૃત્વવાદી કહે છે કે–‘ જો તમે પાપ કરશો તો ઈશ્વર તમને તેની શિક્ષા કરશે અને જો પુણ્ય કરશો તો ઈશ્વર તમને તેનો સારો બદલો આપશે. ’ ઈશ્વરકર્તૃત્વ-વિરોધી કહે છે કે–‘ જો

તમે પાપ કરશો તો અશુભ કર્મનો બંધ થશે અને ખાધેલા અપથ્ય ભોજનની જેમ તેનું તમને દુઃખ રૂપ ફલ મળશે. જો તમે પુણ્ય કરશો તો શુભ કર્મોનો બંધ થશે અને ખાધેલા પથ્ય ભોજનની જેમ તે તમને સુખ આપનાર થશે.' આ રીતિએ લોકોને ઈશ્વરકર્તૃત્વવાદી કે ઈશ્વરકર્તૃત્વવિરોધી બનાવીને પણ, બંનેને કામ તો એક જ કરાવવું છે, બંનેનો ઉદ્દેશ તો એક જ છે, તો પછી એકને ખોટો અને બીજાને સાચો માનવાની આવશ્યકતા શું છે? ભાવુક આત્મા માટે 'ઈશ્વર-કર્તૃત્વવાદ' વધારે ઉપયોગી છે અને જે બુદ્ધિ ઉપર અધિક જોર દે છે–તેના માટે તર્કસિદ્ધ 'ઈશ્વર–અકર્તૃત્વવાદ' ઉપયુક્ત છે. બન્ને વાદનું લક્ષ્ય એક છે અને બન્ને પ્રકારના વાદો માનવાથી તે લક્ષ્ય સફળ થાય છે, તો પછી પરસ્પર વિરોધ કરવાની જરૂર ક્યાં રહે છે?

એ જ રીતિએ પરલોકને નહિ માનવાવાળા નાસ્તિકો પણ પરલોકને માનવાની ના પાડે છે, તેનું કારણ પરલોકના નામને આગળ કરી એક વર્ગ લુંટ ચલાવવાનો ધંધો કરે છે, તેનાથી મનુષ્યસમાજ ઉગરે અગર તો પરલોકના સુખની લાલચે વિવેકશૂન્ય બનીને જેમાં કેવળ દુઃખ જ રહેલું છે, એવાં તપોનુષ્ઠાનોનો ભોગ થતો બચે, એ જ એક ઈરાદો છે. પરલોકાદિને માનનાર આસ્તિકવાદિઓનો પણ એ જ ઈરાદો છે કે–મનુષ્યસમાજ સુખી રહે. પછી આસ્તિકતાની સીમા ઉપર બેઠેલા 'ઈશ્વરકર્તૃત્વવાદી' કે નાસ્તિકતાની સીમા ઉપર બેઠેલા 'પરલોકા-ભાવવાદી' પોતપોતાના મન્તવ્ય પ્રમાણે પ્રચાર કરે, એમાં હરકત શું છે? બંનેનું પરિણામ તો સમાજસુખમાં જ પરિણમવાનું છે અને બંનેનો ઈરાદો સમાજને નિષ્પાપ બનાવવાનો જ છે.

એ રીતિએ વર્ણાશ્રમવ્યવસ્થા માનનાર કે નહિ માનનાર બંનેનો ઈરાદો શુભ જ છે, તો બંનેમાંથી એકેયની નિન્દા નહિ કરતાં, પોતાના દેશકાળની પરિસ્થિતિને અનુસાર જેમાં ધર્મ સમજાય તેમ વર્તવું, એ જ વ્યાજબી છે. જે કાળમાં વર્ણવ્યવસ્થાથી આવશ્યક ક્ષેત્રોમાં માણસો મેળવવાનું સુલભ બનતું હતું, તે કાળમાં વર્ણવ્યવસ્થા ભલે

ધર્મ રૂપ હો, પરન્તુ જે કાળમાં એ વર્ણવ્યવસ્થા જાતિઓનું રૂપ પકડી લે, પરસ્પર અસહયોગ અને ઘૃણાનું કારણ બને, દુરાચારી બ્રાહ્મણ પણ સદાચારી શુદ્ર પાસે પોતાની પૂજા કરાવવા ચાહે, એ કાળમાં એ જ વર્ણવ્યવસ્થા અધર્મ રૂપ બની રહે છે. જે કાળમાં પોતાનાં માતાપિતાઓને છોડીને કે રડતાં–કકળતાં મૂકીને તથા સંસારની જવાબદારીમાંથી છટકી જઈને સાધુ બની જવાની વૃત્તિવાળા આદમી વધી ગયા હોય, એ કાળમાં ચાર આશ્રમની વ્યવસ્થા આવશ્યક થઈ પડે છે, પણ જે કાળમાં સાધુસંસ્થા ઘટી જાય, લોકો એશઆરામી અને મોજવિલાસી બની જાય, તે કાળમાં એ વ્યવસ્થાની જરૂર રહેતી નથી. એવા કાળે મહાત્મા બુદ્ધની જેમ માતાપિતા કે સ્ત્રી આદિને રડતાં મૂકીને પણ દીક્ષા લઈ લે, તો પણ તે યોગ્ય જ છે.

આ રીતિએ વર્ણાશ્રમ પાળનાર કે નહિ પાળનાર ઉભયનો સમન્વય થઈ શકે છે, તો પછી પરસ્પર ઝઘડવાની જરૂર શી છે?

દ્વૈતાદ્વતના સિદ્ધાન્ત માટે પણ તેમજ છે. અદ્વૈતવાદી કહે છે કે–"જગતનું મૂળ તત્ત્વ એક છે. આ જાતિની અદ્વૈતભાવના કરવાથી આ 'મારૂં' અને આ 'પારકું'–એ બુદ્ધિ નાશ પામે છે." અદ્વૈતવાદી જગતના હિતમાં પોતાનું હિત સમજે છે. વ્યક્તિગત સ્વાર્થ માટે થનારાં પાપો આ ભાવનાથી અટકી જાય છે. દ્વૈતવાદી કહે છે કે–"જગતનાં મૂળ તત્ત્વ બે છે. હું જૂદો છું અને મારી સાથે લાગેલ પુદ્‌ગલ ભિન્ન છે. એ ભિન્ન પદાર્થમાં હું અને મારાપણાની બુદ્ધિ રાખવાથી જ હું બંધાઉં છું, પરાધીન બનું છું અને એ જ મારા દુઃખનું મૂળ છે. મારે એ પરનું બંધન કાપવું જોઈએ." એ રીતિએ પુદ્‌ગલની અપેક્ષાએ દ્વૈતવાદી આત્માને મૂખ્યતા આપી પુદ્‌ગલની ખાતર પાપ કરતાં અટકે છે. આ પ્રકારે દ્વૈતભાવના કે અદ્વૈતભાવના ઉભય આત્માને પાપરહિત માર્ગે જ લઈ જનારી છે, પછી એકનું સમર્થન કરવું અને બીજાને ખોટું કહેતું તથા એની ખાતર મોટા શાસ્ત્રાર્થોની ખટપટોમાં ઉતરવું, એ મૂર્ખતા સિવાય બીજું શું છે?

સર્વ-ધર્મ-સમભાવી આ રીતિએ પોતાના મતનું સમર્થન કરવા એક પછી એક અનેક અસત્ય મતોને પણ સત્યની સમાન કોટિમાં મૂકવાનું ઘોર પાતિક સેવી રહ્યો છે, એ તેની દૃષ્ટિ બહાર જ રહી જાય છે. એ હિંસાનું સમર્થન કરનારને પણ દયાળુ કહેવા પ્રેરાય છે: ગોવધનો આદેશ કરનારને પણ ઉપકારી મનાવવાનો પ્રયત્ન કરે છે: સાંપ્રદાયિકતાને લઈને જાતિમદાદિ દુષ્ટ મદોનું પોષણ કરનારને પણ યોગ્ય કહીને ઓળખાવે છે: નિરંકુશ, ઉચ્છૃંખલ તથા વર્ણસંકર બનાવવાના માર્ગે લઇ જનાર બની જાતિમર્યાદા તોડવાનું કહેનારને પણ ધર્મ્ય તરીકે વર્ણવે છે: ન્યાયથી અસિદ્ધ 'ઈશ્વરકર્તૃત્વવાદ'ને પણ 'ઈશ્વરજ્ઞાતૃત્વવાદ'ની સમાન કહેવાની ધૃષ્ટતા કરે છે: આબાલગોપાલના અનુભવ વિરૂદ્ધ અદ્વૈતવાદને પણ સર્વપ્રમાણસિદ્ધ દ્વૈતવાદ જેટલું જ મહત્ત્વ આપવા પ્રયાસ કરે છે: કોઈ પણ મતની પરીક્ષામાં ઉતરવા માટે બુદ્ધિનો ઉપયોગ કરવાની આદિથી જ અટકાયત કરે છે: અથવા તો અસત્ય મતો ઉપર મદાર બાંધીને ચાલનાર આત્માઓ પણ સત્ય મતનો વિશ્વાસ ધરાવનાર આત્માઓના જેટલા જ નિષ્પાપ બની શકવાનો સિદ્ધાન્ત ઘડી કાઢે છે: આ શું તેની ઓછી અજ્ઞાનતા છે?

જે જમાનામાં આવા અજ્ઞાન મતને પણ આંધળીયાં કરીને ઉત્તેજન આપવામાં આવતું હોય, તે જમાનાને વિજ્ઞાનનો એટલે વિશિષ્ટ જ્ઞાનનો જમાનો કહેવો કે પછી વિગતજ્ઞાનનો જમાનો કહેવો, એ બુદ્ધિમાનોએ સ્વયં વિચારવા યોગ્ય છે.

લેખાંક ૬ ટ્ઠો:

પોતાને પંડિત તરીકે ઓળખાવનારાઓ આજે સર્વ-ધર્મ-સમભાવના કલ્પિત સિદ્ધાન્તને અજ્ઞાન લોકો ઉપર ઠોકી બેસાડવા માટે તનતોડ પ્રયાસ કરી રહ્યા છે અને મધુરી ભાષામાં તેનું સમર્થન

કરવા માટે લાંબા લાંબા લેખો અને પુસ્તકો દ્વારા પંડિતાઈ બતાવી રહ્યા છે, પરન્તુ તેઓનો તે પ્રયાસ નિષ્ફળ અને હાસ્યાસ્પદ છે. પંડિતોને સર્વ-ધર્મ-સમભાવ શીખવવા માટે દર્શનશાસ્ત્ર અને ધર્મ-શાસ્ત્રને જૂદું પાડવું પડે છે. તેઓ કહે છે કે-' દર્શનશાસ્ત્ર ભૂલભરેલું હોવા માત્રથી તેણે બતાવેલ ધર્મશાસ્ત્ર અસત્ય ઠરતું નથી. દર્શનશાસ્ત્ર, એ બુદ્ધિમાન મનુષ્યોને બુદ્ધિના અખાડા ખેલવાનું જ માત્ર શાસ્ત્ર છે. એના ઉપરથી ધર્મશાસ્ત્રનું માપ કાઢવાનો પ્રયત્ન કરવો-એ મિથ્યા છે. દર્શનોના પરસ્પર વિરોધથી ધર્મમાં પરસ્પર વિરોધ કલ્પવો, એ મૂર્ખતા છે.'

તેઓનું આ કથન સર્વજ્ઞપણાના અસ્વીકારની બુદ્ધિમાંથી જ જન્મેલું છે. અર્થાત્ સર્વ-ધર્મ-સમભાવનું સમર્થન કરવા માટે, સર્વજ્ઞના જ્ઞાનનો અપલાપ કરવાનું ઘોર પાતિક પણ તેઓ પોતાના શિરે વહોરી લે છે. તેઓના મતે-' દર્શનશાસ્ત્ર એ હંમેશને માટે ચર્ચાનો જ એક વિષય છે. તેનાથી ધર્મમાં જેટલી સહાય મળે તેટલી મેળવી લેવી : અન્યથા, તેની ઉપેક્ષા ધારણ કરવી : કારણ કે-દર્શનશાસ્ત્રના સિદ્ધાન્તોનું સ્થાપન કરનાર કોઈ પરિપૂર્ણ જ્ઞાની વર્તમાનમાં છે જ નહિ, પૂર્વે થયો પણ નથી અને ભવિષ્યમાં થનાર પણ નથી : તેથી તેના ઉપર ખોટા ઝઘડા કરી મરવું, એ કોઈ પણ રીતિએ યોગ્ય નથી.'

આ રીતિએ સર્વ-ધર્મ-સમભાવી એક પછી એક ભૂલોમાં આગળ વધતો જ જાય છે અને જગતમાં કોઈ સર્વજ્ઞ છે જ નહિ, એવા નિશ્ચિત સિદ્ધાન્ત ઉપર આવીને ઠરે છે. પરન્તુ-' જગત્માં કોઈ પણ સર્વજ્ઞ છે નહિ.'-એ જાતિનો નિશ્ચય પોતે સર્વજ્ઞ થઈને કરે છે કે અસર્વજ્ઞ થઈને કરે છે ?, એનું એને ભાન રહેતું નથી. કોઇને પણ સર્વજ્ઞ નહિ માનનાર પોતાની જાતને સર્વજ્ઞ માને એ બનવાજોગ નથી અને પોતાની જાત અસર્વજ્ઞ છે, તો પછી તેણે કરેલો નિર્ણય એ અંતિમ કોટિનો છે, એવા આગ્રહમાં આવી જવું, એ પણ ' **घट-कुट्यां प्रभातः** 'નો ન્યાય સ્વીકારવા બરાબર થાય છે.

વસ્તુસ્થિતિ જૂદી છે. ધર્મશાસ્ત્રનો મુખ્ય આધાર દર્શનશાસ્ત્ર છે. જેનું દર્શનશાસ્ત્ર ખોટું છે, તેનું આંશિક સાચું પણ ધર્મશાસ્ત્ર માગી આણીને ચઢાવેલા આભૂષણ તુલ્ય છે. તે તેને શોભા આપનાર નથી, કિન્તુ વિટમ્બના કરાવનાર છે. સત્ય દર્શનશાસ્ત્રના આધાર વિનાનું ધર્મશાસ્ત્ર, એ પ્રાણ વિનાના દેહ જેવું છે, દેવ વિનાના દેવળ જેવું છે કે જલ વિનાના જલાશય જેવું છે. ધર્મશાસ્ત્રને શોભાવનાર, દીપાવનાર કે ટકાવનાર, સિવાય દર્શનશાસ્ત્ર, બીજું કોઈ નથી.

જો દર્શનશાસ્ત્રે દર્શાવેલ આત્મા નથી, આત્મા કર્મથી બંધાતો નથી, કર્મથી છૂટતો નથી કે કર્મના યોગે સંસારમાં ભટકતો નથી, તથા પુણ્ય નથી કે પાપ નથી, સ્વર્ગ નથી કે અપવર્ગ નથી, તો પછી ધર્મને આચરવાનો સવાલ જ ક્યાં રહે છે?

દર્શનશાસ્ત્રે કહેલી આત્મા આદિની વાતોને નહિ માનનારા પણ એમ કહેતા હોય છે કે–'અમે ધર્મને આચરીએ છીએ, ધર્મમાં માનનારા છીએ, ધર્મથી સમાજ સુખી થાય છે.' પણ તેમનું તે કથન કેવળ મુખમંડન સિવાય કાંઈ પણ અધિક ફળને આપનારૂં નથી. એવા માણસો સમાજને સુખી કરવા માટે પણ ધર્મનું પાલન કરતા હોય છે, એમ પણ માની લેવા જેવું નથી: કારણ કે–સમાજ સુખી થાય કે દુ:ખી થાય, તેથી તેમને શું?–એ પ્રશ્નનો ઉત્તર આપવા માટે તેઓ પાસે કોઈ તત્ત્વજ્ઞાન નથી. એ પ્રશ્નના ઉત્તરમાં તેઓ જો એવું જ કાંઈક કહે કે–'સમાજને સુખ આપવા માટે અમે પ્રયાસ ન કરીએ, તો અમને સુખ ન મળે.' તો તેમની સામે વળી એ પ્રશ્ન ખડો થાય છે કે– 'સમાજને દુ:ખ આપનારા પણ, સમાજને સુખ આપવા માટે પ્રયાસ કરનારા કરતાં વર્તમાનમાં વધારે સુખી દેખાય છે તેનું શું? આનો ઉત્તર તેઓની પાસે નથી. આનો ઉત્તર આપવાનો પ્રયાસ કરતાં તેઓ જો એમ કહે કે–'બીજાને સુખ આપવાથી અમને આત્મસંતોષ પ્રાપ્ત થાય છે, કે જેની કિંમત બીજાઓને સુખ આપવા માટે અમને પડતાં કષ્ટો કરતાં ક્રોડોગુણી અધિક છે. અમને અમારા કષ્ટનો બદલો આત્મ

સંતોષના સુખને અનુભવતી વખતે જ ક્રોડોગુણો મળી રહે છે.' તો સવાલ એ રહે છે કે–' એ સંતોષ જે આત્માને થાય છે, તે આત્મા કેવો છે ?' આ પ્રશ્નનો ઉત્તર તેઓ પાસેથી શી રીતિએ મળી શકવાનો છે? કારણુ કે–તેઓ દર્શનશાસ્ત્રે કહેલી આત્મા આદિની વાતોને તો માનતા નથી.

આ રીતિએ થોડાક જ પ્રશ્નોમાં, પાયા વિનાની જમીન ઉપર કરેલ ચણતરની જેમ, તેઓની ' દર્શનશાસ્ત્રશૂન્ય ધર્મશાસ્ત્ર 'ની ચણેલી દિવાલ તૂટી પડે છે. કોઈ પણ દર્શનશાસ્ત્રનો સિદ્ધાન્ત નક્કી કર્યા સિવાય ધર્મનું આચરણ થઈ શકતું જ નથી અને થાય છે તો પણ ટકી શકતું નથી અને ટકી શકે છે તો પણ ફળતું નથી.

દર્શનશાસ્ત્રના સિદ્ધાન્ત વિનાનો અગર દર્શનશાસ્ત્રના વિપરીત સિદ્ધાન્તવાળો ધર્મ આચરવાનો ઉપદેશ, એ ઉન્મત્તના પ્રલાપ તુલ્ય છે. એ કેટલીક વખત સત્ય ધર્મને દર્શાવતો માલુમ પડે, તો ય તેની કિંમત દારૂડીયાના બકવાદથી અધિક નથી. મદિરા પીધેલો માણુસ જેમ સ્ત્રીને માતા કહે છે, તેમ કોઈક વાર માતાને પણ માતા કહે છે: તેથી તેણે માતાને ઓળખીને માતા કહી છે, એમ પૂરવાર થતું નથી: અને જ્યાં સુધી તેણે માતાને ઓળખીને માતા કહી નથી, ત્યાં સુધી તે પોતાની માતાની સાથે સ્ત્રી જેવું આચરણ નહિ કરે, એમ ખાત્રીથી કહી શકાય તેમ નથી. એ જ પ્રકારે દર્શનશાસ્ત્રે નિરૂપણ કરેલા સત્ય સિદ્ધાન્તોનો બોધ અને વિશ્વાસ પ્રાપ્ત કર્યા સિવાય જે કાંઈ ધર્મ ઉપદેશવામાં કે આચરવામાં આવે છે, તે બધો સમજી, ઓળખી અને માનીને કરવામાં નહિ આવેલો હોવાથી, આજે થાય છે અને કાલે થનાર નથી: અથવા આજે તદનુરૂપ આચરણ કરાય છે અને કાલે તેથી વિપરીત વર્તન કરાય તો એ ય અશક્ય નથી અને કોઈથી રોકી શકાય તેમ પણ નથી.

આ રીતિએ દર્શનશાસ્ત્ર અને ધર્મશાસ્ત્રને અલગ પાડીને સર્વ–ધર્મ–સમભાવની વ્યવસ્થા કરનાર પંડિતો, પોતાની બુદ્ધિને દગો આપ-

વાનું મહા સાહસ કરી રહ્યા છે: અગર અનાદિકાલીન લોકસંજ્ઞા ઉપર આરૂઢ થઈને, ઘણા લોકો જે વાતને પસંદ કરતા હોય તેવી વાતની પસંદગી કરે છે: અથવા સત્યના ભોગે પણ ઘણા લોકને રાજી રાખવાની વૃત્તિને આધીન થઈ જાય છે. ગમે તે કારણસર, પણ 'સર્વ-ધર્મ-સમભાવ' જેવા અઘટિત અને તત્ત્વ સમજવાના દરવાજા બંધ કરનાર અને સંકુચિતતા તથા અજ્ઞાનતાથી છલોછલ ભરેલા મતને સર્વશ્રેષ્ઠ મત કહેનારા કોઈ પણ રીતિએ વિશ્વસનીય નથી.'

અમને તો એ બધાની પાછળ એમની ગુરૂકર્મિતા જ મુખ્ય કારણભૂત લાગે છે. સ્વપરના બોધિબીજને હણી નાખનાર એવી જાતિના મહા મિથ્યાત્વનો પ્રચાર કરવા માટે જેઓને કોડ થતા હોય, તે આત્માઓ બહુલસંસારી અને ગુરૂકર્મી છે, એમાં કોઈ જ જાતિનો શક નથી. અન્યથા, તેઓ પોતાની બુદ્ધિનો ઉપયોગ સત્યની સામે દિવાલો ચણવામાં કરવાને કદી જ પ્રવૃત્ત થઈ શકે નહિ. પોતાની એ ગુરૂકર્મિતામાંથી જ તેઓ અનન્ત ઉપકારી, ત્રૈલોક્યનાથ શ્રી તીર્થંકર-દેવોના દેવાધિદેવત્વનો અપલાપ કરવા માટે પ્રવૃત્ત થયેલા હોય છે. સર્વ વિદ્યાનું બીજ અને સર્વ વિજ્ઞાનનું મૂળ, એવું વિશ્વપ્રકાશક કેવળ-જ્ઞાન અને એને ધારણ કરનાર મહાપુરૂષોની આશાતના કરવાનું ઘોરમાં ઘોર પાપકૃત્ય કરવાનું તેઓના શિરે આવીને ઉભું રહે છે: કારણ કે–વિશ્વના ચરાચર ભાવોને પ્રકાશિત કરનાર કેવળજ્ઞાન રૂપી ભાસ્કર જ્યાં સુધી દેદીપ્યમાન રહેવાનો છે, ત્યાં સુધી અજ્ઞાન અંધકારમાં જ રાચનારા તેવા આત્માઓ પોતાની અધમ ઉમેદોમાં કદી પણ ફલીભૂત થઈ શકે તેમ નથી.

જગત્પ્રકાશક કેવળજ્ઞાનની હયાતિથી જ સત્ય તત્ત્વજ્ઞાનની હયાતિ છે અને સત્ય તત્ત્વજ્ઞાનની હયાતિથી સમાજ યા વિશ્વને સુખ અર્પનાર ધર્મ અને તેના આચરણની હયાતિ છે. ધર્માચરણની સાંકળ કેવળજ્ઞાન છે. એ સાંકળ તૂટી, ત્યાં ધર્માચરણ બંધ પડવાનું જ છે: અગર અધર્માચરણ પણ ધર્માચરણ મનાવાનું છે. ઉઘાડી આંખે

જગત્ સામે નજર નાખનારને આ વસ્તુ સમજાયા સિવાય રહી શકે તેમ નથી. જેઓને પોતાના જ મતનો જ આગ્રહ છે, તેઓના માટે અમારૂં આ કથન નથી, કિન્તુ સત્યનો અર્થી માનવી આ વાતને ન સમજી શકે એ શકય નથી.

એટલા જ માટે કેવળજ્ઞાનનો અપલાપ કરનારને અમે ભાવ-માર્ગનો મોટામાં મોટો ધાડપાડુ કહીએ છીએ. કેવળજ્ઞાનિઓએ ફેંકેલા પ્રકાશની બહાર ધકેલ્યા સિવાય માનવીઓને લુંટી શકવા શકય નથી. અંધકાર એ લુંટારાનો સહાયક છે. પ્રકાશ એ લુંટારાનો દુશ્મન છે. પ્રકાશને દુશ્મન માનનાર અને અંધકારને મિત્ર માનનાર લુંટારાઓ, જ્યાં સુધી જગતના માનવીઓને કેવળજ્ઞાન રૂપી સૂર્યના પ્રકાશથી દૂર ન લઈ જાય, ત્યાં સુધી તેઓ પોતાની લુંટનું કાર્ય નિર્વિઘ્ને ન જ કરી શકે, એ વાત તદ્દન સત્ય છે. એ જ એક કારણે કેવળજ્ઞાનથી પ્રકાશિત થયેલા અનેક ભાવોને પોતાની નજરે અનુભવવા અને દેખવા છતાં પણ, તેનો અપલાપ કરવા કોઈ સ્વાર્થભૂખ્યો માણસ ધૃષ્ટતા આદરે, ત્યારે તેની એ ધૃષ્ટતા સ્વપરની ઘાતક હોઈ, તેને (તેની દુષ્ટતાને) જેટલા કડક શબ્દોમાં દર્શાવી શકાતી હોય, તેટલા કડક શબ્દોમાં પણ દર્શાવવી એ જરૂરી છે; એમ કરવામાં તેનો અને માનવસમાજનો પણ બચાવ છે.

શ્રી જૈનદર્શનમાં કેવળજ્ઞાનની સિદ્ધિ અનેક પ્રમાણુ દ્વારા કરાયેલી છે. અહીં તે સઘળાં પ્રમાણો આપવાં અપ્રસ્તુત છે, તો પણ– ‘ પોતે જૈનદર્શનના પંડિત છે. ’–એમ કહેવડાવનાર આત્માઓ, એ પ્રમાણોને જાણવા છતાં જ્યારે કેવળજ્ઞાનનો ઇન્કાર કરવા તત્પર બને છે, ત્યારે તેમના જેવા નિર્ભાગ્યશેખરો આ જગતમાં બીજા એકે હોય, એવો ભાસ થતો નથી. શ્રી જૈનદર્શનને જોવા, જાણવા કે સમજવાનો પ્રયાસ કરવાનું ભાગ્ય નહિ પામેલા આત્માઓ આ વિષયમાં તેટલા ઉપાલમ્ભપાત્ર નથી, કે જેટલા ઉપાલમ્ભને પાત્ર પોતાને શ્રી જૈનદર્શનના પંડિત મનાવનારાઓ છે. ‘ સર્વ–ધર્મ–સમભાવ ’ જેવા

કૂટ અને વંચક સિદ્ધાન્તનું સમર્થન કરવા ખાતર, કેવળજ્ઞાન અને તે દ્વારા દર્શિત થયેલ યથાર્થ દર્શનશાસ્ત્રની અવહીલના કરવા પ્રયત્ન કરવો, એ ભારેમાં ભારે અપકૃત્ય છે.

છદ્મસ્થ-જ્ઞાનો અને કેવળજ્ઞાન વચ્ચે મોટું અંતર છે. કેવળ-જ્ઞાનને પામેલા આત્માઓ આત્મા મટી પરમાત્મા બને છે, ત્રણ લોકના શિખર ઉપર આરૂઢ થવાને પાત્ર બને છે, યાવત્ ત્રણ જગતના પૂજ્ય બની જાય છે. સર્વ-દર્શન-સમભાવ આદિ કૂટ માન્યતાઓના પ્રચારકો કેવળજ્ઞાની મહર્ષિઓની આ ત્રૈલોક્યપૂજ્યતાને સહી શકતા નથી. તેઓ કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરીને દેવાધિદેવ-પદ પર આરૂઢ થયેલા ત્રિકાલજ્ઞાની ભગવાન શ્રી જિનેશ્વરદેવોને પણ ભગવાન કહેવાની ના પાડે છે: અર્થાત્-ભગવાન કહેતાં તેઓની જીહ્વા છેદાઈ જતી હોય તેટલું દુઃખ અનુભવે છે. સામાન્ય મનુષ્યોને જે વિશેષણો લગાડવામાં આવતાં હોય, તેથી અધિક વિશેષણ પરમાત્માને લગાડનાર, તેમને પરમાત્માનું અપમાન કરનારા લાગે છે. પાપાત્માઓને મહાત્મા કહેતાં તેઓને પાપ લાગતું નથી અને ભગવાનને ભગવાન કહેતાં તેઓ દુર્લભબોધ બની જવા જેટલા પાપથી ભારે થવાનો ભય પામે છે. અરે! ભગવાનને ભગવાન મહાવીર નહિ પણ મહાત્મા (?) મહાવીર શબ્દથી સંબોધવામાં અભિમાન (?) લે છે. હતભાગી આત્માઓ પંડિત થવા છતાં મહાત્મા અને પરમાત્મા શબ્દનો ભેદ કળી શકવા જેટલી પણ બુદ્ધિથી વંચિત રહેવા પામે, તેમાં દોષ પંડિતાઈનો કે હત-ભાગીતાનો ? પણ આ હતભાગીતા તેઓને અકસ્માત મળી નથી. તેમણે એ ઈરાદાપૂર્વક માગીને મેળવેલી છે. પંડિતાઈ પ્રાપ્ત કરવાના ગુમાનમાં અનધિકાર ચેષ્ટાએ ચઢી જઈ, આજે અનેક આત્માઓ પંડિતાઈથી વંચિત રહ્યા છે અને નિઃકેવળ પલિતાઈને જ ખરીદી રહ્યા છે.

અનન્ત ઉપકારી જ્ઞાનિમહર્ષિઓએ નિષેધ કરેલાં શાસ્ત્રોને ગૃહસ્થપણામાં યા સાધુપણામાં અનધિકારિપણે ભણવાની ચેષ્ટા કર-નારાઓ, મોટે ભાગે એ જ પરિણામોને ભોગવે છે. તેઓ ભણે છે

પણ વિરાધક બનવા માટે. આરાધક ભાવનો આદિથી જ નાશ કરીને ભણવાની ચેષ્ટા કરનારાઓ જો લાભને પામી શકતા હોત, તો અનન્ત-જ્ઞાની મહર્ષિઓને તે શાસ્ત્રો અધિકાર પ્રાપ્ત થયા પહેલાં નહિ ભણવા રૂપ નિષેધ કરવાની આવશ્યકતા રહેત જ નહિ. એ આવશ્યકતા જે કારણે ઉભી થઈ છે, એ જ કારણનો ભોગ થતા આજના તેવી જાતિની ઉદ્ધતાઈથી ભરેલા પંડિતો અનુભવાય છે. આજ્ઞા ઉપર પગ મૂકીને આજ્ઞાને સમજવાનો પ્રયાસ કરનારા, એ તો માતાને રાંડ કહીને પગચંપી કરનારા છે. માતાને રંડા કહેનારા દીકરાઓની પગચંપીથી રાજી થઈ જનારી માતાઓ પણ રંડાઓ જ હોય છે. સતી અને પતિવ્રતા સ્ત્રીઓ તો તેવા દીકરાઓથી પોતાની કુખ લાજે છે એમ માને છે અને તેથી તેવા કજાત પુત્રોના મુખદર્શનમાં પણ પાપ માને છે.

શ્રી જિનાજ્ઞા એ અવ્યભિચારિણી છે, માટે તે ઉત્તમોત્તમ સતીના આદરને પાત્ર છે. જે કોઈ એની સેવા કરવાના બ્હાને જ એને વ્યભિચારિણી ઠરાવવા પ્રયત્ન કરે છે, તેની સામે પણ તે જોવા માગતી નથી. પોતાની સાધ્વી માતાનું અપમાન કરનારની જે કોઈ માઠી ગતિ સંભવતી હોય, તેના કરતાં કેઈગુણી માઠી ગતિ શ્રી જિનાજ્ઞા રૂપી અવ્યભિચારિણી અને પરમ હિતસ્વિની માતાની અવગણના કરનારની સંભવે છે અને તેનાં માઠાં ફળ પ્રત્યક્ષ આ જન્મમાં જ તેવા પ્રકારના આત્માઓને મોટે ભાગે અનુભવવાં પડે છે. એ ફળોમાંનું મોટામાં મોટું ફળ તે દેખાય છે કે-એ રીતિએ શરૂઆતથી જ વિરાધક ભાવને વરેલા જે કોઈ આત્મા શ્રી જિનાજ્ઞાનો અભ્યાસ કરીને પંડિત બનવા ગયા છે, તેઓ સ્વ અને પરના બોધિબીજનો નાશ કરવા સિવાય બીજું કોઈ પણ અધિક જ્ઞાન પામવા માટે શક્તિમાન થઈ શક્યા નથી. સર્વજ્ઞની સિદ્ધિ માટેનાં પ્રમાણો તેઓને અપ્રમાણ રૂપ લાગ્યાં છે અને અસર્વજ્ઞના મતોની અપ્રમાણિકતા ઉપર તેઓ વારી જતા માલૂમ પડ્યા છે. બુદ્ધિનો આ મોટો વિપર્યાસ થવાનું દેખીતું કારણ, તેઓની વિરાધક વૃત્તિ શિવાય બીજું શું શોધી શકાય તેમ છે? કેવળજ્ઞાન પ્રત્યે અવિશ્વાસને પામેલા તે આત્માઓ વસ્તુતઃ તો સમસ્ત

જૈનદર્શન પ્રત્યે જ અવિશ્વાસુ બન્યા છે : અને એવા અવિશ્વાસુ આત્માઓ જૈનદર્શનના નામે જે કાંઈ વાત કરે, તે પણ તેટલી જ અવિશ્વસનીય તરીકે શ્રી જૈનમતના સાચા અનુયાયીઓ માને તેમાં નવાઈ નથી.

છતાં આજે તેવા પંડિતોની છાયા તળે શાસનસંરક્ષક તરીકેનો દાવો ધરાવનાર આચાર્યો આદિ પણ આવતા જાય છે, એ ઓછા ખેદનો વિષય નથી. ભિન્ન ભિન્ન ધર્મના અનુયાયીઓની પ્રીતિને સંપાદન કરવા માટે જેમ બુદ્ધિ અને યુક્તિથી શૂન્ય એવા સર્વ–ધર્મ–સમભાવ આદિ વાદો નીકળ્યા છે, તેમ એક સમાજમાં રહેલા પરસ્પર ભિન્ન અથવા સર્વથા વિરૂદ્ધ મતવાળાઓની એકસરખી પ્રીતિને પ્રાપ્ત કરવા માટે પણ તેવી જ જાતિના વાદોનું શરણુ લેવું પડે, એમાં કોઈ પણ જાતિનું આશ્ચર્ય નથી. જેઓએ સિદ્ધાન્તભક્તિને છોડી દઈને, સર્વની પ્રીતિ સંપાદન કરવી, એને જ એક મૂખ્ય ધ્યેય બનાવ્યું છે અથવા 'સર્વની પ્રીતિ અને સિદ્ધાન્તભક્તિ, એ બન્ને સમકક્ષામાં કર્તવ્ય છે'–એમ સ્વીકાર્યું છે અથવા સ્વસત્ય સિદ્ધાન્ત અને પરમૂર્ખ સિદ્ધાન્તોના અનુ-યાયીઓને પણ એકસરખી રીતિએ રાજી રાખવાની કાળજી ધરાવી છે, તેઓમાં માર્ગચ્યુત થવાનું બીજ અવશ્ય રોપાઈ ગયું છે અગર રોપાઈ જવાનું છે, એમાં કશો જ સંદેહ નથી. અનુભવ તે મતને મજબૂત ટેકો આપે છે. સિદ્ધાન્તભક્તિ ગૌણ બન્યા સિવાય, સિદ્ધાન્ત નહિ માનનાર અગર તેને છડેચોક અવગણનારની પ્રીતિ સંપાદન કરવાની ભાવના જાગૃત થવી, એ અશક્ય જ છે.

આનો અર્થ એ નથી જ કે-સિદ્ધાન્તને નહિ માનનારની સાથે ઝઘડવું, પરન્તુ–'સિદ્ધાન્તની ભક્તિ પ્રદર્શિત કરતાં સામો આત્મા નારાજ થતો હોય, તો તે માટે ભક્તિ પ્રદર્શિત કરનાર જવાબદાર બને છે.' –એમ માનવું એ સદંતર મૂર્ખતા છે. ભક્તિ કરવામાં પ્રદર્શિત થતી અવિધિને દૂર કરવાનો સઘળોય પ્રયત્ન કરી લેવા છતાં પણ, સિદ્ધા-ન્તભક્તિ પ્રદર્શિત કરનાર ઉપર નારાજ થનાર સિદ્ધાન્તવિરોધી વર્ગ રહેવાનો જ છે. એ ખાતર જો સ્વપરના એકાન્ત હિતકારક સિદ્ધાન્તનો

ભોગ આપી દેવા જેટલી વૃત્તિએ પહોંચી જવાય, તો રળવા માટે કરેલા વહેપારથી જ ખોટ ખાવાનું કાર્ય સિદ્ધ થાય : અને એવી ખોટ ખાવાનું તો તે જ પસંદ કરે, કે જેને મન રળવું કે ખોટ ખાવી બન્ને સમાન છે : અને એ સમાનતા સિવાય મૂર્ખ બીજામાં સંભવી શકતી નથી.

સમસ્ત સમાજની પ્રીતિ સંપાદન કરવામાંથી જ અનુક્રમે સર્વ-મત-સહિષ્ણુતા, સર્વ-ધર્મ-સમભાવ આદિ મતો મોટે ભાગે પ્રગટ થાય છે, એમ જ્ઞાનિઓનો મત છે અને વર્તમાન સમાજનો અનુભવ છે : તો પછી તેને જ એક લક્ષ્ય બનાવવું, એ શું માર્ગચ્યુત થવાનું કે કરવાનું મોટામાં મોટું નિમિત્ત નથી ? છે, તો એ નિમિત્ત જ્યાં જ્યાં જણાય, ત્યાં ત્યાં સર્વત્ર સાવધ બનવાની ચેતવણીનો સૂર આપવો એ હિતસ્વીઓનું કર્તવ્ય છે અને એ ચેતવણીને વધાવી લેવી એ હિતાર્થી આત્માઓની ફરજ છે.

આપણે આગળ જોઈ ગયા કે-અનધિકારપણે શાસ્ત્રોનું પઠન-પાઠન કરવાની ચેષ્ટાએ આજે ઘણાઓને પંડિત મીટાવીને લગભગ પલિત જેવા બનાવ્યા છે. આ પલિતની ઉપમા ભારે છે, તો પણ તેઓ જેવા બન્યા છે તેવી તેઓની ઓળખાણ કરાવવા માટે તે ઓછી છે, એમ તેઓનાં વક્તવ્યો આદિ સાંભળ્યા કે વાંચ્યા પછી કોઈ પણ શાસ્ત્રના જ્ઞાતાઓને માલૂમ પડ્યા સિવાય રહેશે નહિ. પંડિત બનવા પહેલાં તેઓ જે પાપોના ઉપાસક હશે, તેના કરતાં કેઈગુણા ઘોર પાપોના ઉપાસક અને પ્રચારક તેઓ પંડિત બન્યા પછી બન્યા છે. સર્વ પાપોનો પ્રણાશ કરનાર શાસ્ત્રોનું અધ્યયન કર્યા પછી પણ, સર્વ પાપોના પ્રચારકોના આગેવાન બનવાનું જેઓના લલાટે લખાતું જાય છે, તેમાં દેખીતું કારણ તેઓની અનધિકાર ચેષ્ટા સિવાય બીજું શું કલ્પી શકાય તેમ છે ?

આજે સૌથી વધારે વખોડી કાઢવા લાયક પ્રચારકાર્ય કોઈ હોય, તો તે શ્રી તીર્થંકરદેવોને સામાન્ય મનુષ્યની કોટિમાં ગણવા અને ગણાવવાનું પ્રચારકાર્ય છે. એ પ્રચારકાર્ય કરનારાઓનો પણ મોટો ભાગ ઉપર કહી આવ્યા તેવી જાતિના પલિત કોટિના પંડિતો છે. એ

પ્રચારકાર્યને જેટલું વજન આપવામાં આવે છે, તેટલો જ શ્રદ્ધાનો વિનાશ સત્વર છે. આજે કહેવાતા પંડિતો એ માટે મોટામાં મોટી જહેમતો ઉઠાવી રહ્યા છે અને એની અસર સમાજ ઉપર પડવા લાગી છે.

મીમાંસક મતનો પંડિત કુમારિલ ભટ્ટ જ્યારે શ્રી જિનેશ્વરદેવોની સર્વજ્ઞતાનો અપલાપ કરવા પ્રયાસ કરે છે, ત્યારે તેને કલિકાલસર્વજ્ઞ આચાર્યભગવાન શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજા જે રીતિનો જવાબ આપે છે, તે અહીં ખાસ ધ્યાન રાખવા જેવો છે. પ્રમાણમીમાંસા નામના ન્યાયના અલૌકિક ગ્રન્થમાં તેઓશ્રી સર્વજ્ઞ પરમાત્માના કેવલજ્ઞાનની અનેક પ્રમાણો દ્વારા સાબીતી કરી આપ્યા પછી, કુમારિલ ભટ્ટના પૂર્વપક્ષ સાથે ઉત્તરપક્ષનું નીચે મુજબ સચોટ અને હૃદયંગમ સમર્થન કરે છે.

પૂર્વ પક્ષ

" अथ ' ज्ञानमप्रतिघं यस्य, वैराग्यं च जगत्पतेः ।
ऐश्वर्यं चैव धर्म्मश्च, सहसिद्धं चतुष्टयम् । "

इति वचनात्सर्वज्ञत्वमीश्वरादीनामस्तु । मानुषस्य च कस्यचिद्विद्याचरणवतोऽपि तदसम्भावनीयम् । यत्कुमारिलः ।

' अथापि वेददेहत्वाद्, ब्रह्मविष्णुमहेश्वराः ।
कामं भवन्तु सर्वज्ञाः, सार्वज्ञ्यं मानुषस्य किम् ॥ ' इति "

' જે જગતપતિને જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય અને ધર્મ,–એ ચારે અપ્રતિહત અને સહસિદ્ધ હોય છે. '–એ વચનથી ઇશ્વરાદિને સર્વજ્ઞપણું ભલે હો, પરન્તુ વિદ્યાચરણ એવા પણ મનુષ્યને તો તે અસમ્ભવિત છે. ભટ્ટ કુમારિલે પણ કહ્યું છે કે–' વેદ એ છે શરીર જેનું એવા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર નિર્વિવાદ સર્વજ્ઞ હોઈ શકે છે, પરન્તુ મનુષ્યને સર્વજ્ઞતા ક્યાંથી ?'

ઉત્તર પક્ષ

" आः सर्वज्ञापलापपातकिन् ! दुर्वदवादिन् ! मानुषत्वनिन्दार्थवादापदेशेन देवाधिदेवानधिक्षिपसि ? । ये हि जन्मान्तरार्जितोर्जितपुण्यप्राग्भाराः,

सुरभवभवमनुपमं सुखमनुभूय, दुःखपङ्कमग्नमखिलं जीवलोकमुद्दिधीर्षवो, नरकेष्वपि क्षणं क्षिप्तसुखासिकामृतवृष्टयो मनुष्यलोकमवतेरुः, जन्मसमयसमकालचलितासनसकलसुरेन्द्रवृन्दविहितजन्मोत्सवाः, किङ्करायमाणसुरसमूहाहमहमिकारब्धसेवाविधयः, स्वयमुपनमितप्राज्यसाम्राज्यश्रियं तृणवदवधूय, समतृणमणिशत्रुमित्रवृत्तयो, निजप्रभावप्रशमितेतिमरकादिजगदुपद्रवाः, शुक्लध्यानानलनिर्दग्धघातिकर्माण, आविर्भूतनिखिलभावावभावस्वभावावभासिकेवलबलदलितसकलजीवलोकमोहप्रसराः, सुरासुरविनिर्मितां समवसरणभुवमधिष्ठाय, स्वस्वभाषापरिणामिनीभिर्वाग्भिः, प्रवर्तितधर्मतीर्थाश्चतुस्त्रिंशदतिशयमर्थी तीर्थकृत्वलक्ष्मीमुपभुज्य, परं ब्रह्म सततानन्दं सकलकर्मनिर्मोक्षमुपेयिवांसस्तान्मानुषत्वादिसाधारणधर्मोपदेशेनापवदन्, सुमेरुमपि लोष्ठादिना साधारणीकर्तुं पार्थिवत्वेनापवदेः ! । ”

‘ હે સર્વજ્ઞ ભગવાનનો અપલાપ કરનાર પાતકિન્ ! દુષ્ટ વચનને ઉચ્ચારનાર (નહિ બોલવા લાયકને બોલનાર) દુર્વદવાદિન્ ! નિન્દા કરવા માટે મનુષ્યત્વ માત્રના સાધર્મ્યથી શ્રી દેવાધિદેવોને તું ઉતારી પાડવાનો પ્રયત્ન કરે છે ? જેઓ જન્માન્તરમાં ઉપાર્જન કરેલા ઉર્જિત–વિશાળ પુણ્યપ્રાગ્ભારવાળા છે : દેવલોકનાં અનુપમ સુખોને અનુભવી દુઃખપંકમાં નિમગ્ન જીવલોકનો ઉદ્ધાર કરવાની ઈચ્છાવાળા છે : નરકોમાં પણ ક્ષણવાર સુખાસિકા રૂપ અમૃતવૃષ્ટિઓને વરસાવનારા છે : તથા મનુષ્યલોકમાં અવતરે છે, ત્યારે જેમના જન્મ સમયે એક સાથે આસનો ચલિત થવાથી સમસ્ત સુરેન્દ્રવૃન્દો આવીને જેમનો જન્મોત્સવ કરે છે : હું પહેલાં–હું પહેલાં, એ રીતે ચાકરની જેમ સેવા કરવાને તત્પર થયેલા સુરગણના સમૂહથી જેમની સેવા થઈ રહી છે : સ્વયમેવ પ્રાપ્ત થયેલ અપરિમિત પ્રાજ્ય સામ્રાજ્યની લક્ષ્મીને તૃણની જેમ ત્યજી દઈ, તૃણ–મણિ અને શત્રુ–મિત્ર પ્રત્યે સમાન વૃત્તિને ધારણ કરનારા છે : અને જગતમાં પોતાના પ્રભાવથી શમાવી નાખ્યા છે

દુર્ભિક્ષ અને મારી આદિના ઉપદ્રવો જેમણે તથા સમસ્ત પદાર્થોના સ્વભાવને પ્રકાશિત કરનાર કેવળજ્ઞાનના બળથી દળી નાખ્યો છે સકલ જીવલોકનો મોહપ્રસર જેમણે, સુરાસુરથી વિરચિત સમવસરણ ભૂમિમાં બેસીને પોતપોતાની ભાષામાં પરિણામ પામવાવાળી વચન-રચનાઓ વડે પ્રવર્તાવ્યું છે ધર્મતીર્થ જેમણે, એવા ચોત્રીશ અતિશયમય તીર્થંકરલક્ષ્મીનો ઉપભોગ કરીને સકલકર્મનિર્મોક્ષ સ્વરૂપ સતતાનંદ-મય પરબ્રહ્મને પ્રાપ્ત થયેલા દેવાધિદેવોને માનુષત્વાદિ સાધારણ ધર્મોના બ્હાનાએ તું ઉતારી પાડવા માગે છે, એ તારી ચેષ્ટા સુમેરૂપર્વતને પણ પાર્થિવત્વાદિ સાધારણ ધર્મો વડે ઢેફાંદિની સાથે સરખાવી ઉતારી પાડવા બરોબર છે. '

શ્રી તીર્થંકરદેવો મનુષ્ય હતા, એમ કહીને જેઓ દેવાધિદેવ તરીકેના તેઓના અસાધારણ ગુણોનો અપલાપ કરે છે, તેઓએ પરમોપકારી આચાર્યભગવાન શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજશ્રીનાં ઉપર્યુક્ત વચનો હૃદયમાં કોતરી રાખવા જેવાં છે. ભગવાન શ્રી જિનેશ્વરદેવોને અન્ય માનવીઓમાં અસુલભ એવા અસાધારણ ગુણોએ યુક્ત જાણવા છતાં પણ, મનુષ્ય કે મહાત્મા તરીકે સંબોધનારા કુમારિલ ભટ્ટ કરતાં પણ અધિક અધમતાને આચરનારા છે. તેવાઓ શ્રી જિનેશ્વરદેવના બારેમાં ભારે નિન્દક છે, એટલું જ નહિ પણ પોતાની એ નિન્દકવૃત્તિનો ચેપ ફેલાવી, સમાજને પણ નિન્દક બનાવવાનું તેઓ ઘોર પાતિક આચરી રહ્યા છે.

અંતરંગ કે બહિરંગ લક્ષ્મી કે શોભાથી સર્વથા શૂન્ય આત્મા-ઓને રાજી રાખવા ખાતર શ્રીયુત શબ્દ લખી-લખીને હાથ ઘસી નાખનારાઓ તથા અનેક પ્રકારની પાપની ક્રિયાઓમાં મન, વચન અને કાયાથી ભાગ લેનારાઓને પણ મહાત્મા કહીને જીભ ઘસી નાખનારાઓ, ચોત્રીશ અતિશયોથી સંપન્ન અને અન્તરંગ અનન્ત ગુણોએ કરીને વિરાજમાન ભગવાન શ્રી જિનેશ્વરદેવોને ભગવાન કહેતાં શરમાય છે, ત્યારે તેઓ હાથ અને જીભ પામ્યા છે ખરા, પરન્તુ તે કેવળ પાપ બાંધવા માટે જ પામ્યા છે, એમ કહેવામાં જરા પણ અત્યુક્તિ થતી

નથી. ભગવાનને ભગવાન તરીકે સંબોધવામાં પણ તેઓની જીહ્વા કે કલમ કામ આવી શકતી નથી, એ વસ્તુ તેઓના અતિશય કારમા દુર્ભાગ્યનો ઉદય સૂચવવા સિવાય બીજું કાંઈ જ સૂચવતી નથી.

સર્વ-દર્શન-સમભાવ, સર્વ-ધર્મ-સમભાવ, સર્વ-જાતિ-સમભાવ, નર-નારી-સમભાવ આદિના આગ્રહમાં અતિશય ગ્રથિલ બનેલા આત્માઓ સત્યથી સર્વથા વંચિત બની, બીજાઓને વંચિત કરવા પ્રયાસ કરી રહ્યા છે. શ્રી સર્વજ્ઞભગવાન પ્રત્યેનો અવિશ્વાસ પણ એ ગ્રથિલતાની ઘેલછામાંથી જન્મેલો છે. જગતમાં કોઈ સર્વજ્ઞ નથી, એવો નિર્ધાર કરી બેસનારા સર્વજ્ઞનાં વચનોના સમાગમને અનન્તકાળ સુધી પણ પામી શકતા નથી. કોઈ કોઈ મનુષ્યોમાં મહામુશીબતે જન્મ પામેલી સત્ય શોધવા માટેની વૃત્તિ સત્ય સુધી પહોંચે, તે પહેલાં જ ખોટા સમભાવના નામે અટકી પડે છે અગર વિપરીત માર્ગે વળી જાય છે. એ કારણે માનવ-સમાજના શરીરને કોરી ખાવાનું તથા ભાવ-માર્ગના મુસાફર બનવા જેટલી લાયકાત મેળવનાર આત્માઓનું શ્રદ્ધાધન લુંટી લેવાનું કાર્ય કરનારા ગીધડાઓ અને લુંટારાઓથી વધુમાં વધુ સાવધ બનવાની પ્રત્યેક હિતાર્થી આત્માઓની વર્તમાનકાળે મોટામાં મોટી ફરજ છે. સમ્યગ્માર્ગને પામવાની નૈસર્ગિક જિજ્ઞાસા ઉપર આજે ચોમેરથી અનેકોની ધાડ ચાલુ છે. એ ધાડોથી બચાવવાનું કાર્ય જેઓ કરી રહ્યા હોય છે, તેઓ જ જગતના સાચા અને પ્રથમ નંબરના ઉપકારી છે. એવા ઉપકારિઓના પ્રતાપે જ થોડા પણ આત્માઓ પોતાના શ્રદ્ધા રૂપી ધનને બચાવી શકે છે અને ભાવમાર્ગની મુસાફરી નિર્વિઘ્ને કરી શકે છે. એ જાતિના ઉપકારનું કાર્ય કરવા માટે જ જગતમાં શ્રી જૈનશાસનની ઉપસ્થિતિ થયેલી છે. જે કોઈ પુણ્યાત્માઓ નિશ્ચળ મનથી એ પવિત્ર શાસનને શરણે જાય છે અને એની આજ્ઞાને મન, વચન અને કાયાથી સ્વીકારે છે, તે આત્માઓ થોડા જ કાળમાં સર્વ સુખોના ધામ રૂપ શાશ્વત સ્થાનને પ્રાપ્ત કરવા ભાગ્યવાન બને છે.

-સંપૂર્ણ-

વૈરાગ્ય

એક મહાન્ સદ્ગુણ

લેખાંક ૧ લો :

નકલના ભયથી ડરીને કિંમતી વસ્તુની ઉપેક્ષા ન થાય

વૈરાગ્ય, એ એક મહાન્ સદ્ગુણ છે. વૈરાગ્યની કોટિના સદ્ગુણો બીજા બહુ ઓછા છે. એક વૈરાગ્ય એવો સદ્ગુણ છે, કે જેને એ પ્રાપ્ત થઈ જાય છે, તે આત્મા અનેક ગુણોની પરમ્પરાને આપોઆપ પ્રાપ્ત કર્યા કરે છે. પરન્તુ વૈરાગ્ય એ જેટલો ઉંચો સદ્ગુણ છે, તેટલો જ તેનો દુરૂપયોગ અધિક થાય છે. કેવળ વૈરાગ્ય માટે જ તેમ બને છે એમ નહિ, કિન્તુ કોઈ પણ સારી અને કિંમતી વસ્તુ એવી મળવી જ અશક્ય છે, કે જેનો દુરૂપયોગ આ જગતમાં ન થતો હોય. કિંમતી ગણાતી વસ્તુઓની જ જગતમાં નકલો થાય છે. હીરા અને મોતી કે સુવર્ણ અને રજતની નકલો થતી દેખાય છે, પરન્તુ કોઈ પણ સ્થળે કે કોઈ પણ કાળે ધૂળ અને ઢેફાં કે કાંકરા અને કોલસાની નકલો કરવાનો કોઈ પ્રયાસ કરતું નથી.

સારી ચીજની નકલો થાય છે, એટલા જ માટે જો સારી ચીજો ત્યાગ કરી દેવા લાયક હોય, તો હીરા–મોતી અને સોનું–ચાંદી આદિ વસ્તુઓ પ્રથમ નંબરે ત્યાગ કરી દેવા લાયક ઠરશે : પરન્તુ એ ન્યાયને આજ સુધી કોઈએ પણ માન્ય રાખેલ નથી. સૌ કોઈ હજારો નક-

લોમાંથી પણ અસલ વસ્તુને શોધી કાઢી તેને જ ગ્રહણ કરવા પ્રયાસ કરે છે, કિન્તુ નકલના ભયથી ડરી જઇને અસલ વસ્તુને પણ છોડી દેવા પ્રયાસ કરતું નથી. અસલ વસ્તુને છોડી દેવાનો એવો પ્રયાસ કરનારા કાં તો અસલ વસ્તુનું મૂલ્ય જ સમજ્યા નથી, અગર સમજ્યા છે તો પણ તેને પ્રાપ્ત કરવાની પોતાની અશક્ત હોવાથી, બીજાની આગળ તેના મૂલ્યને ઇરાદા પૂર્વક છૂપાવે છે.

વૈરાગ્ય માટે પણ તેવી જ હકીકત છે. તે એક મહાન્ વસ્તુ હોવાથી, તેની સેંકડો નકલો આ જગત્‌માં વિદ્યમાન છે: એટલું જ નહિ પણ જે કોઈ આત્મા પોતાની અશક્તિ યા અયોગ્યતાના કારણે તેને પ્રાપ્ત નથી કરી શકતા, તેમાંનો મોટો વર્ગ તેની નિન્દા કરવાનો જ માર્ગ અખત્યાર કરે છે: પરન્તુ તેટલા માત્રથી વૈરાગ્ય એ સદ્‌ગુણ મટી જતો નથી. તેની અનેક નકલો તથા તેના પ્રત્યેના અનેક કટાક્ષો જ એ વસ્તુ પૂરવાર કરે છે કે-અસલ વૈરાગ્ય એ કોઈ મહા મૂલ્ય-વાળી ચીજ છે અને તેની પ્રાપ્તિ કોઈ ભાગ્યવાન આત્માને જ થઈ શકે છે.

જેની પાછળ દંભ નથી તે અસલ વૈરાગ્ય છે

નકલી વસ્તુને અસલ વસ્તુના મૂલ્યથી ખપાવવાનો પ્રયાસ કરવા માટે જેમ અનેક પ્રકારની માયાઓનું અવલંબન લેવું પડે છે, તેમ નકલી વૈરાગ્યને પણ અસલ વૈરાગ્યના મૂલ્યે પ્રસિદ્ધ કરવા માટે મૂખ્ય આલંબન દંભનું જ ગ્રહણ કરવું પડે છે. એટલા માટે દંભને અસલ વૈરાગ્યના મૂલમાં અગ્નિ મૂકનાર તરીકે વૈરાગ્યના જ્ઞાતા મહાપુરૂષોએ વર્ણવેલ છે. દંભને ધારણ કરનાર આત્મા જગત્‌માં પોતાની વૈરાગ્યવાન તરીકે પ્રસિદ્ધિ કરી શકે છે, તો પણ પોતે તો અનન્તકાળ સુધી વૈરાગ્ય રૂપી સદ્‌ગુણથી સર્વથા વંચિત જ રહી જાય છે. એટલા માટે શ્રી જિનશાસનમાં મુક્તિમાર્ગના આરાધકો માટે, સૌથી પ્રથમ શરત, જીવનમાંથી દંભને દેશવટો આપવાની મૂકવામાં આવી છે. જીવનમાંથી દંભને સર્વથા દૂર કર્યા સિવાય, મુક્તિ માટેના એક પણ સદનુષ્ઠાનની સાચી આરાધના થઈ શકતી નથી.

સમર્થ પંડિત ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા, અધ્યાત્મસાર નામના પ્રકરણરત્નમાં–અધ્યાત્મનું સ્વરૂપ તથા તેની પ્રાપ્તિ અને વૃદ્ધિ કોને થઈ શકે, એ વિષે વિવેચન કરતાં ફરમાવે છે કે–

" अतो ज्ञानक्रियारुपमध्यात्मं व्यवतिष्ठते ।
एतत्प्रवर्धमानं स्या,–न्निर्दम्भाचारशालिनाम् ॥ १ ॥ "

'અધ્યાત્મ, એ જ્ઞાનક્રિયા ઉભયાત્મક છે અને તેની વૃદ્ધિ નિષ્કપટ આચારવાળા મહાપુરૂષોને જ થઈ શકે છે.'

દંભ, એ વૈરાગ્યના માર્ગમાં મોટામાં મોટું વિઘ્ન છે. આપણે એ એ જોઇ ગયા કે–જગત્‌માં જે વસ્તુનું મૂલ્ય અધિક ઉપજી શકતું હોય, તે વસ્તુના ભાવે ઓછા મૂલ્યવાળી વસ્તુ વેચવાના ધંધા પણ ધમધોકાર ચાલે છે : અને ચાલે એ સહજ છે. એ કોઈથી પણ અટકાવી શકાય તેમ નથી. એવાઓને ઓળખી કાઢી તેઓની જાળમાં ન ફસાવું, એટલું જ માત્ર શકય છે. અથવા એવાઓને–'દંભ કરી મહાન્ સદ્‌ગુણને પાપનું સાધન બનાવતાં અટકાવવા પ્રયાસ કરવો'–એ પણ શકય અને કર્તવ્ય છે : પરન્તુ એટલા માત્રથી વૈરાગ્યની નકલો સર્વથા નાબૂદ થઈ જાય, એ કદી પણ શકય નથી.

વૈરાગ્ય, એ અમૂલ્ય ચીજ છે અને તેની નકલો આ જગત્‌માં રહેવાની જ છે, તો પછી અસલ વૈરાગ્યના અર્થી આત્માઓએ, અસલ અને નકલ વૈરાગ્યને ઓળખતાં શીખવું, એ જ આવશ્યક થઈ પડે છે : અને એ ઓળખવા માટે વધુ પ્રયાસ કરવાની આવશ્યકતા નથી. 'જે વૈરાગ્યની પાછળ કોઈ પણ પ્રકારનો દંભ નથી–એ વૈરાગ્ય અસલ છે અને જે વૈરાગ્યની પાછળ થોડો પણ દંભ છે–તે વૈરાગ્ય અસલ નથી કિન્તુ નકલ છે.'–એટલું જ સમજવું પર્યાપ્ત છે, બીજા આત્માઓના હૃદયમાં રહેલ વૈરાગ્ય એ અસલ છે કે નકલ, તે ઓળખવું હજુ પણ દુષ્કર છે, પરન્તુ પોતાના આત્મામાં રહેલ વૈરાગ્ય કેવો છે–એની પરીક્ષા કરવા માટે તો ઉપરની કસોટી બસ છે.

પોતે જે કાંઈ મુક્તિ માટેનું સદનુષ્ઠાન કરે છે, તેની પાછળ કોઈ પણ પ્રકારની માયા છૂપાયેલી છે કે કેમ?'–એની શોધ કરવાથી તુરત જ વૈરાગ્યની સત્યતાની યા અસત્યતાની ખાત્રી થઇ શકે છે. સત્ય વૈરાગ્યમાં દંભનું નામનિશાન હોઈ શકતું નથી. દંભરહિત દશા, એ વૈરાગ્ય માટેની મોટામાં મોટી નિકષ–કસોટી છે. એ કસોટી ઉપર પોતાના આત્માને કસ્યા પછી જ, પોતે સાચા વૈરાગ્યને વરેલ છે કે નહિ?–તેનો નિર્ણય પ્રત્યેક વૈરાગ્યના અર્થી આત્માએ કરવો જોઈએ. એ રીતિએ કસોટી ઉપર કસીને શુદ્ધ વૈરાગ્યને પામેલા આત્માઓ, નિર્દમ્ભ ચેષ્ટાઓના અનુમાનથી અન્યના શુદ્ધ વૈરાગ્યની પણ પરીક્ષા કરી શકે છે.

દંભ ત્યાજ્ય છે પણ વૈરાગ્ય ત્યાજ્ય નથી જ

આ રીતિનો વૈરાગ્યની પરીક્ષાનો રાજમાર્ગ હોવા છતાં, તેને છોડી દઈને, જે આત્માઓ નકલી વૈરાગ્યની બહુલતાઓ જોઈ સાચા વૈરાગ્ય પ્રત્યે પણ ઉદાસીનભાવ સેવે છે, તે આત્મામાઓ વૈરાગ્યના અમૂલ્ય સામર્થ્યને કાં તો પીછાની શક્યા જ નથી અથવા પીછાનવા છતાં પોતે તેની પ્રાપ્તિ નહિ કરી શકવાના કારણે, તેના મૂલ્યને છૂપાવે છે: તેના ગુણોને દૂષિત કરે છે: યાવત્–તેને નિન્દવાનો પણ અઘટિત માર્ગ અખત્યાર કરે છે.

કોઈ પણ સારી વસ્તુની અયોગ્ય રીતિએ થતી નિન્દાને સહી લેવી, એ વિવેકી આત્માઓનું કર્તવ્ય નથી. વૈરાગ્ય એ પણ જો સારી વસ્તુ છે, તો તેને નહિ પિછાની શકનાર કે નહિ પામી શકનાર આત્માઓ તરફથી અયોગ્ય રીતિએ થતી તેની નિન્દાનો પ્રતિકાર કરવો, એ તેના ગુણને પીછાણનાર આત્માઓનું કર્તવ્ય થઈ પડે છે.

એ જ ન્યાયે આ જગત્‌માં નકલી વૈરાગ્યના બ્હાને મૂલ (અસલ) અને અમૂલ (કિંમતી) એવો વૈરાગ્ય પણ જો નિન્દાઈ જતો હોય અગર ઉપેક્ષણીય બનતો હોય, તો તેને અટકાવવાનું કાર્ય કરવું, એ પણ ગુણગ્રાહી સજ્જનોને માટે પરમ કર્તવ્ય રૂપ જ છે.

દંભસહિત ત્યાગ અને વૈરાગ્ય એ જેટલા નિન્દનીય છે, તેટલા જ દંભરહિત ત્યાગ અને દંભરહિત વૈરાગ્ય પ્રશંસનીય છે. ત્યાગ અને વૈરાગ્યમાં પ્રવેશ પામતો દંભ એ ત્યાજ્ય છે, પરન્તુ ત્યાગ અને વૈરાગ્ય કદી પણ ત્યાજ્ય નથી. દંભ જેટલો ત્યાજ્ય છે, તેટલો જ વૈરાગ્ય ઉપાદેય છે. દંભના કારણે વૈરાગ્યને પણ જેઓ ત્યજી દેવા ઇચ્છે છે, તેઓ કુલટાઓના કારણે સતીઓનો પણ ત્યાગ કરી દેવા તૈયાર થઈ જાય છે. સ્ત્રીઓમાં જેમ સતીઓ હોય છે, તેમ કુલટાઓ પણ હોય છે : બલ્કે સતી કરતાં કુલટાઓની સંખ્યા વિશેષ પ્રમાણમાં હોય છે. તેટલા માત્રથી પોતાની સતી ભાર્યાનો પણ ત્યાગ કરી દેવા તૈયાર થનારો જેમ મૂર્ખાઓનો આગેવાન છે, તેમ વૈરાગ્યની પાછળ પણ નિર્દમ્ભતા કરતાં દમ્ભ અધિક રહેલો હોય છે, એ જ કારણે નિર્દમ્ભ વૈરાગ્યનો પણ ત્યાગ કરી દેવા તૈયાર થવું, એ પણ મહા મૂર્ખતાભર્યા ચેષ્ટિત સિવાય બીજું કશું જ નથી. વૈરાગ્યમાં પ્રવેશ પામતો દમ્ભ એ અવશ્ય ત્યાજ્ય છે, પરન્તુ વૈરાગ્ય એ કદાપિ ત્યાજ્ય નથી, એ વસ્તુ ખૂબ વિચાર પૂર્વક સમજી લેવી જરૂરી છે. આજે કેટલાક આત્માઓ ધર્મની પાછળ થઈ રહેલા અધર્મોને જોઈ શુદ્ધ ધર્મને પણ છોડી દેવા તૈયાર થયા છે. તે આત્માઓ પણ ઉપરની કોટિના આત્માઓ જ છે, એ સમજી લેવું જોઇએ.

* * *

લેખાંક ૨ જો :

ભવસ્વરૂપની વાસ્તવિક ચિન્તાથી દંભનાશ

આપણો ચાલુ વિષય તો વૈરાગ્ય એ એક મહાન સદ્‌ગુણ છે, એ સિદ્ધ કરવાનો છે : અને એ વૈરાગ્ય બીજો કોઈ નહિ પણ દંભના લેશ વિનાનો હોય તે જ ! વહાણમાં છિદ્રનો લેશ પણ જેમ તેને તથા તેના ઉપર બેસનાર સર્વેને ડૂબાવનાર થાય છે, તેમ વૈરાગ્યમાર્ગમાં

દંભનો લેશ પણ તે વૈરાગ્ય અને તેને ધારણ કરનાર આત્માઓનો અવશ્ય વિનાશ કરનાર થાય છે. દંભરહિત વૈરાગ્યની પ્રાપ્તિનો આધાર ભવસ્વરૂપની ચિન્તા છે. જે આત્માઓના અંતરમાં ભવસ્વરૂપની ચિન્તા રૂપી અગ્નિ પ્રજ્વલિત બને છે, તે આત્માઓના અંતરમાં વૈરાગ્યના સ્વરૂપનો વિનાશ કરી નાંખનાર દંભ રૂપી વેલડી એક ક્ષણવાર પણ ટકી શકતી નથી.

સંસારસ્વરૂપની ચિન્તાથી ભવ પ્રત્યે અબહુમાન પ્રગટ થાય છે અને ભવ પ્રત્યે અબહુમાન પ્રગટ્યા પછી અંતરમાં દંભને પ્રવેશ પામવા માટે એક લેશ પણ અવકાશ રહેતો નથી. કોઈ પણ આત્માના અંતરમાં દંભને પ્રવેશ પામવાનો અવકાશ ત્યાં સુધી જ રહે છે, કે જ્યાં સુધી તે આત્માને આ ભવ ઉપર થોડો પણ રાગ યા બહુમાન બાકી રહ્યું હોય. ભવસ્વરૂપની વાસ્તવિક ચિન્તા ભવ પ્રત્યેના સઘળા બહુમાનને મૂળથી ઉખેડી નાંખે છે અને અંતરપટ ઉપરથી એ મૂળ ઉખડી ગયા પછી ભવના કારણે તે આત્માને કોઈ પણ જાતિની માયા કરવાનું રહેતું નથી.

માયાનું કારણ

માયા આચરવાનું મૂળ કોઈ હોય, તો તે ગુણની પ્રાપ્તિ યા દોષોનો ત્યાગ કર્યા સિવાય જ લોકો તરફથી ખ્યાતિ યા પૂજા મેળવવાનો લોભ છે. એ લોભ સંસારના સ્વરૂપનો અને તેમાં વસનાર લોકના સ્વભાવનો તાત્ત્વિક વિચાર કરનારને રહેતો જ નથી. ભવસ્વરૂપની ચિન્તાથી જેમ ખ્યાતિ-પૂજા અને માન-સત્કાર મેળવવાનો લોભ નાશ પામે છે, તેમ એ ખ્યાતિ-પૂજા અને માન-સત્કારની પ્રાપ્તિ અર્થે કરાતી માયા પણ આપોઆપ નાશ પામે છે. તાત્પર્ય એ છે કે-વૈરાગ્યમાં દંભનો પ્રવેશ ભવસ્વરૂપના વાસ્તવિક જ્ઞાન અને ચિંતનથી રહિત આત્માઓમાં જ સંભવે છે, કિન્તુ ભવસ્વરૂપના પરમાર્થ જ્ઞાતા અને વિચારકોમાં એ કદી પણ પ્રવેશ પામી શકતો નથી કે ટકી શકતો નથી.

શ્રી જિનવચનની પ્રાપ્તિ ઉપર અવલંબેલ વૈરાગ્ય

એટલા માટે, શ્રી જૈનશાસને સ્વીકારેલ વૈરાગ્યની વ્યાખ્યામાં, મૂખ્ય શરત-ભવસ્વરૂપના જ્ઞાનની અને તેનાથી ઉત્પન્ન થયેલ ભવ-નિર્ગુણતાની દૃષ્ટિની છે. જ્યાં ભવસ્વરૂપનું જ્ઞાન નથી કે એ જ્ઞાનથી ઉત્પન્ન થયેલ ભવનૈર્ગુણ્ય દૃષ્ટિ નથી, ત્યાં દંભરહિત વૈરાગ્ય પણ નથી. દંભને લાવનાર લોભ છે અને એ લોભ ભવનિર્વેદ વિના કદી નાશ પામતો નથી : તેથી જેને દંભના લેશ વિનાના વૈરાગ્યની આવશ્યકતા છે, તેને ભવના વાસ્તવિક સ્વરૂપથી પરિચિત થવું જ પડે છે : અને એમ ભવના વાસ્તવિક સ્વરૂપથી પરિચિત થનાર આત્માને ભવની નિર્ગુણતાનો પરિચય આપોઆપ થઈ જાય છે.

ભવ એટલે ચાર ગતિ રૂપ સંસાર : અને એ સંસારની ચારે ગતિમાંથી કોઈ પણ ગતિમાં આત્મપક્ષે ગુણનો લેશ પણ નથી. એ વાત યથાર્થ રીતિએ સમજવા માટે શ્રી જિનવચન સિવાય અન્ય કોઈ આધાર નથી. ચારે ગતિનું યથાર્થ સ્વરૂપ સર્વજ્ઞોના જ્ઞાન સિવાય બીજી રીતિએ જાણવું અસુલભ છે અને એ જ કારણે વાસ્તવિક વૈરાગ્યની પ્રાપ્ત શ્રી જિનવચનની પ્રાપ્તિ ઉપર અવલંબેલી છે, એમ કહેવું એ જરા પણ ખોટું નથી.

શ્રી જિનવચનની સામાન્યથી અને વિશેષથી પ્રાપ્તિ

શંકા-શ્રી જિનવચન એ સર્વજ્ઞવચન છે અને સર્વજ્ઞનું વચન એ સર્વ પદાર્થોને વિષય કરનાર જ્ઞાનથી ઉત્પન્ન થયેલું હોવાથી અતિ વિશાળ છે. એને સંપૂર્ણતયા જાણવું, સમજવું, ધારણ કરી રાખવું, એ વિગેરે વાતો લગભગ અસંભવિત છે : તો પછી શ્રી જિનવચનની પ્રાપ્તિ જેને થાય તેને જ સાચો વૈરાગ્ય પ્રાપ્ત થઈ શકે, બીજાને નહિ, એમ કહેવું એ શું વ્યર્થ ઠરતું નથી ?

સમાધાન-આવો પ્રશ્ન કરનાર જગત્‌ના પદાર્થોની વ્યવસ્થાને સમજવા માટે સર્વથા નિષ્ફળ નિવડ્યો છે. જગત્‌ની પ્રત્યેક વસ્તુ

સામાન્ય અને વિશેષ, એમ ઉભય ધર્મયુક્ત હોય છે. વિશેષ ધર્મોનું જ્ઞાન નહિ કરી શકનારો સામાન્ય ધર્મોનું જ્ઞાન પણ ન કરી શકે, એમ કહેવું એ સર્વથા ખોટું છે. શ્રી જિનવાણીને સર્વ વિશેષો સહિત જાણવી, એ તેવા પ્રકારના વિશિષ્ટ ક્ષયોપશમને ધારણ કરનાર મહાપુરૂષો સિવાય બીજાઓ માટે ભલે અશક્ય હો, પરન્તુ તેટલા ઉપરથી મંદ ક્ષયોપશમવાળા આત્માઓ સામાન્યતયા યા થોડા પણ વિશેષો સહિત તેને ન જાણી શકે, એમ કહેવું એ વ્યાજબી નથી. મંદમાં મંદ ક્ષયોપશમવાળો આત્મા પણ જો સંજ્ઞી–પંચેન્દ્રિય–પર્યાપ્તપણાને ધારણ કરનાર હોય, તો તે શ્રી જિનવાણીના સામાન્ય સ્વરૂપને ખૂશીથી સમજી શકે છે. શ્રી જિનવચન રૂપી મહોદધિમાં વર્ણવેલ ચાર ગતિના સમસ્ત સ્વરૂપને નહિ જાણી શકનાર આત્મા પણ, શ્રી જિનવચનના અનુસારે જો એટલું જ જાણે, સમજે અને સદ્દહે કે–

'इह खलु अणाइजीवे, अणाइजीवस्स भवे, अणाइकम्मसंजोगनिव्वत्तिए, दुःक्खरुवे, दुःखफले, दुःखाणुबन्धे ।'

'આ સંસારમાં નિશ્ચયથી જીવ અનાદિ છે, જીવનો સંસાર અનાદિ છે, એ સંસાર અનાદિ કર્મસંયોગથી થયેલો છે તથા દુઃખ રૂપ છે, દુઃખના ફળવાળો છે અને દુઃખનો જ અનુબન્ધ કરાવનાર છે.'

–તો પણ, તેને શ્રી જિનવચનની પ્રાપ્તિ થયેલી છે–એમ માનવામાં કોઈ પણ જાતિની હરકત નથી. સામાન્યથી શ્રી જિનવચનના એક પણ પદની પ્રાપ્તિ કરીને આજ સુધી અનન્તા આત્માઓ સિદ્ધિપદને વર્યા છે, એવું મહર્ષિઓનું કથન છે. એક પદ પણ જો તે શ્રી જિનકથિત છે, શ્રી જિનવચનને અનુસરતું છે, તો તે પણ આત્માને સંસારસાગરથી તારનારૂં થાય છે. આ હકીકત જ એ વાતને સિદ્ધ કરે છે કે–સામાન્યથી શ્રી જિનવચનની પ્રાપ્તિ કોઈ પણ સંજ્ઞી–પંચેન્દ્રિય–પર્યાપ્ત ભવ્ય આત્માને અશક્ય નથી : અને એ જ સત્ય વૈરાગ્યની પ્રાપ્તિ માટે બસ છે. ભાવથી થયેલ સામાન્ય જિનવચનની

પ્રાપ્તિ-એ વિશેષ જિનવચનની પ્રાપ્તિમાં પ્રતિબન્ધક નથી કિન્તુ સહાયક છે અને સામાન્ય યા વિશેષ ઉભયમાંથી કોઈ પણ પ્રકારની પ્રાપ્તિ એ વસ્તુની જ પ્રાપ્તિ છે. એમાંથી કોઈ પણ પ્રકારે શ્રી જિનવચનની ભાવથી પ્રાપ્તિ કરનાર આત્મા શ્રી જિનકથિત નિર્દમ્ભ વૈરાગ્યને પણ અવશ્ય પ્રાપ્ત કરી શકે છે.

કાચા પાયા ઉપરની ઈમારત

વૈરાગ્ય માટે આટલી સામાન્ય વાત સમજી લીધા પછી, હવે એ શંકા નહિ રહે કે-'થોડા જ્ઞાનવાળાનો વૈરાગ્ય ખોટો હોય અને અધિક જ્ઞાનવાળાનો વૈરાગ્ય જ સાચો હોય.' થોડું જ્ઞાન પણ શ્રી જિનવચનના અનુસારે હોય, તો તેનાથી ઉત્પન્ન થયેલો વૈરાગ્ય સાચો જ છે અને ઘણું પણ જ્ઞાન શ્રી જિનવચનથી વિપરીત હોય, તો તેનાથી ઉદ્ભવેલો વૈરાગ્ય સાચો નથી, આભાસ માત્ર છે, યાવત્-વિપરીત સંયોગોમાં ચાલી જવાવાળો છે. એ જ રીતિએ શ્રી જિનવચનાનુસારી જ્ઞાનયુક્ત આત્માનો થોડો પણ વૈરાગ્ય દંભરહિત હોય છે અને શ્રી જિન-વચનથી વિપરીત જ્ઞાનયુક્ત આત્માનો ઘણો પણ વૈરાગ્ય દંભસહિત હોવાનો પૂરેપૂરો સંભવ છે : કારણ કે-જ્યાં સુધી આત્માને સંસારના સ્વરૂપનું યથાસ્થિત ભાન થયું નથી, ત્યાં સુધી તેના પ્રત્યે ઉત્પન્ન થયેલો તેનો વૈરાગ્ય, કાચા પાયા ઉપરની જ ઈમારત છે. એ ઈમારતને તૂટી પડતાં વિલંબ થનાર' નથી.

ભાવસહિત અને ભાવરહિત જ્ઞાન

શ્રી જિનવચનાનુસારે ઉત્પન્ન થયેલ સંસારની અસારતાનું જ્ઞાન ચાહે વિસ્તારથી હો કે સંક્ષેપથી હો, કિન્તુ તે યથાર્થ હોય છે. અહીં કાઈને શંકા જરૂર થશે કે-' શ્રી જિનેશ્વરો સંસારને અસાર કહે છે, -એટલું જ માત્ર જેણે જાણ્યું છે, કિન્તુ શાથી અસાર કહ્યો છે, એ વિગેરે હેતુઓનું જ્ઞાન મેળવ્યું નથી, તેવા અતિશય સંક્ષિપ્ત સામાન્ય જ્ઞાનવાળાને નિર્દમ્ભ વૈરાગ્ય કેવી રીતિએ સંભવે ?' આનો ઉત્તર અમે ઉપર આપી જ દીધો છે કે-ભાવસહિત શ્રી જિનવચનના એક પણ પદને

પ્રાપ્ત કરી આજ સુધી અનન્ત આત્માઓ શ્રી સિદ્ધિપદને વર્યા છે. સાચા વૈરાગ્યની પ્રાપ્તિ માટે સંક્ષિપ્ત યા વિસ્તૃત જ્ઞાન ઉપર ભાર દેવાને બદલે, ભાવસહિત જ્ઞાન ઉપર ભાર દેવાની વધુ આવશ્યકતા છે. શ્રી જિનવચનનું જ્ઞાન પણ વિસ્તૃત હોવા છતાં, જો તે ભાવસહિત નથી કિન્તુ ભાવરહિત છે, તો તે સાચા વૈરાગ્યની નિષ્પત્તિનું કારણ બની શકતું નથી. ઉલટ પક્ષે સંક્ષિપ્ત જ્ઞાન પણ ભાવસહિત છે, તો તેનાથી નિર્દમ્ભ વૈરાગ્યની પ્રાપ્તિ નિઃસંશયપણે થઈ શકે છે. ભાવસહિત 'મા રૂષ મા તુષ'–એવું એકાદ પદનું જ્ઞાન પણ, માષતુષાદિ મહા મુનિવરોને તીવ્ર વૈરાગ્યની પ્રાપ્તિ કરાવી આપનાર થઈ શક્યું હતું અને ભાવવિનાનાં સાડા નવ પૂર્વ પર્યંતનાં જ્ઞાન પણ અભવ્યાદિકોને ભવની વૃદ્ધિ કરાવનારાં નિવડ્યાં હતાં.

એનું ખરૂં કારણ એ છે કે–ભાવસહિત થોડું પણ સમ્યગ્જ્ઞાન વિશેષ જ્ઞાનની પ્રાપ્તિમાં બાધક નથી કિન્તુ સાધક છે. જે આત્માઓ પોતાને પ્રાપ્ત થયેલા થોડા પણ જ્ઞાનમાં સંતોષિત બની જઈને, અધિક જ્ઞાનની પ્રાપ્તિ માટે ઉદ્યમ કરવાનું જ માંડી વાળે છે, તે આત્માઓનું તે કહેવાતું થોડું સમ્યગ્જ્ઞાન, ભાવથી પ્રાપ્ત થયેલું છે એમ કહી શકાય જ નહિ. ભાવથી પ્રાપ્ત થયેલા સમ્યગ્જ્ઞાનનો અર્થ એ છે કે–તે જ્ઞાન તેને અતિશય રૂચિ ગયેલું છે: અને જે વસ્તુની તીવ્ર રૂચિ આત્મામાં એક વખત જાગ્રત થઈ ગયેલી છે, તે વસ્તુની અધિક પ્રાપ્તિ માટે તે આત્મા છતી શક્તિએ ઉદ્યમ ન કરે, એ બનવાજોગ જ નથી.

હિતકરતાનું જ્ઞાન જોઇએ

અહીં કોઈ શંકા કરશે કે–'સંક્ષિપ્ત બોધથી તીવ્ર રૂચિ પેદા કેમ થાય? કોઈ પણ વસ્તુ પ્રત્યે પ્રેમ સંપાદન કરવાની રીતિ જ એ છે કે–તેના ગુણોનું પ્રથમ સારી રીતિએ જ્ઞાન મેળવવું. એ જ્ઞાનમાં જેટલી કચાશ તેટલી પ્રેમમાં પણ કચાશ જ રહેવાની.' આ વાત સત્ય હોવા છતાં પણ, 'સારી રીતે' જ્ઞાન મેળવવાનો અર્થ 'સર્વ વિશેષો

સહિત '–એવો કોઈ કરતું હોય, તો તે સાચું નથી. અહીં 'સારી રીતે'નો અર્થ 'તીવ્ર રૂચિ પેદા કરાવે' તેવો અને તેટલો જ ગ્રહણ કરવાનો હોય છે. 'તીવ્ર રૂચિ પેદા કરાવે' તેટલું જ્ઞાન પેદા કરવા માટે સર્વ વિશેષોના જ્ઞાનની આવશ્યકતા છે, એમ કહેવું એ ખોટું છે. બાળકને માતા પ્રત્યે તીવ્ર રૂચિ હોય છે, તેનું કારણ તે માતાના સ્વરૂપને સર્વ રીતિએ ઓળખનાર હોય છે તે નથી, કિન્તુ માતા મારી હિતસ્વિની છે તેનો જ માત્ર ખ્યાલ કારણ રૂપ છે. માતાની કોઈ પણ ચેષ્ટા કે પ્રવૃત્તિ બાળકના અહિત માટે હોતી નથી, એ જાણીને જ બાળક માતા પ્રત્યે પ્રેમવાળું બનેલ હોય છે: એટલે માતા પ્રત્યે બાળકના પ્રેમનું કારણ માતાના સંપૂર્ણ સ્વરૂપનું જ્ઞાન નથી, કિન્તુ તેની હિતકારિતા માત્રનું જ્ઞાન છે.

'રૂચિ અગર પ્રેમનો આધાર જ્ઞાન છે'–એ વાત સત્ય હોવા છતાં, તે જ્ઞાન જે પદાર્થ પ્રત્યે રૂચિ અગર પ્રેમ ઉત્પન્ન કરવો છે, તે પદાર્થની 'હિતકારિતા' સિવાય બીજી બાબતનું નહિ જ, એ બરાબર સમજી રાખવું જોઈએ. પદાર્થની 'હિતકારિતા' ઉપરાન્ત તેના બીજા ધર્મોનું જ્ઞાન હોય તો હરકત નથી, કિન્તુ તે પણ સાધક હોવું જોઈએ કિન્તુ બાધક નહિ. માબાપ બાળકનાં હિતચિન્તક હોવા છતાં, તેવા પ્રકારનાં ઉલ્લંઠ બાળકોની સોબતથી રખડેલ બનેલ બાળકને–'રમત-ગમત ઉપર અંકુશ મૂકનાર માતાપિતા મારા સુખમાં અંતરાય કરનાર છે.'–એવી જાતિનું જ્ઞાન, માબાપ પ્રત્યેની ભક્તિ યા પ્રેમમાં સાધક નથી કિન્તુ બાધક છે. તે જ રીતિએ શ્રી જિનવચન અને તેણે ફરમાવેલા માર્ગ પ્રત્યે રૂચિ યા ભક્તિનું કારણ શ્રી જિનવચન યા તેણે દર્શાવેલા માર્ગના સર્વ વિશેષોનું જ્ઞાન નથી, કિન્તુ તેની હિતકરતાનું જ માત્ર જ્ઞાન છે. જેઓને તેની હિતકરતા નિસર્ગથી યા ઉપદેશથી સમજાય છે, તેઓનો તેના પ્રત્યે અખંડ પ્રેમ જાગી શકે છે.

સમ્યગ્દર્શનનું અસાધારણ કારણ

શ્રી જૈનશાસનની પરિભાષા પ્રમાણે ચતુર્થ ગુણસ્થાનકની પ્રાપ્તિ,

કોઈ પણ ગતિમાં, કોઈ પણ સંજ્ઞી-પંચેન્દ્રિય-પર્યાપ્ત ભવ્ય આત્મા કરી શકે છે: પછી તેનું જ્ઞાન એક પદનું હોય કે યાવત્ ચૌદ પૂર્વનું હોય. સર્વનો ફલિતાર્થ એ છે કે-સમ્યગ્દર્શન પ્રાપ્ત થવા માટે જ્ઞાન એ કારણ છે, પરન્તુ તે સાધારણ કારણ છે: કારણ કે-તેટલું જ્ઞાન તો સંજ્ઞી-પંચેન્દ્રિય-પર્યાપ્ત કોઈ પણ આત્મામાં હોઈ શકે છે. અસાધારણ કારણ દર્શનમોહનીય કર્મનો ક્ષયોપશમ છે. તેવા ક્ષયોપશમવાળો આત્મા અધિગમાદિ બાહ્ય નિમિત્તો વિના પણ શ્રી જિનવચનની રૂચિ પામી શકે છે અને દર્શનમોહનીય કર્મના ક્ષયોપશમ વિનાનો આત્મા અધિગમાદિ બાહ્ય નિમિત્તોને મેળવે, તો પણ સમ્યગ્દર્શનને પામી શકતો નથી.

દર્શનમોહનીય કર્મનો ક્ષયોપશમ થવામાં જ્ઞાન એ સહકારિ કારણ છે, પરન્તુ તે જ્ઞાનનો વિસ્તાર કેટલો હોવો જોઈએ એનો નિયમ નથી. નિયમ માત્ર ' હિતકારિતા 'ની પીછાનનો છે. એ પીછાન કરાવનાર જ્ઞાન ઉપકારી છે અને એમાં વિપર્યાસ કરાવનાર જ્ઞાન એ તેટલું જ અપકારી છે. એ કારણે સમ્યગ્દર્શનના વિષયમાં માત્ર જ્ઞાનને જ પ્રધાનતા આપી, અલ્પ જ્ઞાનિમાં સમ્યગ્દર્શન ન સંભવે-એવો નિર્ણય કરનાર સાચો નિર્ણય કરનાર નથી.

અધિક યા અલ્પ પણ શ્રી જિનવચન પ્રત્યેની રૂચિમાં સહાય કરનારૂં જ્ઞાન એ આદેય છે. એ સિવાયનું જ્ઞાન એ આદેય નથી કિન્તુ ત્યાજ્ય છે. આટલી વાત સમજાયા પછી, એ સમજવું મુશ્કેલ નથી કે-થોડા પણ સમ્યગ્જ્ઞાનપૂર્વક થયેલ વૈરાગ્ય સાચો હોઈ શકે છે અને ઘણા પણ મિથ્યાજ્ઞાનથી ઉદ્‌ભવેલો વૈરાગ્ય સાચો હોઈ શકતો નથી. શ્રી જિનવચનાનુસાર જ્ઞાન, એ સમ્યગ્જ્ઞાન છે અને એથી વિપરીત મિથ્યાજ્ઞાન છે. અહીં સમ્યગ્જ્ઞાન એટલે પદાર્થનો સાચો અવબોધ કરાવનાર જ્ઞાન અને મિથ્યાજ્ઞાન એટલે પદાર્થના સ્વરૂપથી વિપરીત પ્રતિપત્તિ કરાવનાર બોધ. શ્રી જિનવચન સંસારનો જે બોધ કરાવે છે તે યથાર્થ છે, જ્યારે ઈતરનાં વચનો સંસારને વિપરીત આકારમાં

રજુ કરે છે. સંસારને તેના યથાર્થ આકારમાં સમજ્યા વિના, તેના પ્રત્યે થયેલો વૈરાગ્ય વાસ્તવિક કોટિનો હોઈ શકતો નથી. એવો વૈરાગ્ય લાંબો વખત ટકી શકે એ બનવું સંભવિત નથી અને કદાચ ટકે તો પણ તે સર્વથા નિર્દમ્ભ હોવો, એ તો કદી પણ શક્ય નથી.

લેખાંક ૩ જો :

સર્વ દુઃખનું મૂળ રાગ

વૈરાગ્યનો પર્યાય શબ્દ છે-રાગનો અભાવ: અને એ રાગ સંસારી આત્માઓને કોઈ ને કોઈ રીતિએ વળગેલો હોય જ છે. સંસારી આત્માઓના દુઃખનું મૂળ પણ તે રાગ જ છે: કારણ કે–જ્યાં રાગ હોય છે, ત્યાં તેથી વિરૂદ્ધ વસ્તુ ઉપર દ્વેષ બેઠેલો જ હોય છે: અને રાગ–દ્વેષ બે જ્યાં બેઠા હોય છે, ત્યાં ભય, શોક, અરતિ આદિ ન હોય એમ બનતું જ નથી. ભય, શોક, અરતિ આદિ મનોવિકારોની આધીનતા, એ જ દુઃખ છે. એ કારણે દુઃખથી મુક્તિ મેળવવાના અર્થી આત્માઓએ, 'રાગ'થી મુક્તિ મેળવ્યા સિવાય બીજો ઉપાય જ નથી. એ રાગથી મુક્તિ થવી વૈરાગ્યને આધીન છે અને વૈરાગ્ય સંસારના સ્વરૂપને તે છે તે રીતિએ સમજવા ઉપર આધાર રાખે છે. સંસારને તેના યથાર્થ સ્વરૂપમાં સમજાવનાર શ્રી જિનવચન સિવાય બીજું કોઈ નથી. એ કારણે વૈરાગ્યના માર્ગમાં શ્રી જિનવચનની ઉપયોગિતા સૌથી અધિક છે, એ સ્વતઃ સિદ્ધ થાય છે.

ક્રિયાની પણ આવશ્યકતા

એ શ્રી જિનવચનની પણ ભાવરહિત પ્રાપ્તિ નિરર્થક છે. ભાવરહિત અને ભાવસહિત જ્ઞાન વચ્ચે સૂર્ય અને ખદ્યોત જેટલું અંતર છે. ખદ્યોતનો પ્રકાશ અકિંચિત્કર છે અને સૂર્યનો પ્રકાશ કાર્યસાધક છે: તેમ ભાવસહિત જ્ઞાન એ જ વૈરાગ્યના માર્ગમાં કાર્યનું સાધક છે.

ભાવરહિત જ્ઞાન શ્રી જિનવચનાનુસારી હોવા છતાં પણ સમ્યગ્જ્ઞાનની કોટિને પ્રાપ્ત કરી શકતું નથી. શ્રી જિનવચનાનુસારી જ્ઞાન પણ અભવ્ય યા દુર્ભવ્યોને વિપુલ પ્રમાણમાં પ્રાપ્ત થઈ શકે છે, કિન્તુ તે સઘળું ભાવશૂન્ય હોવાથી નિર્દમ્ભ વૈરાગ્યનું સાધક બની શકતું નથી. નિર્દમ્ભ વૈરાગ્યનું સાધક જ્ઞાન જેમ શ્રી જિનવચનને અનુસરનારૂં હોવું જોઈએ, તેમ તે હૃદયની રૂચિ, ભાવ યા શ્રદ્ધાપૂર્વકનું હોવું જોઈએ. હૃદયની રૂચિ એ મૂખ્ય ચીજ છે અને તે નિઃકેવળ જ્ઞાન દ્વારા લભ્ય નથી. એમાં હિતકારિતાદિના જ્ઞાનની આવશ્યકતા છે અને તેથી પણ અધિક વિનય, ભક્તિ, આદરાદિ બાહ્ય ક્રિયાની પણ આવશ્યકતા છે. કોઈ પણ પદાર્થ પ્રત્યે પ્રેમ ઉત્પન્ન કરવા માટે અને ઉત્પન્ન થયેલ પ્રેમને ટકાવવા કે વધારવા માટે એકલું જ્ઞાન કારગત થઈ શકતું નથી, કિન્તુ જ્ઞાન સાથે ક્રિયાની પણ સંપૂર્ણ આવશ્યકતા છે.

જ્ઞાન એટલે માનસિક ક્રિયા

જ્ઞાન એ જેમ પ્રેમોત્પાદક છે, તેમ ક્રિયા એ પણ પ્રેમોત્પાદક છે. 'જ્ઞાન એ પ્રેમોત્પાદક છે, પરન્તુ ક્રિયા એ પ્રેમોત્પાદક નથી'–એમ કહેવું એ ભૂલભરેલું છે. જ્ઞાનાભ્યાસ માત્રથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અને સ્થિરતાદિની આશા રાખનાર જરૂર નાસીપાસ થનાર છે. જ્ઞાનાભ્યાસ એ જેમ સહાયક છે, તેમ વિનયાદિ ક્રિયા પણ સમ્યગ્દર્શનની પ્રાપ્ત આદિમાં અપૂર્વ સહાયક છે: બલ્કે જે વિશેષતા ક્રિયામાં છે, તે જ્ઞાનમાં પ્રાપ્ત થવી અશક્ય છે. જ્ઞાન એ માનસિક ક્રિયા છે, જ્યારે ક્રિયા એ શારીરિક અને વાચિક ક્રિયા છે. અભ્યાસદશાપન્ન (શરૂના અભ્યાસી) પુરૂષોને માટે કેવળ માનસિક ક્રિયા ઉપર ભાર દઈ દેવો, એ તેને આગળ વધારવા માટે નથી, કિન્તુ પાછળ પાડવા માટે છે. અતિશય ચંચળ મનને વશ કરવા માટે એકલી માનસિક ક્રિયા કામ આવી શકતી નથી. સાધન વિના જેમ સાધ્યસિદ્ધિ નથી તથા ઉપાય વિના જેમ ઉપેયપ્રાપ્તિ નથી, તેમ શારીરિક અને વાચિક ક્રિયાને પણ યોગ્ય માર્ગે જોડયા વિના મન સ્વાયત્ત બનતું નથી:

એટલું જ નહિ પણ અયોગ્ય માર્ગે પ્રવર્તેલા વચન અને કાયાવાળાની પ્રયુજેલી માનસિક ક્રિયા પણ એળે જાય છે.

ક્રિયા વિનાના જ્ઞાનની રંક-દશા

સંતપ્ત લોહપિંડ ઉપર પડેલાં પાણીનાં બિન્દુઓની જેટલી સ્થિતિ છે, તેટલી જ સ્થિતિ અયોગ્ય માર્ગે વપરાઈ રહેલા વચન અને કાયા ઉપર જ્ઞાનનાં બિન્દુઓની છે. એ તુરત જ સુકાઈ જાય છે, અર્થાત્-એનું કાર્ય કર્યા પહેલાં જ એની હયાતિ:નાશ પામે છે. જે માનસિક ક્રિયાનો શારીરિક કે વાચિક ક્રિયા ઉપર અંકુશ નથી આવ્યો, તે માનસિક ક્રિયાની હાલત રંક છે. એ કારણે શરીર અને વચનને પણ કેળવવાં એ તેટલું જ જરૂરી બને છે. સારી રીતિએ કેળવાયેલાં અને યોગ્ય માર્ગે પ્રવર્તેલાં શરીર અને વચન ઉપર જ્ઞાનની અસર બહુ સુંદર અને દીર્ઘકાળ સુધી ટકી શકે તેવી પડે છે: તેથી જ્ઞાનની મૂખ્યતાના ઓઠા નીચે સમ્યક્ત્વ અને વૈરાગ્યની પોષક સત્ક્રિયાઓને એક અંશે પણ અવગણી શકાય તેમ નથી.

જ્ઞાન છતાં શ્રદ્ધાનો અભાવ

શ્રી વીતરાગદેવને વન્દન, પૂજન, નમસ્કાર આદિ ક્રિયાઓ અદ્‌ભુત રીતિએ વૈરાગ્યને પોષે છે અને સમ્યક્ત્વને દઢ કરે છે. ગુરૂ-વન્દનાદિ ક્રિયાઓ અને સાધર્મિકભક્તિ આદિ કાર્યો પણ સમકિતની દઢતા અને વૈરાગ્યની પુષ્ટિ માટે તેટલાં જ જરૂરી છે. એ જ કારણે શ્રી જિનશાસનમાં ત્રિકાળ જિનપૂજા, નિયમિત ગુરૂવન્દન, ઉભયકાળ આવશ્યક, નિરન્તર સદ્‌ગુરૂમુખે શ્રી જિનવચનશ્રવણ, સામાયિક, પૌષધ, સુપાત્રદાન આદિ કર્તવ્યો વિહિત કરેલાં છે. એ તારક ક્રિયાઓના અભાવે જ આજે જ્ઞાન હજુ પણ જોવામાં આવે છે, કિન્તુ શ્રદ્ધાનો લગભગ વિનાશ થતો દેખાય છે. જો જ્ઞાન એ જ સમ્યક્ત્વની દઢતાનો એક ઉપાય હોત, તો શ્રદ્ધાવાન કરતાં પણ અધિક જ્ઞાનને ધારણ કરનાર, દેવ અને ગુરૂનાં સ્વરૂપોનું લંબાણથી વિવેચન કરી શકનાર તથા વૈરાગ્યના પ્રાણભૂત અનિત્યત્વાદિ દ્વાદશ ભાવનાઓ તથા સમ્યક્-

ત્વના પ્રાણભૂત મૈત્ર્યાદિ ચાર ભાવનાઓ ઉપર પૃષ્ટો ભરી ભરીને વિવેચન કરી શકનાર પણ શ્રદ્ધાશૂન્ય દેખાય છે, તે કેવી રીતિએ શક્ય બને?

શ્રદ્ધાહીન જ્ઞાનિઓનો અનર્થ

ક્રિયા પ્રત્યે અનાદરભાવને પામેલા જ્ઞાનિઓ આજે માત્ર પોતાની જ શ્રદ્ધા ગુમાવી બેઠા છે એમ નથી. તેઓ તો બીજાઓની શ્રદ્ધાના મૂળમાં પણ તેવો જ પ્રહાર કરતા નજરે પડે છે. એવાઓ–' સુદેવ, સુગુરૂ અને સુધર્મ એ જ જગતમાં સારભૂત છે.'–એમ સિદ્ધ કર્યા પછી પણ કુદેવ, કુગુરૂ અને કુધર્મનું બહુમાન કરવા ગર્ભિત રીતિએ સૂચવે છે. એવાઓને કુદેવ, કુગુરૂ અને કુધર્મની આશાતનાનો જેટલો ભય લાગે છે, તેટલો ભય સુદેવ, સુગુરૂ અને સુધર્મની આશાતનાનો રહ્યો નથી. આંશિક સત્યને સંપૂર્ણ સત્ય માની લઈ, ઉભાં થયેલાં એકાન્ત દર્શનોમાં તેઓ જેટલો સત્યનો પક્ષપાત જોઈ શકે છે, તેટલો સત્યનો પક્ષપાત સંપૂર્ણ સત્યને જ સત્ય તરીકે સ્વીકારવાનો ઉપદેશ કરનાર આગમોમાં જોઈ શકતા નથી. અસત્ય વાતને પણ અસત્ય તરીકે જાહેર કરવામાં, તેઓને કોમીવાદનું પોષણ દેખાય છે અને સત્યનું છડેચોક ખંડન કરનાર પણ ક્ષમાશીલ છે, એવો તેમને ભાસ થાય છે: અનુપેક્ષણીય દોષપાત્ર એવા પણ પરની ટીકામાં પાપ દેખનારા અને સર્વમાં ગુણ જ જોવાની વાતો કરનારા તેઓ, પોતાની રૂચિથી પ્રતિકૂળ ગુણવાનોની પણ નિન્દા કરવાની એકેય તકને જતી કરતા નથી: હિંસાને પાપ માનનારા અને રાજ્યદ્વારી ક્ષેત્રમાં પણ અહિંસાની હિમાયત કરનારા તેઓ, જીવનપર્યંત અહિંસાવ્રતને આચરનારા સ્વગુરૂઓની સાચી યા ખોટી નિન્દા કરવામાં અભિમાન લે છે: શસ્ત્રસજ્જ રાજ્ય સામે નિર્બળોના પ્રાણ લુંટાવી દેવાની વાતો કરનારા તેમને અસત્ય ઝનુન ફેલાવનારા નથી લાગતા, કિન્તુ શ્રી જિનમતના સાચા અને વિશ્વોપકારક સિદ્ધાન્તોના સંરક્ષણાર્થે સર્વસ્વ સમર્પિત કરી દેવાના ઉપદેશો દેનારા તેમને ધર્મઝનુન ફેલાવનારા લાગે છે: વળી શ્રી જિનમત સત્ય હોવા છતાં, તેને નહિ સ્વીકારનારા અને તેનો

વિરોધ કરનારા આત્માઓના પણ ગુણ જ જોવાની અને પ્રશંસવાની વાતો કરનારા તેઓ, શ્રી જિનમતને આફ્રીનપૂર્વક સ્વીકારનારા અને કુમતનો મિથ્યાત્વના કારણે વિરોધ (ખંડન) કરનારાના સઘળા ગુણો છૂપાવી દઈ દોષોને જ આગળ કરે છે: ત્યારે તેવા આત્માઓની શ્રદ્ધાની પરીક્ષા થઈ જાય છે. શ્રી જિનમતપ્રકાશિત ભૌગોલિક વાતોમાં કે દેવ, નારકી આદિનાં વર્ણનોમાં જેમની તેમ શ્રદ્ધા રાખવામાં તેમને જેટલી અંધશ્રદ્ધાની ગંધ આવે છે, તેટલી અંધશ્રદ્ધાની ગંધ વર્તમાનની અપૂર્ણ વૈજ્ઞાનિક શોધોને આપ્તવચન રૂપ કલ્પી જેમની તેમ માની લેવામાં આવતી નથી: શ્રાવકકુળના અહિંસક આચારો અને રાત્રિભોજન, અભક્ષ્યભક્ષણાદિના ત્યાગો તેઓને જેટલા પસંદ આવતા નથી, તે કરતાં કેઈગુણી પસંદગી તેઓની રાજ્યસત્તાને મહાત કરવા માટે અને લોકના ઐહિક સ્વાર્થોની રક્ષા માટે ઉપજાવી કાઢેલી કહેવાતી અહિંસક પદ્ધતિમાં સમાયેલા ત્યાગ ઉપર ઉતરે છે: 'અહિંસા, સંયમ અને તપ એ ઉત્કૃષ્ટ મંગળ છે અને સર્વ ધર્મોનું પરમ રહસ્ય છે.' —એવી વાતો કર્યા પછી, જે અહિંસામાં સંયમ અને તપ ઉભયનો વિનાશ છે એ અહિંસા પણ પરમ ધર્મ છે, એમ કહેતાં તેઓની જીભ થોભતી નથી: કર્મવિનાશના અમોઘ ઉપાય રૂપે શ્રી જિનમતે પ્રદર્શિત કરેલ અભ્યંતર તપની મહત્તા કબૂલ કર્યા પછી, લૌકિક ઇરાદે થતી ધ્યેયશૂન્ય સમાજસેવાદિ લૌકિક કાર્યોને અભ્યંતર તપની કોટિ અર્પી દેવા સુધીની બાલીશ ચેષ્ટાઓ કરતાં પણ તેઓનું હૈયું કે કલમ કંપતાં નથી: આ બધાને સમ્યક્ક્રિયા વિનાના આદરશૂન્ય જ્ઞાનના વિલસિત સિવાય બીજું શું કહી શકાય તેમ છે? અહીં પ્રશ્ન આદરનો છે: લોકલજ્જા કે કુળમર્યાદાથી થતી ક્રિયાનો નથી. જે આદર અને અન્તરંગ પ્રેમ સમ્યક્ત્વપોષક સત્ક્રિયાઓ પ્રત્યે જોઈએ, તે નાશ પામવાથી જ અને તેના નાશ પામવામાં અભિમાન લેવાથી જ આ સ્થિતિ ઉભી થઈ છે, એમ કહેવામાં જરા પણ ખોટું નથી. અનીતિ આદિ નાનાં પાપોને ય ભયંકર માનવાનું કહેનારાઓ, મોજથી અને વિલાસથી મિથ્યાત્વસેવનમાં રક્ત બને, એમાં અભિમાન ધારણ કરે

અને પોતાના જ્ઞાનની સફલતા સમજે, એ જ્ઞાનિઓને મન અતિશય કરૂણાનો વિષય છે. મિથ્યાત્વ એ મહાપાપ છે, બીજાં સત્તર પાપોથી પણ તે ચઢીયાતું છે અને અનન્ત જન્મ-મરણની પરમ્પરાને વધારનાર છે, એમ સમજ્યા અને સમજાવ્યા પછી, વાત-વાતમાં એ પાપના સેવનમાં રસ લેવાય, તેના જેવો દેખીતો અંધાપો બીજો એક પણ ન હોઈ શકે. તેવાઓએ સમ્યગ્દષ્ટિ આત્માઓની ધર્મક્રિયાઓને જાહેરમાં હલકી પાડવા જેટલો પ્રયાસ કર્યો છે, તેટલો પ્રયાસ દેશભક્તિના નામે પ્રવર્તતા સ્વચ્છંદને અટકાવવા કર્યો હોય, તેવું જાણવામાં કે જોવામાં કદી આવતું નથી. તેઓને શ્રદ્ધાપૂર્વક શ્રી જિનભક્તિ અને તીર્થયાત્રાદિ કરવામાં જેટલો લાભ નથી દેખાયો, તેટલો લાભ તેમને મનુષ્યભક્તિ અને જેલયાત્રાએ જવામાં યા વિદેશગમન કરવામાં જણાયો છે, એ સમ્યક્ત્વનું ફળ છે કે મિથ્યાત્વનું, એનો નિર્ણય શાન્ત ચિત્તે તેઓ જ કરે તો વધારે સારૂં. ક્ષયોપશમની મંદતા કે ધર્મરૂચિના અભાવના કારણે આવશ્યકાદિ ક્રિયામાં અવિધિ આચરનારા તેમને જેટલા દોષમાત્ર દેખાયા છે, તેટલા દોષપાત્ર હજારોના ખર્ચે અને તે પણ પારકા પૈસે ભણી-ગણીને વિદ્વાન બનેલાનાં સ્વચ્છંદી અને અનિયંત્રિત જીવનો નથી લાગ્યાં. પંચેન્દ્રિયોની હત્યા કરીને પણ ભણવું કે ભણાવવું તેમને જેટલું પ્યારૂં લાગ્યું છે, તેટલું પ્યારૂં નિર્દોષ રીતિએ પણ શ્રી જિનવચનને ભણવું અને ભણાવવું નથી લાગ્યું.

આ જ કારણે, શ્રદ્ધાહીન જ્ઞાનિઓ દ્વારા મચાવવામાં આવતા અનર્થોના પણ જ્ઞાતા જ્ઞાનિઓનું એ કહેવું છે કે—વૈરાગ્યના માર્ગમાં કેવલ જ્ઞાનનું પ્રાબલ્ય નથી, કિન્તુ શ્રદ્ધા સહિત જ્ઞાનનું જ પ્રાબલ્ય છે.

શ્રદ્ધાહીન જ્ઞાની બનીને પણ કેવળ અનર્થો અને ઉપદ્રવો મચાવવા સિવાય કાંઈ પણ સારૂં કાર્ય કરી શકતો નથી, જ્યારે વિશેષ જ્ઞાનથી રહિત એવો પણ શ્રદ્ધાળુ કોઈને પણ ઉપદ્રવ રૂપ બન્યા સિવાય પોતાના ક્ષયોપશમાનુસારે આરાધનાના માર્ગ તરફ જ જીવનપર્યંત ઝુકયો રહે છે. એ શ્રદ્ધા સત્ક્રિયાથી સંપ્રાપ્ય છે : તેથી શ્રી

જિનપ્રરૂપિત સત્ક્રિયાઓ પ્રત્યે આદર, એ વૈરાગ્યના માર્ગમાં મૂખ્ય વસ્તુ છે.

ક્રિયા કરનારનું પણ જીવન સુન્દર કેમ ન હોય ?

અહીં એક પ્રશ્ન ઉભો થવાનો જરૂર અવકાશ છે : અને તે પ્રશ્ન એ છે કે-' સત્ક્રિયાઓને નિરન્તર આચરનારાઓ તથા સુદેવ અને સુગુરૂની ભક્તિ કરવામાં આગેવાની લેનારાઓ તથા જીવનપર્યંત ધર્મ-ક્રિયાઓમાં રક્ત રહેનારાઓના જીવનમાં પણ ધ્યેયશૂન્યતા, આદર-શૂન્યતા કે વિપરીત ચેષ્ટાઓ તેટલી જ અનુભવાય છે : તો પછી એવો નિયમ ક્યાં રહ્યો કે-શ્રી વીતરાગદેવ, શ્રી નિર્ગ્રન્થ ગુરૂઓ અને તેઓએ બતાવેલાં અનુષ્ઠાનોને આચરનારાઓ તો પોતાના જીવનને ઉત્તમ બનાવી જ શકે છે ?' આ પ્રશ્નનો ઉત્તર તદ્દન સ્પષ્ટ છે. જીવનપર્યન્ત શ્રી વીતરાગદેવની પૂજા, શ્રી નિર્ગ્રન્થ ગુરૂઓની ભક્તિ અને શ્રી જિન-શાસનની પ્રભાવનાનાં કર્યોમાં રક્ત રહેનારા પણ પોતાના જીવનને સુંદર ન બનાવી શકતા હોય, તો તે દોષ તેમનો પોતાનો છે, નહિ કે-તે ધર્માનુષ્ઠાનોનો. અગર જો તે આત્માઓના જીવનમાં ધર્માનુષ્ઠા-નોનું આચરણ પણ ન હોત, તો તેઓ આજે જેટલા સારા દેખાય છે, તેટલા પણ સારા રહી શક્યા હોત કે કેમ ?, એ એક સવાલ છે. તેઓને વધુ પાપી થતાં અટકાવનાર એ ધર્માનુષ્ઠાનો જ છે. તેઓમાં પ્રવેશેલી દાંભિક વૃત્તિ, જડતા, આગળ વધવાના ઉત્સાહનો અભાવ, ગતાનુગતિકતા, સ્વાર્થ સાધવાની જ એક વૃત્તિ, એ વિગેરે દોષો એ મનીએ વિષક્રિયાઓ, ગરલક્રિયાઓ અને સમૂર્ચ્છિમક્રિયાઓનાં ફળ છે. શ્રી જૈનશાસને એ ક્રિયાઓને કદાપિ વિહિત કોટિની ગણેલી નથી.

અયોગ્ય નીતિ

અવિહિત રીતિએ ધર્મક્રિયાઓને આચરનારાઓના દોષનો ટોપલો, વિહિત રીતિએ ક્રિયા આચરવાનો ઉપદેશ આપનારાઓ ઉપર ઓઢાડી દેવા પ્રયાસ કરવો, એ સર્વથા ન્યાયવિરૂદ્ધ છે. ક્રિયા પ્રત્યે આદર ગુમાવી બેઠેલા કહેવાતા ભણેલાઓએ એ જાતિની નીતિ અખત્યાર કરવી, એ તો તેમના ભણતરને કલંક લગાડનાર છે. એવી ઉંધી નીતિ

અંગીકાર કરવાને બદલે, શરૂથી જ જો તેઓએ સત્ક્રિયામાં પ્રવેશતી અવિધિનો જ માત્ર સામનો કર્યો હોત, શુદ્ધ વિધિપૂર્વક થતી ક્રિયાઓને હૃદયથી પ્રશંસી હોત અને જગતમાં તેનો જ મહિમા ગાયો હોત, તો વિપરીત રીતિએ અનુષ્ઠાન કરનારાઓની કે તેઓની આટલી કફોડી દશા થવા પામત નાહ. માર્ગથી ચ્યુત થવાનું કે બીજાઓને કરવાનું મૂખ્ય કારણ, તેઓની આ અયોગ્ય નીતિ જ છે.

નિન્દા ન કરો પણ આચરી બતાવો

શ્રી જિનભાષિત લોકોત્તર અનુષ્ઠાનો, એ શ્રદ્ધા અને વૈરાગ્યને પોષક છે. એનો અનુભવ આજે ન થતો હોય, તો તેનો દોષ વિપરીત ઈરાદે કે અન્ય અવિધિના આસેવનપૂર્વક અનુષ્ઠાનો આચરનારાઓનો છે: અને તેથી પણ વધુ દોષ એ અવિધિના નાશનો માર્ગ છોડી દઈ, અનુષ્ઠાનોને જ નિન્દી છોડી દેનારા કે છોડી દેવાનો ઉપદેશ આપનારાઓનો છે. એ બંને માર્ગ ત્યાજ્ય છે. તેવા અયોગ્ય માર્ગોનો હજુ પણ ત્યાગ કરી દેવામાં આવે, તો તેવા આત્માઓને લોકોત્તર અનુષ્ઠનોના મહિમાનો સ્વયં સાક્ષાત્કાર થયા સિવાય રહે નહિ અથવા શુદ્ધ વિધિપૂર્વક લોકોત્તર અનુષ્ઠાનો આચારવાની દુષ્કરતાનો પણ ખ્યાલ આવ્યા સિવાય રહે નહિ.

અવિધિથી ઉભયકાળ આવશ્યક કરનારની ટીકા કરનારાઓ, એક વખત તેવી પદ્ધતિનો ત્યાગ કરી દઇ, સ્વયં તે ક્રિયા આચરવા પ્રયાસ કરે, તો પોતે જે વસ્તુની ટીકા કરે છે, તે વસ્તુનો એકદમ ત્યાગ થઈ જવો કેટલો દુષ્કર છે, તેનું ભાન થઈ શકે. એ રીતિએ (અવિધિપૂર્વક) પણ ટેકસહિત જીવનના અન્ત સુધી તે ક્રિયાઓ પોતાનાથી થવી શક્ય છે કે કેમ ?, તેનો પરિચય થશે: અને પછી તે ભ્રમ ભાગી જશે કે–'નિરન્તરના ધર્માનુષ્ઠાન કરનારાઓ ઈરાદાપૂર્વક અવિધિનું સેવન કરે છે.' અને સમજાઈ જશે કે–લોકોત્તર અનુષ્ઠાનની આરાધના વખતે કોઈ પણ વ્યક્તિ ઉપર મોહરાજાની ધાડ ચોમેરથી આવી પડે છે. શ્રદ્ધાળુ-ઓનો એ પ્રશ્ન છે કે–'પોતાને ભણેલા, ગણેલા અને સુશિક્ષિત માન-

નારાઓ શા માટે વિધિપૂર્વક ધર્માચરણુ નથી કરી બતાવતા ?' જ્યાં સુધી પોતે તે ઉત્તમ અનુષ્ઠાનો આચરવાનો પ્રયાસ નથી કરતા, ત્યાં સુધી તેઓને તે અનુષ્ઠાનો આચરનારાઓની ટીકા યા નિન્દા કરવાનો હક્ક ન્યાયની રીતિએ પ્રાપ્ત થઈ શકતો નથી. એ માર્ગને આચરનારાઓની મુશ્કેલીઓનો ખ્યાલ કર્યા સિવાય જ, તેના ઉપર મનફાવતા અભિપ્રાયોના વરસાદ વરસાવવા ઉતરી પડવું, એ તો પોતાની અને પરની-ઉભયની શ્રદ્ધા નષ્ટ કરવાનું એક પગરણુ છે. એ પદ્ધતિથી જ આજે લોકોત્તરધર્મ અને તેનાં અનુષ્ઠાનો નિન્દાય છે. અન્યથા, એ ધર્મ અને એના આચરનારાઓમાં કહેવાય છે તેવું નિન્દા કરવા જેવું કોઈ પણુ તત્ત્વ હયાતિ ધરાવતું નથી.

વિધિરાગ અને અવિધિ

અવિધિથી આચરનારાઓ પણુ સઘળા ઈરાદાપૂર્વક અવિધિ આચરે છે, એમ કહેવું એ સર્વથા ખોટું છે. અનાદિ ભવપર્યટનમાં આ ક્રિયાઓનો અભ્યાસ કેટલો ? તેમાં પણુ વિધિયુક્ત અભ્યાસ કેટલો ? વિધિયુક્ત કરવાની ધારણા રાખ્યા પછી પણુ, અવિધિથી થનાર ક્રિયા કેટલી અને વિધિથી થનાર ક્રિયા કેટલી ? આ બધી વાતો શું વિચારવા જેવી નથી ? આ વાતોનો વિચાર કરવામાં આવે, તો અમારૂં એમ માનવું છે કે-વર્તમાન દુનિયામાં શ્રી જિનોક્ત અનુષ્ઠાનો અને તેને આચારનારાઓનો ડંકો વાગે. એ અનુષ્ઠાનોની પસંદગી અને આચરણા કોઈ સામાન્ય પુરૂષોએ કરેલી નથી, પણુ જગતની સર્વશ્રેષ્ઠ વ્યક્તિઓએ તે અનુષ્ઠાનોને પ્રકાશિત કર્યાં છે અને સર્વશ્રેષ્ઠ વ્યક્તિઓએ તેને આચર્યાં પણુ છે. આજે જરૂર છે-અવિધિના ત્યાગની અને વિધિયુક્ત અનુષ્ઠાનના અભ્યાસની. અભ્યાસકાળમાં પણુ એ અનુષ્ઠાનો અવિધિના ત્યાગવાળાં બની જવાનાં છે, એમ માનવું એય સર્વથા નિર્મૂળ છે. વિધિનો રસ અને રાગ (શ્રદ્ધા), અવિધિના દોષને દગ્ધ કરી નાખી અનુષ્ઠાનોને શોભાવનાર બને છે : પરંતુ આજે ટીકાખોરોને વિધિયુક્ત અનુષ્ઠાનો આચરવાં પણુ નથી, શુદ્ધ વિધિ પ્રત્યે રાગ પણુ

દર્શાવવો નથી અને ઉત્તમ આત્માઓની અભ્યાસકાળની અવિધિની પણ પેટ ભરીને નિન્દા કરી લેવી છે. આવા કાળમાં પંચમ આરાના અન્ત સુધી પ્રભુનું શાસન અવિચળ રહેવાનું ન હોત, તો આટલો પણ વિધિરાગયુક્ત ધર્માનુષ્ઠાનનો આદર જોવામાં આવી શકત નહિ. વિધિના રાગયુક્ત ચિત્તથી અવિધિપૂર્વક પણ થતું લોકોત્તર અનુષ્ઠાનોનું આરાધન, આજે પણ આરાધક આત્માઓને અસંચિન્ત્ય લાભ કરી રહ્યું જ છે: પરન્તુ તેનું અનુમોદન કરનાર વર્ગ થોડો છે અને તેવી ઉત્તમ ક્રિયાને પણ હલકી પાડવાનો પ્રયાસ કરનાર વર્ગ મોટો છે! વધુમાં તે મોટો વર્ગ પાપના ભય વિનાનો બન્યો છે, ત્યારે સારી પણ વસ્તુનું તેજ ઢંકાઈ જાય, તેમાં બહુ નવાઈ પામવા જેવું નથી.

* * *

લેખાંક ૪ થો:

શ્રદ્ધાળુને મળતો સર્વજ્ઞના જ્ઞાનનો લાભ

સત્ક્રિયાઓ ઉપર આટલો વિચાર આપણે એટલા માટે કરવો પડ્યો છે કે–તે શ્રદ્ધાનું એક અંગ છે: અને શ્રદ્ધા એ વૈરાગ્યને નિર્મળ બનાવવા માટે મૂખ્ય ભાગ ભજવે છે. નિર્મળ વૈરાગ્ય એ જ્ઞાનનું ફળ છે, પણ તે જ્ઞાન શ્રદ્ધાપૂર્વકનું હોવું જોઈએ. છદ્મસ્થનું જ્ઞાન હંમેશાં અપૂર્ણ જ રહેવાનું છે, પરન્તુ શ્રદ્ધા તે અપૂર્ણ જ્ઞાનને સંપૂર્ણ જ્ઞાન બનાવવાની તાકાત ધરાવે છે. જે વૈરાગ્ય અને તેનું ફળ યાવત્ ચૌદ પૂર્વનું જ્ઞાન ધરાવનાર ગીતાર્થ મુનિપુંગવો પ્રાપ્ત કરી શકે છે, તે જ વૈરાગ્ય અને તેનું ફળ એ ગીતાર્થોની નિશ્રાએ જીવન વીતાવનાર તેમના અદ્યદિન શિષ્યો પણ પ્રાપ્ત કરી શકે છે. તેમાં કારણ તેઓની ગુરૂઓનાં વચનો પ્રત્યેની શ્રદ્ધા સિવાય બીજું શું કલ્પી શકાય તેમ છે? શ્રી જિનવચન પ્રત્યે શ્રદ્ધા ધરાવનાર શ્રદ્ધાળુ, એ શ્રી જિનની જેમ સર્વજ્ઞ નથી બની જતો, તો પણ સર્વજ્ઞના સઘળા જ્ઞાનનો

લાભ તો જરૂર ઉઠાવી શકે છે. પિતા પ્રત્યે શ્રદ્ધાળુ બાળક પિતા સમાન નથી બની શકતો, તો પણ પિતાની જેમ પોતાનું જીવન નિર્વિઘ્નપણે અવશ્ય પસાર કરી શકે છે. શ્રદ્ધા, એ અપૂર્વ ચીજ છે. શ્રદ્ધાળુ આત્મા જેના પર શ્રદ્ધા ધરાવે છે, તેમાં (શ્રદ્ધાના પાત્રમાં) જે કાંઈ સામર્થ્ય છે, તે સામર્થ્યનો લાભ પોતાની શ્રદ્ધાના બળે પોતે પણ મેળવી શકે છે. શ્રી જિનવચન પ્રતિ નિઃશંક શ્રદ્ધા ધરાવનાર આત્મા, શ્રી જિનના સઘળા જ્ઞાનનો ઉપયોગ કરી શકે છે-એમ કહેવું એ એક દૃષ્ટિએ તદ્દન વ્યાજબી છે. **"तमेव सच्चं निस्संकं जं जिणेहिं पवेइयं ।"**- આ જાતિની સર્વજ્ઞવચન પ્રત્યે નિઃશંક શ્રદ્ધા, એ અલ્પજ્ઞ આત્માની ઉન્નતિનું બીજ છે. એ બીજ જે કોઈ આત્મામાં રોપાઈ જાય છે, એ આત્મા કાળક્રમે સર્વજ્ઞ સમાન બન્યા સિવાય રહેતો નથી. માન-સશાસ્ત્રનો અભ્યાસ કરવાનો દાવો ધરાવનાર આત્માઓએ આ વસ્તુ બહુ વિચારવા જેવી છે અને તે જો સત્ય માલુમ પડે, તો મનસ્વી તરંગોનો ત્યાગ કરી દઈ, શ્રી જિનવચન પ્રત્યે શંકાના લેશ વિનાની શ્રદ્ધાવાળા બની જવું જોઈએ અને લોકો તેવા શ્રદ્ધાવાળા બને એ માટે તનતોડ પ્રયાસ કરવો જોઈએ. અન્યથા, મુખરપણાનો ઈલ્કાબ મેળવી તત્ત્વજ્ઞોની દૃષ્ટિએ મૂર્ખાઓની સંખ્યામાં ઉમેરો કરવાનું જ એક માત્ર સૌભાગ્ય (?) પ્રાપ્ત થશે.

શ્રી જિનવચન ન નિન્દાય તેની કાળજી જોઈશે

શ્રી જિનવચન પ્રત્યે જનતાને જેણે શંકા વિનાની બનાવવી હશે, તેણે અતીન્દ્રિય જ્ઞાનિઓના વર્તમાન વિરહકાળમાં આધારભૂત, પ્રમાણિક પુરૂષોની પરમ્પરામાં ઉતરી આવેલા સત્ય શ્રી જિનવચનની શોધ કરવી પડશે અને એ શોધાયા પછી એના તરફ પોતાની કે પરની એક લેશ પણ અરૂચિ ન ફેલાય, તે માટે પોતાની જબાન અને કલમ અથવા મન, વચન અને કાયા ઉપર અંકુશ મૂકી દેવો પડશે. પોતાનાં વક્તવ્યો અને લખાણોથી સંસારસાગરમાં દીપક સમાન અને ભવાટવીમાં ભોમીઆ સમાન દુર્લભ એવું શ્રી જિનવચન આ દુષમાર

ઘોર અંધારી રજની સમાન કાળમાં ન નિન્દાઈ જાય, તેની પૂરેપૂરી કાળજી રાખવી પડશે.

આચાર્યભગવાનોનાં વચનો અને આપણી અલ્પ મતિ

'શ્રી જિનવચનમાં પણ આજે અનેક વિવાદો છે, માટે આપણે તો સૌને માન્ય હોય તેટલું જ સાચું માનવું, બાકી બધું મતાગ્રહ-માંથી જન્મેલું માનવું.'–એમ બોલવા પહેલાં મતાગ્રહનો એ આક્ષેપ પોતા કરતાં કેટલી ઉચ્ચ કોટિના મહાન પુરૂષો ઉપર પહોંચી જાય છે, તેનું ભાન રાખતાં પણ શીખવું પડશે. છેવટમાં છેવટ આચાર્યભગવાન શ્રી હરિભદ્રસૂરિજી મહારાજા, આચાર્યભગવાન શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજા અને છેલ્લામાં છેલ્લા દુ:ષમકાળ રૂપી અંધારી ઘોર રાતમાં રજનીશ (ચંદ્રમા) તુલ્ય ઉપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજાએ પોતાના અપૂર્વ બુદ્ધિબળે, અપૂર્વ શ્રદ્ધાબળે અને અપૂર્વ ચારિત્રબળે શ્રી જિન-વચનનો જે નિર્ણય કર્યો છે, તેની વિરૂદ્ધ એક અક્ષરનો ય પ્રલાપ કર્યા પહેલાં ચૂપ થઈ જવું પડશે. તેમણે શ્રી જિનવચનની સિદ્ધિ માટે આપેલી સઘળી દલીલોને ધ્યાનપૂર્વક સાંભળવી પડશે : એ સાંભળ્યા, વાંચ્યા અને વિચાર્યા પછી પણ સંદેહો ન ટળે તો થોભવું પડશે : 'તેમના સંદેહો દૂર થયા અને તારા ન થયા, તેમાં કારણ તેમના કરતાં તારામાં બુદ્ધિબળ કે સત્ય શોધવાની જિજ્ઞાસાવૃત્તિ અધિક છે' –એમ માનવા પહેલાં, તારા અને તેમના બુદ્ધિબળની કે જિજ્ઞાસા-વૃત્તિની તુલના કરજે : તેમનામાં રહેલી સત્યશોધક અને સત્યસ્વીકારની વૃત્તિ અને તારામાં રહેલી તે વૃત્તિઓનું અંતર તપાસજે : જેથી તને સાચી સ્થિતિનું ભાન થશે. એ વિચાર કરવામાં તું અંધશ્રદ્ધાના માર્ગે ઘસડાઈ જાય છે, એવી શંકા રખે આણતો. અંધશ્રદ્ધાનો તું જેટલો વિરોધી છે, તેના કરતાં કેઇગુણા વિરોધી તેઓ હતા : છતાં તેઓ ઉપર તને શ્રદ્ધા ન બેસે, તો તું તારી અલ્પ બુદ્ધિના મદમાં છકીને મિથ્યા ગુમાનના શિખર ઉપર આરૂઢ થયો છે કે કેમ ?, તેની તપાસ કરજે. એ તપાસ ન કરી અને કલ્પિત ગુમાનના શિખરે ચઢી ગયો,

તો જન્માન્તરમાં હાડકાંના ચૂરેચૂરા થઇ જશે. અર્થાત્-એકેન્દ્રિયાદિ બુદ્ધિહીન અવતારોમાં અનન્તકાળ પર્યંત રખડવું પડશે. અમારી ખાત્રી છે કે-આ જાતિના વિહિત અને શિષ્ટ વિચારોનું સેવન તું અંતઃકરણથી કરીશ, તો જ્ઞાનિઓના વિરહકાળમાં આજે પણ તું તારી શ્રદ્ધાને નવપલ્લવિત રાખી શકીશ અને શ્રી જિનવચન પ્રત્યે શ્રદ્ધાળુ બનેલા એવા તને સર્વ સિદ્ધિઓની સંપ્રાપ્તિ થશે, એમાં કોઈ પણ જાતિનો સંદેહ ધરાવવાને કારણ નથી. આચાર્યભગવાન શ્રી હરિભદ્રસૂરિજી મહારાજા અને તેમનાં વચનોનું અનુમોદન કરતાં ઉપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા ફરમાવે છે કે—

" शास्त्रे पुरस्कृते तस्माद्वीतरागः पुरस्कृतः ।
पुरस्कृते पुनस्तस्मि—न्नियमात्सर्वसिद्धयः ॥१॥ "

'શાસ્ત્રને આગળ કરવાથી વીતરાગ આગળ કરાય છે અને વીતરાગને આગળ કર્યા એટલે સર્વ સિદ્ધિઓની સિદ્ધિ નિયમા થાય છે.'

અહીં શાસ્ત્રનો અર્થ વીતરાગનું વચન છે અને એ વીતરાગનું વચન આગળ કરનાર વીતરાગવચન પ્રત્યેની શ્રદ્ધાવાળો છે. એ શ્રદ્ધા એની સર્વ સિદ્ધિઓનું બીજ છે. શ્રદ્ધાનું આ મહાફળ સમજનારો એ શ્રદ્ધાને પોષક જેટલી સામગ્રીઓ છે, તે સર્વ સામગ્રીઓનું સર્વ પ્રકારે બહુમાન કરે, એમાં કશું જ આશ્ચર્ય નથી. એમાંની એક પણ સામગ્રીની અવગણના, એ સાક્ષાત્ વીતરાગની જ અવગણના છે. આ દૃષ્ટિએ વિચાર કરનાર આત્મા-' નિર્દમ્ભ વૈરાગ્યની પ્રાપ્તિ શ્રી જિનવચનની પ્રાપ્તિ સિવાય શક્ય નથી '-એ કથનનું તાત્પર્ય સહેલાઈથી સમજી શકશે.

શ્રી જિનના સમાગમકાળ અગર તો વિરહકાળમાં પણ શ્રદ્ધા માટે અગત્યનું કારણ એ તારકનો અવિસંવાદી ઉપદેશ છે

અહીં એક શંકા થવાને અવકાશ છે કે-'શ્રી જિનેશ્વરદેવ એ સર્વજ્ઞ છે, તેથી તેમના વચનમાં કોઈને પણ શંકા થાય,-એ માનવું

જ અસ્થાને છે. વર્તમાનમાં શ્રી જિન વિદ્યમાન નથી, તેથી તેમના વિરહમાં તેમનું કહેલું વચન કયું ?, એનો નિશ્ચય નહિ થવાના કારણે જ કોઈને પણ સંદેહ થાય છે. અર્થાત્-શ્રી જિનવચન પ્રત્યે નિશ્ચળ શ્રદ્ધા શ્રી જિનના વિદ્યમાનકાળમાં જ શક્ય છે. તે સિવાયના કાળમાં તો શ્રી જિનના નામે કહેવાતાં કેટલાંક વચનો ઉપરનો સંદેહ ટળવો એ શક્ય જ નથી અને શ્રી જિનભાષિત એક પણ વચન ઉપરનો સંદેહ એ સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં પ્રતિબંધક છે, એમ શાસ્ત્રોનું કથન છે : એટલે એ કથન માન્ય કરી લઈએ, તો આજે એક પણ આત્મા સમ્યગ્દર્શનગુણને ધારણ કરવાવાળો નીકળી શકશે નહિ : તો પછી શ્રી જિનની આજ્ઞાનુસાર નિર્દમ્ભ વૈરાગ્યાદિ મહા સદ્ગુણોને ધારણ કરનાર તો કયાં જ નીકળી શકે ?'

આ પ્રશ્ન અધુરી સમજણમાંથી ઉદ્ભવેલો છે, એમ સ્હેજે સમજી શકાશે. ગીતાર્થ ગુરૂઓની ઉપાસના કર્યા સિવાય બની ગયેલા પુસ્તકીયા પંડિતોએ તો આજે, આવા આવા અનેક પ્રશ્નો ઉભા કરીને ભદ્રિકપરિણામી અને સુખે ધર્મ પામી શકે તેવા સરળ અધ્યવસાય-વાળા આત્માઓના શ્રદ્ધા રૂપી દેહ ઉપર કારમી કતલ ચલાવી છે. એ કતલમાંથી આજે જે કોઈ આત્માઓ બચી શકયા હોય, તે આત્માઓને અમે ભારે ભાગ્યશાળી માનીએ છીએ. પરન્તુ એવા પુણ્યવાન આત્માઓની સંખ્યા આંગળીના વેઢે ગણાય તેટલી પણ રહી નથી : અને જે રહી છે તે પણ શ્રદ્ધાનાશના માર્ગે જવાની તૈયારીમાં છે, એમ સૂક્ષ્મ દૃષ્ટિએ જોનાર કોઈને પણ લાગ્યા સિવાય રહી શકે તેમ નથી. આવી પરિસ્થિતિમાં ઉપર્યુક્ત પ્રશ્નનું સમાધાન સચોટ રીતિએ થવું જોઈએ, એમ અમને લાગે છે.

'શ્રી જિનેશ્વરદેવ એ સર્વજ્ઞ છે, તેથી તેમના વચનમાં કોઈને પણ સંદેહ થાય એ બનવાજોગ નથી.'-એમ કહેવું એ સર્વથા ખોટું છે. કથન કરનાર સર્વજ્ઞ છે, કિન્તુ એ કથનને ઝીલનાર સર્વજ્ઞ નથી. ઝીલનાર જ્યાં સુધી અલ્પજ્ઞ છે, ત્યાં સુધી તેના આત્મામાં સંદેહાદિ

ન થાય-એમ માનવું, એ ન્યાયવિરૂદ્ધ છે. શિક્ષક સમજેલો છે તેથી વિદ્યાર્થી પણ સમજેલો જ હોવો જોઈએ, એના જેવું એ કથન છે. જે દિવસે વિદ્યાર્થી પણ સમજેલો બનશે, તે દિવસે તો વિદ્યાર્થી અને શિક્ષકમાં કોઈ પણ જાતિનો તફાવત હશે નહિ. તેમ સર્વજ્ઞભગવાન એ યથાર્થ વક્તા હોવા છતાં, અયથાર્થ જ્ઞાનમાં જ રાચેલા, માચેલા અને આગ્રહી બનેલા આત્માઓ શ્રી સર્વજ્ઞદેવના વચનને જેમનું તેમ સંદહરહિતપણે ગ્રહણ કરી લે, એમ બનવું એ કોઈ પણ રીતિએ સંભવિત નથી. એનો અર્થ એ નથી કે-અલ્પજ્ઞ એ શ્રી સર્વજ્ઞવચન પ્રત્યે શ્રદ્ધાળુ બની શકતો જ નથી. અલ્પજ્ઞ આત્મા પણ શ્રી સર્વજ્ઞવચન પ્રત્ગે સંદેહરહિત શ્રદ્ધાળુ શકે છે, જો તેને પોતાના અલ્પજ્ઞાનનો ખોટો ઘમંડ ન હોય તો! અજ્ઞાનતા એ બૂરી ચીજ છે, પણ એ અજ્ઞાનતા ઉપરનો આગ્રહ એ તેથી પણ ભયંકર બૂરી ચીજ છે. શ્રી સર્વજ્ઞવચન પ્રત્યે શ્રદ્ધાળુ બનવા માટે માત્ર એ આગ્રહને જ ટાળવા જેવો છે. એ આગ્રહ ટળ્યા પછી અજ્ઞાનતા આપોઆપ ટળી જનારી છે અને એ આગ્રહને મક્કમપણે પકડી રાખનારાઓની અજ્ઞાનતા કોટિ ઉપાયે પણ ટળે તેમ નથી.

અલ્પજ્ઞ આત્મા પોતાના અલ્પજ્ઞાનનો જ્યારે આગ્રહી બને છે, ત્યારે સાક્ષાત્ ભગવાન પણ તેના સંશયોને ટાળવા માટે અસમર્થ બને છે. સરળ હૃદયના માર્ગાનુસારી આત્માઓ પણ આ વાતને સારી રીતિએ સમજી શકે તેમ છે. એવાઓમાંના એકે કહ્યું છે કે–

" अज्ञः सुखमाराध्यः, सुखतरमाराध्यो विशेषज्ञः ।
ज्ञानलवदुर्विग्धः, ब्रह्माऽपि तं नरं न रंजयति ॥१॥ "

શ્રી જિનાગમમાં પણ આ વસ્તુને ઘણી ઘણી યુક્તિઓ પુરઃસર સમજાવવાના પ્રયત્નો કરવામાં આવ્યા છે. આથી એ સિદ્ધ થાય છે કે- 'કથન કરનાર સર્વજ્ઞ હોય, તો પણ શ્રવણ કરનાર જો સ્વમતનો આગ્રહી અલ્પજ્ઞ હોય, તો તે શ્રી સર્વજ્ઞવચન ઉપર પણ શ્રદ્ધા કરી શકતો નથી:

સર્વજ્ઞવચન સત્ય છે એવું હૃદયથી સ્વીકારી શકતો નથી : યાવત્-નિઃસંશય બની શકતો નથી ! એટલું જ નહિ, પણ પોતાના મનથી વિરૂદ્ધ જતી સર્વજ્ઞ ભગવાનની વાતોને પણ તે ખોટી માને છે, ખોટી છે એમ જાહેર કરે છે અને દ્વેષનો માર્યો બીજાઓને પણ તેમ સમજાવવાનો પ્રયાસ કરે છે.'

હવે પ્રશ્ન એ બાકી રહે છે કે–' શ્રી સર્વજ્ઞભગવાનના વિરહકાળમાં શ્રી સર્વજ્ઞવચન પ્રત્યે શ્રી સર્વજ્ઞભગવાનના વિદ્યમાનકાળ જેટલી સંદેહ-રહિત પ્રતીતિ થઈ શકે કે કેમ ?' તેનો ઉત્તર એ છે કે-થઈ શકે. શ્રી જિન અત્યારે વિદ્યમાન નથી, પણ શ્રી જિનનું વચન તો વિદ્યમાન છે. શ્રી જિનની હયાતિ વખતે પણ શ્રદ્ધા તો શ્રી જિનના વચન દ્વારા-એ જ કરવાની હોય છે. એટલો તફાવત અવશ્ય રહેવાનો છે કે–સાક્ષાત્ શ્રી જિનના સમાગમ વખતે શ્રદ્ધા થવા માટે અતિશયાદિ સામગ્રીની અનુકૂળતા રહેવાની છે, તે શ્રી જિનના વિરહકાળમાં નથી જ રહેવાની. એ કારણે નિરાગ્રહી આત્માઓને પણ શ્રી જિનના વિદ્યમાનકાળ કરતાં વિરહકાળમાં શ્રદ્ધાની પ્રાપ્તિ કષ્ટસાધ્ય તો રહેવાની જ છે : પરન્તુ અહીં પ્રશ્ન દુઃસાધ્યતા–સુસાધ્યતાનો નહિ, કિન્તુ પ્રાપ્તિ–અપ્રાપ્તિનો છે. શ્રી જિનના વિરહકાળમાં શ્રી જિનવચન પ્રત્યે શ્રદ્ધાની પ્રાપ્તિ દુઃસાધ્ય હોવા છતાં પણ અસંભવિત નથી, એ જ અહીં મુદ્દો છે.

શ્રી જિનના સમાગમકાળમાં અતિશયાદિ સામગ્રી એ શ્રદ્ધા-પ્રાપ્તિમાં વિશેષ નિમિત્ત છે, કે જે તે સિવાયના કાળમાં નથી : તો પણ તે અવ્યભિચારી યા અન્તિમ કારણ નથી. શ્રી જિનના વિદ્યમાનકાળમાં શ્રી જિનના સમાન બાહ્ય અતિશયોની ઋદ્ધિ વિકુરવાનું સામર્થ્ય અન્ય માયાવીઓમાં પણ હોય છે. ઈન્દ્રજાલ આદિ દ્વારા તેઓ પણ પોતાને શ્રી જિનના સમાન બતાવી શકે છે, તેથી તેવા પ્રસંગોએ–' કોણ જિન ? '–એ કેવળ બાહ્ય ઋદ્ધિ દ્વારાએ કળી શકવું મુશ્કેલ થઈ પડે છે. એનો નિર્ણય તો અંતરંગ અતિશયોની પ્રતીતિ-થી જ થઈ શકે છે. અંતરંગ અનન્ત અતિશયોમાં, કેવળજ્ઞાન એ મુખ્ય

અતિશય છે અને તેને ઓળખવાનું લિંગ અવિસંવાદી ઉપદેશ છે. અર્થાત્-શ્રી જિનના સાક્ષાત્ કાળમાં પણ શ્રી જિનને ઓળખી શ્રી જિનના પ્રત્યે નિશ્ચળ શ્રદ્ધાસંપન્ન બનવા માટે શ્રી જિનના ઉપદેશ સિવાય અન્ય કોઈ અવ્યભિચારી માર્ગ નથી. એ ઉપદેશ આજે હયાતિ ધરાવતો નથી, એમ સિદ્ધ કરવા માટે કોઈ પ્રમાણ નથી : જ્યારે હયાતિ ધરાવે છે, એ સિદ્ધ કરવા માટે સેંકડો પ્રમાણો છે. જેઓને સેંકડો પ્રમાણોથી સિદ્ધ વાતોને પણ અવગણવી છે, તેઓની પ્રમાણમાર્ગમાં ફુટી કોડીની પણ કિંમત નથી. પ્રમાણમાર્ગમાં તેઓની જ કિંમત છે, કે જેઓ પ્રમાણસિદ્ધ વાતોને સ્વીકારવા તૈયાર હોય. તે સિવાયનાઓનું કથન પ્રામાણિક જગતમાં આદેયવચનવાળું કદી પણ બની શકે નહિ.

'અવિસંવાદી ઉપદેશ, એ શ્રી જિનની હયાતિના યા બીનહયાતિના-કાળમાં શ્રી જિનને ઓળખવાનું અસાધારણ લિંગ છે.'–એ નક્કી થયા પછી જેનો ઉપદેશ અવિસંવાદી સિદ્ધ થાય, તેને જ શ્રી જિન તરીકે સ્વીકારવા અને બીજાઓને શ્રી જિન તરીકે નહિ સ્વીકારવા, એમાં કોઈ પણ સજ્જનને વાંધો હોઈ શકે નહિ. અવિસંવાદી ઉપદેશને ઓળખવાનું કામ કહેવાતા પુસ્તકીયા પંડિતો કહે છે તેટલું મુશ્કેલ નથી. સામાન્યમાં સામાન્ય બુદ્ધિવાળો માણસ પણ, શ્રી જિનના ઉપદેશમાં રહેલી સંવાદિતા અને અજિનોના ઉપદેશમાં રહેલી વિસં-વાદિતાને સહજમાં કળી શકે તેમ છે. શરત માત્ર–આગ્રહરહિતપ-ણાની છે. જ્યાં બુદ્ધિ હોય ત્યાં યુક્તિને નહિ ખેંચી જતાં, જ્યાં યુક્તિ હોય ત્યાં બુદ્ધિને દોરી જવી, એ આગ્રહરહિતપણાની નિશાની છે.

અવિસંવાદિતાને જાણવાના માર્ગો

શ્રી જિનનો ઉપદેશ અવિસંવાદી છે–એ ઓળખવા માટે બુદ્ધિ-માનો માટે અનેક માર્ગો છે: તો પણ સામાન્ય બુદ્ધિવાળાઓ માટે તે બધા માર્ગોમાંથી સરળમાં સરળ અને સૌથી સમજી શકાય એવા ત્રણ માર્ગો આપણે અહીં દર્શાવવા છે. એ ત્રણમાં પણ મુખ્ય છે– ' પૂર્વાપર–અવિરૂદ્ધ–વચન.' શ્રી જિનમત સિવાય સર્વનાં કથનો પૂર્વા-

પર વિરોધયુક્ત છે: અર્થાત્-પૂર્વભાગનાં વચનોથી ઉત્તરભાગનાં વચનો બાધિત થાય છે અને ઉત્તરભાગનાં વચનોથી પૂર્વભાગનાં વચનો બાધિત થાય છે. અહિંસામાં ધર્મ કહ્યા પછી, યજ્ઞાદિક માટે કરાતી હિંસામાં દોષ નથી: અસત્ય અને ચોરી એ પાપ છે, એમ કહ્યા પછી બ્રાહ્મણુ માટે બોલાતું અસત્ય કે કરાતી ચોરી એ પાપ નથી: મૈથુન એ પાપયુક્ત ક્રિયા છે, એમ સિદ્ધ કર્યા પછી કન્યાદાનાદિ પણુ પરમ ધર્મ છે: પરિગ્રહ એ પાપનું મૂળ છે, તો પણુ ધર્માર્થે કંચનાદિનો પરિગ્રહ ધારણુ કરવો એ પાપ નથી: એ વિગેરે વાકયોનું પ્રતિપાદન કરનારાં શાસ્ત્રો, એ સર્વજ્ઞોનાં કહેલાં નથી એ સિદ્ધ થાય છે.

વર્તમાનમાં પણુ-' અહિંસા એ જ સર્વ ઉન્નતિનું મૂળ છે.'-એમ કહ્યા પછી પણુ-' મનુષ્યો માટે થતી ઘોર પ્રાણીહિંસા એ અધર્મ નથી. '-એમ કહેનારા અવિસંવાદી નથી. ' મરતા મનુષ્યની સારવાર કરવાથી મહાન ધર્મ થાય છે.'-એમ કહેનાર પણુ-' મરતા પશુને બચાવવા પ્રયત્ન કરવાથી અધર્મ થાય છે '-એમ કહે, ત્યારે તે અવિસંવાદી નથી. ' કુતરાને રોટલો ન નાખવો એ પાપ છે અને નાખવો એ એથી પણુ ઘોર પાપ છે.' એવું સમજાવનારા અવિસંવાદી સિદ્ધ થઈ શકે તેમ નથી. '**अहिंसा परमो धर्मः ।**' એ જાતિના ચાંદ લગાડનારા પણુ, કુતરાં અને ઉંદરડાઓનો નાશ કરવા માટે ઠરાવો ઘડનારી, ગ્રાન્ટો મંજુર કરનારી તથા કતલખાનાંઓ ચલાવનારી મ્યુનિસીપાલીટીઓના પ્રમુખ અને મેમ્બરો બનવામાં સમાજસેવા અને પ્રાણીદયાનું મહાન કાર્ય કરવાનું અભિમાન લેતાં કે દર્શાવતાં શરમાતા ન હોય, તો તેઓ શું અવિસંવાદી છે? અહિંસાની ખાતર શસ્ત્રસજ્જ સરકાર સામે નિઃશસ્ત્ર પ્રજાના પ્રાણુ સુદ્ધાં હોમી દેવાની હિમાયત કરનારા, શુદ્ધ દેવ-ગુરૂની આજ્ઞાના પાલન ખાતર કોઈને પણુ નારાજ કરવામાં હિંસા જૂએ છે! ' અહિંસા વિના કોઈનો પણુ ઉદ્ધાર નથી. '-એમ ઉચ્ચાર્યા પછી, સ્વાર્થ અને સ્વાદ માટે મત્સ્યાદિ પંચેંદ્રિય પ્રાણીઓની હત્યા કરનારાઓ પણુ અહિંસક રહી

શકે છે, એમ બોલતા સંભળાય છે. 'સંપૂર્ણ સંયમ એ ધર્મ છે.'–એમ કહ્યા પછી, પ્રજોત્પત્તિ માટે સેવવામાં આવતું મૈથુન એ અધર્મ નથી, એવું પ્રતિપાદન કરનાર, પૂર્વાપર અવિરૂદ્ધ બોલનાર છે એ કોઇ પણ રીતિએ સાબીત થઈ શકે એમ નથી. એ રીતિએ પૂર્વાપર વિરૂદ્ધ વાકયોનો વિચાર કરવા જતાં, શ્રી જિનમતને છોડી સર્વત્ર તેના ઢગના ઢગ ખડકાયેલ: પડ્યા છે : જ્યારે શ્રી જિનમતમાં એક પણ વચન તેવું નીકળી શકે તેમ નથી, કે જે પોતાના જ કથનથી પોતે હણાતું હોય.

અહીં એ જાતિનો પ્રશ્ન થવો એ સંભવિત છે કે–' શ્રી જિનવચનો એ જો અવિસંવાદી વચનો જ છે, તો સંપૂર્ણ અહિંસાનું પાલન કરવાનું ઉપદેશનાર જૈન શાસ્ત્રો શા માટે શ્રી જિનપૂજાનું વિધાન કરે છે? કારણ કે–શ્રી જિનપૂજામાં થોડી યા વધુ પણ હિંસા તો રહેલી:જ છે.' આ પ્રશ્નના ઉત્તરમાં સમજવું જોઇએ કે–

અહિંસાનું વિધાન કરનાર શ્રી જિનમત, શ્રી જિનપૂજા નિમિત્તે થતી પૃથ્વીકાયાદિની હિંસાને હિંસા તરીકેનું ફળ આપનાર તરીકે માનવાની ના પાડે છે અને તેનું કારણ તે પૂજા અહિંસાની જ વૃદ્ધિ કરનાર છે તે છે : નહિ કે–શ્રી જિનપૂજા માટે થતી હિંસાથી મરનારની સદ્ગતિ થાય છે તે છે : અને એ જ કારણે ત્રસ અને સ્થાવર ઉભય પ્રકારના જીવોની હિંસાથી વિરામ પામેલા આત્માઓ માટે, શ્રી જિનપૂજા માટે થતી સ્થાવરોની હિંસા પણ નહિ કરવાનું વિધાન શ્રી જૈનશાસનમાં છે. શ્રી જૈનશાસન ત્રસ અને સ્થાવરની હિંસાથી વિરામ નહિ પામેલા આત્માઓને પણ, સ્થાવરોની થતી અનિવાર્ય હિંસાનો જ માત્ર અનિષેધ કરે છે અને મંદિરાદિ ચણાવતી વખતે થઈ જતી ત્રસ જીવોની હિંસા માટે પણ સંપૂર્ણ યતના રાખવાનું વિધાન કરે છે. શ્રી જૈનશાસને દર્શાવેલા કોઈ પણ અપવાદો અહિંસાદિ ઉત્સર્ગ માર્ગોની રક્ષા માટે જ દર્શાવેલા હોય છે, તેથી તેના કથનમાં કોઈ પણ જાતિનો પૂર્વાપર વિરોધ આવી શકતો નથી. પૂર્વાપર વિરોધનું મૂળ અસર્વજ્ઞતા છે અને અસર્વજ્ઞતાનું મૂળ રાગદ્વેષસહિતતા છે. શ્રી જિનેશ્વરદેવમાં

રાગદ્વેષસહિતતા અને અસર્વજ્ઞતા—એ ઉભયનો અભાવ છે અને તે અત્યારે પણ શ્રી જિનમતનાં શાસ્ત્રો દ્વારાએ સિદ્ધ થઈ શકે તેમ છે.

એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય પર્યંતના પ્રાણીઓનું નિશ્ચિત વર્ણન, એ તેના કથનકારની સર્વજ્ઞતાની સાબીતી માટે પર્યાપ્ત છે. એકેંદ્રિયમાં પણ નિગોદનું સ્વરૂપ તથા પૃથ્વીકાયાદિમાં રહેલ અસંખ્યાત જીવોનું વર્ણન કોઈ પણ અસર્વજ્ઞના શાસનમાં શોધ્યુંય જડે તેમ નથી. વિકલેન્દ્રિયોનાં બે–ત્રણ–ચાર આદિ ઈન્દ્રિયોના પ્રત્યક્ષ પ્રમાણથી અવિરૂદ્ધપણે મળતાં વર્ણનો તથા પંચેંદ્રિયોમાં પણ સંજ્ઞી (મનવાળા) તથા અસંજ્ઞી (મન વિનાના) પ્રાણીઓનાં વર્ણનો, જળચર, સ્થળચર અને ખેચરોનાં અવિરૂદ્ધ વર્ણનો તથા દેવ અને નરકગતિનાં વિસ્તૃત વર્ણનો જ્યાં મળે છે, તે મત સર્વજ્ઞ સિવાય બીજાનો પ્રકાશિત છે, એમ કોઈ પણ રીતિએ પૂરવાર થઈ શકે તેમ નથી. અસર્વજ્ઞપ્રરૂપિત મતોમાં તેનો સહસ્ત્રાંશ મળવો પણ અશક્ય છે. ‘ જીવ છે ’–એમ બધા કહે છે, પણ તે કેટલા અને ક્યાં ક્યાં રહેલા છે, તેનું સવિસ્તર વર્ણન, સિવાય સર્વજ્ઞશાસન અન્યત્ર ક્યાં છે ? ‘ કર્મ છે ’–એમ બધા જ કહે છે, પણ તે કર્મ કેવાં છે, ક્યાં રહેલાં છે, કેવી રીતિએ આત્માને વળગે છે તથા તે વળગ્યા પછી શું શું સ્થિતિઓ થાય છે, તેનું વૈજ્ઞાનિક વર્ણન શ્રી જૈનશાસન સિવાય બીજે ક્યાં છે? ‘મુક્તિ છે’–એમ બધા કહે છે,પણ તે ક્યાં છે, કેવી છે, કેટલો કાળ રહેવાવાળી છે અને તેને કોણ કોણ પ્રાપ્ત કરી શકે છે, તેનું બુદ્ધિમાં ઉતરે તેવું વિવેચન અન્યત્ર ક્યાં છે?

જીવ, કર્મ, મુક્ત આદિ પદાર્થોનું કોઈ પણ જાતિનો સંદેહ ન રહી જાય તેવું વર્ણન જે શાસ્ત્રોમાં મળી આવે છે, તે શાસ્ત્રોને શ્રી સર્વજ્ઞપ્રરૂપિત માનતાં જેઓને આંચકો આવે છે, તેઓ મધ્યસ્થ બુદ્ધિ ધરાવનારા છે એમ માનવું અને મનાવવું એ લાજીમ નથી. પોતાને ગુણરાગી, મધ્યસ્થ અને પરીક્ષક કહેવડાવનાર આત્મા સર્વજ્ઞની પ્રતીતિ કરાવનાર આટલાં બધાં પ્રમાણો વિદ્યમાન છતાં, શ્રી જિનમતના પ્રણેતાઓને સર્વજ્ઞ ન માની શકે, તેમનો કહેલો મત એ જ એક

સાચો છે–એમ ન સ્વીકારી શકે, તો માનવું જ રહ્યું કે–નથી તો તે ગુણુરાગી, નથી તો તે મધ્યસ્થ કે નથી તો તે પરીક્ષક! પરીક્ષક આત્મા ગુણુની પરીક્ષા જરૂર કરે, પણ એ પરીક્ષામાં ગુણુવાન તરીકે સિદ્ધ થયેલ વસ્તુને તે સ્વરૂપે સ્વીકારવાની જો તે ના પાડે, તો તે મધ્યસ્થ તરીકે ટકી શકતો નથી : એટલું જ નહિ, કિન્તુ ગુણુનો જ દ્વેષી છે, એમ આપોઆપ સિદ્ધ થઈ જાય છે.

લેખાંક ૫ મો :

રાગ–દ્વેષરહિતતાનાં પ્રમાણો

શ્રી જિનેશ્વરદેવની સર્વજ્ઞ તરીકેની પ્રતીતિ માટે જેમ અનેક સાધનો તેમનાં કથન કરેલાં શાસ્ત્રોમાંથી ઉપલબ્ધ થાય છે, તેમ રાગ–દ્વેષાદિ સંપૂર્ણ દોષોથી તે તારકોની રહિતતાની પ્રતીતિ માટે પણ તે જ શાસ્ત્રોમાંથી જોઈએ તેટલાં પ્રમાણો મળે તેમ છે. શ્રી જિનેશ્વર-દેવોનાં જીવનચરિત્રો જ તે માટે બસ છે. કેવળજ્ઞાનની ઉત્પત્તિ માટે તથા સર્વ કર્મોનો વિનાશ કરવા માટે જે જાતિનું જીવન જીવવું જોઈએ, તે જાતિનું અખંડિત જીવન શ્રી જિનેશ્વરદેવો જીવે છે અને કેવળજ્ઞાન તથા મુક્તિ ઉપાર્જન કરે છે. તેમાં અસત્ કલ્પનાઓ કે અસંભવિત ઘટનાઓને લેશ માત્ર સ્થાન નથી. અસત્ કલ્પનાઓ અને અસંભવિત ઘટનાઓથી ભરેલાં ઈતર દેવોનાં ચરિત્રો ઉપર વિશ્વાસ ધારણ કરીને, આસ્તિકતાનું અભિમાન રાખનારા આત્માઓ પણ, જ્યારે શ્રી જિનેશ્વરદેવોનાં સુઘટિત ઘટનાઓથી ઘટિત અને કર્મનાશના અમોઘ ઉપાયોથી ભરપૂર ચરિત્રો ઉપર શ્રદ્ધા ધારણ ન કરે, ત્યારે તે આત્માઓ મહામોહના ઉદયથી મૂર્ચ્છિત થયેલા છે, એમ માન્યા સિવાય બીજો કોઈ ઉપાય જ નથી. રાગાદિ આંતર્ રિપુઓનાં સવિસ્તર વર્ણન, તેને જીતવાના ઉપાયો, તેને જીતેલા કે જીત-

વાનો પ્રયત્ન કરનારાઓને જ પૂજવાનાં વિધાનો, એ વિગેરે પ્રતિપાદનોને ઉઘાડી આંખે દેખવા છતાં પણ, શ્રી જિનમત પ્રત્યે શ્રદ્ધાના અંકુરા પ્રગટ ન થાય, તો તેવાં હૃદયો ચૈતન્યહીન પાષાણનાં ઘડેલાં છે, એમ માનવું શું ખોટું છે? થોડી પણ સમજવાળો ચૈતન્યવાન આત્મા તો, જે કોઈ જગ્યાએ આ જાતિનાં સર્વથા અવિરૂદ્ધ અને અવિસંવાદી વચનો પ્રાપ્ત થતાં હોય, તે મતની પ્રાપ્તિથી પોતાના આત્માને ધન્ય માન્યા સિવાય રહે નહિ અને જગતનો કોઈ પણ આત્મા એ સિવાયના મતોને ત્યજી દઈ શ્રી જિનમતને અંગીકાર કરનારો બને, એ રીતિના નીતિસંપન્ન પ્રયત્નો પોતાના સર્વસ્વના ભોગે (સર્વ શક્તિનો સદ્વ્યય કરીને) કર્યા સિવાય પણ રહે નહિ.

સુશ્રદ્ધાના ફલસ્વરૂપ

શ્રી જિનમતના પ્રણેતા સર્વજ્ઞ અને વીતરાગ છે, એ પ્રતીતિ થઇ ગયા પછી, એમની આજ્ઞાનું પાલન, એ જ એક હિતનો પરમ ઉપાય છે–એવી સન્મતિ અંતરમાં પ્રગટ્યા સિવાય રહી શકતી નથી. એ સન્મતિનું નામ જ સુશ્રદ્ધા છે. એ સુશ્રદ્ધા જે આત્માઓને પ્રાપ્ત થઈ ગઈ, તે આત્મા ભલે પછી અલ્પજ્ઞાની હો કે અતિશયજ્ઞાની હો, તેનું કલ્યાણ હાથવેંતમાં છે. તે અલ્પજ્ઞાની હશે, તો અતિશય-જ્ઞાની બનવા પ્રયત્ન કરશે અને તે એક ભવમાં શક્ય નહિ હોય તો તેના પ્રત્યે સંપૂર્ણ આદર ધરાવનારો બનશે. તે અતિશયજ્ઞાની હશે, તો અલ્પજ્ઞાની આત્માઓને અતિશયજ્ઞાની બનાવવા પ્રયત્ન કરશે અને પોતે સંપૂર્ણ જ્ઞાનિના શરણે રહેશે. કોઈ પણ સ્થિતિમાં શ્રી વીતરાગમાર્ગ પ્રત્યે સુદૃઢ શ્રદ્ધા, એ ચિન્તામણિથી પણ ચઢીયાતી છે. કામધેનુ, કામકુમ્ભ કે કલ્પતરૂ તે ફળને આપવા સમર્થ નથી, કે જે ફળ શ્રી જિનમત પ્રત્યેની નિશ્ચળ શ્રદ્ધા આપવા સમર્થ છે. શ્રી જિનમત પ્રત્યે અવિચળ શ્રદ્ધાળુ બનેલા આત્માને દેવગતિનાં સુખ દૂર નથી, કિન્તુ મુક્તિનાં સુખ પણ તેની હથેલીમાં રમે છે. એ શ્રદ્ધા આ કાળમાં પણ શક્ય છે. સુયોગ્ય પ્રયત્નો દ્વારાએ તેની પ્રાપ્તિ, પ્રાપ્ત

થયેલ તેનું સંરક્ષણ અને રક્ષણ કરેલ તેનું સંવર્ધન આદિ આ કાળમાં પણ સુયોગ્ય આત્માઓ કરી રહ્યા છે, બીજાઓને કરાવી રહ્યા છે અને અનેકોને માર્ગની સન્મુખ બનાવી રહ્યા છે. ઘણાઓ એથી વિપરીત કાર્યવાહી પણ કરી રહ્યા છે, પરન્તુ તેવી વિપરીત કાર્યવાહી કરનાર આત્માઓ સ્વપરના આત્મહિતના સંહારનું અધમાધમ કૃત્ય આચરી રહ્યા છે, એ કહેવાની જરૂર નથી.

ઘણા ફાંટાઓ છે તો કયા ફાંટાને શ્રી જિનમત મુજબનો માનવો ?–તેનું સમાધાન

શ્રી જિનવચન એ જ એક અખંડિત સત્ય હોવા છતાં, ગુરૂ-કર્મી યા દુરાગ્રહી આત્માઓને તેમાં સંદેહ પણ થઈ શકે છે તથા વિપર્યાસ પણ થઈ શકે છે. એ જ રીતિએ શ્રી જિનના વિરહકાળમાં પણ અવિસંવાદી વચનથી અને તેને અંગીકાર કરનાર મહાપુરૂષોની સેવાથી તેના પ્રત્યે અવિચલિત શ્રદ્ધા પણ ધારણ કરી શકાય છે. એ બે વાત સિદ્ધ થયા પછી પણ એક વાત રહી જાય છે અને તે એ કે–' આજે એક જ જિનમતને માનનારાઓમાં અનેક ફાંટા છે, તો કયો ફાંટો શ્રી જિનમતનો સાચો અનુયાયી છે–એનો નિર્ણય શી રીતિએ કરવો ? ' આ પ્રશ્ન ઉપલક દૃષ્ટિએ બહુ મુઝવે તેવો છે અને વર્તમાન જમાનામાં તો એ જ એક વસ્તુને આગળ કરી સત્યના અર્થી પણ અનેક આત્માઓ માર્ગથી પરિભ્રષ્ટ થતા જોવાય છે, પણ વિવેકી બુદ્ધિમાનો માટે આ પ્રશ્ન મુંઝવનારો નથી જ.

ઉપલક દૃષ્ટિએ ઉપરનો પ્રશ્ન જેટલી મુંઝવણ ઉત્પન્ન કરનારો છે, તેટલો જ સ્થિર ચિત્તે, સત્યની જ એક અર્થિતાએ, તેનો વિચાર કરવામાં આવે તો ઉકેલવો ઘણો જ સહેલો છે. આવા પ્રશ્નોની વિચારણા વખતે સત્યને એક જરા પણ અન્યાય ન થઈ જાય, તેની પૂરેપૂરી સંભાળ રાખવી ઘટે : પરન્તુ આજે તેનો વિચાર બહુ ઓછો કરવામાં આવે છે. ' **ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં** '–એ શ્રીમાન્ આનન્દઘનજી મહારાજના સ્તવનની એક જ કડી ગાઈને, સત્યની

સામે પ્રહાર કરતાં સામાન્ય બુદ્ધિવાળા આત્માને પણ આંચકો આવતો નથી. શ્રી આનન્દઘનજી મહારાજની એ જ એક કડી દ્વારાએ આજે કેટલાએ આત્માઓ સત્યની સામું પણ નહિ જોવાની દૃઢ પ્રતિજ્ઞાવાળા બન્યા છે, તેનો વિચાર કરતાં પણ ત્રાસ છૂટે છે. શ્રી જિનમતને પરમ વફાદાર, સુવિહિતશિરોમણિ, શ્રીમાન્ આનન્દઘનજી મહારાજ, શું કોઈ પણ ગચ્છમાં સત્ય નથી, બધા જ અસત્યના પૂજારી છે, માટે સર્વ ગચ્છો અને મતોને છોડી દઈ અલગ થઈ જાઓ અને કોઈ પણ ગચ્છને નહિ માનનાર એક નવો ગચ્છ કાઢો, એવા કઢંગા ઉપદેશને દેવા તત્પર થયા હશે ?–એનો જરા સ્થિર ચિત્તવાળા બનીને વિચાર કરવાની આવશ્યકતા છે. સાધુસમુદાય અને શ્રાવક-સંઘની રક્ષા માટે ભિન્ન ભિન્ન કાળે અને ભિન્ન ભિન્ન સ્થળે ઉત્પન્ન થયેલા ગચ્છો, એ શ્રી જિનમત રૂપી રથને માર્ગ પર ચલાવવાને અતિશય આવશ્યક વસ્તુ છે. ગચ્છના નામે શ્રી જિનમત સિવાય સ્વમતિકલ્પનાનો દોર ચલાવનારાઓને ચાબખો મારવા માટે કહેલા આપેક્ષિક વચનને, જો ગચ્છોની જ હસ્તી ઉડાડી મૂકવામાં વપરાય, તો તેના જેવો ભયંકર અન્યાય (પરમ હિતકર વાતને કહેનાર શ્રીમાન્ આનન્દઘનજી મહારાજને પણ) બીજો કયો હોઈ શકે ? મહાપુરૂષોએ કહેલાં વચનોની અપેક્ષા ગુરૂગમ દ્વારાએ નહિ સમજવાથી કેટલો અનર્થ મચે છે, તેનું આ એક હુબહુ દૃષ્ટાંત છે. સંઘની સુરક્ષા માટે ગચ્છોની જો જરૂર જ છે, તો તેમાં પ્રામાણિક ગચ્છોની સાથે કેટલાક અપ્રામાણિક ગચ્છો પણ રહેવાના જ. એ રીતિએ અપ્રામાણિ-કતાના ડરથી પ્રામાણિક ગચ્છોનો પણ નાશ યા તેની ઉપેક્ષા કરવામાં આવે, તો ચોરના ભયથી શાહુકારોને પણ ફાંસી દેવા જેવું અસંબદ્ધ ચેષ્ટિત બને છે. ચોર અને શાહુકારનાં લક્ષણો જાણી, ચોરથી બચવું અને શાહુકારનો આશ્રય લેવો, એ તો વ્યાજબી છે : પરન્તુ જગતમાં ચોર છે માટે શાહુકાર ન જ હોય, એવા અજ્ઞાની નિર્ણય ઉપર આવી જવું અથવા શાહુકારનો પણ ચોર જેટલો જ ભય ધારણ કરવો, એ કોઈ પણ રીતિએ વ્યાજબી નથી.

'પ્રામાણિક ગચ્છો ક્યા અને અપ્રામાણિક ગચ્છો ક્યા, એની રીક્ષામાં અમારે ક્યાં ઉતરવું? અને ઉતરીએ તો પણ અમારા રવાનો તે ચર્ચામાં પત્તો ક્યાં લાગે?'—એ જાતિની એક વિચારણા ણુ સમાજમાં પ્રચલિત છે. એ વિચારણા ઉભી કરનારા પણ ાભાગ ઉપરના મતને મળતા જ છે. ચોરને પણ બે હાથ, બે પગ મને એક માથું છે: શાહુકારને પણ તેમ જ છે. કપડાં પણ બંનેનાં રખાં છે, રીતભાત પણ બંનેની સરખી જ છે, છતાં આજ સુધી ાઈએ એવો પ્રશ્ન કર્યો નથી કે–'ચોર અને શાહુકારને ઓળખવાની ખટપટમાં અમને ક્યાં ઉતારો છો?' એનું કારણ એક જ છે કે– એ પરીક્ષા ગમે તેટલી દુષ્કર હોય, તો પણ જો કરવામાં ન આવે ો નુકશાન પ્રત્યક્ષ છે: એને ઓળખ્યા વિના ઘર કે વ્યવહાર ચાલી શકે એમ નથી: તેથી તેની પરીક્ષા થાય તેટલી લોકો કરે છે અને છતાં પણ સપડાય તો કપાળે હાથ દે છે. એ જ ન્યાય અહીં અખત્યાર કરવાનો છે: છતાં નથી થતો, એનું મુખ્ય કારણ ધર્મ પ્રત્યેની બેદરકારી છે. અપ્રામાણિક ગચ્છને સ્વીકારી લેવાથી થનારા નુકશાનનો ખ્યાલ અને ભય રખાય છે, તેમ કોઈ પણ ગચ્છને નહિ સ્વીકારવાથી થતા નુકશાનનો પણ ભય અને ખ્યાલ લાવવાની જરૂર છે. ધર્મ પ્રત્યે પ્રમાદી અને બેદરકાર બનેલ આત્માઓનું અનુકરણ કરીને, ધર્મના અર્થી આત્માઓએ પણ ગીતાર્થ ગુરૂઓના ગચ્છોને નહિ શોધવા અને અગીતાર્થ મુનિઓના પલ્લે પડવું અગર સર્વથા મુનિસમુદાયથી વંચિત થવું, એ શું ન્યાયસંગત છે? ગીતાર્થની શોધ કરવા છતાં પણ ભાગ્યયોગે અગીતાર્થની પ્રાપ્તિ થઈ જાય, તો તેથી ભય પામવાનું કોઈ પ્રયોજન નથી. તેવા વખતે અગીતાર્થનો ત્યાગ કરવાનું અને અન્ય ગચ્છના ગીતાર્થનું શરણું શોધવાનું પણ શાસ્ત્રીય ફરમાન છે: અને એ રીતિએ પોતાની નિર્મળ બુદ્ધિથી જ્ઞાની અને ગીતાર્થ ગુરૂઓની શોધ કરી, સુવિહિત મુનિવરોના સમુદાય રૂપી સુગચ્છોની શિતળ છાયાએ રહેવું, એ પ્રત્યેક

હિતાર્થી આત્માની પહેલામાં પહેલી ફરજ છે. એમ કરવાથી પોતે સ્વીકારેલા ગચ્છની પ્રશંસા થાય છે અને અન્ય ગચ્છની નિન્દા થાય છે, એમ માની લેવું એ મોટામાં મોટી ભૂલ છે : એમ માનવાથી તો શ્રી જિનમતનો સ્વીકાર પણ દુષ્કર બનશે : કારણ કે–એ રીતિએ વિચારવા જતાં શ્રી જિનમતનો સ્વીકાર કરવાથી અન્ય મત હલકો પડે જ છે, પરંતુ તત્ત્વના માર્ગમાં એવા વિચારને સ્થાન નથી.

શ્રી જિનમતની પ્રામાણિકતા સિદ્ધ કરવા માટે આ પણ એક ઉપાય છે કે–આજ સુધી જેટલા પ્રામાણિક ગચ્છો શ્રી જિનમતમાં ઉત્પન્ન થયા છે, તેના પ્રણેતાઓ મુક્તિના પરમ પિપાસુ, ભવના ભીરૂ અને જ્ઞાન-ક્રિયા ઉભયને આચરનારા સર્વશ્રેષ્ઠ પુરૂષો છે. એ ગચ્છના આશ્રયે રહેલા ઉત્તમ સુસાધુઓ પણ ઉચ્ચ કુળના, ગુરૂ-આજ્ઞામાં લીન, ઉપશમ રસના ભંડાર, સંવેગ અને નિર્વેદના પાત્ર, કરૂણાના નિધાન તથા શ્રી જિનવચનના નિશ્ચળ રાગી થયેલા છે. નીચ કુળના પણ કેઈ યોગ્ય આત્માઓએ ઉત્તમ ગુરૂકુળવાસની નિશ્રામાં રહી સ્વઆત્મહિત સાધ્યું છે, જ્યારે શ્રી જિનમત સિવાયના મતોના અનુયાયીઓ તેટલા સજ્જન મળવા પણ મુશ્કેલ છે.

પૂ. કલિકાલસર્વજ્ઞ આચાર્યભગવાન શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા શ્રી વીર પરમાત્માની સ્તુતિ કરતાં એક સ્થળે ફરમાવે છે કે–

“ हिंसाद्यसत्कर्मपथोपदेशाद–सर्वविन्मूलतया प्रवृत्तेः ।
नृशंसदुर्बुद्धिपरिग्रहाच्च, ब्रूमस्त्वदन्यागममप्रमाणम् ॥१॥”

હે નાથ ! તારા સિવાય અન્યોએ પ્રકાશિત કરેલાં આગમો અપ્રમાણ છે, તેનાં ઘણાં કારણો છે : તેમાં મૂખ્ય તોં એ છે કે–એ આગમોમાં હિંસાદિ અસત્ ક્રિયાઓનો ઉપદેશ ભરેલો છે, પૂર્વાપર વિરૂદ્ધ વાતોને કહેનાર હોવાથી તેના પ્રવર્તકો અસર્વજ્ઞો છે અને તેનો સ્વીકાર કરનાર આત્માઓમાં પણ મોટો ભાગ ઘાતકી, દુરાચારી અને દુર્બુદ્ધિથી ભરેલો છે. શ્રી જિનમતમાં એ વાત નથી : કારણ કે–તેમાં

હિંસાદિ અસત્ કર્મોનો ઉપદેશ નથી, કિન્તુ કેવળ સ્વપરહિતનો જ ઉપદેશ ભરેલો છે. તેના પ્રણેતાઓ સર્વજ્ઞ છે અને તેને અંગીકાર કરનાર મહાપુરૂષો મુમુક્ષુ અને ઉત્તમ પ્રકારના મુનિજનો છે.

આ રીતિએ શ્રી જિનમત અને ઇતર મતોમાં તેના અનુયાયીઓની અપેક્ષાએ પણ મોટો ભેદ છે. એ જ વાતને પૂ. કલિકાલસર્વજ્ઞ આચાર્યભગવાન શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા નીચેના શબ્દોમાં ફરમાવે છે કે—

"हितोपदेशात्सकलज्ञक्लृप्तेः, मुमुक्षुसत्साधुपरिग्रहाच्च ।
पूर्वापरेऽर्थेऽप्यविरोधसिद्धे-स्त्वदागमा एव सतां प्रमाणम् ॥१॥"

હિતનો ઉપદેશ કરનાર હોવાથી, સર્વજ્ઞપ્રકાશિત હોવાથી, મુમુક્ષુ અને ઉત્તમ સાધુજનોથી સ્વીકારાયેલ હોવાથી તથા પૂર્વાપર વિરોધનો લેશ પણ નહિ હોવાથી, હે નાથ ! તારાં આગમો એ જ સજ્જનોને પ્રમાણ છે.

ગચ્છની પ્રામાણિકતાનો આધાર મૂખ્યત્વે તેના નાયકો અને અનુયાયીઓ ઉપર આધાર રાખે છે. જે ગચ્છના નાયકો યાકિનીમહત્તરાસૂનુ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા જેવા સૂરિપુંગવો છે, કલિકાલસર્વજ્ઞ આચાર્યભગવાન શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા જેવા મુનિપતિઓ છે અને જ્ઞાનક્રિયાના અખંડ પ્રતિપાલક, તપાબિરૂદધારક હીરલા જગચ્ચન્દ્રસૂરીશ્વરજી મહારાજા અને તેમના ઉત્તમોત્તમ શિષ્યવર્યો છે, તે ગચ્છને પણ અપ્રમાણિક કે તે ગચ્છની ક્રિયાઓને પણ આગ્રહથી ઉપજાવી કાઢેલી મનાવવી, એના જેવું સત્યનું ખૂન બીજું એક પણ નથી. આચાર્યભગવાન શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા આદિ એ મહાનેતાઓ પણ પરમ શાસનપ્રભાવક ચરમ દશપૂર્વધર આચાર્યભગવાન શ્રીમદ્ વજ્રસ્વામિજી મહારાજા આદિ મહાપુરૂષોએ સ્વીકારેલ અને આચરેલ સામાચારીને અંગીકાર કરનારા છે, માટે તેઓ પરમ પ્રામાણિક છે અને તેઓના જ માર્ગને અનુસરનારા અન્ય સર્વ મહાપુરૂષો

પણ તેટલા જ પ્રામાણિક છે. તેઓની આજ્ઞામાં રહેવું, તેઓના માર્ગે ચાલવું અને તેઓનાં વચનો વિચારવાં, આચરવાં તથા પ્રચારવાં, એ જ એક આ અપાર ભવસાગરમાંથી તરવાનો અનુપમ માર્ગ છે. એ માર્ગની વિરૂદ્ધ અજાણતાં પણ બોલવું એ મહાપાપ છે: એટલું જ નહિ, પણ એવું વચન આત્માને દુર્લભબોધિ અને સન્માર્ગનો વિરોધી બનાવનાર છે.

શ્રી જિનમતની સ્તુતિ

સરળ આત્માઓ માટે શ્રી જિનમતની પ્રામાણિકતા સમજવા માટે અને વર્તમાનમાં પણ પ્રામાણિક મહાપુરૂષોની પરમ્પરા દ્વારાએ શ્રી જિનમતની પ્રાપ્તિ શક્ય છે, એ વસ્તુને સ્થિર કરવા માટે આટલું વિવેચન બસ છે: તો પણ પ્રત્યેક પાક્ષિકાદિ પ્રતિક્રમણમાં ગવાતી શ્રી જિનમતની એક સુંદર સ્તુતિ ગાવાનું અહીં મન થઈ આવે છે.

"अर्हद्वक्त्रप्रसूतं, गणधररचितं, द्वादशाङ्गं विशालं,
चित्रं, बह्वर्थयुक्तं, मुनिगणवृषभर्धारितं बुद्धिमद्भिः ।
मोक्षाग्रद्वारभूतं, व्रतचरणफलं, ज्ञेयभावप्रदीपं ।
भक्त्या नित्यं प्रपद्ये, श्रुतमहमखिलं, सर्वलोकैकसारम् ॥१॥"

સ્તુતિમાં શ્રી જિનમતને અનેક વિશેષણો દ્વારાએ સ્તવેલ છે. 'શ્રી અરિહંત પરમાત્માઓના મુખકમળમાંથી નીકળેલ, શ્રી ગણધરદેવોની બીજબુદ્ધિથી રચાયેલ અને બુદ્ધિનિધાન તથા મુનિમાર્ગને વહન કરવામાં વૃષભ સમાન મુનિનાયકો વડે ધારણ કરાયેલ.'–એ ત્રણ વિશેષણો ખાસ ધ્યાન ખેંચે છે. એવા શ્રી જિનમત પ્રત્યે પણ જો શ્રદ્ધા ન પ્રગટે, તો દુષમકાળનો પ્રભાવ સમજવો અથવા તો જીવોની ગુરૂકર્મિતાનો પ્રભાવ સમજવો. શ્રી જિનમતની ઉપેક્ષા પણ જો આત્માને અનન્ત સંસારમાં રખડાવનારી છે, તો તેનાથી વિરૂદ્ધભાવ ધારણ કરવો, એ માટે તો કહેવું જ શું? શ્રી જિનમતની પ્રાપ્તિ

સિવાય મુક્તિના ઇરાદે પણ હજારો વર્ષ તપ તપવા છતાં અને સેંકડો યુગો સુધી યોગની પ્રક્રિયાઓ સાધવા છતાં, મુક્તિને પામી શકાતું નથી. તપ અને યોગ પણ તેઓને જ ફળે છે, કે જેઓને સમ્યક્ પ્રકારે શ્રી જિનમતની પ્રાપ્તિ થાય છે. એનું મૂખ્ય કારણ શ્રી જિનમતની યથાર્થભાષિતા છે.

લેખાંક ૬ ઠ્ઠો :

શ્રદ્ધાસંપન્ન આત્માની વિચારણા

યથાર્થભાષી શ્રી જિનમતના એક પણ પદની ભાવથી પ્રાપ્તિ કરનાર આત્માનો ત્યાગ અને વૈરાગ્ય નિર્દમ્ભ બની જાય છે, એ વસ્તુ સમજવા માટે હવે આપણે શ્રી જિનમતની નિરૂપણ કરવાની શૈલિ તરફ આવીએ.

શ્રી જિનમતના એક પણ પદમાં સર્વ પદોનો સંગ્રહ છે.

'जे एगं जाणइ, से सव्वं जाणइ,
जे सव्वं जाणइ, से एगं जाणइ ।'

—એ શ્રી જિનમતનું પ્રધાન સૂત્ર છે. શ્રી જિનમતના એક પણ પદનો વિચાર સર્વ પદોના જ્ઞાનમાં પર્યવસાન પામે છે. એ કારણે સર્વ દુઃખથી મુક્ત થવા માટે, ભાવથી શ્રી જિનવચનના એક પણ પદની પ્રાપ્તિ બસ છે. અહીં ભાવથી કહેવાનો ઉદ્દેશ એ છે કે–એક પણ પદને ભાવથી પામનાર અન્ય સર્વ પદોને પામવાની અભિલાષા-વાળો હોય જ છે. એની એ અભિલાષા જ અંતરાયોનો નાશ કરવા માટે સમર્થ છે. એ અભિલાષાનું બીજું નામ રૂચિ છે અને એ રૂચિનું નામ જ અહીં શ્રદ્ધા છે. શ્રદ્ધાયુક્ત અલ્પ પણ બોધ આ રીતિએ આત્માનો નિસ્તાર કરનારો થાય છે.

અલ્પમાં અલ્પ ક્ષયોપશમવાળો પણ એક પદનું જ્ઞાન ન કરી શકે–એમ માનવું એ વ્યાજબી નથી: બલ્કે એક નહિ કિન્તુ અનેક પદોનો બોધ કરી શકે, એમ માનવું એ જ વધારે વ્યાજબી છે. એ દૃષ્ટિએ શ્રી જિનવચનાનુસાર ભવસ્વરૂપના ચિન્તનથી ભવ પ્રત્યે વિરાગવાન બનેલો આત્મા, કેવી કેવી વિચારણા સંક્ષેપથી અગર વિસ્તારથી કરે છે, તેને આપણે ઉપર ઉપરથી પણ જોઈ જઈએ. એવી વિચારણાવાળા આત્મામાં દંભનો લેશ પણ ન હોય, એ કહેવું પડે તેમ નથી.

આ સંસાર દુઃખ રૂપ છે : કારણ કે–તે જન્મ, જરા, મરણ, રોગ અને શોકથી ભરેલો છે. આ સંસાર દુઃખફળવાળો છે: કારણ કે–તે જન્માદિકનું પરિણામ પણ દુઃખ રૂપ છે. આ સંસાર દુઃખની પરમ્પરાવાળો છે : કારણ કે–એક જ જન્મમાં અનેક જન્મોની પરમ્પરા કરાવે તેટલાં કર્મોનો સંચય થાય છે.

આ સંસારની ચારેય ગતિમાંથી એક પણ ગતિમાં સુખ નથી. દેવોને પ્રપાત, મત્સર અને પરાધીનતાનું દુઃખ છે : મનુષ્યોને નિર્ધનતા, રોગ અને શોક આદિનું દુઃખ છે : તિર્યંચોને ભૂખ, તૃષા અને પરાધીનતાનું દુઃખ છે તથા નારકીઓને શીત, ઉષ્ણ, અંધકાર અને અશુચિ આદિનાં ભયાનક દુઃખો છે.

મનુષ્યના એક જ ભવમાં ગર્ભવાસનાં દુઃખો છે અને જન્મતી વખતનાં, બાલ્યાવસ્થાનાં તથા વૃદ્ધાવસ્થાનાં ભયંકર કષ્ટો છે : જ્યારે સુખ તો માત્ર મધુબિન્દુ સમાન છે.

એકેન્દ્રિયાદિની કાયસ્થિતિ અનંતી અને અસંખ્યાતી ઉત્સર્પિણી–અવસર્પિણી પર્યંતની છે. અસંખ્યાત વર્ષનો એક પલ્યોપમ છે. દશ કોડાકોડી પલ્યોપમનો એક સાગરોપમ છે. દશ કોડાકોડી સાગરોપમની એક ઉત્સર્પિણી છે અને દશ કોડાકોડી સાગરોપમની એક અવસર્પિણી છે. વીસ કોડાકોડી સાગરોપમનું એક કાળચક્ર છે. એવાં

અનન્ત કાળચક્રોનો એક પુદ્ગલપરાવર્ત છે. એવા અનન્ત પુદ્ગલપરાવર્તો આ જીવે અવ્યવહાર રાશિની સૂક્ષ્મ નિગોદમાં ગાળ્યા. અનન્તા પુદ્ગલપરાવર્તો વ્યવહાર રાશિની સૂક્ષ્મ નિગોદોમાં પસાર કર્યા. બાદર નિગોદમાં પણ અનન્તો કાળ ગુમાવ્યો. પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય અને વાઉકાય આદિ યોનિઓમાં અસંખ્ય કાળ વિતાવ્યો. વિકલેંદ્રિયોમાં અસંખ્ય કાળ પૂરો કર્યો. અસંજ્ઞી પંચેંદ્રિયપણામાં અસંખ્ય કાળ પસાર કર્યો તેમજ સંજ્ઞી પંચેંદ્રિયપણે પણ સર્વ ગતિઓમાં અનન્તકાળ સુધી આ જીવ ફરી ચૂકયો.

પ્રત્યેક ભવમાં નાના પ્રકારનાં દુ:ખો અનુભવ્યાં. કવચિત્ શુભ કર્મના યોગે સુખ અનુભવ્યાં, તો તે અધિક દુ:ખને માટે જ થયાં. દેવલોકના વિમાનનાં સુખ અનુભવ્યાં, કિન્તુ અન્તે પૃથ્વીકાય થયો. મનુષ્યોની રાજઋદ્ધિ ભોગવી, તો પરિણામે સાગરોપમોનાં નારકીનાં દુ:ખોને સહ્યાં.

પ્રત્યેક ગતિમાં શરીર મળ્યું તો હિંસા કરી, વાણી મળી તો જૂઠું બોલ્યો, મન મળ્યું તો દુર્ધ્યાન કર્યું અને સામગ્રી અધિક મળી તો અધિક પાપ બાંધ્યું તથા થોડી મળી તો દીન બન્યો.

કોઈ વખત રાજા થયો, તો કોઈ વખત રંક થયો. કોઈ વખત બુદ્ધિમાન બન્યો, તો કોઈ વખત નિર્બુદ્ધિમાનનો આગેવાન બન્યો. કોઈ વખત રૂપવાન થયો, તો કોઈ વખત કદ્રૂપો થયો. કોઈ વખત ઉત્તમ જાતિમાં જન્મ્યો, તો કોઈ વખત અધમ જાતિમાં જન્મ્યો. કોઈ વખત સારૂં કુળ મળ્યું, તો તેનો મદ કર્યો. કોઈ વખત અધમ કુળ મળ્યું, તો અધમ ધંધા આચર્યા.

કોઈ વખત ગર્વ તો કોઈ વખત દીનતા, કોઈ વખત હર્ષ તો કોઈ વખત શોક, કોઈ વખત ક્રોધ તો કોઈ વખત લોભ, એમ અનેક વિકારોને આ જીવ વશ થયો. એથી નવાં ચીકણાં કર્મ ઉપાર્જન કર્યાં અને તેના ઘોર વિપાક દુર્ગતિમાં વારંવાર સહ્યા.

કોઈ પણ ભવમાં ધર્મબુદ્ધિ જાગી નહિ, વીતરાગને ઓળખ્યા નહિ, નિર્ગ્રન્થોને પીછાન્યા નહિ, દયાને સમજ્યો નહિ, કદાગ્રહને છોડ્યો નહિ, સંસારને અસાર માન્યો નહિ, સંસારથી છૂટવા માટે પ્રયાસ કર્યો નહિ અને હિતકારિના હિતકર ઉપદેશોને ગણ્યા નહિ.

ભવોભવ વિરાધના કરીને સંસારમાં ભટક્યો, પરાધીનપણે દુઃખો સહીને અકામનિર્જરા કરી, શ્રી જિનધર્મની નિકટ પણ આવ્યો, પરન્તુ અનાદિના અસદ્ અભ્યાસના યોગે એ ધર્મ રૂચ્યો નહિ.

દુનિયાનાં દુઃખોને સહ્યાં, પણ તપનાં કષ્ટોથી ધ્રૂજારી પામ્યો. મરતી વખત માલમીલ્કત મૂકીને મરી ગયો, પણ હાથે કરી દાન દીધાં નહિ. શરીર રોગથી ગ્રસ્ત બન્યું, પણ નિરોગી કાયાને શીલસંપન્ન બનાવી નહિ. પુદ્ગલના ભોગ અહોનિશિ ચિન્તવ્યા, પણ શ્રી વીતરાગદેવને એક ક્ષણ વાર પણ ધ્યાયા નહિ. રાત્રિદિવસ પાપવિચારોને કર્યા, પણ પુણ્યવિચારોને ઘડીભર સેવ્યા નહિ. અન્તે પાપથી ભારે થઈ એકેન્દ્રિયાદિક નીચ ભવોમાં ભમ્યો.

મનુષ્યભવ અને દેવભવાદિ કવચિત્ પામ્યો, તે વખતે પાછું અનન્ત ભવભ્રમણ વધારીને જ મર્યો. આ દયામણી હાલતથી મુક્ત કરાવનાર શ્રી જિનેશ્વરદેવ મળ્યા, તેમની આજ્ઞાએ વર્તતા સદ્-ગુરૂઓ મળ્યા, તેમણે કહેલાં આગમો પ્રાપ્ત થયાં, પણ તેના ઉપર સદ્ભાવ થયો નહિ.

અનન્તી વાર ઉંચે આવીને નીચે પટકાણો. જેને અનન્તી વાર પાળ્યા અને પોષ્યા, તેમાંના કોઈએ પણ આપત્તિ વખતે હાથ ઝાલ્યો નહિ. અનન્તાનન્ત શરીરોનું મમત્વ કર્યું, પણ પ્રત્યેક ભવે દગો દઈને તે ચાલતું થયું. અનન્તા સ્વજનોને મારા માન્યા, પણ મરતી વખતે કોઈ મારા થયા નહિ. લક્ષ્મીને મેળવવા માટે અનન્તું કષ્ટ સહ્યું, પણ તેમાંની રાતી પાઈ પણ સાથે આવી નહિ. આમ સંસારની પ્રત્યેક વસ્તુએ દગો દીધો, તો પણ હું તેને મારી માનતાં ભૂલ્યો નહિ.

શ્રી જિનાગમ રૂપી દીપક મળ્યા છતાં, હૈયામાં તે ધર્યો નહિ

અને અનન્ત કાળ સુધી અન્ધકારમાં આથડ્યો. હવે મારા આત્મામાં શ્રી જિનાગમ રૂપી દીપકના પ્રભાવે કિંચિત્ પ્રકાશ થયો. એ પ્રકાશના બળે તારકને ઓળખ્યા, તારકના માર્ગને પીછાન્યો અને અનાદિની અવિદ્યા સમજાણી. એ અવિદ્યાના પાશમાંથી મુક્ત થવા માટે નિશ્ચય કર્યો. સદ્‌ગુરૂની સહાય લીધી, સંયમ રૂપી નાવ ઉપર આરૂઢ થયો, પણ એ નાવમાં અનેક આશ્રવ રૂપી છિદ્રા પાડ્યાં. એથી ફેર ભયંકર સંસારસાગરના તળીયે ગયો. એમ અનેક વાર ઉંચે આવ્યો અને નીચે ડૂબ્યો.

સામાન્ય આશ્રવોને રોક્યા તો મહા આશ્રવ સ્વરૂપ મિથ્યાત્વને સ્વીકાર્યું. મિથ્યાત્વના યોગે ફેર ભટક્યો.

જ્ઞાન અને ચારિત્ર પામ્યો, તોય તપ તપવામાં કાયર બન્યો.

નવીન આશ્રવ ન થયો, તો પણ અસંખ્ય પ્રદેશે વળગેલી અનન્તી કર્મની વર્ગણાઓ દુઃખ દેવા તત્પર બની. તેને તપાવવા માટે હાથમાં આવેલો તપનો રામબાણ ઈલાજ ન લીધો.

આ સ્થિતિ કેટલો વખત લંબાશે, તેના વિચારથી પણ હું ત્રાસી જાઉં છું. હવે તો ગમે તેમ થાઓ, કિન્તુ કોઈ પણ ભવમાં શ્રી જિનેશ્વરદેવ, તારક સદ્‌ગુરૂ અને તેમણે સમજાવેલો ધર્મ ન ભૂલાઓ. તે ધર્મથી સહિત દાસપણું ભલે હો, પરન્તુ શ્રી વીતરાગભાષિત ધર્મશૂન્ય ચક્રવર્તિપણાની પણ હવે મને ઈચ્છા નથી.

આ દગાખોર દુનિયાનો વિશ્વાસ મેં બહુ કાળ સુધી કર્યો. હવે એના વિશ્વાસે એક ક્ષણ પણ હું ચાલવા ઈચ્છતો નથી. શ્રી વીતરાગદેવ અને શ્રી નિર્ગ્રંથ ગુરૂઓની આજ્ઞા વિના એક ડગ પણ ભરવા હું માગતો નથી.

ભવોભવ મને એ તારકોનું શરણ હોજો. એ તારકોના માર્ગનો વિયોગ મને કોઈ પણ ભવમાં નહિ પડજો. આટલી જ મારી છેવટની પ્રાર્થના છે. એ પ્રાર્થના અચિન્ત્ય શક્તિસંપન્ન શ્રી વીતરાગ અને શ્રી નિર્ગ્રન્થ ગુરૂઓના પસાયે પાર પડજો, પાર પડજો, પાર પડજો.

સમતાસુખની મહત્તા

આ જાતિની ચિન્તવના શ્રદ્ધાસંપન્ન આત્મામાં સતત્ જાગે છે. એ ચિન્તા એનાં અશુભ કર્મોને બાળી નાંખે છે. સુદેવ, સુગુરૂ અને સુધર્મના આલંબનથી તે આત્માની પ્રતિદિન શુદ્ધિ થતી જાય છે. અનાદિનો મોહ તેને સતાવે છે, તો પણ પાછો તે સાવધ બની જાય છે. મમતા રૂપી પિશાચિણી ધીમે ધીમે તેના હૈયા ઉપરથી અદૃશ્ય થાય છે. સમતા રૂપી સ્ત્રી તેના હૃદયમાં સ્થાન લે છે. તે મમતાની સાથે શત્રુતા અને સમતાની સાથે મિત્રતા સાધે છે. મમત્વનો નાશ થતાંની સાથે જ આત્મામાં સમતા પ્રગટ થાય છે. એ સમતા એ જ સકલ સુખનું મૂળ છે. સ્વર્ગનું સુખ દૂર છે અને મુક્તિનું સુખ તો તેથી પણ દૂર છે : પણ સમતાના આવવાથી જે સુખનો અનુભવ થાય છે, તે તો હૃદયને પ્રત્યક્ષ છે. એમાં કોઈની સાક્ષીની આવશ્યકતા નથી. સમતા રૂપી અમૃતરસનો આસ્વાદ કર્યા પછી શૃંગારાદ રસનો આસ્વાદ, એ આત્માને વિષ સમાન ભાસે છે. વિષયરસનો વિપાક પરિણામે કટુ છે. સમતારસનો આસ્વાદ પરિણામે મધુર છે. વર્તમાન અને ભાવિનાં અનન્ત સુખોનો ઉત્પાદ કરનાર સમતારસની મધુરતાને ચાખ્યા પછી, બીજા રસોને ચાખવાનો રસ આત્માને રહેતો નથી. એ સમતા યોગિઓને પ્રાણથી પણ પ્રિય છે અથવા યોગિઓના પ્રાણ જ સમતા છે. સમતા રૂપી પ્રાણ હણાયા પછી યોગી યોગી રહેતો નથી. એ કારણે, યોગીપુરૂષો પોતાનો સઘળો પ્રયત્ન એ સમતા રૂપી પ્રાણની રક્ષા કરવા માટે જ કરે છે. એનું જ નામ ઉત્કૃષ્ટ વૈરાગ્ય છે. એ વૈરાગ્યની પ્રાપ્તિ સિવાય સુખનાં ફાંફાં એ વ્યર્થ છે. સંસાર પ્રત્યેનો વૈરાગ્ય, એ જ અનુપમ સુખ છે. એની અવગણના કરીને સુખી થવાની આશા સેવનારા, બાવળીયા સાથે બાથ ભીડીને સુખી થવાને ઇચ્છનારા છે. પાણીમાંથી માખણ કે રેણુમાંથી તેલ કાઢવું જેટલું દુષ્કર છે, તેથી કેઇગુણું દુષ્કર વિના વૈરાગ્યે સુખ પ્રાપ્ત કરવું તે છે.

વૈરાગ્ય રૂપ રસાયણથી મોહનાશ

વૈરાગ્યની પ્રાપ્તિ શ્રી વીતરાગદેવના અવલંબન સિવાય શક્ય નથી. શ્રી વીતરાગદેવ સિવાય અન્ય દેવોનાં કે તેમણે કહેલાં શાસ્ત્રોનાં અવલંબનોથી પ્રાપ્ત થતો વૈરાગ્ય એ અધુરો છે : અથવા વૈરાગ્ય જ નથી, કિન્તુ વૈરાગ્યાભાસ છે. એવા વિરાગની પ્રાપ્તિ તો આ જીવે અનન્તી વાર કરી, પણ સંસારપરિભ્રમણ એક કદમ પણ ઘટયું નહિ. શ્રી વીતરાગદેવનો વૈરાગ્ય એ સંસારના મૂળમાં જ ઘા કરે છે, અને અનાદિની મોહવાસનાઓને તોડી નાખે છે. વૈરાગ્યના માર્ગમાં શ્રી વીતરાગદેવનું શરણુ છોડી અન્યનું શરણુ સ્વીકારવું, એ હાથમાં આવેલ નાવને છોડી ભરસમુદ્રમાં પત્થરની શિલાને પકડવા જેવું છે. શ્રી વીતરાગદેવનું શરણુ એટલે તેમણે ફરમાવેલી આજ્ઞાનું પાલન. શ્રી વીતરાગદેવની આજ્ઞા જાણુવાનું સાધન આગમ છે અને એ આગમનું રહસ્ય સમજાવનાર ગીતાર્થ મુનિવરો છે. તેઓની નિશ્રા સ્વીકારી, જે કોઈ આત્માઓ દત્તચિત્તે શ્રી જિનભાષિત ગ્રહણ અને આસેવન શિક્ષાનો અભ્યાસ કરશે, તે આત્માઓ મોહરાજાના મર્મોથી માહિતગાર થઈ, તેના પ્રત્યેક મર્મોને ભેદવાનું અવિકળ સામર્થ્ય પ્રાપ્ત કરી શકશે. વૈરાગ્ય એક મહાન્ સદ્ગુણ છે, એ કહેવાનું તાત્પર્ય પણ એ જ છે. વિના વૈરાગ્યે મોહની જાળમાંથી છૂટવું એ પંડિતો માટે પણ અશકય છે. શ્રી જિનપ્રવચન, એ વૈરાગ્યરસનો ભંડાર છે. કલ્યાણકામી આત્માઓ તેનું ઘુંટડા ભરી ભરીને પાન કરો. એ અમૃતરસનું પાન છે અને જન્મ-જરા-મરણનો વિનાશ કરવા માટેનું રસાયણ છે. શ્રી જિનવૈદ્ય તેના દાતાર છે. એ વૈદ્યના શરણે જઇ સૌ કોઈ પોતાના દુઃખને કાપવાનો અને સુખને શોધવાનો ઉદ્યમ કરો, એ જ એક અભ્યર્થના. —સંપૂર્ણ

'ઇતિહાસ' અને 'આગમ'

પ્રમાણનું

શ્રી જૈનશાસનમાં સ્થાન

આનન્દની વાત

'**इति इह आसीत्**।'–એ વ્યુત્પત્તિ ઉપરથી ઇતિહાસ શબ્દ 'ભૂતકાળના બનાવોની નોંધ'–એ અર્થમાં રૂઢ થયો છે. પ્રમાણશાસ્ત્રોમાં એ ઐતિહ્ય પ્રમાણ '**इतीहोचुरित्यनिर्दिष्टप्रवक्तृकं प्रवादपारम्पर्यम्**।'–નામથી પણ ઓળખાય છે. વર્તમાનમાં ઐતિહાસિક પ્રમાણ, એ નામથી પણ પ્રસિદ્ધ છે. પરન્તુ બધાનું તાત્પર્ય એ છે કે–'અમૂક કાળે અને અમૂક સ્થળે પૂર્વે આ પ્રમાણે હતું.'–એ જાતિનું શબ્દ દ્વારા થનારૂં જ્ઞાન, એનું નામ ઇતિહાસપ્રમાણથી થનારૂં જ્ઞાન છે. સૌભાગ્યની વાત છે કે–આજે ઐતિહાસિક પ્રમાણ પ્રત્યે લોકોનો સદ્ભાવ અને વિશ્વાસ વધતો જાય છે. કેવળ પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ થનારી વસ્તુઓને જ પ્રમાણભૂત તરીકે સ્વીકારવાનો આગ્રહ રાખનારાઓની બહુલતાવાળા ચાલુ જમાનામાં, ઇતિહાસ જેવા છેક જ પરોક્ષ પ્રમાણ ઉપર વિશ્વાસ મૂકવાની વૃત્તિ આવતી જાય, એ સર્વ પ્રકારનાં યથાર્થ જ્ઞાનોને પ્રમાણ તરીકે સ્વીકારનાર વર્ગને અમૂક અપેક્ષાએ આનન્દ આપનાર હોય, એમાં લેશ માત્ર આશ્ચર્ય નથી.

વિજય કોનો ?

ઇતિહાસ એ પ્રત્યક્ષ પ્રમાણુ નથી કિન્તુ પરોક્ષ પ્રમાણુ છે, એ વાત પ્રમાણુશાસ્ત્રના જ્ઞાતાઓને સમજાવવી પડે તેમ નથી. ઇન્દ્રિય-સમ્બદ્ધ અર્થનું કેવળ વર્તમાનકાળ વિષયક જ્ઞાન કરાવનાર પ્રમાણુ એ પ્રત્યક્ષપ્રમાણુ છે, જ્યારે ઐતિહ્યપ્રમાણુ એ વર્તમાનકાળમાં ઇન્દ્રિયાતીત બનેલા એવા પદાર્થો ઘણા કાળ પૂર્વે તે કેવા હતા, એનું લોકપ્રવાદ દ્વારા જ્ઞાન કરાવે છે. એ કારણે એ પરોક્ષ છે એટલું જ નહિ, કિન્તુ ન્યાયશાસ્ત્રપ્રસિદ્ધ અનુમાનાદિ પરોક્ષ પ્રમાણો કરતાં પણુ એ છેવટનું પરોક્ષ છે. કેવળ પ્રત્યક્ષ પ્રમાણુ જ જેઓને માન્ય છે, તેઓને જો કે ધૂમાદિ હેતુઓના પ્રત્યક્ષ દ્વારા અગ્નિ આદિનાં અનુમાનો વ્યવહાર ચલાવવા માટે સ્વીકારવાં પડે છે, તો પણુ કોઈ પણુ જાતિના (પદાર્થ અગર હેતુના) પ્રત્યક્ષ વિના, માત્ર કોઈના કથનથી કથનકારના કહેવા મુજબ પદાર્થોનો સ્વીકાર કરવા માટે તેઓ તૈયાર હોતા નથી. એ જ કારણે સ્વર્ગ, નરક અને પરલોકાદિ (સર્વજ્ઞોના જ્ઞાન અને કથન દ્વારાએ સિદ્ધ) પદાર્થોને પણુ તેઓ માનતા નથી. આગમપ્રમાણુની આ રીતિએ અવગણુના કરનારા પણુ, જો ઐતિહ્યપ્રમાણુને આગમપ્રમાણુથી પણુ અધિક માન આપવા તૈયાર થતા હોય, તો તે પણુ એક પ્રકારે આગમપ્રમાણુનો જ વિજય છે.

લૌકિક અને લોકોત્તર

ઐતિહ્યપ્રમાણુ, એ આગમ (શબ્દ) પ્રમાણુથી ભિન્ન વસ્તુ નથી. શ્રી જૈનશાસનમાં તીર્થંકરાદિ લોકોત્તર પુરૂષોનાં વચનોને જેમ આગમપ્રમાણુ કહેવામાં આવે છે, તેમ માતા-પિતાદિ લૌકિક યથાર્થ વક્તાઓના વચનને પણુ આગમપ્રમાણુ જ કહેવામાં આવે છે. તફાવત માત્ર એટલો જ છે કે-એક ઇહલૌકિક અને પારલૌકિક ઉભય પ્રકારના એકાન્તિક અને આત્યન્તિક હિતને બતાવનાર હોવાથી, તેને લોકોત્તર આગમપ્રમાણુ કહેવામાં આવે છે અને બીજું કેવળ ઇહલૌકિક હિતની પણુ અનેકાન્તિક અને અનાત્યન્તિક વાતને જણુાવનાર હોવાથી,

તેને લૌકિક આગમપ્રમાણુ કહેવામાં આવે છે. આ પ્રકારે લૌકિક અને લોકોત્તર-એમ ભેદ પડી જતો હોવા છતાં, બન્ને પ્રમાણુ રૂપ છે-એ વાતમાં શ્રી જૈનશાસનને વિવાદ નથી. પ્રમાણુતા કે અપ્રમાણુતાનો આધાર વસ્તુની યથાર્થ કે અયથાર્થ પ્રાપ્તિ (જ્ઞાન) ઉપર છે, જ્યારે લોકોત્તરતા અને લૌકિકતાનો આધાર વસ્તુના યથાર્થ જ્ઞાન સાથે હિતાહિતની તેવા પ્રકારની ચિન્તા અને અચિન્તા ઉપર અવલંબિત છે. જેવો અર્થ કે બનાવ છે તેવું જ વચન હોય, તે છતાં પણુ જો તે હિતકર ન હોય અને અહિતકર હોય, તો તે લોકોત્તર આગમ-પ્રમાણુ બની શકતું નથી. લોકોત્તર આગમપ્રમાણુમાં હિતની ચિન્તા પણુ હોય છે અને તેની સાથે તે હિત એકાન્તિક અને આત્યન્તિક હોવું જોઈએ-એની પણુ ચિન્તા હોય છે. લૌકિક આપ્તવાકયો માટે તે નિયમ હોતો નથી.

પારમાર્થિક પ્રત્યક્ષ

લૌકિક અને લોકોત્તર આગમપ્રમાણુમાં આ જાતિનો તફાવત હોવાથી, એકાન્તિક અને આત્યન્તિક હિતના અર્થી આત્માઓ માટે લોકોત્તર આગમપ્રમાણુ સિવાય બીજું કોઈ પણુ પ્રમાણુ તેટલું માન્ય થઈ શકે નહિ એ સહજ છે : કિન્તુ તેટલા માત્રથી અન્ય પ્રમાણો અપ્રમાણુ થઈ જતાં નથી. અર્થાવ્યભિચારીપણું એજ એક પ્રમાણુના પ્રામાણ્યનું લક્ષણુ છે અને તે જ્યાં જ્યાં લાગુ થતું હોય તે સઘળાં પ્રમાણો પ્રમાણુ છે. એ જ કારણે શ્રી જૈનશાસનને પ્રત્યક્ષ અને પરોક્ષ એ ઉભય પ્રમાણો એકસરખાં સ્વીકાર્ય છે. એક નાસ્તિકદર્શનને છોડી, બીજા સઘળા દર્શનકારોએ પ્રત્યક્ષ અને પરોક્ષ–ઉભય પ્રમાણોને માન્ય રાખેલાં છે : તે છતાં જૈનદર્શન અને ઇતર દર્શનકારોની પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રમાણુવિષયક વ્યાખ્યાઓમાં મોટું અંતર છે. પ્રમાણુવિષયક જેવું સંગત, યથાર્થ અને સંપૂર્ણ નિરૂપણુ શ્રી જૈનદર્શનમાં કરવામાં આવેલું છે, તેવું ઇતર દર્શનોમાં નથી જ. પ્રત્યક્ષ અને પરોક્ષ, એમ નામ માત્રથી સામ્ય હોવા છતાં, જૈનદર્શન અને ઇતર દર્શનોનાં તદ્વિ-

ષયક વિવેચનો સમાન નથી. જૈનદર્શને વર્ણવેલ સકલ અને વિકલ પારમાર્થિક પ્રત્યક્ષનું ઇતરત્ર નામનિશાન નથી. સર્વ–દર્શન–સમભાવના નામે સસ્તી કીર્તિ ખરીદવા સજ્જ થયેલા આજના કેટલાક નામધારી પંડિતો ઇતરત્ર પણ તે નિરૂપણ છે, એમ સમજાવવા પ્રયાસ કરે છે, પરન્તુ તેઓનો તે પ્રયાસ પાંગળો છે. કેવળજ્ઞાન રૂપી સકલ પ્રત્યક્ષ અને મનઃપર્યવ તથા અવધિજ્ઞાન રૂપી વિકલ પ્રત્યક્ષનું જે જાતિનું સ્પષ્ટ નિરૂપણ શ્રી જૈનદર્શનમાં મળે છે, તે બીજે કયાંય નથી.

સર્વોપરિ પ્રામાણિકતા

કેવળ પારમાર્થિક પ્રત્યક્ષના વિષયમાં જ જૈનશાસન ઇતર શાસનોથી જૂદું પડે છે એમ નથી, કિન્તુ વ્યવહારિક પ્રત્યક્ષમાં પણ શ્રી જૈનશાસનનાં અને ઇતર શાસનોનાં નિરૂપણો વચ્ચે મોટું અંતર છે. '**अर्थोपलब्धिहेतुः प्रमाणम्**'–એમ કહીને કેટલાક દર્શનકારો ઇન્દ્રિય અથવા ઇન્દ્રિયાર્થસન્નિકર્ષને પણ પ્રમાણ કહે છે. ઇન્દ્રિયો કે તેના વ્યાપારો જડ હોવા છતાં, તેને પ્રમાણ તરીકે માનનાર ઇતર દર્શનકારો, વ્યવહારિક પ્રત્યક્ષના વિષયમાં પણ, જૈનદર્શનની તુલનાને પામી શકે તેમ નથી. ઇન્દ્રિયોનો વ્યાપાર હોવા છતાં પણ જો જ્ઞાનનો વ્યાપાર ન હોય, તો પદાર્થોનું જ્ઞાન થતું નથી, એ વાત અનુભવસિદ્ધ છે. તે છતાં ઇન્દ્રિયોને ઉપચરિત નહિ કિન્તુ મૂખ્ય પ્રમાણ તરીકે સ્વીકારનારા, લોકાનુભવસિદ્ધ પ્રત્યક્ષ પ્રમાણની પણ યથાર્થ ઉપપત્તિ કરી શકયા નથી.

જડસ્વરૂપ સન્નિકર્ષાદિ, પ્રમાણ (જ્ઞાનનાં સાક્ષાત્ સાધન) નહિ હોવા છતાં તેને જેમ પ્રમાણ માનનારા છે, તેમ માત્ર નિર્વિકલ્પક (અનિશ્ચયાત્મક) જ્ઞાનને જ પ્રમાણ માની સર્વ પ્રકારના સવિકલ્પક (નિશ્ચયાત્મક) જ્ઞાનને અપ્રમાણ તરીકે કહેનારાં દર્શન પણ છે. એટલું જ નહિ, પણ નિર્વિકલ્પક જ્ઞાનની પ્રમાણતા, અપ્રમાણ એવા સવિકલ્પક જ્ઞાનથી થનારી છે, એમ કહીને પ્રમાણવિષયક જ્ઞાનની સંગતિ કરવા માટે તેઓ નિષ્ફળ નિવડયા છે. કેટલાકોનું એમેય કહેવું છે કે–પ્રમાણ એ કેવળ સ્વપ્રકાશક છે, કિન્તુ પરપ્રકાશક નથી. એથી ઉલટું

કેટલાકો કહે છે કે-તે પરપ્રકાશક જ છે: સ્વયં તો તે અંધ જ છે. આ રીતિએ યથાર્થ જ્ઞાનના સાધનભૂત વસ્તુપ્રમાણનું સત્ય સ્વરૂપ શું છે એનો કોઈ પણ યથાર્થ નિર્ણય કરી શકયા નથી, જ્યારે શ્રી જૈનદર્શન એનો જે જાતિનો નિર્ણય આપે છે, તે એટલો બધો સંગત અને અતૂટ છે કે-કોઇ પણ નિષ્પક્ષ વિદ્વાન એ એક જ વસ્તુ દ્વારાએ શ્રી જૈનદર્શનની સર્વોપરિ પ્રામાણિકતાનો નિશ્ચય કરી શકે છે.

'**स्वपरव्यवसायि ज्ञानं प्रमाणम् ।**'–એ શ્રી જૈનદર્શનની સર્વથા સુસંગત પ્રમાણ સંબંધી વ્યાખ્યા છે. એ વ્યાખ્યાથી પ્રમાણ સંબંધી ઈતર દર્શનકારોની સર્વ પ્રકારની અનિશ્ચિત કલ્પનાઓનો મૂળથી નિરાસ થાય છે: પ્રમાણ એ જ્ઞાનસ્વરૂપ છે, એમ કહેવાથી જડસ્વરૂપ ઇન્દ્રિયાદિકને પ્રમાણ માનનારાઓનો નિરાસ થાય છે: પ્રમાણ એ વ્યવસાયિ છે, એમ કહેવાથી નિર્વિકલ્પકને પ્રમાણ કરીકે સ્વીકારનારનો નિરાસ થાય છે: પ્રમાણ એ પર (વ્યવસાયિ) છે, એમ કહેવાથી જ્ઞાનાદ્વૈતવાદિઓનો નિરાસ થાય છે: અને પ્રમાણ એ સ્વ (વ્યવસાયિ) છે, એમ કહેવાથી પ્રમાણને અસ્વપ્રકાશક માનનાર યોગ, સાંખ્ય, મીમાંસકાદિ સઘળાઓનો એક સાથે નિરાસ થાય છે. આ રીતિએ પ્રમાણનું સામાન્ય લક્ષણ પણ ઇતર દર્શનકારોનું અધુરૂં, અનિશ્ચિત અને અસત્ય છે: તો પછી તેનાં વિશેષ લક્ષણોમાં અનેક પ્રકારની અસંગતિઓ રહેલી હોય, એમાં કોઈ પણ જાતિનું આશ્ચર્ય નથી.

નિષ્ફળતા શાથી ?

નાસ્તિકદર્શન તો પ્રત્યક્ષ સિવાય અન્ય પ્રમાણોને સ્વીકારવાની જ ના પાડે છે: કારણ કે-તેમ કરવા જતાં તેના મતને મોટો ફટકો પડે છે. તેનો મત ભોગને તત્ત્વ માનનારો છે અને ભોગના ત્યાગને નિરર્થક આપત્તિ માનનારો છે. આગમાદિ વિશિષ્ટ પ્રમાણો ઉપર લક્ષ્ય આપવા જાય, તો તેનો મત સર્વથા હણાઈ જાય તેમ છે. એ કારણે એ પ્રમાણના લક્ષણની અધિક ઝંઝટમાં ઉતરતો જ નથી. ચાર્વાક સિવાયના દર્શનકારો ક્ષણિક સુખ અને શાન્તિ કરતાં શાશ્વત સુખ

અને શાન્તિને પ્રધાનતા આપનારા છે, તેથી તેઓ ભોગને પ્રધાનપદ આપતા નથી, કિન્તુ ભોગના ભોગે પણ અધિક સુખ અને શાન્તિ મળતાં હોય, તો તેને સ્વીકારવા તૈયાર રહે છે. એ જ કારણે ચાર્વાકને છોડી અન્ય સઘળા દર્શનકારોએ કેવળ પ્રત્યક્ષ પ્રમાણ માનીને સંતોષ પકડયો નથી, કિન્તુ જેટલા પ્રકારનાં યથાર્થ જ્ઞાનો અને તેનાં સાધનો પ્રાપ્ત થાય, તે સઘળાંને પ્રમાણ તરીકે સ્વીકારવા તૈયાર રહ્યા છે: પરન્તુ સત્યને સ્વીકારવાની તૈયારી માત્રથી સઘળાને સત્યની પ્રાપ્તિ થઈ જાય, એ કદી જ શકય નથી. સંપૂર્ણ સત્યની પ્રાપ્તિ સંપૂર્ણ જ્ઞાનીનાં વચનોની પ્રાપ્તિ ઉપર આધાર રાખે છે. જ્ઞાની પણ દોષવાન હોય તો યથાર્થ કહી શકતો નથી. જૈનદર્શનની માન્યતા પ્રમાણે તો થોડો પણ દોષ બાકી હોય, ત્યાં સુધી સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત જ થઈ શકતું નથી. જૈનમત મુજબ સંપૂર્ણ જ્ઞાની તે જ હોય છે, કે જે સર્વથા દોષરહિત બન્યા હોય છે. થોડા પણ રાગાદિ દોષથી યુક્ત આત્મા સંપૂર્ણ જ્ઞાની બની શકે, એ સંભવિત નથી. સંપૂર્ણ સત્યની પ્રાપ્તિ સંપૂર્ણ જ્ઞાની અને સર્વથા દોષરહિત એવા યથાર્થભાષી વક્તાઓના કથન ઉપર અવલંબેલી છે. એ જ એક કારણ છે કે–ઈતર દર્શનકારો ભોગસુખ કરતાં સત્ય સુખને પ્રધાનપદ આપનારા હોવા છતાં, સાચા માર્ગને પામી શકવા માટે નિષ્ફળ નિવડયા છે.

સંખ્યા વિષયક ભ્રાન્તિ

પ્રમાણના વિષયમાં પણ તેમજ બન્યું છે. પ્રત્યક્ષ ઉપરાન્ત પરોક્ષ પ્રમાણ, એ ચાર્વાક સિવાય સર્વ દર્શનકારોને સ્વીકાર્ય હોવા છતાં, તેમાં પણ અનેક પ્રકારની ભ્રાન્તિઓના ભોગ તેઓને થવું પડયું છે. કેટલાકોએ પ્રત્યક્ષ ઉપરાન્ત એક અનુમાનપ્રમાણ અધિક માની સંતોષ પકડયો છે, જ્યારે બીજાઓએ અનુમાન સાથે ઉપમાનને પણ માન્યું છે: કેટલાકોએ એ ત્રણ ઉપરાન્ત ચોથા શબ્દપ્રમાણને પણ માન્યું છે: કેટલાક એ ચાર ઉપરાન્ત અર્થાપત્તિ, અભાવ, સંભવ અને ઐતિહ્ય,–એમ અનુક્રમે પાંચ, છ, સાત અને યાવત્ આઠ પ્રમા-

ણોને પણ માને છે. પરમાર્થદષ્ટિએ વિચાર કરતાં ઉક્ત આઠે પ્રમાણોને માનનાર પણ સંપૂર્ણ પ્રમાણોને માની શકયા નથી : કારણ કે-એ ઉપરાન્ત સ્મરણ, પ્રત્યભિજ્ઞાન, તર્ક આદિ અનેક પ્રસિદ્ધ પ્રમાણો માનવાનું બાકી જ રહી જાય છે. એ રીતિએ પ્રમાણનું સ્વરૂપ અને સંખ્યા-એ ઉભય વિષયમાં ઈતર દર્શનકારોની માન્યતા અપૂર્ણ અને અસંગત જ રહી છે. જૈનદર્શન કહે છે કે-ઐતિહ્ય પ્રમાણ જો સંશયયુક્ત ન હોય, તો તે આગમપ્રમાણથી ભિન્ન નથી. સંભવપ્રમાણ પણ જો નિશ્ચિત અવિનાભાવ સંબંધવાળું હોય, તો તે અનુમાનપ્રમાણથી ભિન્ન નથી. અભાવપ્રમાણ, એ પ્રત્યક્ષાદિ પ્રમાણથી ભિન્ન નથી. વસ્તુના અભાવનો નિશ્ચય પ્રત્યક્ષથી યા અનુમાનથી (વિરૂદ્ધોપલબ્ધિ અને અવિરૂદ્ધોપલબ્ધિ રૂપ-એમ બન્ને રીતિએ હેતુઓ દ્વારા) થઈ શકે છે. અર્થાપત્તિ તો એક જાતિનો અનુમાનનો જ પ્રકાર છે : કારણ કે-તેમાં તત્કાલીન પણ વ્યાપ્તિગ્રહણ સિવાય ચાલી શકતું નથી. એ રીતિએ આગમપ્રમાણ અને ઉપમાનપ્રમાણ, એ ઉભયનો સમાવેશ અનુમાનપ્રમાણમાં થઈ શકે છે : તો પણ તેમ કરવા જતાં કેટલીક અસ્પષ્ટતા થવા પામે છે, તેથી પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને આગમ એ ચાર જૂદાં પ્રમાણો માનવાં, એમ કેટલાકોનું કહેવું છે. જૈનદર્શનને તો આઠ પ્રમાણની કે ચાર પ્રમાણની (નિયત સંખ્યાની) એક પણ વાત સમ્મત નથી : કારણ કે-ચાર અગર આઠ માનવા છતાં બીજાં અનેક માનવાં રહી જાય છે. અનુમાન અને આગમપ્રમાણને માનનાર, સ્મરણ, પ્રત્યભિજ્ઞાન અને તર્કપ્રમાણને ન માને, એ ચાલી શકે તેમ નથી. અનુમાન માટે તર્ક (વ્યાપ્તિજ્ઞાન)ની આવશ્યકતા છે અને ઉપમાન તથા આગમપ્રમાણ માટે સંકેતગ્રહણ તથા વાચ્યવાચક ભાવના સંબંધના સ્મરણની આવશ્યકતા છે. એ કારણે યથાર્થદર્શી શ્રી જૈનદર્શને ચાર કે આઠ પ્રમાણ આદિ માનવાની ખટપટમાં નહિ ઉતરતાં, પ્રત્યક્ષ અને પરોક્ષ એ બે જ પ્રમાણો સ્વીકારી લીધાં છે : અને પ્રત્યક્ષ સિવાય સઘળાં પ્રમાણોનો પરોક્ષપ્રમાણમાં અંતર્ભાવ કરી દીધો છે. જે કોઈ જ્ઞાન જેટલા અંશે પૂર્વ જ્ઞાન કરતાં અધિક વિષ-

યને ગ્રહણ કરનાર હોય, તે જ્ઞાનને પ્રમાણ માનવા માટે શ્રી જૈનદર્શન તૈયાર છે. અધિક વિષયને દર્શાવનાર છતાં તેને ભિન્ન પ્રમાણ નહિ માનવું, એ યુક્તિયુક્ત નથી. એટલા માટે બધાં વિશેષ જ્ઞાનોને જૂદાં જૂદાં પ્રમાણો તરીકે નિરૂપણ નહિ કરતાં, પ્રત્યક્ષ અને પરોક્ષ એ બે પ્રમાણો છે-એવું શ્રી જૈનદર્શને નિરૂપણ કર્યું છે અને એ રીતિએ સર્વ પ્રમાણોનો તે બે પ્રમાણોમાં સંગ્રહ કરી દેવામાં આવ્યો છે. આ રીતિએ માનવાથી કોઈ પણ પ્રમાણ માનવું બાકી રહી જતું નથી, તેમ જ સંખ્યાની નિરર્થક વૃદ્ધિ પણ થતી નથી.

જ્યેષ્ઠ પ્રમાણ

જૈનદર્શન પ્રત્યક્ષ સિવાયનાં સર્વ પ્રકારનાં પ્રમાણોનો પરોક્ષ પ્રમાણમાં સમાવેશ કરે છે, એનો અર્થ એ નથી કે–અનુમાન, ઉપમાન કે આગમપ્રમાણને તે પ્રમાણ માનવા ના પાડે છે. જેટલા પ્રકારનાં યથાર્થ જ્ઞાન અને તેનાં સાધનો છે, તે બધાં શ્રી જૈનદર્શનને પ્રમાણ તરીકે સ્વીકાર્ય છે. એ જ કારણે સંભવ અને ઐતિહ્ય પ્રમાણ જેવાં અત્યંત પરોક્ષપ્રમાણોને પણ શ્રી જૈનદર્શન પ્રમાણ તરીકે માનવા તૈયાર છે : તે છતાં સર્વ પ્રકારના પરોક્ષપ્રમાણમાં આગમપ્રમાણને જે મહત્ત્વ શ્રી જૈનદર્શનમાં છે તે અન્યને નથી. આગમપ્રમાણ એ સર્વ પ્રમાણોમાં અતિશય મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આગમ, એ આપ્તનું વચન હોવાથી અને શ્રી જૈનદર્શને સ્વીકારેલ આપ્ત, એ સર્વજ્ઞ અને વીતરાગ હોવાથી, તેનું પ્રામાણ્ય સર્વથી અધિક હોય, એમાં કોઈ પણ પ્રકારનું આશ્ચર્ય નથી. સર્વ પ્રમાણોમાં પ્રત્યક્ષપ્રમાણ એ જ્યેષ્ઠપ્રમાણ છે–એમ કેટલાકનો મત છે : તો પણ છદ્મસ્થો માટે આગમપ્રમાણ એ જ સર્વોપરિ પ્રમાણ છે, એમ માનવું એ જ વધારે યોગ્ય છે.

ઔપચારિક પ્રત્યક્ષ

ઐન્દ્રિયક પ્રત્યક્ષ, એ ઔપચારિક પ્રત્યક્ષ છે. જ્યાં સુધી જ્ઞાન પ્રાપ્ત કરવા માટે આત્માને ઇન્દ્રિયાદિક બાહ્ય સાધનોની અપેક્ષા છે, ત્યાં સુધી તેનું જ્ઞાન તેટલા અંશે અવિશદ યાને અસ્પષ્ટ રહેવાનું જ

છે. ‘ **स्पष्टं प्रत्यक्षम्** । ’–એ પ્રત્યક્ષની વ્યાખ્યા છે. જે જ્ઞાન જ્યાં સુધી થોડું પણ અસ્પષ્ટ છે, તે જ્ઞાન ત્યાં સુધી નિરૂપચરિતપણે પ્રત્યક્ષ કહી શકાય તેમ નથી. પુસ્તકાદિ કોઈ પણ બાહ્ય સાધનોની સહાય વિના સીધું જ ઇન્દ્રિયો દ્વારાએ થતું જ્ઞાન પણ પ્રકાશાદિ બાહ્ય સામગ્રી અને ઇન્દ્રિયનિર્મલતાદિ આંતર સામગ્રીની અપેક્ષા અવશ્ય રાખે છે. અન્યથા, એક જ કેરીનો રસ એકને ખાટો લાગે છે અને બીજાને મીઠો અગર ઓછો ખાટો લાગે છે, તે કદી બને જ નહિ. એક જ પદાર્થ એકને અધિક દુર્ગંધવાળો જણાય છે અને બીજાને ઓછો દુર્ગંધવાળો જણાય છે. એક જ પદાર્થ સૂર્યના પ્રકાશ વખતે અન્ય રૂપવાળો જણાય છે અને ચંદ્રના પ્રકાશ વખતે અન્ય રૂપવાળો જણાય છે. વગર દુર્બિને જોનારને જે પદાર્થ સેંકડો માઈલ દૂર અને સૂક્ષ્મ દેખાય છે, તે જ પદાર્થ તેવા પ્રકારના દુર્બિનની સહાયથી જોનારને તદ્દન નિકટવર્તિ અને સ્થૂલ દેખાય છે. એક જ પ્રકારનો શબ્દ લાઉડસ્પીકર (યંત્ર) ની સહાય વિના બોલનારનો થોડા જ માણસો સાંભળી શકે છે અને લાઉડસ્પીકર (યંત્ર) નો ઉપયોગ કરનારનો તે જ શબ્દ લાખ્ખો માણસો સાંભળી શકે તેટલો મોટો હોય તેવું ભાન થાય છે. જે પદાર્થની ગરમી થરમામીટરની સહાયથી ૧૦૦ ડીગ્રી કરતાં પણ અધિક હોય છે, તે જ પદાર્થ એક તાવવાળા માણસને સાવ ઠંડો લાગે છે. એક જ પદાર્થ સંબંધી આ જાતિનું ભિન્ન ભિન્ન જ્ઞાન થાય છે, એ જ વસ્તુ સિદ્ધ કરે છે કે–ઐન્દ્રિયક પ્રત્યક્ષ એ વિશદ નથી કિન્તુ અવિશદ છે. પદાર્થ જેવો છે તેવું જ સ્પષ્ટ ભાન ઇન્દ્રિયો દ્વારાએ થઈ શકતું હોય, તો જૂદી જૂદી વ્યક્તિઓને રૂપ, રસ, ગન્ધ, સ્પર્શ અને શબ્દાદિનું એકસરખું જ ભાન થવું જોઈએ : અને તેમ તો બનતું નથી, તેથી ઐન્દ્રિયક પ્રત્યક્ષને સર્વથા સ્પષ્ટ પ્રતિભાસ રૂપ કહેવું એ સત્ય નથી.

આગમપ્રમાણ એ સર્વજયેષ્ઠ પ્રમાણ શાથી ?

અનુમાનાદિ દ્વારા થનારા જ્ઞાન કરતાં ઐન્દ્રિયક પ્રત્યક્ષ દ્વારા થતું જ્ઞાન વધારે સ્પષ્ટ હોય છે, એટલા ખાતર તેને વ્યવહાર (ઉપચાર)થી

પ્રત્યક્ષ કહેવું હોય, તો કોઈ જાતિની હરકત નથી: કિન્તુ આત્માથી સાક્ષાત્ થનારા જ્ઞાન કરતાં ઈન્દ્રિયોથી થનારૂં સાક્ષાત્ જ્ઞાન ઘણું જ અસ્પષ્ટ હોય છે, એ વાત ભૂલવી જોઈતી નથી: અને જેટલાં અસ્પષ્ટ યાને અવિશદ જ્ઞાનો છે, તેટલાં પરમાર્થથી પરોક્ષ જ છે, તેથી ઐન્દ્રિયક પ્રત્યક્ષને સર્વજ્યેષ્ઠ પ્રમાણ તરીકે સ્થાપન કરવાની ચેષ્ટા કરવી, એ કોઈ પણ રીતિએ ન્યાયસંગત નથી.

શ્રી જૈનશાસનમાં આગમપ્રમાણ એ સર્વજ્યેષ્ઠ પ્રમાણ એટલા માટે મનાય છે કે–સકલ પદાર્થોને આત્મપ્રત્યક્ષ કર્યા બાદ, તેને કથન કરનાર વક્તાના વચનને આગમપ્રમાણ માનવામાં આવેલું છે. શ્રી જૈનશાસનનું આગમપ્રમાણ, એ સર્વજ્ઞ અને વીતરાગ એવા શ્રી જિનેશ્વરદેવોના વચનસ્વરૂપ છે. સર્વ ક્ષેત્ર અને સર્વ કાળના ભાવોને પ્રતિસમયે ઇન્દ્રિયાદિ કોઈ પણ સાધનોની સહાય વિના, કેવળ આત્મદ્વારાએ જ પ્રત્યક્ષ કરનારા જ્ઞાનીપુરૂષો, એ શ્રી જૈનદર્શનમાં સર્વજ્ઞ મનાય છે અને તેવા આત્માઓ દ્વારા પ્રકાશિત થયેલ હિતકર ઉપદેશોના યથાર્થ સંગ્રહનું નામ આગમ છે. એ આગમોનાં વચનો દ્વારાએ થનારો બોધ, એનું નામ આગમપ્રમાણથી થનારો બોધ છે. એ આગમ, પદાર્થોનું જે જાતિનું પ્રતિપાદન કરે છે તે સર્વથા અભ્રાન્ત અને અવિરૂદ્ધ છે: એટલું જ નહિ, કિન્તુ સર્વને હિતકર છે. કેવળ સત્ય પદાર્થોનું નિરૂપણ પણ જો હિતના માર્ગથી ચૂકાવી અહિતના માર્ગે પ્રેરનારૂં હોય, તો તે યથાર્થ હોવા છતાં પણ, લોકોત્તર આગમપ્રમાણ તરીકે સન્માનને પાત્ર બની શકતું નથી. આગમપ્રમાણ અને ઐતિહ્યપ્રમાણ વચ્ચે જે કાંઈ અંતર છે, તે આથી સ્પષ્ટ થાય તેમ છે. ઐતિહ્યપ્રમાણ જો મધ્યસ્થ અને સત્યપ્રરૂપક વક્તાઓના વચન રૂપ હોય, તો તે પ્રમાણ બનવામાં કોઈ હરકત નથી: પરન્તુ હિતાહિતનો વિવેક કરાવનાર કે અહિતને છોડી કેવળ હિતને જ ઉપદેશનાર તે હોય એવો નિયમ હોતો નથી: જ્યારે આગમપ્રમાણમાં તો તે નિયમ અખંડિત છે, એટલા માટે તેની તોલે તે આવી શકે તેમ નથી.

અનિશ્ચિત અનુમાનો

એવાં પણ કેટલાંક ઐતિહાસિક વક્તવ્યો હોય છે, કે જેમાં તેના કહેનારાઓને અંગત કોઈ સ્વાર્થ કે રાગદ્વેષ હોતો નથી: એટલું જ નહિ, કિન્તુ ભાવિ પ્રજાના હિતનું પણ તેમાં લક્ષ્ય હોય છે: તો પણ તે વક્તવ્યો સંપૂર્ણ કોટિના આપ્ત, કે જેઓ સર્વથા વીતરાગ અને અનન્તજ્ઞાની હોવાની સાથે જગતના કોઈ પણ જીવ પ્રત્યે અકરૂણ ભાવને ધરનારા નથી, તેઓનાં વચનોની તોલે આવી શકે તેમ નથી. વસ્તુસ્થિતિ આમ હોવા છતાં, ઐતિહાસિક પ્રમાણને એક સર્વોપરિ પ્રમાણ તરીકે સ્થાપન કરવા પ્રયાસ કરવો અને આગમપ્રમાણને તેની દયા ઉપર જ જીવવાનો અધિકાર છે—એવી જાતિનો પ્રચાર કરવો, એ કોઈ પણ રીતિએ ન્યાય્ય નથી. આજે એક એવો વર્ગ ઉભો થયો છે, કે જે વર્ગ આગમપ્રમાણને ગૌણ બનાવવા અને ઐતિહાસિક પ્રમાણને જ એક સર્વશ્રેષ્ઠ પ્રમાણ તરીકે સ્થાપન કરવા તનતોડ પ્રયાસ કરે છે. તે કેટલા અંશે વ્યાજબી છે, તે અહીં જોવાનું છે. ચાર્વાક જેમ પ્રત્યક્ષને વિરોધ ન આવે તેવા આગમપ્રમાણને માનવા તૈયાર છે, તેમ કહેવાતા ઐતિહાસિકપ્રમાણવાદિઓ પણ પોતે માનેલા ઇતિહાસને બાધ ન આવે તેટલા આગમપ્રમાણને માનવા તૈયાર છે. ચાર્વાક જેમ પ્રત્યક્ષસિદ્ધ એવી વાતોને પણ પોતાની ભોગલાલસાની તૃપ્તિમાં આડી આવતી હોય તો માનવા ના પાડે છે, તેમ આજના ઐતિહાસિક પ્રમાણને પ્રમાણભૂત કરનારાઓ પણ ઈતિહાસથી સિદ્ધ થનારી વસ્તુઓ પોતાની ભોગલાલસા ઉપર કાપ મૂકનારી હોય, તો તેને જૂના જમાનાની કહીને હસી કાઢવા તૈયાર છે. એ દૃષ્ટિએ ચાર્વાકો કરતાં આજના ઐતિહાસિક પ્રમાણવાદિઓમાં કાંઈ વિશેષતા નથી, કિન્તુ એક દૃષ્ટિએ ચાર્વાકો કરતાં પણ તેઓ બુદ્ધિમાં ઉતરતી પંક્તિના છે, એમ કહેવામાં હરકત નથી. ભૂતકાળમાં થઈ ગયેલા ઇતિહાસકારો બધા સર્વજ્ઞ હતા કે કોઈ પણ પ્રકારના સ્વાર્થથી રહિત હતા એમ નથી, તેથી તેઓની વાતો ઉપર વિશ્વાસ રાખવાની ચાર્વાક ના પાડે છે: જ્યારે આજના

ભણેલા ગણાતા પણ ઇતિહાસવાદિઓ ભૂતકાળમાં થયેલા ઇતિહાસકારોની ભ્રાન્તિઓને ગળી જઈ, તેઓને દેવવચનની માફક માનવા અને પૂજવા લલચાય છે: અને એના જ પરિણામે જમીનોનાં ખોદકામોમાંથી નીકળતા પદાર્થો અને શિલાલેખો ઉપરથી ઘડી કાઢવામાં આવતાં અનિશ્ચિત અનુમાનોને આપ્તવચનો કરતાં પણ અધિક આદર આપવા તૈયાર થાય છે.

ઐહિક સ્વાર્થો

આથી કોઈએ એમ માની લેવાની આવશ્યકતા નથી કે-જૂની વસ્તુનાં ખોદકામો અને શિલાલેખો ઉપરથી કરાતાં અનુમાનો, એ સર્વથા અસત્ય જ હોય છે. એ અનુમાનો સર્વથા ખોટાં નથી, એ વાત માન્યા પછી પણ, એ વાત કહ્યા વિના ચાલે તેમ નથી જ કે—તેના ઉપર આગમ યાને આપ્તવચનથી પણ અધિક અથવા તુલ્ય શ્રદ્ધા ધારણ કરવી, એ કોઈ પણ રીતિએ યોગ્ય નથી. આપ્તવચનથી અવિરૂદ્ધપણે જે કોઈ અનુમાનો જૂની શોધખોળો દ્વારા નક્કી થઈ શકતાં હોય તે સર્વ સત્ય છે, એમ માનવામાં કોઈ પણ જાતિનો વિરોધ હોઈ શકે નહિ: કિન્તુ સત્ય શોધવા માટે તે જ એક પરમ આધાર છે, એવી જાતિનો અંધ વિશ્વાસ કેળવાતો હોય, તો તે શ્રી જૈનશાસનને કોઈ પણ પ્રકારે માન્ય નથી. આજના દેખતા કહેવાતા જમાનામાં પણ એવો અંધ વિશ્વાસ વધતો જતો હોય, તો તેની પાછળ કોઈ ઐહિક હેતુઓ હોવા જોઈએ, એવી શંકા વિચક્ષણોને આવ્યા સિવાય રહે નહિ. ઐહિક સ્વાર્થોને જ પ્રધાન માનનાર લોક જ્યારે ઐતિહાસિક પ્રમાણો ઉપર આટલો બધો ભાર મૂકે, ત્યારે તે દ્વારા તેઓના કોઈ પણ ઐહિક સ્વાર્થો સિદ્ધ થતા હોવા જોઈએ, એવા અનુમાન ઉપર આવવું, એ કોઈના માટે પણ સંભવિત છે.

કીર્તિની ભૂખ

પરલોકને નહિ જોનાર કે નહિ માનનાર આત્માને જેમ વિષ-

યની ભૂખ હોય છે, તેમ કીર્તિની પણ તેટલી જ ભૂખ હોય છે. એ કીર્તિની ભૂખ ભાગવા ખાતર અન્ય રીતિએ કીર્તિ મેળવવા માટે સર્વથા અસમર્થ નિવડેલા, વર્તમાનના માનવીઓને ઈતિહાસ અને શિલાલેખો, એ એક રીતિએ ઘેબરના ભોજનની ગરજ સારે તેમ છે. ભવિષ્યની પ્રજાને પ્રેરણા પામવા લાયક કોઈ પણ જાતિનાં તેવાં મહત્ કાર્યો જીવનમાં ન થયાં હોય, તો પણ પોતાનું જીવન બીજા કોઈ ન લખે, તો છેવટ પોતાના હાથે લખીને પણ ભવિષ્યમાં ઐતિહાસિક પુરૂષ બનવાના કોડ પૂરા કરવા, એવી ઇચ્છા આજે ઘણાઓને થઈ છે. પરલોકને નહિ જોઈ શકનાર અને કેવળ આ લોક જેટલી જ દુનિયા છે-એમ માનનારને એવા કોડ ઉત્પન્ન ન થાય એ કદી બનતું નથી. એવી જ વૃત્તિના મનુષ્યોની એક કહેવત છે કે-' નામ રહે કાં તો ગીતડે ને કાં તો ભીંતડે. ' અર્થાત્-જેને પોતાનું નામ આ લોકમાં અમર કરવું હોય, તેઓ માટે માત્ર બે જ માર્ગ છે : એક તો પોતાના નામનાં ગીતડાં પુસ્તકોમાં ગુંથાવવાં અથવા તેને ભીંતોમાં લખાવવાં. જેટલા પ્રમાણમાં તે બે કાર્યો અધિક થઈ શકે, તેટલા પ્રમાણમાં તે નામ અધિક સમય સુધી આ દુનિયામાં ટકી શકે છે. જેઓએ તે બેમાંથી એક પણ કાર્ય ન કર્યું, તેઓ જીવતાં ગમે તેટલા મહાન હોય, પણ જીવન બાદ તેઓને કોઈ યાદ કરવાનું નથી. પોતાની હયાતિ બાદ આ લોકમાં પોતાના નામને અમર બનાવવાનો આ એક જ ઉપાય છે : અને એવા જ કોઈ કારણે આજના કેટલાક ભણેલાઓમાં ઐતિહાસિક પ્રમાણનો નાદ ખૂબ જ વધતો જતો હોય, તો ના કહી શકાય તેમ નથી. એ નાદનો જન્મ સત્યના પ્યારમાંથી નથી, કિન્તુ પોતાનું નામ અમર કરવાના પ્યારમાંથી થયેલો છે. નાસ્તિકતાના વાયુનો પ્રચાર આ જમાનામાં જોરદાર છે અને એમાંથી પરલોકને બીલ્કુલ નહિ માનવા જેવી વૃત્તિ લગભગ સર્વત્ર ઉદ્ભવેલી છે. એવી પરિસ્થિતિમાં આગમપ્રમાણ કરતાં ઐતિહાસિક પ્રમાણ વધારે સુખાળું અને રૂચિકર નિવડે એ સહજ છે.

શાસનની અસેવા

પરન્તુ એ રીતિએ થયેલો ઐતિહાસિક દૃષ્ટિનો વિકાસ, એ આગમપ્રમાણુ જેવા સર્વોત્તમ મહાપ્રમાણુ ઉપર આડકતરી રીતિએ કુઠારાઘાત કરનારો છે, એ ભૂલવું જોઈતું નથી. ઐતિહાસિક દૃષ્ટિના નામે સર્વોત્તમ આગમપ્રમાણુ પ્રત્યે લોકો મંદ આદર કે અનાદરવાળા બની જાય, તો લાભના બદલે હાનિ ઘણી છે. તુચ્છ વ્યક્તિઓના ભવિષ્યમાં મહાન બનવાના કોડ પાર પડે, તે ખાતર મહાન્ વ્યક્તિઓ અને તેમનાં શાસનો ભવિષ્યમાં અનાદરણીય કે અલ્પાદરણીય બને તેવી જાતિના પ્રચારોમાં સાથ આપવો, એ કોઈ પણુ શાસનહિતાર્થી આત્મા માટે કર્તવ્ય રૂપ નથી, કિન્તુ અકર્તવ્ય રૂપ જ છે. શ્રી જૈનશાસનને અનુસરનારા પૂર્વના મહાપુરૂષોએ પોતાની જાતને બહાર લાવવા તેવો પ્રયાસ કદી જ કર્યો નથી. આજના ઈતિહાસવાદિઓ ભલે તેને ખામી માને, પણુ તે તો તે મહાપુરૂષોની વિશિષ્ટતા છે અને તેઓની નિરભિમાન દશાનો સાક્ષાત્ પૂરાવો છે.

એ કારણે સર્વશ્રેષ્ઠ શ્રી જૈનશાસનની સેવા દ્વારાએ પોતાના આત્માને અનુપમ લાભ કરવાની ઈચ્છાવાળા પ્રત્યેક આત્માનું એ કર્તવ્ય છે કે-આજે જે રીતિએ ઐતિહાસિક પ્રમાણુને મહત્ત્વ આપવાના પ્રયત્નો થઈ રહ્યા છે, તેમાં પોતાનો સાથ અપાતો હોય તો પહેલી તકે તેમાંથી દૂર ખસી જવું જોઈએ. આજના ઐતિહાસિક પ્રમાણુને મહત્ત્વ આપનારાઓ સત્યની શોધ માટે પ્રેરાયેલા છે, એ કોઈ પણુ રીતિએ સિદ્ધ થઈ શકે તેમ નથી. પ્રત્યુત, તે દ્વારાએ સર્વ પ્રમાણોથી સિદ્ધ અને ભારેમાં ભારે પ્રતિષ્ઠાને પામેલ આગમપ્રમાણુની અવગણુના કરવાનો તેની પાછળ બદઈરાદો છૂપાએલો હોય એમ સ્પષ્ટ માલૂમ પડી આવે છે. ઈહલૌકિક કીર્તિની ભૂખ પણુ એને ઉત્તેજિત કરવામાં આડકતરી રીતિએ સહાયભૂત થઈ રહી છે: પણુ તેથી જો શ્રી જિનશાસનની અસેવા થતી હોય, તો તે શ્રી જૈનશાસનના કોઈ પણુ સાચા ઉપાસકને માન્ય હોઈ શકે નહિ.

શ્રી જૈનશાસનનો સાચો ઉપાસક ઈતિહાસપ્રમાણને જરૂર માન્ય રાખે, પણ તે આગમપ્રમાણને પુષ્ટ કરનારૂં હોય તો ! આગમપ્રમાણને પુષ્ટિ આપનાર કોઈ પણ પ્રમાણને માન્ય રાખવા માટે, જૈનદર્શનના ધુરંધર ઉપાસકોએ કદી પણ પાછી પાની કરી નથી. લોકપ્રમાણ જેવાં અશિક્ષિત પ્રમાણો અને ઇતર દર્શનકારો જેવા એકાન્ત દર્શનકારોનાં પ્રમાણો યાવત્ કામશાસ્ત્રકાર જેવા મનુષ્યોએ બનાવેલાં કામપ્રધાન શાસ્ત્રોનાં પ્રમાણો, તે પણ જો આગમપ્રમાણથી અવિરૂદ્ધ અને આગમપ્રમાણને પોષણ આપનારાં હોય, તો તેનું અવલંબન લઈને તેવા પ્રકારની યોગ્યતાવાળા જીવોને સદ્ધર્મમાં સ્થિર કરવા માટે પૂર્વમહાપુરૂષોએ પૂરતો પ્રયત્ન કર્યો છે.

અવિરૂધ્ધ પ્રમાણો

શ્રી ઉપદેશમાલા પ્રકરણના રચયિતા, પ્રભુ શ્રી વીરપરમાત્માના હસ્તદીક્ષિત શિષ્ય અને અવધિજ્ઞાનને ધારણ કરનારા પૂ. શ્રી ધર્મદાસ ગણિ ક્ષમાશ્રમણ સ્વરચિત શ્રી ઉપદેશમાલા પ્રકરણમાં ફરમાવે છે કે—

" धम्मो पुरिसप्पभवो, पुरिसवरदेसिओ पुरिसजिट्ठो ।
लोए वि पहू पुरिसो, किं पुण लोगुत्तमे धम्मे ? ॥ १ ॥ "

ધર્મમાં પુરૂષ એ પ્રધાન છે, એ વાત શ્રી જિનશાસનથી સિદ્ધ હોવા છતાં, પુરૂષની પ્રધાનતા સિદ્ધ કરવા માટે લોકનું પ્રમાણ આપી સ્ત્રીઓ કરતાં પુરૂષોની પ્રધાનતા છે, એમ તેઓશ્રી સમજાવે છે. એનો અર્થ એ નથી કે—અજ્ઞાન અને નિર્વિચાર લોક જે અભિપ્રાય ધરાવે, તે માન્ય રાખવા લાયક છે: કિન્તુ વિષયાસક્ત લોક, કે જે સ્ત્રીઓને પણ પ્રધાન માનનાર છે, તે પણ જ્યારે પ્રભુત્વ સ્ત્રીઓને સોંપવાનો ઈન્કાર કરે છે, ત્યારે અનન્ત જ્ઞાન દ્વારાએ તેવા પ્રકારના અનર્થને સાક્ષાત્ જાણનાર શ્રી સર્વજ્ઞદેવો ધર્મના વિષયમાં સ્ત્રીઓને પ્રધાનપદ ન આપે અને પુરૂષોને જ આપે, એ તદ્દન સ્વાભાવિક છે.

એ જ રીતિએ તત્ત્વની સિદ્ધિ માટે એકાન્તવાદનો આગ્રહ

સેવનારા દર્શનકારોને પણ અનેકાન્તવાદનો સ્વીકાર કર્યા સિવાય ચાલતું નથી, એમ તેઓનાં જ વચનોથી પૂર્વપુરૂષોએ સિદ્ધ કરી બતાવ્યું છે: અને તેમ દર્શાવી અનાપ્ત પુરૂષોનાં વચનો દ્વારાએ પણ આપ્તવચનો ઉપર પ્રીતિ ઉત્પન્ન કરાવી શકાતી હોય, તો તેનો લાભ લેવાનું તેઓએ છોડયું નથી.

અબ્રહ્મ એ પાપ છે, એ સિદ્ધ કરવા માટે શ્રી સર્વજ્ઞવચન, એ પ્રમાણ રૂપ હોવા છતાં પણ, તેવા પ્રકારની યોગ્યતાવાળા આત્માઓને સર્વજ્ઞવચન ઉપર દઢ પ્રતીતિ પેદા કરાવવા માટે કામશાસ્ત્રકારના કથનનો પણ આધાર આપીને આપ્તવચનની સિદ્ધિ કરી છે.

નિર્વિચાર શ્રદ્ધા

આ સઘળા પ્રયત્નોની પાછળ શ્રી જૈનશાસનના પરમ ઉપાસક ઉપકારી મહાપુરૂષોનો ઈરાદો એક જ છે કે-ભિન્ન ભિન્ન પ્રકારની યોગ્યતાવાળા જીવો કોઈ પણ પ્રકારને પામી સર્વજ્ઞવચન પ્રત્યે દઢ આસ્થાવાળા બને: કારણ કે–સર્વજ્ઞવચન ઉપર નિર્વિચાર શ્રદ્ધા પેદા થયા સિવાય કોઈ પણ આત્મા પોતાનું આત્યંતિક હિત સાધી શકનાર નથી. અહીં 'નિર્વિચાર શ્રદ્ધા' એવો શબ્દપ્રયોગ કરવાની મતલબ એ છે કે–સર્વજ્ઞવચનમાં પણ જ્યાં સુધી યુકિત માગવાની વૃત્તિ છે, ત્યાં સુધી સંપૂર્ણ સંસારના ત્યાગસ્વરૂપ આત્મમુકિત માટેની જે પ્રક્રિયા છે, તે પ્રક્રિયા આદરવા જેટલું બળ આત્મામાં પ્રગટી શકતું નથી. મા પ્રત્યે બાળકને નિર્વિચાર શ્રદ્ધા હોવાના કારણે જ તે નાનાનું મોટું થઈ શકે છે: અન્યથા, મા પાસે-'હું તારી હિતાસ્વની છું'- એમ સમજાવવાની કોઈ પણ યુક્તિ બાળક સમજી શકે તેવી ભાષામાં આપવાનું સામર્થ્ય હોતું નથી: છતાં પણ મા ખરેખર હિતસ્વિની હોવાથી, તેના કથન ઉપર નિર્વિચાર શ્રદ્ધા રાખનાર બાળક કોઈ પણ રીતિએ ઠગાતો નથી. તે અવસ્થામાં બાળકનું હિત સાધવા માટે માતા પાસે કે બાળક પાસે અન્ય કોઈ ઉપાય છે જ નહિ. શ્રી સર્વજ્ઞવચન અજ્ઞાન અને અસમર્થ એવી માતાની જેમ યુક્તિઓ ન આપી

શકે તેમ નથી, તો પણ તે યુક્તિઓને સમજવાની લાયકાત સુધી જેઓ પહોંચ્યા નથી, તેવા આત્માઓ વિશ્વાસ ધારણ કરનારા ન બને, તો કદાપિ કાળે તેઓ પોતાનું હિત સાધી શકે નહિ. એ જ કારણે જે કોઈ રીતિ અખત્યાર કરીને શ્રી સર્વજ્ઞવચન ઉપર અવિચલિત શ્રદ્ધા પેદા કરાવી શકાતી હોય, તે સઘળી રીતિઓનો સ્વીકાર કરવા માટે પરમ કારૂણિક મહાપુરૂષો સદા તૈયાર હોય, એમાં લેશ માત્ર આશ્ચર્ય નથી.

ઉપર્યુક્ત દૃષ્ટિએ આજના જમાનામાં પણ ઐતિહાસિકાદિ કોઈ પણ પ્રમાણના આધારે શ્રી સર્વજ્ઞવચન ઉપરની પ્રતીતિ અત્યન્ત દૃઢ કરી શકાતી હોય, તો તે અત્યન્ત આદરણીય છે: અને તેવા પ્રકારનો પ્રયત્ન કરનારા શ્રી જૈનશાસનની ભારેમાં ભારે સેવા બજાવી પોતાના આત્મા માટે અનહદ લાભ ઉઠાવે છે: પરન્તુ ઐતિહાસિક આદિ પ્રમાણોના નામે જો આપ્તવચનની જ અવગણના કરાતી હોય અને એ અવગણના દ્વારા સર્વજ્યેષ્ઠ લોકોત્તર આગમપ્રમાણનો મહિમા લોકોના અંતર ઉપરથી નષ્ટ કરવાનો સ્વપરહિતઘાતક પ્રયાસ થતો હોય, તો તે સર્વથા છોડી દેવા યોગ્ય છે. એવા પ્રયાસને તેના યથાર્થ સ્વરૂપમાં પ્રકાશિત કરવા દ્વારા, તે પ્રયાસની છાયામાં આવતા આત્માઓને રોકી લેવાનો પ્રયાસ કરવો, એ સ્વપરના કલ્યાણની સાચી કાંક્ષાવાળા આત્માઓનાં અનેક કર્ત્તવ્યોમાંનું એક કર્ત્તવ્ય છે. છતી શક્તિએ અને છતી સામગ્રીએ, કોઈ પણ પ્રકારના લૌકિક સ્વાર્થે, આ કર્ત્તવ્યની ઉપેક્ષા કરનારાઓ પોતાના પણ કલ્યાણનો નાશ સાધનારાઓ જ છે.

મહાપુરૂષોની મર્યાદા

અહીં એટલી વાત યાદ રાખી લેવા જેવી છે કે—લોકપ્રમાણ અને ઈતર શાસ્ત્રકારોનાં પ્રમાણો આપતી વખતે પૂર્વના મહાપુરૂષોએ જેટલી સાવધાની રાખવાની દરકાર બતાવી છે, તે કરતાં કેઈગુણી અધિક સાવધાની ઈતિહાસ અને આધુનિક વિજ્ઞાનાદિ પ્રમાણો દ્વારા આગમપ્રમાણની સિદ્ધિ કરવાનો ઈરાદો રાખનારા વર્તમાન મનુષ્યોએ

રાખવાની જરૂર અને ફરજ છે. એ ફરજ પ્રત્યે બેદરકારી ધરાવનાર વ્યક્તિઓને–'અમે આગમપ્રમાણુની સિદ્ધિ કરવા માગીએ છીએ'–એમ કહેવાનો અધિકાર રહેતો નથી. મૈથુનને પાપ તરીકે સિદ્ધ કરવા માટે, કામશાસ્ત્રકાર વાત્સ્યાયનનો શ્લોક સ્વરચિત યોગશાસ્ત્રમાં દાખલ કરવા પહેલાં, પરમોપકારી કલિકાલસર્વજ્ઞ બિરૂદધારક આચાર્યભગવાન શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ વાંચકોને ચેતાવે છે કે–

"वात्स्यायनः कामशास्त्रकारः। अनेन च वात्स्यायनसंवादाधीनमस्य प्रामाण्यमिति नोच्यते। न हि जैनं शासनमन्यसंवादाधीनप्रामाण्यम्। किन्तु येऽपि कामप्रधानास्तैरपि जन्तुसद्भावो नापह्नुत इत्युच्यते। वात्स्यायनश्लोको यथा–

रक्तजाः कृमयः सूक्ष्माः, मृदुमध्याधिशक्तयः।
जन्मवर्त्मसु कण्डूर्तिं, जनयन्ति तथाविधाम् ॥१॥"

અર્થાત્–'વાત્સ્યાયન એ કામશાસ્ત્રકાર અને અહીં તેના કથનને પણ રજૂ કરવામાં આવે છે, એથી શ્રી જૈનશાસનના કથનની પ્રામાણિકતા કામશાસ્ત્રકારના કથનને આધીન છે એમ માનવાનું નથી. શ્રી જૈનશાસનની પ્રામાણિકતા, એ કોઈ પણ અન્યના કથનને આધીન છે જ નહિ, પરન્તુ જે લોકો કામને પ્રધાન તરીકે માનનારાઓ છે, તે લોકોએ પણ (સ્ત્રીની યોનિમાં) જીવોના સદ્ભાવનો ઇન્કાર કર્યો નથી. વાત્સ્યાયનનો શ્લોક આ પ્રમાણે છે:–

'લોહીમાં ઉત્પન્ન થયેલા અલ્પ, મધ્યમ અને અધિક શક્તિવાલા કૃમિ નામના સૂક્ષ્મ જીવો (સ્ત્રીની) યોનિઓની અંદર તેવા પ્રકારની (અલ્પ, મધ્યમ અને અધિક) ચળને ઉત્પન્ન કરે છે.'

પૂ. કલિકાલસર્વજ્ઞ આચાર્યભગવાન શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા જેવા શ્રી જિનશાસન પ્રત્યે અવિચલિત શ્રદ્ધાને ધરાવનાર મહાપુરૂષ, કે જેમના કથનથી કોઈને પણ શ્રી જિનવચન પ્રત્યે અનાશ્વાસ

થવાનો તેવો સંભવ નહોતો, તેઓ પણ પોતાના કથન દ્વારા કોઇના પણ અંતરમાં શ્રી સર્વજ્ઞ પ્રત્યે થોડો પણ અનાશ્વાસ ન આવી જાય તેની કેટલી બધી કાળજી ધરાવે છે? તેમના જેવા પણ જો આટલી સાવધાની ધરાવે, તો પછી આજના તેવા પ્રકારની વિશિષ્ટ શ્રદ્ધા, ભક્તિ અને શક્તિ વિનાના મનુષ્યો શ્રી સર્વજ્ઞવચનને અન્ય પ્રમાણો દ્વારા સિદ્ધ કરવાની ચેષ્ટા કરે, ત્યારે તેઓએ કેટલી સાવધાની રાખવાની આવશ્યકતા રહે છે, એ સમજાવવાની જરૂર રહેતી નથી. તેટલી સાવધાની રાખવા માટે જેઓને કાળજી નથી અગર તેની જરૂર જેઓને સમજાઈ નથી, તેઓ આવા વિષયમાં મૌન રહે, એ જ તેઓના માટે અને અન્યોના માટે એક શ્રેયનો માર્ગ છે.

ઇતિહાસ અને આગમ-એ ઉભય પ્રમાણોને જે રીતિનું સ્થાન આપવું શ્રી જિનશાસનમાં ઘટિત છે, તે રીતિનું સ્થાન તેઓને મળે એમાં મર્યાદાનું પાલન છે: અન્યથા, મર્યાદાનો વિનાશ થાય છે અને મર્યાદાના એ વિનાશમાં સર્વ કોઈના એકાન્તિક અને આત્યન્તિક હિતનો જ વિનાશ છે. સૌ કોઈ આ વાતને સમજે અને પરમ તારક શ્રી જૈનશાસનની સેવા બજાવવા દ્વારા પોતાની શક્તિનો સદુપયોગ કરે, એ જ એક લેખકના અન્તરમાં રમી રહેલી મનઃકામના છે અને એમાં જ આ પ્રયાસની વાસ્તવિક પરહિતકારિતા છે. —સંપૂર્ણ

આધિભૌતિકવાદનું

સ્વરૂપ અને રહસ્ય

લેખાંક ૧ લો :

ઘણા મતોથી અકળાવાની જરૂર નથી

આ દુનિયામાં અનેક દર્શનો અને મતો પ્રચલિત છે. બુદ્ધિમાન મનુષ્યો જ્યાં સુધી જગતમાં ઉત્પન્ન થનાર છે, ત્યાં સુધી નવીન નવીન મતોની ઉત્પત્તિ અટકી શકનાર નથી. મનુષ્યની બુદ્ધિ સ્વાભાવિક રીતિએ નવી નવી વસ્તુઓની શોધ માટે તત્પર રહ્યા જ કરે છે. એ તત્પરતા કોઈથી રોકી રોકી શકાય તેમ નથી. બુદ્ધિ દ્વારાએ થતી નવી શોધો હંમેશાં તિરસ્કાર કરવા લાયક જ હોય છે, એમ પણ નથી. એ જાતિનો તિરસ્કાર વિચારશક્તિનો રોધક છે: અને જે દિવસે મનુષ્ય વિચાર કરતાં અટકી ગયો, એ દિવસે એ પશુ કરતાં અધિક રહી શકવાનો નથી. મનુષ્યો પશુ કરતાં અધિક છે, એનું કારણ કોઈ પણ હોય, તો તે મનુષ્યોમાં રહેલી એક વિવેકશકિત છે. પશુઓમાં વિવેકશકિત છે, તો પણ તે માત્ર જીવનનિર્વાહના બાહ્ય પદાર્થો પુરતી છે. મનુષ્યોની વિવેકશકિત તેથી આગળ વધે છે. તે જીવનનિર્વાહના બાહ્ય પદાર્થોના વિવેક સાથે આંતરિક પદાર્થોનો પણ વિવેક કરી શકે છે. એ આંતરિક વિવેકમાંથી જ અનેક પ્રકારનાં દર્શનો અને મતોની ઉત્પત્તિ થાય છે. એ સિવાયના હેતુઓ પણ મતોની ઉત્પત્તિમાં હોય છે, પરન્તુ તેને આપણે અહીં ગૌણ બનાવી દેવા માગીએ છીએ. આંતરિક વિવેચક–શક્તિના ઉપયોગ દ્વારાએ જે કોઈ નવીન મતની ઉત્પત્તિ થાય છે, તેમાં કોઈ પણ પ્રકારના ઐહિક

સ્વાર્થની વૃત્તિ હોય છે, એમ માની લેવાને કોઈ કારણ નથી. જગત્માં એ દષ્ટિએ ઉત્પન્ન થયેલા નવીન નવીન મતો અને ભિન્ન ભિન્ન દર્શનો જોઈને કોઈએ અકળાઈ જવાની જરૂર નથી: કારણ કે-તેની પાછળ મનુષ્યોની વિવેચકશકિત કાર્ય કરી રહી છે અને એ વિવેચકશકિતનો જેટલો વિકાસ, તેટલો જ માનવસમાજનો વિકાસ છે.

અનેકાન્તવાદનું રહસ્ય

વિવેચક-શક્તિના વિકાસ ઉપર માનવજાતિનો વિકાસ અવલંબેલો છે, એ સમજી લીધા પછી, એ સમજી લેવાની પણ પૂરેપૂરી જરૂર છે કે-મનુષ્યની વિવેચકશક્તિ અનેક પ્રકારની તરતમતાઓવાળી હોય છે. એ તરતમતાઓ એટલી બધી હોય છે કે-તેમાંની જો એકને જ પકડીને બેસી જવામાં આવે, તો પકડનારની પ્રગતિ ત્યાં જ અટકી જાય છે: એટલું જ નહિ, કિન્તુ-'જે વાત પકડી લેવામાં આવી છે તે જ એક સત્ય છે'-એમ માની લેવાથી, પકડેલી સત્ય વાત પણ અસત્ય બની જાય છે. એકાન્તવાદ અને અનેકાન્તવાદનું આ જ રહસ્ય છે. અનેકાન્તવાદ સત્યની સઘળી બાજુઓને સ્વીકારે છે, જ્યારે એકાન્તવાદ સત્યની એક બાજુ પકડી લઈ, બીજી બધી બાજુઓનો ઈન્કાર કરવા પ્રયત્ન કરે છે: તેથી તેની પ્રગતિ રૂંધાઈ જાય છે અને પોતે પકડેલી સાચી વાત પણ અસત્યનું સ્વરૂપ ધારણ કરે છે. સાચી વાત અસત્ય એટલા માટે બને છે કે-તે સંપૂર્ણ સત્ય નહોતું, કિન્તુ સત્યનો એક અંશ હતો: અને તે અંશને અંશ નહિ માનતાં સંપૂર્ણ સત્ય માની લેવાનો પ્રયાસ થયો, તેથી તે સત્ય સત્ય નહિ રહેતાં અસત્યનો જ એક પ્રકાર બની ગયો. બુદ્ધિની તરતમતાથી શોધાયેલા એક જ અંશને પરિપૂર્ણ માની લેવાથી, આ જાતિની વિષમ પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે, એ કોઈ પણ નિરાગ્રહી આત્મા સ્હેજે સમજી શકે તેમ છે.

જડવાદને ફટકો

બુદ્ધિના ભેદથી ઉત્પન્ન થયેલા અનેક પ્રકારના વાદોમાં એક આધિભૌતિક (materialist) વાદનો પણ સમાવેશ થાય છે. તે વાદ

જો કે કેવળ જડવાદ ઉપર જ ઉભો થયેલો છે, તો પણ તેની પાછળ મનુષ્યોની વિવેચકશકિત ભિન્ન ભિન્ન પ્રકારે કામ કરી રહી છે, તે ભૂલવું જોઈતું નથી. આધિભૌતિકવાદના પ્રણેતાઓ ચેતન અને ચૈતન્ય જેવી જડથી સ્વતંત્ર વસ્તુઓ આ દુનિયામાં હયાતિ ધરાવે છે, એ જાણવા અને માનવા શકિતમાન બન્યા નથી, તો પણ તેઓ જે જાતિના નિર્ણયો કરવા શક્તિમાન થયા છે, તે તેમનામાં રહેલા ચૈતન્યગુણના વિકાસની ઓછી-વધતી પણ સાક્ષી પૂરી રહ્યા છે. જગત્‌માં જો ચૈતન્ય જેવો ગુણ જ ન હોત તેમજ એ ગુણને ધારણ કરનાર આત્મા જેવી કોઈ સ્વતંત્ર વસ્તુ જ જો ન હોત, તો તે આધિભૌતિકવાદિઓ પોતાની માન્યતા પ્રમાણે પદાર્થોના પોતે માનેલા પ્રકારના નિર્ણયો પણ કેવી રીતિએ શકયા હોત ? તેઓએ કરેલા કોઈ પણ પ્રકારના નિર્ણયો જ, એ વાતની સાબીતી માટે બસ છે કે-જગત્‌માં ચૈતન્યહીન જડ ભૂતો ઉપરાન્ત પૂર્વાપરનો વિચાર કરી શકનાર ચૈતન્યશક્તિ પણ વિદ્યમાન છે.

ચૈતન્યશક્તિના ચમત્કારો આ રીતિએ જગતમાં ભિન્ન ભિન્ન પ્રકારે દરેક કાળમાં સાક્ષાત્કાર પામતા રહે છે, એ જ એક જડવાદ યાને આધિભૌતિકવાદને મોટામાં મોટો ફટકો છે.

પ્રયાસનો હેતુ

જડવાદ યાને આધિભૌતિકવાદ, એ પણ જો બુદ્ધિનો જ એક ચમત્કાર છે, તો તેની હિતાહિતકારકતાની વિગતમાં ઉતરવું, એ કોઈ પણ રીતિએ અયુક્ત નથી. ચૈતન્યશક્તિનો ચમત્કાર જાણવા માટે આધ્યાત્મિકવાદ જાણવો એ જેમ જરૂરી છે, તેમ આધિભૌતિકવાદ જાણવો પણ તેટલો જ જરૂરી છે. આધિભૌતિકવાદને જાણ્યા સિવાયનો જાણેલો આધ્યાત્મિકવાદ અધુરો જ રહેવાનો છે. પરિપૂર્ણ જ્ઞાન માટે વસ્તુની ઉભય બાજુઓનું જ્ઞાન પ્રાપ્ત કરવું, એ અતિશય આવશ્યક છે. ચેતન અને જડ-એ બેને સ્વતંત્ર દ્રવ્ય નહિ માનતાં, ચૈતન્ય પણ એક જડનો જ આવિર્ભાવ છે,-એ માન્યતા ઉપર આધિભૌતિકવાદ

ઉભો થયેલો છે. એ વાદના મતે ચેતન યાને આત્મા નામનો કોઈ સ્વતંત્ર પદાર્થ છે જ નાહ. જે છે તે જડ ભૂતો છે. એ જડ ભૂતોના ભિન્ન ભિન્ન પ્રકારના આવિર્ભાવમાં ચૈતન્ય પણ સમાઈ જાય છે, એ માન્યતા ઉપર જડવાદિઓ તરફથી તત્ત્વની વ્યવસ્થા કરવા પ્રયાસ કરવામાં આવ્યો છે. એ દૃષ્ટિએ એ વાદને જડાદ્વૈતવાદનું ઉપનામ આપવું, એ કોઈ પણ પ્રકારે અઘટિત નથી. આધ્યાત્મિક વાદોમાં વેદાન્તોક્ત બ્રહ્માદ્વૈતવાદ કે બૌદ્ધશાસ્ત્રોક્ત વિજ્ઞાનાદ્વૈતવાદ એ એના પ્રતિપક્ષી વાદો છે, છતાં તે ઉભય વાદો (જડદ્વૈત અને જ્ઞાનાદ્વૈત) એકજ પ્રકારની ચિત્‌શક્તિમાંથી ઉત્પન્ન થયેલા છે, એમાં કોઈ પણ પ્રકારનો વિવાદ નથી. આધિભૌતિકવાદ કે આધ્યાત્મિકવાદની ઉત્પત્તિ પાછળ એકજ ચિત્ (જ્ઞાન) શક્તિ કાર્ય કરી રહી છે. એ કારણે એ ઉભય વાદો ભિન્ન ભિન્ન પ્રકારના બુદ્ધિના વિકાસ ઉપર અવલંબેલા છે, એમાં કોઇથી ના પાડી શકાય એમ નથી. કયો વાદ બુદ્ધિના કેટલા વિકાસ ઉપર અવલંબેલો છે, એનો નિર્ણય કરવાનું કાર્ય પરીક્ષકોની બુદ્ધિ ઉપર આધાર રાખે છે. અહીંઆં તો આપણે એ ઉભય પ્રકારના વાદો પોતાનાં મન્તવ્યો કયી રીતિએ પ્રકાશિત કરી રહ્યા છે, તે જાણવા માટે જેટલાં સાધનો મળી શકે તે મેળવી, તે ઉપર શક્તિ મુજબ વિચાર કરવો છે. એ વિચાર આપણા અલ્પજ્ઞાનમાં થોડી-ઘણી પણ વૃદ્ધિ કરી, સંપૂર્ણ સત્ય શું હોઇ શકે ?-તેની પ્રતીતિ કરાવનાર નિવડે, તો પણ કરેલો પ્રયાસ ઘણા અંશે સાર્થક નિવડ્યો છે, એમ માનવામાં કોઈ પણ જાતિની હરકત નથી.

આધિભૌતિકવાદનું મન્તવ્ય

આધિભૌતિકવાદના અર્વાચીન પાશ્ચાત્ય પંડિતોએ એવું ઠરાવેલું છે કે-નીતિશાસ્ત્રનું વિવેચન કરવા માટે અધ્યાત્મશાસ્ત્રની બીલ્કુલ આવશ્યકતા નથી. કોઈ પણ કાર્ય સારૂં છે કે ખોટું, તેનો નિકાલ તે કર્મનું જે બાહ્ય પરિણામ આપણી નજરે આવે, તેનાથી જ કરવો જોઇએ. એ જ એક કારણ છે કે-જેઓએ જીવનપર્યંત એ આધિ-

ભૌતિકવાદનાં શાસ્ત્રોનો જ અભ્યાસ કર્યો છે અથવા એ વિચારપદ્ધતિથી જ જેઓ ટેવાએલા છે, તેઓની દૃષ્ટિ અતિશય સંકુચિત બની ગઈ છે. એવા માણસોને કોઈ પણ વસ્તુનાં બાહ્ય પરિણામોનો જ વિચાર કરવાની ટેવ પડેલી હોય છે. આધ્યાત્મિક કે પારલૌકિક વાતો ઉપર તેઓને સ્વાભાવિક રીતિએ તિરસ્કાર જ રહે છે. બાહ્ય પરિણામો ઉપર અવ્યક્ત અને અદૃશ્ય કારણો કામ કરી રહ્યાં હોય છે, તેને જોવાની કે તપાસવાની તેવા માણસોને ફુરસદ જ હોતી નથી. તેઓ માત્ર એટલો જ વિચાર કરે છે કે–'પ્રાણી માત્ર જે જે કર્મ કરે છે, તે દુઃખના નિવારણ માટે અને સુખની પ્રાપ્તિ માટે હોય છે. સુખ, એ પ્રાણી માત્રનું પરમ સાધ્ય છે. સર્વ કર્મોનું દૃશ્ય ફળ જ્યારે આ રીતિએ સુખપ્રાપ્તિ અને દુઃખનિવારણ જ છે, તો પછી કર્માકર્મનો નિર્ણય કરવા માટે આત્માનાત્મ વિચારમાં પડવાની કોઈ પણ પ્રકારની આવશ્યકતા છે જ નહિ. જે કર્મથી સુખપ્રાપ્તિ યા દુઃખનિવારણ રૂપ ફલ અધિક, તે કર્મને જ ન્યાયની રીતિએ શ્રેયસ્કર સમજવું જોઇએ.' આ રીતિએ કોઇ પણ **કર્મનું કેવળ બાહ્ય ફળ જોઇને નીતિ–અનીતિનો નિર્ણય કરવો, એનું જ નામ આધિભૌતિક સુખવાદ છે.**

આ મત પ્રમાણે સુખ–દુઃખનો વિચાર કેવળ પ્રત્યક્ષ દેખાતા બાહ્ય પદાર્થોનો ઇન્દ્રિયોની સાથે સંપર્ક થવાથી ઉત્પન્ન થતાં સુખદુઃખો સિવાય બીજો કોઇ નથી: અને એટલા માટે જ તે અધિભૌતિક કહેવાય છે.

પરલોક બદલ કે આત્મવિદ્યા બદલ આધિભૌતિકવાદી સર્વથા ઉદાસીન છે, પરન્તુ તેટલા જ ઉપરથી–'તે પંથના વિદ્વાનો બધા સ્વાર્થસાધુ, પેટભરા કે અનીતિમાન છે'–એમ કહેવું એ વ્યાજબી નથી. એ મતનું પ્રતિપાદન કરનારાઓમાં ઘણા સાત્ત્વિક વૃત્તિના પંડિતો પણ હોઈ શકે છે: કારણ કે–પારલૌકિક દૃષ્ટિએ નહિ તો પણ ઐહિક દૃષ્ટિએ તેઓએ જે વિચાર કર્યો હોય છે, તે સર્વ જગતના કલ્યાણને ઉદ્દેશીને પણ હોય છે. 'જગતનું કલ્યાણ'–એ સાધ્ય તેઓનું

જ્યાં સુધી છે, ત્યાં સુધી તે માટેની નીતિના પ્રતિપાદનનો માર્ગ ભિન્ન બની જવા છતાં પણ, તેઓ પેટભરા આદિ બની જતા નથી. ' જનકલ્યાણ '-એ પ્રત્યેક મનુષ્યનું કર્તવ્ય છે, એવા પ્રકારની સાત્ત્વિક વૃત્તિમાંથી ઉત્પન્ન થયેલો આધિભૌતિકવાદ, એ તત્ત્વદષ્ટિએ ત્યાજ્ય હોવા છતાં, એના પ્રતિપાદકો પ્રત્યે દુર્ભાવ લાવવો કે તિરસ્કાર ઉત્પન્ન કરવો, તે વ્યાજબી નથી.

વિચારોનું અનૈક્ય

જનકલ્યાણના ધ્યેયવાળા કોઈ પણ મતવાદના પ્રરૂપકોની સાત્ત્વિક વૃત્તિ નિન્દનીય નહિ હોવા છતાં પણ, તેઓ જે મતનું પ્રરૂપણ કરે છે, તે કેટલા અંશે યથાર્થ છે અને કેટલા અંશે અયથાર્થ છે, તેનું પરીક્ષણ તો સંપૂર્ણતયા થવું જોઇએ, એમાં કોઇના પણ બે મત હોઈ શકે નહિ. એ પરીક્ષણ કરવા પહેલાં, આધિભૌતિક સુખવાદના પ્રરૂપકો પરસ્પર પણ કેટલા વિરોધી વિચારો ધરાવે છે, એ સમજવું અતિશય આવશ્યક બને છે. તેઓમાં પણ આ જાતિનો વિચારભેદ જન્મવાનું કારણ એક જ છે કે-" જે આધિભૌતિક બાહ્યસુખનો વિચાર કરવાનો છે, તે કોના સુખનો ? પોતાના કે પારકા ? એકના કે અનેકના ?" જો પોતાના જ સુખનો વિચાર કરવાનો હોય અને પારકા સુખનો વિચાર કરવાનો જ ન હોય, તો તેના માટે કર્ત્તવ્યાકર્ત્તવ્યના સિદ્ધાંત જૂદા બની જાય છે : અને જો પારકાના જ સુખનો વિચાર કરવાનો હોય અને પોતાના સુખનો વિચાર સર્વથા છોડી દેવાનો હોય, તો તે માટેના કાનુનો પ્રથમ કરતાં સર્વથા વિપરીત જ બનવાના છે. એ રીતિએ જ એકના ભોગે અનેકના સુખનો વિચાર કરવો કે અનેકના ભોગે એકના સુખનો વિચાર કરવો ?-એ પણ પ્રશ્ન ઉભો જ રહેવાનો છે. આ પ્રશ્નોના આધિભૌતિક-મત-વાદના ઉપાસક જૂદા જૂદા પંડિતોએ જૂદી જૂદી જાતિના નિર્ણયો કર્યા હોય છે, તેથી તે પંડિતોમાં પણ પરસ્પર વિચારની ઐક્યતા થઈ શકી નથી અને થઈ શકે તેમ પણ નથી.

સ્વાર્થ-સુખવાદિઓ

આધિભૌતિકવાદિઓમાં સૌથી પહેલો વર્ગ સ્વાર્થ-સુખવાદિઓનો આવે છે. 'પરલોક અને 'પરોપકાર સઘળું જુઠું છે, આધ્યાત્મિક ધર્મશાસ્ત્ર લુચ્ચા લોકોએ પોતાનાં પેટ ભરવા માટે ઉપજાવી કાઢેલું છે, જગત્‌માં માત્ર સ્વાર્થ એ જ ખરો છે, જે કોઈ પ્રકારના કાર્યથી સ્વાર્થસિદ્ધિ થાય, તે જ એક પ્રશસ્ત કાર્ય છે, અર્થાત્-પોતાના આધિભૌતિક સુખની અભિવૃદ્ધિ થાય તેવાં કાર્યો કરવાં, એ જ એક પરમ ધર્મ અને એ જ એક શ્રેયસ્કર નીતિ છે.'-આ જાતિની નીતિ ભારતવર્ષમાં પણ ચાર્વાક નીતિના નામથી ઓળખાય છે. એ નીતિના સમર્થનમાં તેઓ એમ કહે છે કે-"પંચ મહાભૂતના મિશ્રણથી આત્મા ઉત્પન્ન થાય છે અને દેહના બળી જવાથી આત્મા પણ રાખ થઈ જાય છે, માટે લાંબા વિચારોની ભાંજગડમાં નહિ પડતાં, શાણા મનુષ્યોએ આ દેહ જીવંત છે ત્યાં સુધીમાં ખાઈ-પીઈને મોજ કરી લેવી. સાધન ન મળે તો છેવટ '**ऋणं कृत्वा घृतं पीबेत्**' 'દેવું કરીને પણ ઘી પીવું'-એ સિદ્ધાન્ત સ્વીકારવો : કારણ કે-મુવા પછી કાંઈ નથી. દેવું કરીને ઘી પીવું, એટલું જ નહિ, કિન્તુ ઇચ્છા થાય તો સુરાપાન પણ કરવું અને ઇચ્છા થાય તો સગી ભગિનીને પણ ભોગવવી. જગતમાં જે બધા પદાર્થો જોવામાં આવે છે, તે બધા ઉપભોગને માટે જ છે. તેનો જો ઉપભોગ કરવામાં ન આવે, તો તે નિષ્ફળ જ જવાના છે. 'આપ મુવા પછી ડૂબ ગઈ દુનિયા'-એમાં કશું જ ખોટું નથી. જીવતાં સુધી સર્વ પ્રકારની કામવાસનાઓને તૃપ્ત કરી લેવી, એ જ એક પરમ પુરૂષાર્થ છે. જગત્‌માં દૃશ્ય ઐહિક સુખ સિવાય બીજું કાંઈ જ તત્ત્વ નથી. તપ અને સંયમ આચરવાં કે દાન અને શીલ પાળવાં, એ તો એક પ્રકારની મૂર્ખતા છે : મળેલા ભોગોથી ઠગાવા સિવાય તેનું બીજું કાંઈ જ ફળ નથી."

સ્વાર્થવાદિનો બીજો મત

'લોકનું ગમે તે થાઓ, પરન્તુ મારો ઐહિક સ્વાર્થ સિદ્ધ

થાઓ. '—એ જાતિની માન્યતા ઉપર રચાયેલો આ જાતિનો આધિભૌતિકવાદ, એ કેવળ શાસ્ત્રદષ્ટિએ નિંદનીય ઠરેલો છે એમ નહિ, કિન્તુ લોકદષ્ટિએ પણ તે અતિશય નિન્દનીય, ત્યાજ્ય અને અનીતિથી ભરેલો મનાયો છે. એ મતને નીતિશાસ્ત્ર કે ધર્મશાસ્ત્ર એ નામ પણ છાજતું નથી, તેથી આધિભૌતિકવાદિઓનો બીજો એક એવો વર્ગ છે, કે જે તેનો વિરોધ કરે છે. તે કહે છે કે–" બેશરમ સ્વાર્થિપણું કે કેવળ પેટભરાપણું આ દુનિયામાં કોઈનું પણ ચાલી શકતું નથી. આધિભૌતિક વિષયસુખ જો આપણને ઇષ્ટ છે, તો તેની સિદ્ધિ માટે બીજાનાં સુખોની આડે આવવું એ મૂર્ખતા છે. બીજાના સુખમાં વિધ્ન કરનારા પોતાના જ સુખમાં વિધ્ન કરનારા છે. અર્થાત્–બીજાને વિધ્ન કરવું તે પોતાને જ વિધ્ન કર્યા બરોબર છે : કારણ કે–જેને આપણે વિધ્ન કરીએ છીએ, તે આપણને વિધ્ન કર્યા સિવાય રહેનાર નથી. મારૂં સુખ અને મારો સ્વાર્થ, એ જો મારૂં સાધ્ય છે, તો તે સાધ્યની સિદ્ધિ બીજાઓને તેવા પ્રકારની સગવડો આપ્યા સિવાય કેવી રીતિએ થવાની ? અર્થાત્–નથી જ થવાની. તેથી પોતાના સુખને માટે જ દૂરઅંદેશીપણે મનુષ્યે બીજા લોકના સુખ તરફ પણ નજર કરવી જ જોઇએ."

આધિભૌતિકવાદમાં પણ અમૂક અંશે નીતિ પ્રવેશ પામી શકી હોય, તો તેનું કારણ આ જ છે. ચાર્વાકનો મત, નીતિનું બંધન જરૂરનું નથી એમ પ્રતિપાદન કરતો હતો, જ્યારે આ મત, પોતાના સુખની વ્યવસ્થા માટે પણ પોતાની દષ્ટિ પ્રમાણેનો નીતિનો માર્ગ સ્થાપન કરે છે. અહિંસા, સત્ય આદિ સઘળા ધર્મ અને નીતિની ઉપપત્તિ, આ મતવાળા આ એક જ રીતિએ કરે છે. 'હું લોકને મારીશ તો લોક મને મારશે.'—આ સ્વાર્થમૂલક નીતિ સિવાય અહિંસાધર્મનું બીજું કાંઇ પણ તાત્પર્ય નથી, એમ એ લોકોનો મત છે.

મનુષ્ય એટલે સ્વાર્થનું પુતળું !

બીજાઓને દુઃખી જોઇ દયા આવે છે, એનું તાત્પર્ય પણ આ

મત પ્રમાણે એ જ છે. તે કહે છે કે–" મારી ઉપર ભાવીમાં આવું દુઃખ આવે તો મારૂં શું થાય ?–એ ભય જ બીજાની દયા પ્રત્યે કારણ છે. પરોપકાર, ઔદાર્ય, કૃતજ્ઞતા, માયા કે મૈત્રી વિગેરે જે જે ગુણો પ્રથમ દૃષ્ટિએ લોકના સુખ માટે છે એમ લાગે છે, તે મૂળમાં પોતાના જ સુખને માટે અગર પોતાના જ દુઃખના નિવારણ ખાતર છે, માટે લોક તેને આચરે છે. પરોપકાર કે પરાર્થ–એ કેવળ ભ્રાન્તિમૂલક શબ્દો છે. આપણા ઉપર પ્રસંગ આવે ત્યારે લોકે આપણને મદદ કરવી જોઇએ, એવી અંતઃસ્થ બુદ્ધિથી જ માણસો બીજાને મદદ કરે છે યા દાન આપે છે. લોક આપણા ઉપર માયા રાખે, તે માટે જ આપણે તેમના ઉપર માયા રાખીએ છીએ. એ સિવાય માયા કરવાનું બીજું કોઈ પણ કારણ જણાતું નથી. છેવટે લોક આપણને સારા કહે, એ જાતિનો સ્વાર્થી હેતુ તો પ્રત્યેક કાર્યના પેટામાં રહેલો હોય છે જ: માટે આ જગત્‌માં સ્વાર્થ સિવાય બીજું કોઈ પણ તત્ત્વ છે નહિ. મા બાળકને ધવડાવે છે તેનું કારણ માતાનો પ્રેમ નથી, કિન્તુ તેના સ્તનનો તડતડાટ તેને દુઃખ આપે છે: તે દુઃખનું નિવારણ કરવા માટે અથવા તો આગળ ઉપર બાળક મારા ઉપર સ્નેહ રાખી, મારા સુખની ચિન્તા કરશે કે મારા દુઃખમાં ભાગ લેશે, એ સ્વાર્થી હેતુ માટે જ મા બાળક ઉપર સ્નેહ કરે છે." ચાર્વાક મત અને આ મતમાં નીતિ–અનીતિના બંધન સંબંધમાં ફેર છે, તો પણ મનુષ્ય એટલે કેવળ વિષયસુખ રૂપ સ્વાર્થનું પુતળું, એ જાતિની અર્વાચીન માન્યતા આ મતમાં પણ ચાલુ જ રહે છે.

આધિભૌતિકવાદિઓનો ત્રીજો વર્ગ

આધિભૌતિક–મત–વાદિઓના ઉપર્યુક્ત બે વાદો સ્વાર્થને જ પ્રધાન માને છે અને સર્વ પરાર્થ પણ એક પ્રકારનો દૂરઅંદેશી સ્વાર્થ જ છે એમ કહે છે. 'સામાન્ય મનુષ્યોની પ્રવૃત્તિ સ્વાર્થપરાયણ, એટલે ઐહિક આત્મ–સુખપરાયણ જ હોય છે.'–એ વાતને આગળ કરીને ઉપરના મતો ઘડાયેલા છે: પરન્તુ મનુષ્યસ્વભાવ કેવળ સ્વાર્થપરાયણ

નથી, કિન્તુ સ્વાર્થ સાથે પરાર્થની બુદ્ધિ પણ મનુષ્યોમાં સ્વાભાવિક હોય છે, એમ માનનાર ત્રીજો વર્ગ પણ આધિભૌતિક-મત-વાદિઓમાં છે અને તે ઉપર્યુક્ત બંને મતનો વિરોધ કરે છે. તે કહે છે કે-" પરોપકારબુદ્ધિની સાત્વિક મનોવૃત્તિ મનુષ્યના અંગમાં જન્મની સાથે જ નિર્માણ થયેલી છે. પરોપકાર એ કેવળ દૂરઅંદેશી સ્વાર્થ નથી, કિન્તુ તે એક સ્વતંત્ર વૃત્તિ છે. એ સ્વાર્થ એટલે સ્વસુખ અને પરાર્થ એટલે પરનું સુખ,-એ બે તત્ત્વો જગતમાં વિદ્યમાન છે, તો એ બંનેને અનુકૂળ માનસિક વૃત્તિઓ પણ વિદ્યમાન છે, માટે કાર્યાકાર્યની વ્યવસ્થા, એ બન્ને તત્ત્વો ઉપર દૃષ્ટિ રાખીને જ થવી જોઈએ."

પહેલા બેથી આ મત જૂદો પડે છે, છતાં સ્વાર્થ ને પરાર્થ બંને કેવળ ઐહિક સુખવાચક છે, એ માન્યતા આ મતમાં પણ ચાલુ છે. અર્થાત્-ઐહિક સુખની પેલી પાર બીજું કાંઈ નથી, એ આધિભૌતિક મત આ પક્ષમાં પણ કાયમ રહે છે. ભેદ એટલો જ છે કે-આ પક્ષમાં સ્વાર્થબુદ્ધિની જેમ પરમાર્થબુદ્ધિ પણ નૈસર્ગિક છે, તેથી-'નીતિ-અનીતિનો વિચાર કરવામાં સ્વાર્થ સાથે પરાર્થ પણ સચવાય એમ વર્તવું એ કર્તવ્ય છે.'-એમ માને છે. સ્વાર્થ અને પરાર્થ-એ બેઉમાં જો વિરોધ થતો ન હોય, તો સ્વાર્થનું કાર્ય પણ સમાજને જ હિતકારક છે, એમ આ પંથનું માનવું છે. સમાજ એટલે અનેક વ્યક્તિનો સમૂહ. તેમાંની પ્રત્યેક વ્યક્તિ બીજાને નુકશાન ન કરતાં પોતાને ફાયદો કરતી હોય, તો તેમાં એકંદર સમાજનું જ કલ્યાણ થાય છે: તેથી પોતાના સુખને હાનિ ન પહોંચાડતાં જો લોકહિત પણ કરી શકાતું હોય, તો તે પણ આ પંથની માન્યતા પ્રમાણે કર્તવ્ય છે.

નિષ્કલંક નીતિ

મનુષ્યજીવનમાં સ્વાર્થ અને પરાર્થ એ તુલ્ય કક્ષા ધરાવે છે, પરન્તુ સ્વાર્થ કરતાં પરાર્થ શ્રેષ્ઠ છે, એ વાત આ મતને માન્ય નથી. એ કારણે સ્વાર્થ અને પરાર્થ વચ્ચે જ્યારે વિરોધ આવે, ત્યારે આ પંથવાળાઓને મોટે ભાગે સ્વાર્થમાં જ તણાઈ જવાનું થાય છે. પરાર્થને

સ્વાર્થનો દૂરદર્શી પ્રકાર ન માનતાં, આ પંથના લોક ઉભયને સરખું વજન આપે છે, તો પણ કટોકટીના પ્રસંગે સ્વાર્થને જ મહત્ત્વ મળવાનો પ્રસંગ તેઓ માટે વધારે આવે છે. અંગ્રેજીમાં એને 'Enlightened self interest' (ઉદાત્ત અથવા શાણપણવાળો સ્વાર્થ) કહેવામાં આવે છે. સામાન્ય સુશિક્ષિત અંગ્રેજ લોક ઘણું કરીને આ જ નીતિને માનનારો હોય છે, તેથી તેને 'Common sense morality' (સામાન્ય બુદ્ધિની નીતિ) પણ કહેવામાં આવે છે. વ્યવહારૂ દૃષ્ટિથી આ નીતિ ગમે તેટલી સારી મનાતી હોય, તો પણ તાત્ત્વિક દૃષ્ટિએ તે પણ એક પ્રકારનો સ્વાર્થ જ છે. સ્વાર્થ કરતાં પરાર્થનું શ્રેષ્ઠત્વ જ્યાં સુધી સ્વીકારવામાં ન આવે, ત્યાં સુધી તે નીતિ અધુરી જ રહેવાની છે. સત્પુરૂષોનું આચરણ પેટભરા લોકથી હંમેશાં ઉચ્ચ પ્રકારનું જ હોવું જોઈએ. અન્યથા, તે નીતિ નિષ્કલંક નીતિ તરીકે કદી જ પ્રસિદ્ધિને પામી શકે નહિ. નિષ્કલંક નીતિ તે છે, કે જેમાં સ્વાર્થવૃત્તિનો સર્વથા અભાવ છે. સ્વાર્થવૃત્તિનો એક છાંટો પણ જ્યાં સુધી હૃદયમાં બેઠો છે, ત્યાં સુધી તે મનુષ્ય નીતિનું અખંડિત પાલન કરી શકે એ શકય નથી. એ કારણે સાચા નીતિમાન પુરૂષોની સર્વોત્તમ નીતિ અને ઉપર્યુંક્ત નીતિ વચ્ચે મહદંતર છે.

નીતિશતકના કર્તા સુપ્રસિદ્ધ કવિવર શ્રી ભર્તૃહરિજી એક સ્થળે જણાવે છે કે—

" एते सत्पुरुषाः परार्थघटकाः स्वार्थान् परित्यज्य ये।
सामान्यास्तु परार्थमुद्यमभृतः स्वार्थाऽविरोधन ये।
तेऽमी मानवराक्षसाः परहितं स्वार्थाय निघ्नन्ति ये।
ये तु घ्नन्नि निरर्थकं परिहतं ते के न जानीमहे ! ॥१॥"

સ્વાર્થનો ત્યાગ કરીને પરાર્થને આચરનારા પુરૂષો એ સત્પુરૂષો છે, સ્વાર્થને વિરોધ ન પહોંચે તે રીતિએ પરાર્થ માટે પ્રયત્ન કરનારા સામાન્ય પુરૂષો છે, સ્વાર્થને માટે પરહિતનો નાશ કરનારા એ અધમ

પુરૂષો છે, પરન્તુ જેઓ વિના કારણ પરહિતનો નાશ કરનારા છે, તેઓ કેવા કહેવાય, તે અમે જાણતા નથી!

અહીં કહેવાની મતલબ એ છે કે-સ્વાર્થના ભોગે પરાર્થ સાધનારા પુરૂષો જ સત્પુરૂષોની પંક્તિમાં ગણાવા યોગ્ય છે.

લેખાંક ર જો:

ઘણાઓનું ઘણું સુખ

આધિભૌતિક-મત-વાદિઓના ત્રણ માર્ગોનું આપણે નિરીક્ષણ કર્યું. તેમાં પહેલો વર્ગ કેવળ સ્વાર્થી છે, બીજો વર્ગ દૂરઅંદેશી સ્વાર્થી છે, જ્યારે ત્રીજો વર્ગ સ્વાર્થી છે પણ શાણો સ્વાર્થી છે: એથી આગળ વધીને આધિભૌતિક-મતવાદિઓનો એક ચોથો વર્ગ એવો છે, કે જે વર્ગ, ઉપરના ત્રણે વર્ગોનો વિરોધ કરે છે. તે કહે છે કે-"એક જ મનુષ્યના સુખ તરફ ન જોતાં, સર્વ મનુષ્યજાતિના આધિભૌતિક સુખદુ:ખનું તારતમ્ય વિચારીને, નૈતિક કાર્યાકાર્યનો નિર્ણય કરવો જોઈએ." અંગ્રેજીમાં તેને 'The greatest good of the greatest number' (ઘણાનું ઘણું સુખ) એવું નામ આપવામાં આવ્યું છે. આ મતના પ્રતિપાદક પંડિતો અધિક સાત્વિક વૃત્તિના છે, એમાં સંદેહ નથી. 'સર્વ લોકનું સુખ'-એ શબ્દોનો પ્રયોગ નહિ કરતાં, 'ઘણાઓનું ઘણું સુખ' અથવા 'પુષ્કળ લોકોનું પુષ્કળ સુખ' એ શબ્દોનો પ્રયોગ ઈરાદાપૂર્વક કરવામાં આવ્યો છે. એક જ કૃત્યથી એક જ કાળે જગતમાં સર્વ પુરૂષોને સુખ જ થાય, એ શકય નથી. એકને એક વાત સુખકર લાગે છે અને તે જ વાત બીજાને તે જ વખતે દુ:ખકર લાગે છે. સૂર્યનો પ્રકાશ ઘણાને આનંદ આપનારો છે, તો પણ તે થોડાને શોક પણ કરાવે છે: પરન્તુ તેથી સૂર્યનો પ્રકાશ ત્યાજ્ય ઠરતો નથી. 'અમુક વ્યક્તિઓને અમૂક વાત ફાયદાકારક ન લાગી, તેટલા માત્રથી તે વાત

સર્વને હિતકારક નથી'–એવો નિર્ણય કરી શકાય નહિ. એ કારણે થોડા-ઓને દુઃખ થતું હોય, તો પણ તેનો વિચાર નહિ કરતાં, ઘણાઓને જેથી ઘણું સુખ થાય, એ જ નીતિ ગ્રાહ્ય ગણાવી જોઈએ અને તે રીતિએ વર્તન કરવું એ જ જગતમાં મનુષ્યોનું ખરૂં કર્તવ્ય હોવું જોઈએ.

ચોથા મત ઉપર બે આક્ષેપો

આધિભૌતિક સુખવાદિનું આ તત્ત્વ આધ્યાત્મિકસુખવાદિઓને પણ કબૂલ છે: તે છતાં કર્તવ્યાકર્તવ્યના નિર્ણય માટે સર્વકાળે તેને જ જો આગળ કરવામાં આવે, તો ભારે અવ્યવસ્થા ઉત્પન્ન થયા સિવાય પણ રહે તેમ નથી. નીતિમત્તાનો નિર્ણય કેવળ સંખ્યા ઉપ-રથી કરવો, એ કેવળ મૂર્ખતા છે. લાખો દુર્જનોને સુખ થાય, તે કરતાં એક સજ્જનને સુખ થાય તે જ ખરૂં સત્કૃત્ય છે, એમ લોકો પણ માને છે. એનો અર્થ એ જ છે કે–એક સજ્જનને સુખ થતું હોય, તો લાખ દુર્જનના દુઃખની તેની આગળ કાંઈ કિંમત નથી: અને એ અર્થ કર્યો, એટલે–'ઘણાનું ઘણું સુખ '–એ નીતિમત્તાનું લક્ષણ તુરત જ પાંગળું બની જાય છે. અર્થાત્–લોકની સંખ્યાના કમી–જાસ્તી-પણા સાથે નીતિમત્તાનો નિત્ય સંબંધ કદી બની શકતો નથી. કોઈ કોઇ વાર સર્વ લોકને જે વસ્તુ સુખાવહ લાગે છે, તે જ દૂરદર્શી પુરૂષોને પરિણામે ગેરફાયદાકારક જણાય છે. સોક્રેટીસ અને ઈસુખ્રિસ્ત જેવા પુરૂષો પોતાના મત પ્રમાણે જે કલ્યાણકારક ઉપદેશ તેમના દેશબંધુઓને આપતા હતા, તે જ ઉપદેશો તે વખતના લોક અને લોકના અગ્રેસરોની દ્રષ્ટિએ તેમને 'સમાજના શત્રુ' ઠરાવવાના કાર-ણભૂત બન્યા હતા: એટલું જ નહિ, પણ એ જ એક ગૂન્હા ખાતર તેઓ દેહાન્ત દંડની શિક્ષાને પાત્ર બન્યા હતા. એટલા માત્રથી તેઓ-(સોક્રેટીસ અને ઈશુ)નું કૃત્ય શું અન્યાયી બની જાય તેમ છે?

'ઘણાનું ઘણું સુખ'–એને નીતિનું એક મૂળ તત્ત્વ ક્ષણભર માટે માની લઈએ, તો પણ ઘણાઓનું ઘણું સુખ શામાં રહેલું છે?– એ ઠરાવવાનું ઉભું જ રહેવાનું છે અને એને ઠરાવનારા કોણ? એ

ઠરાવવાનું કામ પણ જો લોકોને જ સોંપવામાં આવ્યું, તો સોક્રેટીસ અને ઈસુખ્રિસ્ત જેવા બનાવોની આવૃત્તિઓ સિવાય બીજું શું થનાર છે? મુશ્કેલીના પ્રસંગોમાં અનધિકારી પુરૂષોના હાથમાં નિર્ણય કરવાનું કાર્ય સોંપવાથી, વિપરીત પરિણામ સિવાય બીજું કાંઈ જ આવનાર નથી, એ વાત ઉપરના દાખલાઓથી સ્પષ્ટ થાય છે. અહીં એ બચાવ કરવામાં આવે કે–'અજ્ઞાન લોકો દુરૂપયોગ કરે એટલા માત્રથી નીતિનું તત્ત્વ કાંઈ ખોટું ઠરી જતું નથી.'–તો એ જાતિનો બચાવ પણ લૂલો છે: કારણ કે-નીતિનું તત્ત્વ ઠરાવ્યા પછી તેનો ઉપયોગ કોણે, કેમ અને ક્યારે કરવો, એ વિગેરે પણ સાથે જ ઠરાવવું જોઇએ: અન્યથા, અર્થનો અનર્થ થવાનો સંભવ ઉભો જ છે. આથી એ સિદ્ધ થાય છે કે–કેવળ સંખ્યાથી નીતિનો યોગ્ય નિર્ણય થઈ શકતો નથી તથા–'ઘણાઓનું ઘણું સુખ શામાં?'–એ ઠરાવવા માટે નિશ્ચિત એવું કોઈ બાહ્ય સાધન પણ નથી.

ત્રીજો આક્ષેપ

આ બે સિવાય તે મત ઉપર એક ત્રીજો મોટો આક્ષેપ છે, કે જે કદી પણ ન ટળી શકે તેવો છે.

કોઈ પણ કૃત્યના કેવળ બાહ્ય પરિણામ ઉપરથી તે ન્યાય્ય છે કે અન્યાય્ય, એનો સમાધાનકારક નિકાલ લાવવો, એ દરેક વખત શક્ય હોતું નથી. સર્વ સત્પુરૂષો જગતના કલ્યાણ માટે શ્રમ કરે છે–એ વાત સત્ય છે, પરન્તુ જે મનુષ્યો જગતના કલ્યાણ માટે શ્રમ કરે છે તે બધા સત્પુરૂષો જ હોય છે, એવો નિર્ણય કરી શકાતો નથી. કાર્યની સાથે મનુષ્યનું અંતઃકરણ પણ જોવું જોઈએ. યંત્ર અને મનુષ્ય વચ્ચે મોટો ભેદ પડતો હોય, તો તે આ જ છે. બાહ્ય પરિણામ ઉપરથી, યંત્ર સાચું છે કે ખોટું, તેનો યથાર્થ નિર્ણય કરી શકાય છે: પરન્તુ મનુષ્ય સાચો છે કે ખોટો, તે તેનાં બાહ્ય કૃત્યો ઉપરથી કે તે કૃત્યોનાં બાહ્ય પરિણામો ઉપરથી કદી પણ નક્કી કરી શકાય તેમ નથી. એ જ કારણે અજાણતાં અથવા ભૂલથી થનારા અપરાધો કાયદામાં પણ

ક્ષમ્ય લેખાયા છે. અર્થાત્-કોઈ પણ કૃત્ય સારૂં છે કે નરસું, ધર્મ્ય છે કે અધર્મ્ય, નીતિનું છે કે અનીતિનું, તેનો ખરો નિર્ણય કૃત્યના બાહ્ય ફળની સાથે તે કૃત્ય કરનારની બુદ્ધિ, વાસના યા હેતુની સાથે પણ અગત્યનો સંબંધ રાખે છે.

દાન કરવાની ક્રિયા, એ બાહ્યથી સરખી છે અને તેનું ફળ પણ--'ઘણાને ઘણું સુખ'-એ સમાન છે, તો પણ એક નિષ્કામ બુદ્ધિથી દાન કરે છે, એક કીર્તિ માટે કરે છે અને એક કોઈ અન્ય ફલ માટે કરે છે : તો તે બધાં દાન એકસરખા ફળવાળાં કદી બની શકતાં નથી. ઈરાદો ફરવાથી ફળ પણ ફરે છે. એક ગરીબ માણસે ધર્મકાર્ય માટે ચાર આના ખર્ચ્યા અને એક લક્ષાધીશ માણસે ચારસો રૂપીયા ખર્ચ્યા. ઘણાનું ઘણું સુખ શામાં રહેલું છે? શ્રીમન્તના દાનમાં કે ગરીબના દાનમાં? બાહ્યદૃષ્ટિએ તો શ્રીમન્તના દાનમાં જ ઘણાનું ઘણું સુખ રહેલું છે, એમ લાગ્યા વિના નહિ રહે: પરન્તુ ગરીબનું ચાર આનાનું દાન એ તેની સમસ્ત પુંજીનું દાન હોવાથી, શ્રીમન્તના દાન કરતાં ગરીબનું તે દાન અનેકગુણા ફળવાળું બની શકે છે.

'ઘણાનું ઘણું સુખ'-એ આધિભૌતિક નીતિતત્ત્વોનો જે મોટો દોષ છે, તે આ જ છે. તેમાં કર્તાના માનસિક ઈરાદાનો કે બુદ્ધિનો કાંઈ જ વિચાર કરવામાં આવ્યો નથી. માનસિક ઈરાદા તરફ પણ લક્ષ્ય આપવાની વાત આવી, ત્યાં-'ઘણાનું ઘણું સુખ'-એ નીતિનું લક્ષણ ટકી શકતું જ નથી. કેવળ બાહ્ય પરિણામો (ફળો) નો જ વિચાર કરવાનો હોય, તો જ-'ઘણાનું ઘણું સુખ'-એ નીતિ ટકી શકે એમ છે. 'બાહ્ય પરિણામોની દૃષ્ટિએ એના કરતાં ચઢીયાતું નીતિમત્તાનું તત્ત્વ બીજું કોઈ મળી શકનાર નથી'-એ વાત ખરી છે, તો પણ કોઈ કાર્ય ન્યાય્ય કે અન્યાય્ય છે, એનો વિચાર એકલા એ જ તત્ત્વ ઉપરથી થઈ શકતો નથી. એ તત્ત્વ સિવાય બીજી અનેક બાબતોનો વિચાર કરવાનો બાકી રહે છે. કેવળ બાહ્ય કર્મ ઉપર જ જો આધાર રાખીએ, તો ઘણી વાર તેથી ઠગાવાનું જ થાય છે. 'બાવો

એઠો જપે અને જે આવે તે ખપે.'–'મુખ મેં રામ ઔર બગલ મેં છુરી.'–એ કહેવતો સુપ્રસિદ્ધ છે. અંતઃકરણની શુદ્ધિ હોય અને ક્વચિત્ બાહ્ય કર્મ અશુદ્ધ અગર હિંસ્ર પણ દેખાતું હોય, તો પણ તેની યોગ્યતા પ્રથમ કરતાં ઘણી ચઢી જાય છે.

આક્ષેપ અને પરિહાર

આધિભૌતિક સુખવાદની આ ઉણપ, આધિભૌતિક તત્ત્વચિન્તકોના લક્ષ્યમાં નથી આવી એમ નથી, તો પણ તેઓએ પોતાના પક્ષનું સમર્થન કરવાનો આગ્રહ છોડ્યો નથી, એ તેમનો મતાગ્રહ સૂચવે છે. એ ઉપરાન્ત એ પંથ ઉપર એક બીજો આક્ષેપ એ પણ છે કે–'સ્વાર્થ કરતાં પરાર્થ શ્રેષ્ઠ છે, એમ જે તેઓ કહે છે તે શાથી?' એની કોઈ પણ ઉપપત્તિ તે પંથવાળાઓ આપી શકે તેમ નથી. લોકનું હિત કરવામાં ઘણા અંશે પોતાનું જ હિત સમાયેલું છે, તેથી આ પ્રશ્ન સામાન્ય રીતિએ ઉપસ્થિત થતો નથી, તો પણ 'શાણા સ્વાર્થ' કરતાં એક ડગલું આગળ વધેલ, સ્વાર્થ અને પરાર્થ વચ્ચે વિરોધ આવે, ત્યાં 'શાણા સ્વાર્થ'નો માર્ગ ન સ્વીકારતાં સ્વાર્થ છોડી પરાર્થ સાધવા શ્રમ કરવો એ જ કર્તવ્ય છે, એમ જણાવનાર પંથ તે માટેની કોઈ પણ ઉપપત્તિ (યુક્તિ) આપી ન શકે તે ચાલે નહિ. એ પંથના એક પંડિત સ્પેન્સર (Spencer) એમ જણાવે છે કે–"એક કીટથી માંડી મનુષ્ય પર્યંત સર્વ સજીવ સૃષ્ટિ પોતાના સુખના ભોગે બીજાને આનન્દ આપવામાં જ સુખ માને છે. પ્રથમ સંતતિ ઉત્પન્ન કરવી અને પછી તેનું સંરક્ષણ કરવું, એવો વ્યવહાર સમસ્ત પ્રાણિગણમાં પ્રસિદ્ધ છે. અર્થાત્–સંતતિ માટે, એટલે પારકા માટે સ્વાર્થત્યાગ કરવો એમાં કીટથી માંડી મનુષ્ય પર્યંત તમામ પ્રાણિઓ આનન્દ માને છે. તદ્દન જંગલી સમાજમાં પણ પોતાની સંતતિ માટે જ નહિ, કિન્તુ પોતાના જ્ઞાતિજનો માટે પણ મદદ કરવાની પ્રવૃત્તિ આનન્દપૂર્વક કરવામાં આવે છે, માટે સજીવ સૃષ્ટિના શિરોમણિભૂત મનુષ્યે તો પરાર્થમાં જ સ્વાર્થ જેટલું સુખ માનવાનું

સૃષ્ટિનું જે ચઢતું ધોરણ છે, તેને અપનાવી લેવું જોઈએ."

આ યુક્તિવાદ ખોટો છે, એમ કહી શકાય તેમ નથી. પરોપકાર, એ સદ્‌ગુણ મુંગી સૃષ્ટિમાં પણ બાળકનું સંરક્ષણ કરવાના આકારમાં નજરે ચઢી આવે છે, તો જ્ઞાનવાન એવો મનુષ્ય, તેણે તો તેની પરમ સીમાએ પહોંચવું, એ જ તેને માટે ખરામાં ખરો પુરૂષાર્થ થઈ પડે છે. આ રીતિએ એ તત્ત્વની આધિભૌતિક ઉપપત્તિ પણ છેવટે કરવી પડે છે, પરન્તુ આ જાતિની ઉપપત્તિ કરવા જતાં, બીજો એવો પ્રશ્ન એની સામે ઉત્પન્ન થાય છે કે–'પરોપકારબુદ્ધિ એ એકલો જ સદ્‌ગુણ મનુષ્યમાં ઉત્કર્ષ પામ્યો છે કે તેની સાથે ન્યાયબુદ્ધિ, દયા, વિવેક, દીર્ઘદષ્ટિ, તર્કશક્તિ, શૌર્ય, ધૈર્ય, ક્ષાન્તિ, ઈન્દ્રિયનિગ્રહાદિ બીજા પણ અનેક સદ્‌ગુણોની વૃદ્ધિ થયેલી છે?' જો બીજા પણ સદ્‌ગુણોની વૃદ્ધિ થયેલી હોય, તો ઈતર સજીવ પ્રાણિઓના મુકાબલે મનુષ્યોમાં એકલો પરોપકાર જ નહિ, કિન્તુ સર્વ સદ્‌ગુણોનો ઉત્કર્ષ થયેલો છે-એમ કહેવું પ્રાપ્ત થાય છે. આ સાત્ત્વિક ગુણોના ઉત્કર્ષને સમુચ્ચયે 'મનુષ્યત્વ'–એ નામ આપવું એ જ સાર્થક છે.

પરોપકાર કરતાં આ રીતિએ 'મનુષ્યત્વ' યાને 'માણસાઈ' એ જ જો શ્રેષ્ઠ ઠરે, તો પછી કોઈ પણ કર્મની યોગ્યાયોગ્યતા અથવા નીતિમત્તાનો નિર્ણય તે માણસાઈના આધારે જ થવો જોઈએ. અર્થાત્–એકલી પરોપકારબુદ્ધિ ઉપર ભાર દેવા કરતાં–'માણસાઈને શોભે તે જ સત્કૃત્ય'–એ નીતિનું ધોરણ ઠરાવવું એ જ ન્યાયયુક્ત વાત છે. આ વ્યાપક દષ્ટિ એક વાર સ્વીકારી, એટલે–'ઘણાનું ઘણું સુખ'–એ આ દષ્ટિનો એક સ્વલ્પ વિભાગ થઈ જાય છે અને તેથી કૃત્યોની ધર્મ્યાધર્મ્યતા તે જ એક દષ્ટિએ જોવી જોઈએ, એ મત ચીલ્લક રહેતો નથી, કિન્તુ 'માણસાઈ'નો વિચાર કરીને નીતિનું તત્ત્વ નક્કી થવું જોઈએ, એ જ એક મત સિદ્ધ થાય છે.

ધર્મોની નિત્યતાની સિદ્ધિ

પરન્તુ એ મત સિદ્ધ થયા પછી, એ પ્રશ્ન ઉભો જ રહે છે

કે–' માણુસાઈ અથવા મનુષ્યપણું શામાં માનવું ?'–આ પ્રશ્નનો બારીક કાઈથી વિચાર કરવા માંડ્યો, એટલે તુરત જ આત્મતત્ત્વની ચિન્તા આવીને ઉભી રહેવાની છે. આ રીતિએ આધિભૌતિક-મતવાદની પૂર્ણાહુતિ આધ્યાત્મિકવાદની નિકટ આવીને જ થોભે છે. તફાવત માત્ર એટલો જ છે કે-આધિભૌતિક–મતવાદિઓની દષ્ટિ ' માણુસાઈ'માં પણ કેવળ સર્વ લોકોનાં બાહ્ય સુખોની જ ચિન્તા કરે છે : અંતઃસુખ કે અંતઃશુદ્ધિના વિચાર સુધી તે પહોંચી શકતી નથી.

પ્રાણિ માત્રની સર્વ પ્રવૃત્તિ સુખપ્રાપ્તિ અને દુઃખનિવારણ માટે છે–એ સામાન્ય તત્ત્વ જ્યાં કબૂલ થયું, ત્યાં સત્ય સુખ આધિભૌતિક એટલે વિષયોપભોગ છે કે અન્ય કોઈ છે, એનો વિચાર કર્યા શિવાય ચાલે તેમ છે જ નહિ. શારીરિક સુખ કરતાં માનસિક સુખની યોગ્યતા અધિક છે, એ વાત તો આધિભૌતિક–મતવાદિઓને પણ કબૂલ કર્યા સિવાય ચાલતી નથી. તત્ત્વજ્ઞાનના ગહન વિચારથી બુદ્ધિને જે એક પ્રકારની શાન્તિ મળે છે, તેનું મૂલ્ય ઐહિક સંપત્તિ અને વિષયોપભોગ કરતાં કેઈગુણું અધિક જ છે, એ વાત સમજદાર પુરૂષોને સમજાવવી પડે તેમ નથી. ઉલટપક્ષે ઐહિક સુખ કે સંપત્તિ ગમે તેટલી પ્રાપ્ત થાય, તેની સાથે આત્મિક સુખ કે આત્મિક શાન્તિ પ્રાપ્ત થાય જ, એવો નિયમ બાંધી શકાતો નથી.

ઈન્દ્રિયગમ્ય બાહ્ય સુખના કરતાં બુદ્ધિગમ્ય આંતર્ સુખની યોગ્યતા હંમેશાં અધિક રહે છે. તેનું એક કારણ એ પણ છે કે–વિષયસુખ અનિત્ય છે, જ્યારે આત્મિક સુખ નિત્ય છે. અહિંસા, સત્ય વિગેરે ધર્મો બાહ્ય સુખ-દુઃખ ઉપર આધાર રાખતા નથી, પણ સર્વ કાળે અને સર્વ પ્રસંગે એકસરખા લાગુ પડે છે, એમ સર્વ કોઈ માને છે. 'આ જાતિનું નિત્યત્વ એ ધર્મોને શાથી પ્રાપ્ત થાય છે ?'–એની ઉપપત્તિ આધિભાતિક–મતવાદથી કાંઈ પણ પ્રાપ્ત થઈ શકે તેમ નથી. બાહ્ય સુખદુઃખો અનિત્ય અને નશ્વર હોવાથી, તેના અવલોકનપૂર્વક જે કાંઈ સિદ્ધાન્તો નક્કી કરવામાં આવે છે, તે

હંમેશા કાચા પાયા ઉપર જ રચાયેલા હોય છે. ' સત્ય ખાતર પ્રાણ જાય તો પણ પરવા નહિ '–એવી જે ત્રિકાલાબાધિત માન્યતા, તે– ' ઘણાનું ઘણું સુખ '–એ તત્ત્વથી કદી પણ સિદ્ધ થઈ શકતી નથી. એની સિદ્ધિ તો–' આત્મા પોતે નિત્ય છે '–એમ માનવામાં આવે તો જ થઈ શકે તેમ છે. નિત્ય આત્માને માન્યા પછી અનિત્ય એવાં સુખ–દુઃખોનો વિચાર આપોઆપ ગૌણ બની જાય છે અને–' નિત્ય જીવને સુખ કરનાર ધર્મ પ્રાણાન્તે પણ ત્યજવા યોગ્ય નથી. '–એ સિદ્ધાન્ત સ્થિર થાય છે.

આત્મતત્ત્વને માનવું જ પડે

નીતિમત્તાનો સિદ્ધાન્ત ' ઘણાનું ઘણું સુખ ' કે ' સ્વાર્થ કરતાં પરાર્થ એ શ્રેષ્ઠ છે '–એટલું માનવા માત્રથી નક્કી થઈ શકતો નથી. ' સ્વાર્થ કરતાં પરાર્થ એ શાથી શ્રેષ્ઠ છે ?'–એ નિશ્ચિત ઠરાવવા માટે આત્મતત્ત્વ સુધી પહોંચ્યા સિવાય ચાલતું નથી. જો નિત્ય એવું આત્મતત્ત્વ જગતમાં હયાતિ ધરાવતું ન હોય, તો–

" निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु,
लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टम् ।
अद्यैव वा मरणमस्तु युगान्तरे वा,
न्याय्यात्पथः प्रविचलन्ति पदं न धीराः ॥१॥ "

—એ વિગેરે પદ્યો કેવળ સાહિત્યની શોભા માટે જ રહી જાય છે. " બહુસંખ્ય જન સ્તુતિ કરે યા નિન્દા કરે, ' ઘણાઓના ઘણા સુખનું સાધન ' લક્ષ્મી આવે યા જાય, સર્વ પદાર્થોથી પ્રિય એવા પ્રાણોનો વિયોગ કરાવનાર મરણ આજે આવે યા યુગાન્તરે આવે, તો પણ ધીરપુરૂષો, અર્થાત્–બુદ્ધિમાન પુરૂષો ન્યાયના માર્ગથી એક પદ પણ પાછા હઠતા નથી. "–એ વાત જો સત્ય હોય, તો આધિભૌતિકમતવાદ અસત્ય ઠરે છે. આધિભૌતિક સુખવાદિઓના મતે, લક્ષ્મી અને પ્રાણ કરતાં નીતિની કિંમત કદી જ અધિક બની શકે તેમ

નથી : કારણ કે-ઐહિક સુખ એ એનું ધ્યેય છે. ઐહિક સુખના ધ્યેયવાળો ઐહિક સુખોના ભોગે નીતિનું પરિપાલન કરે, એ બનવું જ સર્વથા અશક્ય છે : એટલા માટે જ્યાં સુધી આત્મતત્ત્વ જેવી વસ્તુની શ્રદ્ધા પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી નીતિની સઘળી વાતો, એ કાચા પાયા ઉપરનાં ચણતરો જેવી છે. એ ચણતરોની દિવાલો ક્યારે તૂટી પડશે, એ કહી શકાય નહિ.

એકલી આશયશુદ્ધિ નકામી

નીતિનો પાયો પાકો કરવા માટે એકલા આધિભૌતિક–મતવાદથી કામ સરી શકે એમ નથી, એ વાત નક્કી થઈ ગયા પછી, એ કહેવાનું રહેતું નથી કે–આધિભૌતિક–મતવાદના પ્રણેતાઓ કોઈ સ્વાર્થી હેતુઓથી નહિ, કિન્તુ 'જનકલ્યાણ' જેવા ઉચ્ચાશયથી પોતાના સિદ્ધાન્તોનું પ્રતિપાદન કરતા હોય, તો પણ બુદ્ધિમાનો વડે તેઓના સિદ્ધાન્તો કદી ગ્રાહ્ય થઈ શકે તેમ નથી. આશયની શુદ્ધિ ગમે તેટલી હોય, પરન્તુ જે વસ્તુનું નિરૂપણ કરવું છે, તે વસ્તુનું પૂરેપૂરું જ્ઞાન જેઓને નથી, તેઓએ પોતાના મત ઉપર આગ્રહ રાખવો નિરર્થક છે : એ જાતિની આગ્રહી વૃત્તિ સત્ય વસ્તુને પામવા માટે મહાન્ અંતરાય રૂપ છે.

* * *

લેખાંક ૩ જો :

અપરિચિતતાનું કારણ

આજે આધિભૌતિક–મત–વાદનો પવન બહુ ફેલાયો છે અને તેના સમર્થનમાં એમ કહેવાય છે કે–

"તે મતના પંડિતો સમર્થ વિદ્વાન અને 'જનકલ્યાણ'ની ઉત્કટ ધગશવાળા છે, તેથી તેમનાં વચનો ઉપર અનાશ્વાસ લાવવાનું કોઈ કારણ નથી. તેઓ જે કહે છે તે વૈજ્ઞાનિક પદ્ધતિએ

કહે છે અને એટલા માટે વર્તમાનના સુશિક્ષિતોની બુદ્ધિને તે વધારે આકર્ષે છે. નીતિમત્તાનો વિચાર કરવા માટે શાસ્ત્રોક્ત કાળજૂનાં કાટલાંઓ અત્યારે નકામાં છે અને આધુનિક પંડિતો દ્વારા નિરૂપણ કરાતી સમાજહિતની વૈજ્ઞાનિક દૃષ્ટિ એ જ બરાબર છે."

આ જાતિના વિચારોને આધીન થઈ જવાથી, આજે જેઓ ભણેલા અને સુશિક્ષિત કહેવાય છે, તેઓમાં આધિભૌતિક-મત-વાદી શાસ્ત્રોનું જ્ઞાન મેળવવાનો પ્રયાસ વધતો જ જાય છે, જ્યારે આત્મા-પરલોકાદિનું વિવેચન કરનારાં શાસ્ત્રોનું જ્ઞાન મેળવવા માટેનો પ્રયાસ લગભગ અટકી ગયો છે. એ જ કારણ છે કે-આધુનિક સંસ્કૃતિથી સંસ્કૃત થયેલા આર્યદેશોત્પન્ન અને પોતાને દેશભક્ત તરીકે ઓળખાવનારા પુરૂષો પણ, જેટલા પાશ્ચાત્ય પંડિતો, જેવા કે-કાન્ટ (Kant) મીલ (Mill) સ્પેન્સર (Spencer) હ્યુમ (Hume) કે હોબ્સ (Hobes) આદિએ વિવેચિત કરેલા તત્ત્વજ્ઞાનથી પરિચિત છે, તેટલા જ તે પંડિતો કરતાં કેઈગુણા વિદ્વાન, સ્વાર્થત્યાગી અને સત્યપ્રતિજ્ઞ એવા સ્વદેશોત્પન્ન ગ્રન્થકારોના ગ્રન્થોથી અપરિચિત છે.

પં. જવાહરલાલ નહેરૂ

એનું તાજું દૃષ્ટાંત પોતાના દેશબાંધવોનાં દુઃખોનું દુઃખ હૈયે ધરાવનાર પંડિત જવાહરલાલ નહેરૂ, કે જેઓ દેશના છૂટાપણા માટેની લડતમાં એક અગ્રગણ્ય ભાગ લઈ રહ્યા છે, તેઓ પોતે જ છે. 'મારી જીવનકથા'-એ નામના પોતે લખેલા છસો પાનાંના એક અંગ્રેજી પુસ્તકમાં અનેક ગ્રન્થકારોની સાક્ષીઓ તેઓ આપે છે, પરન્તુ તેમાં એક પણ સાક્ષી પોતાના દેશના મહાપુરૂષોના ગ્રન્થની જણાતી નથી.

પોતાના જ દેશમાં થયેલા અનેક મહાપુરૂષો કે તેમણે રચેલા વિપુલ સાહિત્યની છાયા સરખી પણ તે આખાયે પુસ્તકમાં શોધી જડતી નથી, તેનું કારણ શું? ઉલટું પરોપકાર અને પરમાર્થ માટેની ધગશ ધરાવવા છતાં, આધિભૌતિકમતવાદના પંડિતોએ રચેલા ગ્રન્થોના જ અધ્યયનથી પરોપકાર અને પરમાર્થના મૂળભૂત પરલોક અને મોક્ષ

પ્રત્યે તેઓ અસાધારણ સુગ ધરાવતા થઈ જાય છે. 'What is religion ?' 'ધર્મ એ શું છે ?'-એ નામના પોતાના પુસ્તકના એક પ્રકરણમાં લખતાં પં. જવાહર જણાવે છે કે:—

'Usually religion becomes an ascocial quest ·for God or the Absolute, and the religious man is concerned far more with his own salvation than with the good of society. The mystic tries to rid himself of self, and in the process usually becomes obessed with it. Moral standards have no relation to social needs, but are bassed on a highly metaphysical doctrine of sin.'

એજ પ્રકરણમાં બીજી જગ્યાએ તેઓ લખે છે કે—

'Nor am I greatly interested in the after life in what happens after death. I find the problems of this life suflicientiy absorbing to fill my mind.'

પં. જવાહરલાલ નહેરૂના ઉપર્યુક્ત વિચારોમાં આધિભૌતિક-મત-વાદિઓના સિદ્ધાન્તોની છાયા સ્પષ્ટતયા તરી આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો, તેઓ આબેહૂબ રીતિએ આધુનિક જડવાદિઓના સિદ્ધા-ન્તોની અસર તળે આવી ગયા છે. એ અસરની આધીનતામાં આવી જઈ, તેઓ ઉચ્ચારે છે કે—

'મને પરલોકનો, મરણ પછી શું થશે, તેનો બહુ રસ નથી. આ લોકના જ પ્રશ્નો મારા ચિત્તને ભરી દેવા માટે મને પૂરતા લાગે છે.'

'ઈશ્વર', 'પરમાત્મતત્ત્વ' કે 'મોક્ષ' પ્રત્યે પોતાની અરૂચિ દર્શાવતાં, તેઓ કહે છે કે—

'સાધારણ રીતિએ ઈશ્વર અથવા તો પરમાત્મતત્ત્વ માટેની સમા-જનિરપેક્ષ ખોજ, એને ધર્મ માનવામાં આવે છે. ધાર્મિક માણસને સમાજના હિત કરતાં પોતાના મોક્ષની વધારે પડી હોય છે. તંત્રવાદી (શાસ્ત્રો પ્રત્યે શ્રદ્ધા ધરાવનાર માણસ) સ્વાર્થથી વધુ ને વધુ દૂર

ભાગવા પ્રયત્ન કરે છે, પણ તેમ કરવા જતાં તે તેમાંજ (સ્વાર્થમાંજ) ભરાઈ પડે છે. ધાર્મિક ધોરણો સામાજિક જરૂરીયાતો સાથે કશો સંબંધ ધરાવતાં નથી, કિન્તુ તે સિદ્ધાન્તો કેવળ પાપની અતિશય ગૂઢ કલ્પનાઓ ઉપર રચાયાં હોય છે.'

આગળ વધીને તેઓ એમ પણ કહે છે કે—

'The religious outlook does not help, and evenhinders, the moral and spiritual progress of a people, if morality and spirituality are to be judged by this world's standards, and not by the hereafter.'

અર્થાત્—'જો નીતિ અને અધ્યાત્મની કસોટી પરલોકના ધોરણથી નહિ, પણ આ લોકના ધોરણથી કરીએ, તો ધાર્મિક દૃષ્ટિબિન્દુ જીવનમાં મદદ રૂપ નથી થતું, કિન્તુ લોકની નૈતિક અને આધ્યાત્મિક પ્રગતિને અટકાવે પણ છે.'

પંડિતજીના આ વિચારો એમ સ્પષ્ટ રીતિએ જાહેર કરે છે કે-નીતિનું ધોરણ નક્કી કરવા માટે પરલોકને આગળ કરવાની એક લેશ માત્ર આવશ્યકતા નથી: અર્થાત્-તેઓ નીતિ અને આધ્યાત્મિકતાના **અર્થી** છે, પરન્તુ આર્યાવર્તના મહાપુરૂષોના ફરમાન મુજબની નહિ કિન્તુ આધભૌતિકવાદના નક્કી થયેલા સિદ્ધાન્તો મુજબની જ તે હોવી જોઈએ.

સાચા સુખના બાધક વાદો

આધિભૌતિક–મત–વાદના નક્કી થયેલા સિદ્ધાન્તોમાં આપણે ઉપર જોઈ આવ્યા તેમ, છેલ્લામાં છેલ્લો અને ઉંચામાં ઉંચો સિદ્ધાન્ત કોઈ હોય, તો તે 'The greatest good of the greatest number.' અર્થાત્–'ઘણાનું ઘણું સુખ' જોવું, તે છે. **અહીં** એ ભૂલવું જોઈતું નથી કે–આધિભૌતિક–મતવાદિઓનું સુખ તે ઐહિક સુખ છે. પારલૌકિક કે આધ્યાત્મિક સુખ જેવું કોઈ સુખ હયાતિ ધરાવે છે, એમ તેઓ સ્વીકારતા નથી. આમ છતાં ઐહિક સુખથી ઉચ્ચ કોટિનું સુખ છે જ નહિ, એવો નિર્ણય

પણ તેઓ બુદ્ધિગમ્ય દલીલો સાથે આપી શકતા નથી. ઐહિક સુખ કેવળ પોતાનું જ જોવું કિન્તુ પરનું ન જોવું, અગર પરનું જોવું તો પણ તે પોતાના જ સુખ માટે જોવું, એ નિકૃષ્ટ કોટિનો આધિભૌતિક-મત-વાદ છે : સ્વાર્થ સાથે પરાર્થ પણ માનવીનો નૈસર્ગિક ગુણ છે, એમ માની પોતાના ઐહિક સુખની સાથે પરના ઐહિક સુખની પણ તેટલી જ દરકાર રાખવી, એ મધ્યમ કોટિનો આધિભૌતિક-મત-વાદ છે : અને સ્વાર્થના ભોગે પણ પરાર્થ સાધવો, એ ઉચ્ચ કોટિનો આધિભૌતિક-મત-વાદ છે. એ સઘળા વાદો ઐહિક સુખની સાધના માટે નિર્માણ થયેલા હોવાથી, જગત્માં જો જડ ઉપરાન્ત ચૈતન્ય જેવું કોઈ સ્વતંત્ર તત્ત્વ હયાતિ ધરાવતું હોય, તો અપૂર્ણ ઠરે છે : એટલું જ નહિ, કિન્તુ એ વાદોનો સ્વીકારસાચા સુખનો બાધક નિવડે છે.

આત્મા વિનાની ફલશૂન્યતા

જગત્માં આંખથી દેખાનારા અને સ્પર્શથી અનુભવાનારા (જડ) ભૂતો ઉપરાન્ત આત્મતત્ત્વ હયાતિ ધરાવતું નથી, એ સાબીત કરવા માટે આધિભૌતિક-મત-વાદિઓ પાસે કોઈ સંગીન પ્રમાણો નથી. પ્રત્યુત, તેઓમાં પણ જે નિરાગ્રહી અને મધ્યસ્થ બુદ્ધિના વિદ્વાનો છે, તેમને કબૂલ કરવું પડ્યું છે કે-કેવળ જડ તત્ત્વનો જ સ્વીકાર કરવાથી, નીતિ અને પરોપકારના તત્ત્વની સત્ય વ્યવસ્થા અધુરી અને અનિશ્ચિત જ રહે છે. સ્વાર્થ કરતાં પરાર્થને પ્રધાન માનવાની કે અનીતિ કરતાં નીતિને શ્રેષ્ઠ માનવાની ઉપપત્તિ તો જ ઘટી શકે છે, કે જો તે નીતિ અને પરાર્થથી થનારા ફાયદાને અનુભવનાર કોઈ તત્ત્વ હયાતિ ધરાવતું હોય. અન્યથા, ઐહિક સુખના ભોગે પાળેલી નીતિ કે કરેલો પરોપકાર ફળશૂન્ય ઠરે છે.

આ જાતિની નિરાગ્રહી બુદ્ધિને ધરનારા પંડિતો, જો કે પોતે સત્ય તત્ત્વને હજુ સુધી પામી શકયા નથી, તો પણ સામગ્રીના સદ્ભાવે પામ્યા સિવાય રહે, એ પણ બનવા યોગ્ય નથી. એટલા પૂરતો તેઓએ

પોતાની બુદ્ધિનો વિકાસ કર્યો છે અને હજુ જડવાદમાં જ અટવાયેલા છતાં 'જનકલ્યાણ' માટેની તેઓની સાત્વિક વૃત્તિ અને 'સત્ય તત્ત્વની ખોજ' માટેની તેઓની જિજ્ઞાસાબુદ્ધિ અવશ્ય અનુમોદનીય છે.

નિરૂપણ કરનાર જડ કે ચેતન?

પરન્તુ જેઓ જડવાદને જ તત્ત્વ માનીને બેસી ગયા છે અને તેના ઉપર જ પોતાના તરંગી ઘોડાઓને દોડાવી, અધ્યાત્મવાદનો તિરસ્કાર કરે છે, તેઓની બુદ્ધિ તો અતિશય દયાપાત્ર છે. અર્થાત્–તેઓને વિચાર કરવા બુદ્ધિ મળી છે, પરન્તુ તે આગ્રહને વશ પડી ગયેલી હોવાથી તેમના વિકાસને કારમી રીતિએ રૂંધી રહી છે.

જડવાદને સમજાવનારા ગ્રન્થોનું અધ્યયન ભારતવર્ષના સુશિક્ષિત વર્ગમાં આજે જેટલા જોરથી થઈ રહ્યું છે, તેના એક શતાંશ ભાગ જેટલું પણ જોર જો અધ્યાત્મવાદને સમજાવનાર ગ્રન્થાધ્યયન ઉપર આપવામાં આવે, તો પણ અમારી ખાત્રી છે કે–પરલોક કે મોક્ષ પ્રત્યેની તેઓની સુગ ઘડીના છઠ્ઠા ભાગમાં ઉડી જાય તેમ છે. જડ-વાદને સમજાવનારા પંડિતો દલીલોમાં ગમે તેટલા આગળ વધ્યા હોય, તો પણ તેઓ સ્વયં શંકિત છે, જ્યારે અધ્યાત્મવાદને સમજાવનારા પંડિતો પોતે જે તત્ત્વોનું નિરૂપણ કરે છે, એમાં એટલા સુનિશ્ચિત છે કે–તેનું મન દઈને અધ્યયન કરનાર ગમે તેવો શંકિત પણ નિશ્ચિત બની જાય છે. આગળ વધીને કહીએ, તો જડવાદ એ ઐહિક અને ઐન્દ્રિયક વિષયોનું ગમે તેટલું સમર્થન કરે, તો પણ એ સમર્થન કરનાર પોતે ઐહિક કે ઐન્દ્રિયક નથી, કિન્તુ ઈન્દ્રિયાતીત છે. અર્થાત્–જડવાદનું સમર્થન કરનાર પોતે જડ નથી કિન્તુ ચેતન છે અને એ પણ જો જડ હોય, તો તે પોતે જડવાદને સમજી કે સમ-જાવી શકે, એ બને જ કેવી રીતિએ ? સમજનાર અને સમજાવનાર કદી જડ હોઈ શકે જ નહિ, કિન્તુ ચેતન જ હોય, એ પ્રત્યેકના પ્રત્યક્ષ અનુભવની વાત છે. એ પ્રત્યક્ષ અનુભવનો તિરસ્કાર કર્યે, કોઈનાથી પણ ચાલી શકે તેમ છે કે?

હવામાં કીલ્લા

આધિભૌતિક-મત-વાદ આ રીતિએ વર્તમાન જગતને વિષે ગમે તેટલો ફેલાયો હોય, તો પણ તે પોતાના મૂળમાં જ કુઠારાઘાત કરનારો છે, એ સમજવું વિવેકશીલ બનેલા વિદ્વાનોને જરા પણ મુશ્કેલ નથી. આધિભૌતિક-વાદને પ્રધાન માનીને જેઓ આજે અધ્યાત્મ-વાદની ઠેકડી કરી રહ્યા છે, તેઓ પોતાની જાતને ઓળખ્યા વિના જ બીજાની જાતને ઓળખવાનો હાંસિપાત્ર પ્રયાસ કરી રહ્યા છે.

પોતે માણસ છે કે પશુ, એ જાણ્યા વિના જ બીજાને પશુ કહેવા પ્રયત્ન કરવો એ જેમ મૂર્ખતા છે, તેમ પોતે ચેતન છે કે જડ, એની પરીક્ષા કર્યા વિના જ જડવાદ એ વૈજ્ઞાનિક વાદ છે અને અધ્યાત્મવાદ એ અવ્યવહારૂ અને અવૈજ્ઞાનિકવાદ છે, એવો નિર્ણય આપવા બહાર પડવું, એ પણ મૂર્ખતા છે.

આધિભૌતિક-મત-વાદમાં મોટામાં મોટી ખામી હોય, તો તે એક જ છે કે-તેમાં વિચારવા યોગ્ય પદાર્થોનો પુષ્કળ વિચાર છે, પરન્તુ એ પદાર્થોનો વિચાર કરનાર વિચારક કેવો છે, તેનો કોઈ વિચાર જ નથી. એ એક જ ખામી, તેને અપ્રમાણિક ઠરાવવા માટે પૂરતી છે અને એ જ એક કારણે ભારતવર્ષના વિશિષ્ટ જ્ઞાની અને બુદ્ધિમાન મહાપુરૂષોએ તે વાદને એક અજ્ઞાનવાદ ગણી કાઢી, તેની ગણના આત્મતત્ત્વનો સ્વીકાર કરનાર બીજા બધા વાદો કરતાં નીચી કોટિની જ કરી છે.

આજે જેઓ પોતાને સુશિક્ષિત કે વિચાર કરવાની શક્તિ ધરાવનાર માનતા હોય, તેઓને અમારી ભલામણ છે કે-આધિ-ભૌતિક-મત-વાદના સિદ્ધાન્તોને સંપૂર્ણ કોટિના માનવા પહેલાં તેઓ જરા થોભે અને તેના ઉપર જ સમાજોન્નતિ કે જનકલ્યાણના પાયા ચણવાનો પ્રયાસ એ કેટલા દરજ્જે વ્યાજબી છે, તે ઉપર ગંભીરપણે વિચાર કરે. અમને ખાત્રી છે કે-એટલો વિચાર કરવામાં આવશે, તો ‘ સમાજવાદ ’ આદિ સિદ્ધાન્તો ઉપર જે જાતિનું જોર

ભણેલા અને સુશિક્ષિત કહેવાતા વર્ગ તરફથી અપાઈ રહ્યું છે, તે તેમને હવામાં કીલ્લાઓ ચણવા કરતાં અધિક મૂલ્યવાળું નહિ જ દેખાય.

અક્ષણિક સ્વાર્થત્યાગ ક્યારે ?

સમાજોન્નતિ, દેશોન્નતિ કે જનકલ્યાણ, એ મનુષ્યોની સાહજિક વૃત્તિઓ છે, પરન્તુ એ વૃત્તિઓ શામાંથી ઉદ્‌ભવ પામે છે, એનું જ્ઞાન મેળવ્યા સિવાય જ, જે–તે પ્રવૃત્તિઓમાં ઝંપલાવવું, એનું પરિણામ શૂન્યમાં જ આવવાનું છે. પુણ્ય, પાપ, પરલોક કે મોક્ષ પ્રત્યે સુગ ધરાવવા માત્રથી તે તત્ત્વો નાબૂદ થઈ જવાનાં નથી. પુણ્ય અને પાપની વાતો, એ સામાજિક ઉન્નતિને બાધ કરનારી છે,–એમ કહેવા પહેલાં પુણ્ય અને પાપ જેવાં તત્ત્વો હયાતિ ન ધરાવતાં હોય, તો પરાર્થ કે પરોપકાર કરવાની આવશ્યકતા જ શું રહે છે, એ વિચારવાની પહેલી જરૂર છે. પરલોક કે મોક્ષ માટે પુરૂષાર્થ કરનાર સ્વાર્થત્યાગના નામે જ સ્વાર્થી બને છે, એમ કહેવાની ઉતાવળ કરવા પહેલાં મનુષ્યને સ્વાર્થી બનાવનાર જ આ લોકનાં ઐહિક સુખોની લાલસા છે, એ સિદ્ધાન્ત સમજવાની ગંભીર જરૂરીઆત છે. સ્વાર્થ અને પરાર્થ શામાંથી જન્મે છે, એનો વિચાર કર્યા વિના જ, સ્વાર્થત્યાગ અને આપભોગની વાતો એ આડંબરી ઠરે છે : એટલું જ નહિ, કિન્તુ એવી વાતોનું સ્થૈર્ય દીર્ઘકાલીન કદી હોતું નથી, કિન્તુ ક્ષણિક ઉભરાઓ હોય છે. અક્ષણિક સ્વાર્થત્યાગ અને સત્ય માટે પ્રાણાન્ત આપભોગ, આત્મતત્ત્વની પીછાન વિના કદી પણ શક્ય નથી. સાધન અગર સામગ્રીના અભાવે તત્ત્વની પૂરેપૂરી પીછાન ન થઈ શકે, તો પણ તે માટેની જિજ્ઞાસા તો અખંડિત રહેવી જોઈએ. જેઓની એ જિજ્ઞાસા પણ નાશ પામે છે, તેઓ અજ્ઞાન અને અતત્ત્વજ્ઞ લોકમાં ભારેમાં ભારે પ્રસિદ્ધિ મેળવવા છતાં, સ્વપરનું સાચું હિત કાંઈ પણ સાધી શકતા નથી અને તત્ત્વજ્ઞોની દૃષ્ટિએ માનવજીવનને નિષ્ફળ વેડફી નાખી, અધોગતિના ગહન ગર્તામાં ધકેલાઈ જાય છે, એમાં લેશ માત્ર સંદેહ નથી.

લેખાંક ૪ થો :

આશયભિન્નતા

આધિભાતિક--મત--વાદના વિશિષ્ટ કોટિના પંડિતો પણ, ઐહિક સુખ સિવાય ઉચ્ચ કોટિનું બીજું કોઈ સુખ હયાતિ ધરાવતું નથી, એવો નિર્ણય આપી શક્યા નથી. જડ પદાર્થોના ઉપભોગ દ્વારાએ થનારૂં સુખ, એ સુખ છે એ માનવા છતાં પણ, એ સુખનો અનુભવ કરનાર કોણ છે, તે વિષે આધિભૌતિકમતનું નિરૂપણ કરનારા પંડિતો અંધારામાં જ છે. સુખ-દુઃખનો આધાર કેવળ બાહ્ય પદાર્થો નથી કિન્તુ આંતરિક આશય છે, એ એટલી બધી સ્પષ્ટ અને અનુભવસિદ્ધ વાત છે કે-તેનો કોઈથી પણ ઇન્કાર થઈ શકે તેમ નથી. આંતરિક આશયોની વિભિન્નતાએ, એક જ વસ્તુ એકને સુખનું સાધન લાગે છે અને બીજાને દુઃખનું સાધન લાગે છે. સૂર્યનો પ્રકાશ એ સૌને સુખ આપે છે, કિન્તુ નક્તંચરોને દુઃખ પણ આપે છે. ચંદ્રનાં કિરણો જગતને શીતલતા અર્પનારાં હોવા છતાં, વિરહીને બાળનારાં પણ થાય છે. શત્રુનું મરણ શત્રુને સુખ આપનારૂં થાય છે અને મિત્રને દુઃખ આપનારૂં થાય છે. એકની સમૃદ્ધિ એકને ઠારનારી થાય છે અને બીજાને બાળનારી થાય છે. એકનું સુખ એકને સુખ આપે છે અને બીજાને દુઃખ આપે છે. આ જાતિની વિષમ પરિસ્થિતિ ઉત્પન્ન થવાનું કોઈ પણ કારણ હોય, તો તે મનુષ્યોની રૂચિને લગતી ભિન્નતાઓ છે.

મનુષ્યની અને યંત્રની ક્રિયાનો ભેદ

મનુષ્યોની રૂચિઓ જ્યાં સુધી આ રીતિએ ભિન્ન ભિન્ન છે, ત્યાં સુધી કેવળ બાહ્ય પદાર્થોની વ્યવસ્થાથી બધાને સરખા સુખી બનાવી દેવાની હામ બીડવી, એ નરી અજ્ઞાનતા છે. બાહ્ય પદાર્થોની સમતા કે વિષમતા મનુષ્યોના સુખ-દુઃખનું કારણ છે, એવો સિદ્ધાન્ત નક્કી કરવા કરતાં, મનુષ્યોની આંતરિક ભિન્ન ભિન્ન રૂચિઓ, એ જ તેના

સુખ–દુઃખનું સાચું કારણ છે, એવો નિર્ણય કરવો એ જ વધારે વાસ્તવિક છે. 'મનુષ્યોને સમાન સુખી બનાવવા માટે, બાહ્ય પદાર્થોની સરખી વહેંચણીનો સિદ્ધાન્ત સ્વીકારવો એ ગેરવ્યાજબી છે, કિન્તુ આંતરિક રૂચિને સમાન બનાવવા પ્રયત્ન કરવો એ જ વ્યાજબી છે.' –એ વાત વિચારકો ધારે તો સ્હેલાઈથી સમજી શકે તેમ છે. મનુષ્ય, એ ચાવી આપેલા યંત્રની માફક કાર્ય કરનાર એક જડ યંત્ર હોત, તો તો બાહ્ય પદાર્થોની સરખી સંપ્રાપ્તિ રૂપ ચાવી દ્વારાએ બધા મનુષ્યો એકસરખા સુખનો અનુભવ કરી શકત : પરન્તુ ચાવી આપેલા જડ યંત્રની ચેષ્ટાઓ અને મનુષ્યની ચેષ્ટાઓને કદી પણ સરખી કોટિમાં મૂકી શકાય એમ નથી : કારણ કે–પોતાની ચેષ્ટા માટે યંત્ર એ ચાવી આપનારને પરાધીન છે, જ્યારે મનુષ્ય એ પોતાની ચેષ્ટાઓ માટે કોઈને આધીન નથી, કિન્તુ સ્વાધીન છે. કર્મસત્તાની તેની આધીનતા પણ સ્વાધીનતામાંથી જન્મેલી છે, અર્થાત્–કોઈ પણ કાળે સ્વાધીનપણે કરેલાં કર્મોનું જ તે ફળ હોય છે.

ચેતનમાં સમાનતાની જરૂર

જડ એ પરાધીન છે અને ચેતન એ સ્વાધીન છે. આ જાતિનો મોટો તફાવત એ બેમાં બેઠો છે, ત્યાં સુધી એકલા જડને માનીને તત્ત્વની વ્યવસ્થા કરવાનો પ્રયાસ કરનારા નાસીપાસ જ થવાના છે, એમાં કોઈ પણ જાતિનો શક નથી. તત્ત્વની વ્યવસ્થા કરવા માટે પરાધીન જડની સાથે સ્વાધીન ચેતનનો પણ વિચાર તેટલો જ અગર તેથી પણ અધિક આવશ્યક છે. જડની સમાન વહેંચણી સિવાય જો મનુષ્યો સમાન સુખી બની શકનાર નથી, તો જડના સંચાલક ચેતનની સમાનતા આણ્યા સિવાય પણ જગત સુખી કેવી રીતિએ બની શકનાર છે? ચેતનની સમાનતા આણવી એ શકય નથી અને જડની સમાનતા કરવી એ શકય છે, એ વાત પણ વસ્તુતત્ત્વના અજ્ઞાનમાંથી જન્મેલી છે. તત્ત્વજ્ઞોના મતે ચેતનની સમાનતા આણવી એ જેટલી સુશકય છે, તેટલી જડની સમાનતા કદાપિ શકય નથી.

આજ સુધી અનન્ત આત્માઓ સ્વપ્રયત્ન દ્વારાએ સમાન ગુણ અને સુખવાળા બની સિદ્ધિસ્થાનમાં પહોંચી શક્યા છે, પરન્તુ ગમે તેટલા પ્રયત્નો કરવા છતાં પણ, બાહ્ય પદાર્થોની સમાનતાની પ્રાપ્તિ બે આત્માઓને પણ સરખી રીતિએ થઇ શકી નથી અને ભવિષ્યમાં થઈ શકનાર પણ નથી.

સુખદુઃખનો વિષય

આ વસ્તુને વધારે સ્પષ્ટતયા સમજવા માટે–' સુખ અને દુઃખ એ શું વસ્તુ છે?'–એને બરાબર સમજી લેવું જોઈએ. સામાન્યતયા એમ કહેવાય છે કે–

' यदिष्टं तत्सुखं प्राहुः, द्वेष्यं दुःखमिहोच्यते ।'

અર્થાત્-' જે આપણને ઇષ્ટ લાગે તે સુખ અને જેના ઉપર દ્વેષ થાય તે દુઃખ.' સુખનું આ લક્ષણ બરાબર છે, તો પણ 'ઈષ્ટ' શબ્દનો અર્થ ' ઈષ્ટ વસ્તુ ' અથવા ' ઈષ્ટ પદાર્થ ' લેવામાં આવે, તો આ લક્ષણ પણ આધિભૌતિકમતવાદિઓના સુખલક્ષણની સમાન કક્ષાએ આવીને જ ઉભું રહે છે. આધિભૌતિકમતવાદિઓ પણ બાહ્ય ઈષ્ટ પદાર્થોની પ્રાપ્તિમાં સુખ મનાવે છે અને તેની અપ્રાપ્તિ યા વિયોગમાં દુઃખ મનાવે છે: કિન્તુ ઘણી વાર સુખદુઃખનો અનુભવ એથી વિપરીત થાય છે. બીજી વાત એ છે કે-બાહ્ય ઈષ્ટ પદાર્થ એ જ જો સુખ હોય, તો તૃષાતુરને પાણી એ ઈષ્ટ છે, માટે પાણીને ' સુખ ' શબ્દથી સંબોધવું જોઈએ: અને એ સંબોધન સાચું હોય તો નદી કે કુવાના શીતલ જલમાં તેને ડૂબાડી દેવાથી, તે સુખમાં ડૂબી ગયો એમ જ કબૂલ કરવું જોઈએ: પણ એવો વ્યવહાર દુનિયામાં કદી થઈ શકે એમ નથી.

ઇન્દ્રિયતૃપ્તિ કે દુઃખનો પ્રતિકાર મનુષ્યને ઈષ્ટ લાગે છે એ ખરૂં છે, પરન્તુ જેટલું જેટલું ઈષ્ટ લાગે તે બધું સુખ જ હોવું જોઇએ, એવો વ્યાપક સિદ્ધાન્ત કદી પણ ઘડી શકાય તેમ નથી. એટલા માટે નૈયાયિકોએ કરેલી–

'अनुकूलवेदनीयं सुखं।' અને 'प्रतिकूलवेदनीयं दुःखम्।'

—એ જ સુખદુઃખની વધારે સાચી વ્યાખ્યા છે. અર્થાત્'--જે સંવેદન અનુકૂલ લાગે તે સુખ' અને 'જે સંવેદન પ્રતિકૂલ લાગે તે દુઃખ.'–એ રીતિએ સુખ અને દુઃખ, એ કેવળ સંવેદનના જ પ્રકારો છે, કિન્તુ બાહ્ય પદાર્થો નથી. એના એ બાહ્ય પદાર્થો એક વખત સુખ આપે છે અને બીજી વખતે દુઃખ આપે છે. ઠંડુ પાણી ઉષ્ણઋતુમાં ઠારે છે અને શીતઋતુમાં કંપારી કરાવે છે. નિરોગાવસ્થામાં મધુર લાગતા પદાર્થો જ રોગી અવસ્થામાં કટુ લાગે છે. સવિકારાવસ્થામાં જે પદાર્થો અભ્યુદયને અપાવનારા લાગે છે, તે જ પદાર્થો વિકાર શમ્યા પછી બિભત્સ અને અદર્શનીય દેખાય છે. એક જ પદાર્થ ભિન્ન ભિન્ન અવસ્થામાં જૂદાં જૂદાં સંવેદનો ઉત્પન્ન કરાવે છે અને એ સંવેદનોના આધારે જ 'મને સુખ થયું' કે 'હું દુઃખી થયો'–એ જાતિનો વ્યવહાર કરવામાં આવે છે. આથી એ સિદ્ધ થાય છે કે-સુખદુઃખ એ બાહ્ય સંયોગોનો જ કેવળ વિષય છે એમ નથી, કિન્તુ બાહ્ય સંયોગો ઉપરથી થનારી માનસિક કલ્પનાઓ, એ જ ખરેખર સુખદુઃખનો વિષય છે.

પ્રેય અને શ્રેય સુખ

બાહ્ય વિપરીત સંયોગોમાં પણ સુખને અનુભવનારા અને બાહ્ય અનુકૂળ સંયોગોમાં પણ દુઃખને અનુભવનારા આ જગતમાં અનુભવાય છે. એ વાત જો સત્ય હોય, તો 'ઘણાનું ઘણું સુખ'–એ સૂત્રમાં વપરાયેલો 'સુખ' શબ્દ કેવળ 'બાહ્ય સુખ'-એ અર્થમાં વાપરવા કરતાં 'બાહ્ય અને અભ્યંતર ઉભય પ્રકારનાં સુખ'–એ અર્થમાં વાપરવો, એ જ ન્યાયયુક્ત ઠરે છે: અને જ્યાં અભ્યંતર સુખનો સ્વીકાર કરવામાં આવ્યો, ત્યાં આધભૌતિકવાદ પોતાની પ્રતિષ્ઠા સર્વથા ગુમાવી બેસે છે.

આધિભૌતિકવાદના એક પંડિત (mill) પોતાના એક ગ્રન્થમાં ઉપરની વાત એક યા બીજી રીતિએ કબૂલ કરે છે. તે કહે છે કે-

'It is better to be a human being dissatisfied than a pig satisfied; better to be Socrates dissatisfied than a fool satisfied. And if the fool or the pig is of a different opinion, it is because they only know their own side of the question.'

અર્થાત્–'સંતોષી ડુક્કર થવા કરતાં પણ અસંતુષ્ટ મનુષ્ય થવું વધારે સારૂં છે. સુખી મૂર્ખ કરતાં પણ દુઃખી સોક્રેટીસ (ગ્રીસ દેશમાં ઉત્પન્ન થયેલ એક વિદ્વાન નર) વધારે સારો છે. મૂર્ખ અથવા ડુક્કર આથી વિપરીત વિચાર ધરાવતા હોય, તો તેનું કારણ તેઓને કેવળ એક પોતાની બાજુનું જ જ્ઞાન છે. (અન્યથા કદી જ તેવો વિચાર ધરાવે નહિ.)'

તાત્પર્ય એ છે કે–કુતરાં, બીલાડાં કે ડુક્કર, એ જાતિનાં પશુઓને પણ ઇન્દ્રિયસુખોની મીઠાશ તો પ્રાપ્ત થાય છે: અને 'ઇન્દ્રિયસુખોની મીઠાશ' અર્થાત્ 'વિષયોપભોગનો સ્વાદ'–એ જ જો સાચું સુખ હોત, તો મનુષ્ય પશુ થવાથી પણ રાજી થાત: પણ પશુનાં સર્વ સુખ નિત્ય મળે તો પણ મનુષ્ય પશુ થવાને રાજી નથી, એ જ એમ બતાવી આપે છે કે–પશુ કરતાં મનુષ્યમાં કોઈ ને કોઈ વિશેષતા અવશ્ય રહેલી જ છે. એ વિશેષતા બીજી કોઈ નથી, પરન્તુ મન અને બુદ્ધિ દ્વારા પોતાનો તથા પરનો (બાહ્ય સૃષ્ટિનો) જે જાતિનો સ્પષ્ટ વિચાર કરવાનું સામર્થ્ય મનુષ્ય ધરાવે છે, તે પશુઓમાં નથી તે જ છે. મન અને બુદ્ધિના અત્યંત ઉદાત્ત વ્યાપારથી જે અત્યંત અને શ્રેષ્ઠ સુખ મનુષ્યને પ્રાપ્ત થાય છે, તેની કિંમત પાશવી અવસ્થામાં વિષયોપભોગ દ્વારા થનારા સુખ કરતાં ઘણી ચઢીયાતી છે. બુદ્ધિજન્ય સુખ આત્મવશ (બાહ્ય વસ્તુની અપેક્ષા વિનાનું) છે અને બીજાનાં સુખ કમી ન કરતાં પોતાના જ પ્રયત્નથી પ્રાપ્ત થનારૂં છે. ઇતરોએ માનેલાં પ્રેય અને શ્રેયમાં આ જ મોટો તફાવત છે. વિષયોપભોગનું આધિભૌતિક સુખ એ પ્રેય છે અને મન અને બુદ્ધિના પ્રસાદથી ઉત્પન્ન થનારૂં માનસિક સુખ એ શ્રેય છે. પ્રથમનું સુખ એ

રાજસ છે, જ્યારે પછીનું સુખ એ સાત્વિક છે. રાજસ સુખ, એ સાત્વિક સુખ કરતાં ઉતરતા દરજ્જાનું છે, એ કારણે સાત્વિક સુખના અનુભવનો ત્યાગ કરી રાજસ સુખનો અનુભવ કરાવનાર પશુપણાને માનવી કદી પણ પસંદ કરતો નથી.

સુખ-દુઃખનું લક્ષણ

આધિભૌતિક સુખદુઃખ ઉત્પન્ન થવા માટે ઇન્દ્રિયો સાથે બાહ્ય પદાર્થોનો સંયોગ થવાની આવશ્યકતા છે, તો પણ ઘણી વાર એવું બને છે કે-મન અન્યત્ર હોય, તો બાહ્ય પદાર્થોનો સંયોગ ચાલુ હોય તો પણ સુખદુઃખનો અનુભવ આત્માને થતો નથી. અર્થાત્-ઇન્દ્રિયોના વ્યાપારથી ઉત્પન્ન થનારા સુખદુઃખનો સાક્ષાત્કાર કરવાનું કાર્ય તો આખરે મન દ્વારાએ જ થાય છે. આથી આધિભૌતિક સુખ-દુઃખનો અનુભવ લેવામાં, કેવળ ઇન્દ્રિયો જ કારણ છે-એ સિદ્ધાન્ત રહેતો નથી, પરન્તુ તેમાં પણ મનની સહાય એ જ એક મૂખ્ય વસ્તુ હોવાનું ઠરે છે. આધ્યાત્મિક સુખદુઃખ તો કેવળ માનસિક જ છે. આ રીતિએ સર્વ પ્રકારનો સુખદુઃખાનુભવ જો કેવળ માનસિક જ છે, તો મનોનિગ્રહ કરવાથી સુખદુઃખનો પણ નિગ્રહ થઈ શકે છે, એ તત્ત્વ આપોઆપ ફલિત થાય છે. એ જ કારણે આધ્યાત્મિક શાસ્ત્રોમાં સુખ-દુઃખનું લક્ષણ નૈયાયિકોના લક્ષણ કરતાં પણ જૂદી જ રીતિએ આપવામાં આવ્યું છે અને તે સર્વાંશે સત્ય છે.

"सर्वं परवशं दुःखम्, सर्वमात्मवशं सुखम् ।
एतद्विद्यात् समासेन, लक्षणं सुखदुःखयोः ॥१॥"

અર્થાત્-'જે પરવશ છે તે સઘળું દુઃખ છે અને જે આત્મ-વશ છે તે સઘળું સુખ છે. સુખદુઃખનું આ સંક્ષિપ્ત લક્ષણ છે.'

નિઃસ્પૃહતા સુખ અને પરસ્પૃહા દુઃખ

નૈયાયિકોના લક્ષણ કરતાં આ લક્ષણ એક ડગલું આગળ વધે છે અને કહે છે કે-સુખદુઃખના અનુભવનો આધાર બાહ્ય પદાર્થો કે

ઇન્દ્રિયો ઉપર લવલેશ નથી, કિન્તુ તેનો સઘળો આધાર બાહ્ય-પદાર્થોની સ્પૃહા કે અસ્પૃહા ઉપર જ અવલંબેલો છે. સ્પૃહાવાન પુરૂષોનું દુઃખ કદી મટતું નથી, જ્યારે નિઃસ્પૃહ પુરૂષોને દુઃખ કદી સ્પર્શતું નથી. પરસ્પૃહા એ જ એક મહા દુઃખ છે અને નિઃસ્પૃહતા એ જ એક પરમ સુખ છે, એ જાતિનો નિર્ણય પણ સુખના આ આધ્યાત્મિક લક્ષણ ઉપરથી તરી આવે છે.

સુખના નિર્ણય વિષે તત્ત્વગવેષકો

આ જગતમાં પ્રત્યેક મનુષ્ય સુખ શી રીતિએ મળે અથવા મળેલા સુખની વૃદ્ધિ શી રીતિએ થાય અને દુઃખ શી રીતિએ ટળે અથવા કમી થાય, એ માટે સદૈવ ચિન્તન અને પ્રયાસ કર્યા જ કરે છે : પરન્તુ ખરૂં સુખ શામાં છે, એની સમજણ નહિ હોવાથી ખોટું નાણું ગાંઠે બાંધી તે જ ખરૂં છે એમ સમજે છે અથવા આજ નહિ તો કાલે તો સુખ મળશે જ, એવી આશા અને આશા ઉપર આયુષ્યના દિવસો પસાર કરે છે. દરમ્યાન મૃત્યુ અકસ્માત ધા કરે છે અને સુખપ્રાપ્તિ માટેના તેના મનોરથો મનમાં ને મનમાં જ રહી જાય છે.

સત્ય અને નિત્ય સુખનો નિર્ણય કર્યા સિવાય જ આ રીતિએ મનુષ્ય મૃત્યુને વશ થાય છે, તો પછી સત્ય અને નિત્ય સુખની પ્રાપ્તિ માટેનો ઉદ્યમ તો તેના ભાગ્યમાં હોય જ ક્યાંથી ? આ અનિષ્ટ સ્થિતિ મટાડવા માટે તત્ત્વજ્ઞપુરૂષોએ સુખનો નિર્ણય કરવા માટે અનેક પરિશ્રમો વેઠયા છે અને અન્તે જે નિર્ણય કર્યો છે તે જગત સમક્ષ વારંવાર જાહેર કર્યો છે. એ નિર્ણય શું છે, એ સમજવા પહેલાં આ વિષયમાં તત્ત્વગવેષક અન્ય પુરૂષોના અભિપ્રાયો પણ શું છે, એ પણ ટુંકમાં સમજી લેવું આવશ્યક છે.

કવિ ભર્તૃહરિજી કહે છે કે–

" तृषा शुष्यत्यास्ये पिबति सलिलं स्वादु सुरभि,
क्षुधार्त्तः सञ्शालीन्कवलयति शाकादिवलितान् ।

प्रदीप्ते रागाग्नौ सुदृढतरमाश्लिष्यति वधूं,
प्रतीकारो व्याधेः सुखमिति विपर्यस्यति जनः ॥१॥"

'તૃષા વડે મુખ સુકાય ત્યારે સ્વાદુ અને શીતલ જલને લોકો પીએ છે, ક્ષુધા વડે પીડાય ત્યારે શાકાદિ વ્યંજન સહિત ઓદન ખાય છે અને રાગાગ્નિ પ્રદીપ્ત થાય ત્યારે સ્ત્રીને અત્યન્ત ગાઢ આલિંગન કરે છે. આ રીતિએ વ્યાધિના પ્રતિકારને જ લોક સુખ છે એમ વિપર્યાસથી માને છે.' અર્થાત્--મધુર જલ, ઓદનાદિનું ભક્ષણ અને સ્ત્ર્યાદિનું આલિંગન,–એ તૃષાદિની વૃદ્ધિનાં કારણો છે: તો પણ લોક તેને તૃષાદિને શાન્ત કરનાર તરીકે માને છે.

બીજાઓએ પણ કહ્યું છે કે--

"तृष्णार्तिप्रभवं दुःखं, दुःखार्तिभवं सुखम्।"

'તૃષ્ણાની પીડાથી દુઃખ જન્મે છે અને દુઃખની પીડામાંથી સુખ ઉદ્દભવે છે.'

તાત્પર્ય એ છે કે–મનુષ્યના મનમાં પ્રથમ આશા, વાસના અથવા તૃષ્ણા ઉત્પન્ન થાય છે અને તે પછી તેનાથી ઉત્પન્ન થનારા દુઃખનું નિવારણ કરવા મનુષ્ય પ્રયત્ન કરે છે અને એ નિવારણ થાય ત્યારે તેને જ લોક સુખ માને છે, કિન્તુ સુખ જેવી કોઈ સ્વતંત્ર વસ્તુ નિરાળી છે–એ વાતને લોકો સમજતા નથી.

આ જ અભિપ્રાયના આધારે કહેવામાં આવ્યું છે કે--

"यच्च कामसुखं लोके, यच्च दिव्यं महत्सुखं।
तृष्णाक्षयसुखस्यैते, नार्हतः षोडशीं कलाम्॥"

'આ જગતમાં કામ એટલે વાસનાની તૃપ્તિથી જે સુખ થાય છે અથવા સ્વર્ગનું જે મોટું સુખ કહેવાય છે, તે તૃષ્ણાના ક્ષયથી ઉત્પન્ન થનારા સુખની આગળ એક આની જેટલું પણ નથી.'

આ રીતિએ સર્વ સુખ તૃષ્ણાદિ દુઃખના નિવારણમાંથી ઉત્પન્ન

થાય છે. એક વાર અનુભવેલી (જોયેલી, સાંભળેલી, સ્પર્શેલી વિગેરે) વસ્તુ પુનઃ પ્રાપ્ત થાય એવી ઇચ્છા થવી, તેને કામ, ઇચ્છા અથવા વાસના કહેવામાં આવે છે : અને ઇચ્છિત વસ્તુ તરત ન મળે ત્યારે જે દુઃખ થવું અને પરિણામે તે ઇચ્છાનું તીવ્રતર થવું અથવા મળેલું સુખ પૂરૂં ન થાય ત્યાં સુધી અધિકાધિક ઇચ્છા થતી રહેવી, તે તૃષ્ણા છે. ઇચ્છા અને તૃષ્ણાનો આ જાતિનો ભેદ કરવામાં ન આવે, તો પણ ઉપરનાં વાકયોથી સર્વ સુખ તૃષ્ણાના ક્ષયમૂલક છે, એવો એકાન્ત સિદ્ધાન્ત ઉપજાવી કાઢવો તે કદી પણ ખરો ઠરતો નથી. સર્વ સુખ તૃષ્ણાના ક્ષયમૂલક છે, એ સિદ્ધાન્ત જો ખરો માની લઈએ, તો ઇચ્છા અને તૃષ્ણાથી સર્વથા રહિત મહાપુરૂષોને કોઈ પણ કાળે સુખી માનવા જોઈએ નહિ, કિન્તુ એ માની શકાય તેમ નથી. પ્રત્યુત, સાચું સુખ કોઈ પણ અનુભવી રહ્યું હોય, તો તે જગતથી પરમ નિઃસ્પૃહ બનેલા એવા યોગીપુરૂષો જ અનુભવી રહ્યા છે, એ વાત સર્વ કોઇને સ્વીકારવી પડે તેમ છે.

અને તેથી જ તત્ત્વજ્ઞોની દૃષ્ટિએ, મનઃસંતોષ એ જ સુખ છે અને સંતોષાભાવ એ જ દુઃખ છે. સુખદુઃખનો આ છેવટનો નિર્ણય તત્ત્વજ્ઞ પુરૂષોએ કરેલો છે. તૃષ્ણાનો ઉપરમ થવાથી સુખનો ઉદ્દભવ થાય છે અને તૃષ્ણાની વૃદ્ધિ થવાથી દુઃખની વૃદ્ધિ થાય છે. અર્થાત્-- સુખ અને દુઃખ એ માનસિક ધર્મો છે, નહિ કે--શારીરિક ધર્મો યા બાહ્ય પદાર્થો એ જ તેનાં મૂખ્ય કારણો છે. ગમે તેવી શારીરિક સ્થિતિમાં અને ગમે તેવા બાહ્ય પદાર્થોના સંયોગોમાં પણ આત્મા જો મનઃસ્વાસ્થ્ય જાળવી શકે, તો તે સુખી જ છે. આ રીતિએ માનસિક સ્વસ્થતા કે અસ્વસ્થતા એ જ સુખદુઃખ છે, એવો છેવટનો નિર્ણય એજ સ્વીકાર્ય છે.

કવિ ભર્તૃહરિજી પણ અન્યત્ર એ જ વસ્તુનો પરિચય કરાવે છે. તે કહે છે કે–

"वयमिह परितुष्टा वल्कलैस्त्वं दुकूलैः,
सम इह परितोषो निर्विशेषो विशेषः ।

स भवतु दरिद्रो यस्य तृष्णा विशाला,
मनसि च परितुष्टे कोऽर्थवान् को दरिद्रः? ॥१॥"

'મનનો પરિતોષ છે તો કોણ દરિદ્રી અને કોણ ધનવાન? અર્થાત્--ઉભય ધનવાન છે. મનનો તોષ નથી તો ધનવાન પણ દરિદ્ર છે અને મન સંતુષ્ટ છે તો દરિદ્રી પણ ધનવાન છે. જેની તૃષ્ણા વિશાલ છે તે સદા દરિદ્ર છે અને જેની તૃષ્ણા વિણુસી છે તે સદા સુખી છે. મનથી પરિતુષ્ટ આત્માઓ માટે ઝાડની છાલ કે દુકૂલ (રેશમી વસ્ત્રો) ઉભય સમાન છે. પરિતોષ સમાન છે તો સુખ પણ સમાન છે.'

મન દ્વારા જ મનઃસ્વાસ્થ્યને શોધો

સુખ અને દુઃખનું આ છેવટનું સત્ય લક્ષણ છે. એ કારણે જે રીતિએ મનનો પરિતોષ થાય એ રીતિએ વર્તવું તે જ એક કર્તવ્ય બને છે. વિષયોપભોગ દ્વારાએ થનારો મનનો તોષ ક્ષણિક હોય છે, એટલું જ નહિ કિન્તુ ઔત્સુક્યની વૃદ્ધિ કરાવનારો હોય છે, તેથી તે દ્વારાએ મનઃસ્વાસ્થ્ય મેળવવા મથનારાઓને હંમેશાં નિરાશ જ થવું પડે છે. વિષયોપભોગથી પરાઙ્મુખ બની જે આત્માઓ મનદ્વારાએ જ મનઃ-સ્વાસ્થ્ય શોધે છે, તે આત્માઓને નિત્ય અને અવિનાશી સુખ કાયમ માટે હસ્તગત થાય છે.

દુઃખાભાવ એ જ સુખ નહિ

મન દ્વારાએ મનઃસ્વાસ્થ્ય શોધવું, એનો અર્થ જ એ છે કે-વિષયેચ્છાઓને નાબૂદ કરવા પ્રયત્ન કરવો. પ્રતિપક્ષી વિચારો દ્વારા વિષયેચ્છાઓ જેમ જેમ શમતી જાય છે, તેમ તેમ આત્માનું મનઃસ્વા-સ્થ્ય વધતું જાય છે. સંપૂર્ણ ઇચ્છાઓનું શમન એ સંપૂર્ણ સ્વાસ્થ્યનું કારણ છે, કિન્તુ એનો અર્થ એ નથી કે-દુઃખાભાવ એ જ સુખ છે. સુખ, એ પણ દુઃખની જેમ વાસ્તવિક પદાર્થ છે અથવા પદાર્થનો ધર્મ છે. સુખ, એ વાસ્તવિક પદાર્થ ન હોય અને દુઃખાભાવ એજ જો સુખ હોય, તો જેમ જેમ દુઃખાભાવ થતો જાય, તેમ તેમ

આત્માનો પણ ઉચ્છેદ થતો જવો જોઈએ. આત્મા એ સત્ પદાર્થ છે. તે કોઈ પણ કાળે નષ્ટ થનાર નથી. આત્મા જ્યાં સુધી નષ્ટ થવાનો નથી, ત્યાં સુધી દુઃખ નષ્ટ થાય, તો પણ સુખ તો કાયમ જ રહેવાનું છે. બીજા શબ્દોમાં દુઃખ એ સુખનું આવરણ છે. એ આવરણ સંપૂર્ણપણે ખસી જાય એટલે કેવળ સુખ જ બાકી રહે છે.

નિત્ય સુખ ઉપરનાં અનિત્ય આવરણો

સુખ એ નિત્ય વસ્તુ છે, પરન્તુ તે દુઃખ રૂપી અનિત્ય આવરણોથી આવરિત છે. દુઃખ રૂપી અનિત્ય આવરણો એ જ શ્રી જૈનશાસ્ત્રોની પરિભાષા પ્રમાણે કર્મનાં આચ્છાદનો છે. પ્રવાહથી તે આવરણોનો નિત્ય સંબંધ હોવા છતાં, વ્યક્તિશઃ તે સંબંધ અનિત્ય છે. એટલા માટે દુઃખને અનિત્ય કહેવું અને સુખને નિત્ય કહેવું, એ જ અન્તે વ્યાજબી ઠરે છે. અનિત્ય એવાં દુઃખો (કર્મો)નો નાશ કરવાનો ઉપાય, એ જ નિત્ય એવાં સુખો (આત્માનું આવરણરહિત સ્વાભાવિક સ્વરૂપ)ને પ્રાપ્ત કરવાનો ઉપાય છે. એ સ્વરૂપની પ્રાપ્તિ થયા સિવાય, આ જગતમાં કોઈ પણ આત્મા સાચી શાંતિને પ્રાપ્ત કરી શકે, એ સંભવિત નથી. એજ કારણે જ્ઞાનીપુરૂષોએ અન્ય સર્વ માર્ગોનો ત્યાગ કરી, આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટેના રસ્તાઓને જ એક ઉપદેશ્યા છે. જે કોઈ એ રસ્તાઓનો સ્વીકાર કરશે અને તદનુસાર ચાલવા પ્રયત્ન કરશે, તે જ સ્વ અને પરનું સાચું હિત સાધવા સમર્થ બની શકશે.

ઇન્દ્રિયજય

એક

મહાન્ સદ્‌ગુણ

લેખાંક ૧ લો:

સ્ત્રીભોગ વિષેના ભિન્ન ભિન્ન અભિપ્રાયો

મહાભારતમાં એક સ્થળે કહ્યું છે કે-

“ न रणे विजयाच्छूरोऽध्ययनान्न पण्डितः ।
न वक्ता वाक्पटुत्वेन, न दाता चार्थदानतः ॥ १ ॥
“ इन्द्रियाणां जये शूरो, धर्मं चरति पण्डितः ।
हितप्रायोक्तिभिर्वक्ता, दाता सम्मानदानतः ॥२॥”

અર્થાત્–રણક્ષેત્રમાં વિજય મેળવવાથી શૂરવીર બનાતું નથી, શાસ્ત્રો ભણવાથી પંડિત થવાતું નથી, વ્યાખ્યાનસભામાં વાક્‌પટુતા દર્શાવવાથી વક્તા બનાતું નથી અને ધનનું દાન દેવા માત્રથી દાની થવાતું નથી. શૂરવીર તે છે, કે જે ઇન્દ્રિયોને જીતે છે: પંડિત તે છે, કે જે ધર્મને આચરે છે: વક્તા તે છે, કે જે હિતકર વચનોને બોલે છે: અને દાતા તે છે, કે જે બીજાઓને આદર–સન્માન આપે છે.

એવીજ એક વાતને શ્રી જૈનશાસ્ત્રો નીચેના શબ્દો વડે જણાવે છે–

“ सुच्चिय सूरो सो चेव, पंडिओ तं पसंसिमो निच्चं ।
इंदियचोरेहिं सया, न लुंटियं जस्स चरणधणं ॥ १ ॥”

અર્થાત્-તે જ નિશ્ચે શૂરવીર છે, તે જ ખરેખર પંડિત છે અને તેની જ અમે નિત્ય પ્રશંસા કરીએ છીએ, કે જેનું ચારિત્ર રૂપી ધન સદાને માટે ઇંદ્રિયો રૂપી ચોરો વડે લુંટાયું નથી.

સાચી શૂરવીરતા અને સાચી પંડિતાઈ ઈન્દ્રિયોના વિકારોને વશ નહિ થવામાં છે. જેઓ ઈન્દ્રિયોના દાસ છે, તેઓ પંડિત પણ નથી અને શૂરવીર પણ નથી. જગતમાં સાચા પ્રશંસનીય તે જ છે, કે જેઓ ઈન્દ્રિયોના વિજેતા છે. ઈન્દ્રિયોના ગુલામોની પ્રશંસા, એ સાચી પ્રશંસા નથી: કારણ કે જગતમાં તે ઉન્માર્ગને વધારનારી થાય છે. ઈન્દ્રિયોના વિજેતાઓની પ્રશંસા એ જ સાચી પ્રશંસા છે: કેમકે-તે જગતમાં સન્માર્ગને વિકસાવે છે.

એક કવિ કહે છે કે-

'स्त्रीभिः कस्य न खंडितं भुवि मनः ? ।'

'આ પૃથ્વી ઉપર સ્ત્રીઓ વડે કોનું કોનું મન ખંડિત નથી કરાયું?' અર્થાત્-સ્ત્રીઓ વડે જેનું મન ખંડિત ન કરાયું હોય, એવો આત્મા આ જગતમાં મળી આવવો વિરલ છે.

અને એટલા જ માટે કવિશિરોમણિ ભર્તૃહરિએ પણ એક સ્થળે કામદેવની તારીફ કરતાં કહ્યું છે કે-

'शम्भुस्वयम्भूहरयो हरिणेक्षणानां, येनाऽक्रियन्त सततं गृहकर्मदासाः ।
वाचामगोचरचरित्रविचित्रिताय, तस्मै नमो भगवते कुसुमायुधाय ॥१॥"

'જે કુસુમાયુધ-કામદેવે શમ્ભુ, સ્વયમ્ભૂ અને હરિ પ્રભૃતિને હરિણેક્ષી-સ્ત્રીઓના નિરન્તર ઘરકર્મ કરનારા દાસ બનાવી દીધા છે, તે વાણીને અગોચર ચરિત્રવાળા વિચિત્ર એવા ભગવાન કામદેવને મારો નમસ્કાર થાઓ.'

બીજા પણ એક કવિએ કહ્યું છે કે-

"कामेन विजितो ब्रह्मा, कामेन विजितो हरिः ।
कामेन विजितो शम्भुः, शक्रः कामेन निर्जितः ॥ १ ॥

'કામથી બ્રહ્મા જીતાયો, કામથી વિષ્ણુ જીતાયો, કામથી શમ્ભુ જીતાયો અને કામથી શક્ર પણ જીતાયો ! ' એનું કારણ એ જ છે કે–કામદેવનું શસ્ત્ર કે જે મનોહર નયનવાળી સ્ત્રીઓ છે, તે પાંચે ઇન્દ્રિયોના ભોગને એક સાથે પૂરા પાડે છે અને એના ભોગવટા માટે મનને એકદમ ઉશ્કેરે છે : એ જ એક કારણે કામી મનુષ્યો પોકારી ઉઠે છે કે–

" द्रष्टव्येषु किमुत्तमं मृगदृशः, प्रेमप्रसन्नं मुखं,
घ्रातव्येषु किं तदास्यपवनः, श्राव्येषु किं तद्वचः ।
किं स्वाद्येषु तदोष्ठपल्लवरसः, स्पृश्येषु किं तत्तनु–
र्ध्येयं किं नवयौवनं सुहृदयैः, सर्वत्र तद्विभ्रमः ॥ १ ॥"

'દર્શનીય વસ્તુઓમાં ઉત્તમ શું છે ? તો કે–પ્રેમથી પ્રસન્ન થયેલું સ્ત્રીઓનું મુખકમળ : સુંઘવા લાયક સુવાસિત વસ્તુઓમાં ઉત્તમ શું છે ? તો કે-તેણીઓના મુખને સુવાસ : શ્રોતવ્ય વસ્તુઓમાં સારભૂત શું છે ? તો કે–તેણીઓનું સુમધુર વચન : સ્વાદિષ્ટ વસ્તુઓમાં સ્વાદિષ્ટ શું છે ? તો કે–તેણીઓના અધરપલ્લવનો રસ : સ્પર્શ કરવા લાયકમાં કોઇ ઉત્તમ સ્પર્શ કરવા લાયક વસ્તુ હોય, તો તે કયી છે ? તો કે–તેણીઓનું સુકુમાળ શરીર ? તથા સહૃદય પુરૂષો વડે ધ્યાન કરવા લાયક વસ્તુઓમાં શ્રેષ્ઠ વસ્તુ કયી છે ? તો કે–તેણીઓનું નવયૌવન અને વિલાસવિભ્રમ છે.

એક અંગ્રેજ કવિ પણ કહે છે કે–

' Beauty is worse than wine; it intoxicates both holder and beholder.'

અર્થાત્–સ્ત્રીસૌંદર્ય એ શરાબથી પણ વધારે ખરાબ છે. તેને ધારણ કરનાર અને જોનાર ઉભયને તે મદોન્મત્ત બનાવે છે.

એક હિન્દી કવિ પણ એ જ મતલબના શબ્દો ઉચ્ચારે છે. તે કહે છે કે–

" खूबसूरती का नशा शराब से भी जबर्दस्त है. शराब का नशा तो पीने से ही चढता है, लेकिन खूबसूरती का नशा तो आंखो मीलने से ही चढ जाता है."

પ્રસિદ્ધ કવિ શેકસપીઅર તો એટલે સુધી કહે છે કે-

'Beauty is witch against whose charms faith melteth into blood.'

ખૂબસૂરતી, એ એક એવી જાદુગીરી છે, કે જે જાદુગીરી આગળ નીતિ અને શ્રદ્ધા પળવારમાં લોહી ભેગી થઈ જાય છે, અર્થાત્-નાશ પામે છે. અને એટલા જ માટે સત્પુરૂષો કહે છે કે-

" मत्तेभकुम्भदलने भुवि सन्ति शूराः,
केचित्प्रचण्डमृगराजवधेऽपि दक्षाः ।
किन्तु ब्रवीमि बलिनां पुरतः प्रसह्य,
कन्दर्पदर्पदलने विरला मनुष्याः ॥ १ ॥"

મદોન્મત્ત હાથીઓના કુમ્ભસ્થળ ભેદી નાખનારા શૂરાઓ પૃથ્વી ઉપર છે અને પ્રચંડ મૃગરાજને વધ કરી નાખવામાં પણ દક્ષપુરૂષો હયાતિ ધરાવે છે: પરન્તુ અમે બળવાનમાં બળવાન પુરૂષોની આગળ પણ હિમ્મતપૂર્વક કહીએ છીએ કે-કન્દર્પને દર્પ દળનારા મનુષ્યો વિરલ છે.

વિષયોને વિરસ અને દોષોનું ધામ માનનારા પંડિતોના અંતરમાં પણ વિષયનો રસ એટલો બળવાન હોય છે કે-તેના બળ આગળ વિષયો પ્રત્યેની સઘળીયે જુગુપ્સા એક ક્ષણવારમાં ચાલી જાય છે. માણસ ત્યાં સુધી જ સન્માર્ગમાં સ્થિર રહી શકે છે, ઈન્દ્રિયોનો વિજય કરી શકે છે, લજ્જા અને વિનયને ધારણ કરી શકે છે, કે જ્યાં સુધી યૌવનથી મદોન્મત્ત બનેલી ચારૂલોચની

સ્ત્રીઓના ભ્રકુટિ રૂપી ધનુષ્યમાંથી કાન સુધી ખેંચાયેલા દૃષ્ટિ રૂપી બાણો છૂટ્યાં નથી. અર્થાત્-સ્ત્રીઓનાં મનોહર દૃષ્ટિબાણોથી વિંધાયેલો આદમી એક ક્ષણવારમાં સન્માર્ગથી ભ્રષ્ટ થઈ જાય છે, ઈન્દ્રિયોનો ગુલામ બની જાય છે તથા લજ્જા અને વિનય આદિ ગુણોનું પણ જોતજોતાંમાં દેવાળું ફુંકનારો બને છે.

કબીરજીએ એક સ્થળે કહ્યું છે કે-

“ नारी नसावे तीन सुख, जेहि नर पासे होय;
भक्ति मुक्ति अरु ज्ञानमें, पैठि शके नहि कोय. १.

एक कनक अरु कामिनी, दोह अग्निकी झाल;
देखेही ते परजले, परसि करे पैमाल. २.

जहाँ काम तहाँ राम नहि, राम तहाँ नहि काम;
दोऊं कबहूं ना रहे, काम राम इक ठाम. ३.”

અર્થાત્-નારી મનુષ્યના ચિત્તમાં પ્રવેશ કરીને, તેનાં ત્રણ સુખોનો નાશ કરી નાખે છે: કારણ કે-જેના ચિત્તમાં નારીનો પ્રવેશ થાય છે, તેનામાં જ્ઞાન, ભક્તિ કે મુક્તિ ત્રણમાંથી એક પણ ચીજ રહેતી નથી. ૧. કનક અને કામિની એ બે અગ્નિની જ્વાળાઓ છે, કે જે દેખતાં આત્માને બાળે છે અને સ્પર્શ કરતાં આત્માને પાયમાલ કરે છે. ૨. ભગવાનની ભક્તિ અને સ્ત્રીની પ્રીતિ બે એક જગ્યાએ કદી પણ વાસ કરી શકતી નથી. જ્યાં કામ છે, ત્યાં રામ હોતા નથી અને જ્યાં રામ છે, ત્યાં કામ હોતો નથી. કામ અને રામ-બે એક સ્થાને કદી પણ રહી શકતા નથી. ૩.

સ્ત્રીઓના તાપથી કંટાળેલા કવિઓ એટલે સુધી કહે છે કે-

“ स्मृता भवति तापाय, दृष्टा चोन्मादवर्द्धिनी ।
स्पृष्टा भवति मोहाय, सा नाम दयिता कथम् ?॥ १ ॥”

અર્થાત્-જે સ્મરણ કરતાં જ તાપને આપનારી થાય છે, દેખતાં જ ઉન્માદને વધારનારી થાય છે અને સ્પર્શ કરતાં જ મોહાંધ બનાવનારી થાય છે, તેને 'દયિતા' અર્થાત્ 'સુખ આપનારી' કેવી રીતિએ કહેવી?

સ્ત્રીઓનો જબ્બર પક્ષપાતી કવિ કાલીદાસ પણ કહે છે કે-

"इयं व्याधायते बाला, भूरस्याः कार्मुकायते ।
कटाक्षाच्च शरायन्ते, मनो मे हरिणायते ॥ १ ॥"

'આ બાલા મારા માટે વ્યાધનું કામ કરે છે: કારણ કે-તેણીની ભ્રકુટિ એ ધનુષ્યનું અને કટાક્ષો એ બાણનું આચરણ કરે છે તથા મારૂં મન તેને માટે હરિણનું આચરણ કરે છે.'

બીજા એક કવિ કહે છે કે-કામદેવ રૂપી માછીમારે આ ભવ-સમુદ્રમાં 'સ્ત્રી' નામની જાળ પાથરી રાખી છે, કે જેની અંદર તે કામદેવ, સ્ત્રીઓના અધર રૂપી આમિષના લોલુપી મનુષ્યો રૂપી માછલાંઓને પકડી પકડીને, તેણીઓના અનુરાગ રૂપી વહ્નિમાં પકાવે છે.

ખરૂં જ કહ્યું છે કે-

સ્ત્રીઓ, એ દેખવાથી ચિત્તને હરે છે, સ્પર્શ કરવાથી બલને હરે છે, સેવવાથી વીર્યને હરે છે અથવા તેણીઓના રૂપ રૂપી ઈન્ધનથી પ્રજ્વલિત થયેલી મદન રૂપી જ્વાલાઓમાં કામી આત્માઓ પોતાના યૌવન અને ધનનો હોમ કરે છે: અને એ જ કારણે સુકવિઓને અંતે એ જ કહેવું પડ્યું છે કે-

"धन्यास्त एव चपलायतलोचनानां,
तारुण्यदर्पघनपीनपयोधराणां ।
क्षामोदरोपरिलसत्त्रिवलीलतानां,
दृष्ट्वाकृतिं विकृतिमेति मनो न येषाम् ॥१॥"

અર્થાત્-તે પુરૂષોને જ ધન્ય છે, કે જેઓ ચપળ અને દીર્ઘ એવાં લોચનોને ધારણ કરનારી, તારૂણ્યના અહંકાર સહિત ઉંચા અને પુષ્ટ સ્તનોને ધારણ કરનારી તથા કૃશ ઉદર ઉપર દેદીપ્યમાન ત્રિવલી રૂપી લતાઓવાળી સ્ત્રીઓની આકૃતિને જોવા છતાં, મનને વિષે એક લેશ પણ વિકારને ધરતા નથી.

આ સંસારમાં બે પ્રકારનું સુખ છે : એક વિષયનું અને બીજું વિષયના ત્યાગનું. વિષયજન્ય સુખ એ પરાધીન, વિનશ્વર અને સદાય અતૃપ્ત છે, જ્યારે વિષયોના ત્યાગજન્ય સુખ એ સ્વાધીન, અક્ષણિક અને પરમ તૃપ્તિને અર્પનારૂં છે : તો પણ સંસારના માનવીઓનો મોટો ભાગ વિષયના સુખ માટે જ તલસે છે : કારણ કે–પ્રત્યેક ભવોમાં તે સુખનો જ પરિચય છે. વિષયના ત્યાગથી જનિત સુખનો પ્રાણીઓને કોઈ પણ ભવમાં પરિચય થયેલો નથી. મનુષ્યોની આ સ્થિતિ જ્યાં સુધી રહેલી છે, ત્યાં સુધી એ વિષયના સુખની ખાતર પાગલ બનનાર પ્રાણિઓ આ દુનિયામાં રહેવાના જ છે અને તેઓ પણ પોતાના વિચારો ફેલાવવા માટે તનતોડ પ્રયાસ કરવાના જ છે : અને એવાઓમાંના જ એકે કહ્યું છે કે–

"संसारे तु धरा सारं, धरायां नगरं मतम् ।
आगारं नगरे तत्र, सारं सारङ्गलोचना ॥१॥"

"सारङ्गलोचनायां च, सुरतं सारमुच्यते ।
नाऽतः परतरं सारं, विद्यते सुखदं नृणाम् ॥२॥

"सारभूतं तु सर्वेषां, परमानन्दसोदरम् ।
सुरतं ये न सेवन्ते, तेषां जन्मैव निष्फलम् ॥३॥"

'આ સંસારમાં પૃથ્વી એ સારભૂત છે : પૃથ્વીમાં પણ નગર એ સારભૂત છે : નગરમાં પણ ઘર એ સારભૂત છે : અને ઘરમાં પણ હરિણનેત્રી સ્ત્રીઓ એ સારભૂત છે. હરિણનેત્રી સ્ત્રીઓમાં પણ સુરત

(કામક્રીડા) એ સારભૂત છે. એનાથી અધિક સારભૂત અને સુખને આપનારી બીજી એક પણ ચીજ મનુષ્યો માટે છે નહિ. સર્વ વસ્તુઓમાં સારભૂત અને પરમાનન્દ (મુક્તિસુખ)ના સહોદર તુલ્ય સુરત (મૈથુન)નું સેવન જેણે કર્યું નથી, તેઓનો જન્મ ખરેખર નિષ્ફળ છે.'

બીજા એક જણે એમ પણ કહ્યું છે કે–

"यदि रामा यदि च रमा, यदि तनयो विनयगुणोपेतः ।
तनये तनयोत्पत्तिः, सुरवरनगरे किमधिकम्? ॥१॥

'આ સંસારમાં જો એક સ્ત્રી, બીજી લક્ષ્મી, ત્રીજો વિનયગુણયુક્ત પુત્ર અને ચોથું પુત્રને ઘેર પણ પુત્ર, એ ચાર વાનાં મળી જાય, તો દેવલોકમાં એથી અધિક શું છે?' અર્થાત્-એ મળી જાય તો દેવોનાં સુખો કરતાં પણ ચઢીયાતું સુખ અહીં જ છે.

એક અંગ્રેજ કવિએ પણ કહ્યું છે કે–

'Love converts the cottage into a palace of gold.'

અર્થાત્ (વૈષયિક) પ્રેમ એ ઘાસની ઝુંપડીને પણ સુવર્ણનો પ્રાસાદ બનાવી દે છે. પરન્તુ એમ કહેનારા વિષયના ક્ષણિક આવેશમાં આવી જઇને યદ્વા તદ્વા પ્રલાપ કરનારા છે. એની પાછળ કોઈ તત્ત્વજ્ઞાન નથી: કિન્તુ મોહ રૂપી મદિરાના નશામાં ચકચૂર બનીને એવા આત્માઓએ વસ્તુસ્વરૂપથી તદ્દન વિપરીત રીતિએ વર્ણન કરેલું છે.

સાચી વસ્તુસ્થિતિને જાણનારા મહાપુરૂષોએ તો કહ્યું છે કે–

"इह हि मधुरगीतं, नृत्यमेतद्रसोऽयं,
स्फुरति परिमलोऽसौ, स्पर्श एष स्तनानां ।
इति हतपरमार्थै,-रिन्द्रियैर्भ्राम्यमाणो,
ह्यहितकरणदक्षैः, पञ्चभिर्वञ्चितोऽसि ॥ १ ॥"

અર્થાત્-'આહત કરવામાં દક્ષ એવી પાંચ ઇન્દ્રિયો વડે આ જીવલોક ઠગાઈ રહ્યો છે: જેમકે-આ ગીત મધુર છે, આ નૃત્ય સારૂં છે, આ રસ સુંદર છે, આ સુવાસ સુગંધી છે અને આ સ્તનોનો સ્પર્શ મનોહર છે. એ રીતિએ પરમાર્થને હણી નાંખનાર અને અહિત કરવામાં તત્પર એવી પાંચે ઇન્દ્રિયો વડે ભટકાતો આત્મા ઠગાઈ રહ્યો છે.'

પાંચે ઇન્દ્રિયો એ કેટલી ભયાનક છે અને એને આધીન થનારાઓના તે કેવા હાલહવાલ કરે છે, તેનો સાચો ખ્યાલ તો અનન્તજ્ઞાનિઓનાં વચનો સિવાય આવવો અશક્ય છે. બીજાઓ તો માત્ર એટલું જ કહી શકે કે-'**बलवानिन्द्रियग्रामो, विद्वांसमपि कर्षति ।**' બલવાન એવો ઇન્દ્રિયોનો સમૂહ વિદ્વાનોને પણ વશ કરે છે.

– અથવા –

" आपदां कथितः पन्था, इन्द्रियाणामसंयमः ।
तज्जयः सम्पदां मार्गो, येनेष्टं तेन गम्यताम् ॥ १ ॥

" इन्द्रियाण्येव तत्सर्वं यत्स्वर्गनरकावुभौ ।
निगृहीतविसृष्टानि, स्वर्गाय नरकाय च ॥ २ ॥"

અર્થાત્-ઇન્દ્રિયોનો અસંયમ એ આપત્તિઓનો માર્ગ છે અને તેનો સંયમ એ સંપત્તિઓનો માર્ગ છે. જે માર્ગ પસંદ હોય તે માર્ગે જાઓ! અથવા સ્વર્ગ અને નરક, એ બન્ને ઇન્દ્રિયો જ છે. નિગ્રહ કરેલી ઇન્દ્રિયો સ્વર્ગ માટે થાય છે અને છૂટી મૂકેલી તે જ ઇન્દ્રિયો નરક માટે થાય છે.

પુરૂષોને ઇન્દ્રિયો ઉપરનો વિજય એ પરમ સંપત્તિ માટે થાય છે, આથી વિશેષ કહેવાનું સામર્થ્ય બીજા કવિઓમાં નથી: પરન્તુ શ્રી જિનવચનને પામેલા મહાકવિઓ આ વિષયમાં શું કહે છે તે જ હવે જોવાનું છે.

તે પહેલાં એટલું નક્કી કરી લેવું જોઈએ કે-કોઈ પણ વસ્તુનો

પરમાર્થ પામવા માટે શ્રી જિનવચનનો આધાર એ જ છેલ્લામાં છેલ્લો માર્ગ છે અથવા એકનો એક ઉપાય છે. એ સિવાયના ઉપાયો એ પરમાર્થનું જ્ઞાન કરાવે છે, તો પણ ભાગીતૂટી ભાષામાં, અધુરા–અપુરા અર્થમાં કે ઉપર ઉપરની બાબતમાં. અંદરના ઉંડાણમાં ઠેઠ સુધી ઉતરીને સંપૂર્ણ અર્થમાં અને અસરકારક ભાષામાં કોઈ પણ વિષયના પરમાર્થનું જ્ઞાન કરાવનાર શ્રી જિનવચન એક જ છે. ઇન્દ્રિયો ઉપરના જય અને પરાજયથી સંપ્રાપ્ત થતી સંપત્તિ અને આપત્તિના શ્રી જૈનશાસને કરેલા વિવેચન ઉપરથી એ વાતની ખાત્રી જઈ જશે.

લેખાંક ૨ જો :

ઈન્દ્રિયજયના ઉપાયો વિષે ઈતરો અને જૈનો

ઈન્દ્રિયોના વિષયોની આધીનતાથી થનારાં નુકશાનોનું ઉપરચોટીયું વિવેચન તો સૌએ કર્યું છે, એ આપણે જોઈ આવ્યા, પણ વિષયોનું આટલું આકર્ષણ શાથી છે તથા એના પરિણામે આત્માની અવનત દશા ક્યાં સુધી થાય છે, એનું સંગીન જ્ઞાન શ્રી જિનપ્રવચન સિવાય અન્યત્ર મળતું જ નથી. એજ એક કારણ છે કે–શ્રી જિનપ્રવચનથી અપરિચિત માણસોએ વિષયોની આધીનતાથી થનારાં નુકશાનોનું વર્ણન આદિ કર્યું છે, પણ તેમાં અપૂર્ણતા અને અસમ્બદ્ધતા આદિ અનેક દોષો આવી ગયા છે. અને એટલા જ માટે કેટલાકોએ ઈન્દ્રિયોને દોષ દીધો છે, તો કેટલાકોએ એના વિષયોને દોષ દીધો છે. ઇન્દ્રિયોને દોષ દેનારાઓએ ઈન્દ્રિયોનો જ નાશ કરવા ઉપદેશ કર્યો છે અને વિષયોને દોષ દેનારાઓએ વિષયોનો નાશ કરવા બોધ આપ્યો છે: પરન્તુ બેમાંથી એકે પણ ઈન્દ્રિયો ઉપર વિજય મેળવવાના કાર્યમાં ફલિભૂત થઈ શકાય એવો ઉપદેશ આપી શક્યા નથી. એનું ખરૂં કારણ એ છે કે–બાહ્ય ઇન્દ્રિયો કે તેના વિષયો એ ઉભય જડ છે અને ચેતનના દોષનો આરોપ જડ ઉપર કર્યે ચેતનની

શુદ્ધિ થઈ શકતી નથી. પ્રાપ્ત થયેલી બાહ્ય ઇન્દ્રિયોનો નાશ હજુ પણ શક્ય છે, પરન્તુ જડ વિષયોનો આ જગત ઉપરથી નાશ કરવો સર્વથા અશક્ય છે. કલ્પનાની ખાતર એનો પણ નાશ માની લેવામાં આવે, તો પણ વિષયની વાસનાને પેદા કરનાર ચેતન ઉપર લાગેલા જડ કર્મના મેલનો નાશ કરવામાં ન આવે, ત્યાં સુધી વિષયનો રસ કદી પણ નાશ પામનાર નથી. એ જડ કર્મનો મેલ શું છે, એનું યથાસ્થિત અને આબેહુબ વર્ણન શ્રી જિનશાસન સિવાય અન્યત્ર મળવું અસુલભ છે : અને જ્યાં સુધી એ વર્ણન ન સમજાય, ત્યાં સુધી ઇન્દ્રિયજય માટે યોજવામાં આવેલા ઉપરચોટીયા ઉપાયો નિષ્ફળ જાય, એમાં કાંઈ આશ્ચર્ય નથી.

શ્રી જિનવચનથી અને ઇતરોનાં વચનોથી ઉત્પન્ન થતા વિષયવિરાગ વચ્ચેનો તફાવત

મોહનીયાદિ દુષ્ટ અષ્ટ કર્મના લેપથી લેપાયેલો આત્મા મળેલી ઈન્દ્રિયોને ફોડી પણ નાખે અને પ્રાપ્ત થયેલ વિષયોને સળગાવી પણ દે, તો પણ એ વિષયો પ્રત્યેનો તેનો રાગ એક લેશ માત્ર પણ ઘટી શકનાર નથી. વિષયોનો અનુરાગ ઘટાડવા માટે તેણે કષાયથી મુક્ત બનવું પડશે અને કષાયનો ત્યાગ કરવા માટે કષાયનો ત્યાગ કરનાર નિષ્કષાય પુરૂષોનું બહુમાન કરવા સાથે કષાયના ત્યાગના માર્ગે અવિચ્છિન્ન પ્રયાણે લઈ જનારી સત્ક્રિયાઓનું સતત્ આસેવન કરવું પડશે. ઇન્દ્રિયજય માટે એ સિવાયના ઉપાયો લેશ પણ કારગત નિવડી શકે તેમ નથી.

શ્રી જૈનશાસન ફરમાવે છે કે–

"इंदियचवलतुरंगा, दुग्गइमग्गाणुधाविरे निच्चं ।
भाविअ भवस्सरूवो, रूंभइ जिणवयणरस्सीहिं ॥ १ ॥"

'ઇન્દ્રિયો રૂપી ચપલ ઘોડાઓ હંમેશાં દુર્ગતિના માર્ગ તરફ દોડી રહ્યા છે. સંસારના સ્વરૂપને જાણનાર ભવ્ય પુરૂષોએ તેને શ્રી જિન-

વચન રૂપી રસ્સીઓથી કાબૂમાં લેવા જોઈએ.'

દુર્ગતિના માર્ગમાં ગમન કરતાં ઈન્દ્રિયો રૂપી ચપલ ઘોડાઓને વશ રાખવા માટે શ્રી જિનવચન રૂપી લગામ સિવાય બીજો એક પણ ઉપાય નથી. એનું કારણ એક જ છે કે–જ્યાં સુધી આ ભવના સ્વરૂપનો સાચો ખ્યાલ ન આવે, ત્યાં સુધી ઇન્દ્રિયો રૂપી ચપલ ઘોડાઓનો તેટલો ભય પેદા થવો જ અશક્ય છે અને જ્યાં સુધી ઇન્દ્રિયો રૂપી ચપલ ઘોડાઓનો તેટલો ભય પેદા થાય નહિ, ત્યાં સુધી પ્રતિકૂળ પ્રસંગોએ તેનાથી વિરાગ જાગે, તો પણ અનુકૂળ પ્રસંગોએ ફેર તે વિરાગને નાશ પામતાં એક જરા પણ વાર લાગવાની નથી. પાંચે ઈન્દ્રિયોના વિષયોપભોગથી નિષ્પન્ન થતી આપત્તિઓનાં જે કોઇ વર્ણનો બીજે કરવામાં આવ્યાં છે, તે બધાં અધુરાં, એક ભવ પૂરતાં કે કલ્પનાથી કલ્પેલાં માત્ર છે: જ્યારે શ્રી જિનવચનથી વર્ણવાયેલાં તે કલ્પિત નથી કિન્તુ જ્ઞાનથી જોયેલાં, અધુરાં નહિ કિન્તુ પૂરાં અને એક જ ભવ પૂરતાં નહિ કિન્તુ ભવપરમ્પરામાં થનારાં સઘળાં જ વર્ણવાયેલાં છે: અને તેથી જ તેનાથી ઉત્પન્ન થતો વિષયોનો વિરાગ, એ દૃઢ, મક્કમ અને કોઈ પણ અવસ્થામાં ન ચલિત થઈ શકે તેવો થાય છે.

વિષયરસની વિષમતા

શ્રી જિનવચનનું ઇન્દ્રિયજય સંબંધમાં શરૂઆતથી જ એ કહેવું છે કે–ઇન્દ્રિયો રૂપી ધુતારાઓને પ્રસરવા માટે એક તલના ફોતરા જેટલું પણ સ્થાન ન આપો: અને જો આપ્યું તો તે તેવા સ્થાને લઈ જશે, કે જ્યાંના દુઃખનો એક ક્ષણ પણ કાઢવો ક્રોડો વર્ષ સમાન આકરો થઈ પડશે. ઇન્દ્રિયોને નહિ જીતનારા પુરૂષોનું ચારિત્ર, એ ફોલી ખાધેલા લાકડાની જેમ નિઃસાર બની જાય છે અને ચારિત્રહીન આત્માની ગતિ અતિશય બગડી જાય છે. એ કારણે કોઇ પણ ભોગે હિતાર્થી આત્માઓએ ઇન્દ્રિયોનો જય કરવા માટે પ્રયત્ન કરવો જોઈએ. એક કૉડીને માટે ક્રોડો રત્નોને હારી જવાં એ જેમ કારમી મૂર્ખતા છે, તેમ ઈન્દ્રિયોના તુચ્છ વિષયોના ભોગોમાં આસક્ત બનીને

મુક્તિનાં અનન્ત સુખોને હારી જવાં, એ પણ ભયાનક મૂર્ખતા છે. ઇન્દ્રિયોના વિષયોથી ઉત્પન્ન થનારૂં સુખ–એ સુખ માનીએ તો પણ એક તલ માત્ર છે, જ્યારે તેના જ પરિણામે ઉત્પન્ન થનારા દુઃખનું માપ મોટા પર્વતોનાં શિખરોથી પણ નીકળવું અશક્ય છે. તે દુઃખોનો અનુભવ ક્રોડો ભવોએ પણ પૂરો થાય તેમ નથી, માટે વિષયજન્ય સુખને એક લેશ પણ અવકાશ આપવા યોગ્ય નથી.

પાંચે ઇન્દ્રિયોના વિષયો એ ભોગકાળે જ માત્ર મધુર છે, પરન્તુ પરિણામે પ્રાણનો પણ નાશ કરનારા છે. ભોગકાળે પણ તેમાં જે સુખબુદ્ધિ થાય છે, તે ખસના ફોલ્લાને ખણવાની પેઠે કેવળ દુઃખને જ વધારનારી છે. પાંચે ઇન્દ્રિયોના ભોગો, એ આત્માના ખરેખરા દુશ્મનો છે: કારણ કે–તે મધ્યાહ્ન સમયે મૃગતૃષ્ણાની જેમ ખોટી બુદ્ધિ પેદા કરાવીને, ભોગવ્યા બાદ આત્માને અનેક કુજન્મોમાં ઉત્પત્તિ કરાવનાર ચોરાસી લક્ષ યોનિ રૂપી ગહન વનમાં ફેંકી દે છે. આખા નગરને બાળી નાખનાર જાજ્વલ્યમાન અગ્નિને પણ પાણી વડે ઠારી શકાય છે, કિન્તુ શરીરમાં ઉત્પન્ન થયેલા કામાગ્નિને ઠારવા માટે સર્વ સમુદ્રોનાં પાણી પણ નિષ્ફળ જાય છે.

વિષયરસ રૂપ મદિરાના મદમાં મદોન્મત્ત બનેલો જીવ યોગ્યાયોગ્યને જાણતો નથી, પરન્તુ તેના પરિણામે જ્યારે ઘોર નરકને પામે છે, ત્યારે કરૂણ (દયામણો) બની જઈ, દીન સ્વરે રૂદન કરી કરીને ઝુરે છે.

'વિષયનો રસ પરિણામે આટલો કટુક હોવા છતાં, પ્રાણિઓ તેને કેમ ત્યજી શકતા નથી?'–એ શંકાના સમાધાનમાં સમજવાનું કે–જેમ નીંબ (લીંમડા)ના વૃક્ષમાં ઉત્પન્ન થયેલો કીડો તે વૃક્ષને કડવું છતાં મીઠું માને છે, તેમ મુક્તિસુખથી પરાઙ્મુખ બનેલા આત્માઓને સંસારનાં દુઃખ પણ સુખ રૂપ લાગે છે. જો એમ ન હોય તો અસ્થિર, ચંચળ, ક્ષણ માત્ર સુખને કરનાર અને અનેક પ્રકારનાં પાપો કરાવી પરિણામે દુર્ગતિના ગહન ગર્તામાં ધકેલી દેનાર ભોગોને

ભોગવવા માટે કોઇ પણ આત્મા પ્રવૃત્તિ કેમ કરે ? આખું જગત્ તેમાં મુંઝાયું છે, એજ એમ સાબીત કરે છે કે–મુક્તિનાં સુખ ગમે તેવાં વિશાલ હોય, તો પણ જગત્‌ને તેની કાંઈ જ પડી નથી. ભવાભિનન્દી જગત્ તો તે (મુક્તિસુખ)ને, પોતાનાં ભોગસુખોમાં અંતરાય કરનાર પરમ વિઘ્ન માને છે : અને એ:જ કારણે આજ સુધી દેવોને વિષે, અસુરોને વિષે કે મનુષ્યોને વિષે કામભોગોને પ્રાપ્ત કર્યા અને ભોગવ્યા છતાં જીવને, કાષ્ટના સમૂહથી જેમ અગ્નિની તૃપ્તિ ન થાય તેમ તૃપ્તિ થતી નથી, કિન્તુ તેની તૃષ્ણા વધતી જ રહે છે. અગ્નિને શાંત કરવા માટે જેમ તેમાં કાષ્ટ નાખવાની ક્રિયા બંધ કરવી જોઈએ, તેમ વિષયાગ્નિને શાંત કરવા માટે પણ તેમાં ભોગ રૂપી કાષ્ટો નાંખવાં બંધ કરી દેવા જોઈએ.

ભોગો ભોગવ્યે તૃપ્તિ થતી જ નથી

ભોગો ભોગવતી વખતે ગમે તેટલા મનોહર લાગતા હોય, તો પણ તેની મનોહરતાને અવગણી નાંખવી જોઈએ : કારણ કે–કિંપાક વૃક્ષનાં ફળો દેખાવ અને સ્વાદ વડે ગમે તેટલાં મનોહર લાગતાં હોય, તો પણ તેને ખાવાથી પ્રાણનો નાશ કરનારાં જ નિવડે છે. ભોગોની પણ એજ દશા છે, તેથી તેનો પરિત્યાગ જ કરી દેવો જોઈએ.

શ્રવણેન્દ્રિયને સુખ આપનાર સર્વ પ્રકારનાં ગીતગાનો અંતે વિલાપતુલ્ય છે, ચક્ષુરિન્દ્રિયને સુખ કરનારાં સર્વ પ્રકારનાં નૃત્ય-નાટકો અન્તે વિટમ્બના કરાવનારાં છે અને સ્પર્શનેન્દ્રિયને આનંદ આપનારાં સર્વ પ્રકારનાં વસ્ત્રાલંકારો અન્તે કર્મ રૂપી બોજાને વધારનારા છે. એ જ રીતિએ ઘ્રાણેન્દ્રિય અને રસનેન્દ્રિયના ભોગો પણ પરિણામે દુ:ખ અને દુર્ગતિને જ વધારનારા છે. આ સંસારચક્રના પરિભ્રમણમાં સર્વ પ્રકારના સ્પર્શો, રસો, ગંધો, રૂપો અને શબ્દોને પ્રાણિઓએ અનન્તી વાર અનુભવ્યા છે, તો પણ તેનાથી તેઓને કદી પણ તૃપ્તિ થઈ નથી. માત્ર તે ભોગોમાં આસક્ત બનીને, વારંવાર સંસારપરિભ્રમણના ચક્રને વધાર્યું છે અને અનન્તકાળ સુધી દુ:ખનો અનુભવ કર્યો છે.

તૃણુ અને કાષ્ઠના સમૂહ વડે જો અગ્નિ તૃપ્ત થાય કે હજારો નદીઓના મળવા વડે સમુદ્ર તૃપ્ત થાય, તો જ આ જીવ કામભોગો વડે તૃપ્ત થઈ શકે. અર્થાત્–અગ્નિની તૃપ્તિ જેમ તૃણાદિના સમૂહ વડે અશક્ય છે અને સાગરની તૃપ્તિ જેમ નદી–નાળાંનાં જળો વડે અશક્ય છે, તેમ કામભોગો વડે જીવની વિષયતૃષાની તૃપ્તિ પણુ અશક્ય છે.

સ્ત્રીઓને અપાએલાં વિશેષણો

દેવ, મનુષ્ય અને વિદ્યાધરના ભવોમાં ભોગસુખો ભોગવીને, એના પરિણામે આ જીવ ફરીને ઘોર નરકોમાં કલકલતા અગ્નિથી તપાવેલા તાંબાના ધગધગતા રસને પીએ છે, તો પણુ તેની ભોગતૃષ્ણા નાશ પામતી નથી. એ માટે જ્ઞાનીપુરૂષોએ સાચું જ કહ્યું છે કે—

“ को लोभेण न निहओ, कस्स न रमणीहिं भोलिअं हिययं ।
को मच्चुणा न गहिओ, को गिद्धो नेव विसएहिं ॥ १ ॥”

‘આ જગત્માં લોભથી કોણુ હણાયો નથી? સ્ત્રીઓ વડે કોનું હૃદય ભોળવાયું નથી? મૃત્યુ વડે કોણુ પકડાયું નથી? અને વિષયો વડે કોણુ આકર્ષાયું નથી?’ અર્થાત્–વિષયોની, મૃત્યુની, સ્ત્રીની અને લોભની સત્તામાંથી કોઈનાથી પણુ છટકી શકાયું નથી.

વિષયોથી તે જ બચી શક્યા છે, કે જેઓએ વિષયોના વિરાગ રૂપી સંવેગરસનું પાન કરી, તેના સંગમાંથી મુક્ત બનવાનો જ એક પ્રયત્ન આદર્યો છે. અથવા તો કહો કે–જીવનપર્યંત અપ્રમત્તપણે તે જ એક પ્રવૃત્તિના આસેવનમાં મશ્ગુલ બન્યા છે. મૃત્યુથી પણુ તે જ બચી શક્યા છે, કે જેઓ જન્મની જાળમાંથી છૂટવા માટે કોઈના પણુ જન્મમાં નિમિત્ત થવા રૂપ ક્રિયાથી સર્વથા વિરામ પામ્યા છે. અર્થાત્–જ્યાં સુધી બીજાના જન્મમાં નિમિત્ત થવા રૂપ મૈથુનસેવન આદિ પાપપ્રવૃત્તિઓનો સર્વથા ત્યાગ કરી દીધો નથી, ત્યાં સુધી તે આત્મા વડે સ્વયં જન્મ પામવાની જાળમાંથી મુક્ત થઈ શકાતું નથી અને જન્મ પામવાની જંજાળ જ્યાં સુધી ઉભી છે, ત્યાં

સુધી મૃત્યુના પંજામાંથી કદી પણ ઉગરી શકાતું નથી.

સ્ત્રીઓએ કોનું હૃદય ભોળવ્યું નથી ?–એ વાતના સમર્થનમાં શ્રી જિનાગમમાં ફરમાવ્યું છે કે—

" सिद्धंतजलहिपारंगओवि, विजिइंद्रिओवि सूरोवि ।
दढचित्तोवि छलिज्जइ, जुवइपिसाइहिं खुड्डाहिं ॥ १ ॥"

'સિદ્ધાંતસાગરના પારને પામેલા, જિતેન્દ્રિય, શૂર અને દઢચિત્ત આત્મા પણ યુવતિઓ રૂપી ક્ષુદ્ર પિશાચણીઓથી છલાઈ જાય છે.'

અગ્નિની પાસે રહેલું મીણ અને માખણ જેમ દ્રવિત થઈ જાય છે, તેમ રમણિઓના સંનિધાનમાં મુનિઓના મન પણ સ્ખલિત થઈ જાય છે. મૃગનયની સ્ત્રીઓનાં કામબાણો વરસાવનાર દષ્ટિપથોના સપાટામાંથી બચી શકનાર પુરૂષો વિરલ હોય છે. કહ્યું છે કે—

" सिंगारतरंगाए, विलासवेलाइ जुव्वणजलाए ।
के के जयंमि पुरिसा, नारीनइए न बुड्डुंति ॥ १ ॥"

'શૃંગાર રૂપી તરંગોવાળી, વિલાસ રૂપી વેલાઓવાળી અને યૌવન રૂપી જલવાળી સ્ત્રીઓ રૂપી નદીમાં કયા કયા પુરૂષો જગતમાં બૂડ્યા નથી ?' અર્થાત્-સ્ત્રી રૂપી નદીઓમાં નહિ બૂડનારા કોઈક જ છે.

બીજી રીતે પણ સ્ત્રીઓને નદીની ઉપમા સારી રીતે ઘટે છે. જેમકે—

" निअंगमाहिं सुपओहराहिं, उप्पिच्छमंथरगइहिं ।
महिलाहिं निमग्गा इव, गिरिवरगुरुआवि भिज्जंति ॥ १ ॥"

નીચે ગમન કરતી, સુંદર જલને ધારણ કરતી અને પ્રેક્ષણીય મન્દ મન્દ ગતિએ ચાલતી નદીઓ જેમ મોટા પર્વતોને પણ ભેદી નાખે છે, તેમ નીચ પુરૂષો સાથે ગમન કરવાના સ્વભાવવાળી, સુંદર પયોધર (સ્તનો)ને ધારણ કરવાવાળી તથા દષ્ટિને આકર્ષણ કરનારી મંદ મંદ ગતિએ ચાલવાવાળી સ્ત્રીઓ પણ પર્વત સમાન મોટા પુરૂષોનાં અંતરોને પણ ભેદી નાખે છે!' અને એટલા જ માટે સ્ત્રીઓને—

" सोअसरी दुरिअदरी, कवडकुडी महिलिया किलेसकरी।
वइरविरोयण अरणी दुक्खखाणी सुक्खपडिवक्खा ॥१॥"

'શોકની નદી, પાપની દરી (ગુફા), કપટની કૂંડી, કલેશને કરનારી, વૈર રૂપી વિરોચન અર્થાત્ અગ્નિને માટે અરણી (એક જાતનું કાષ્ઠ), દુઃખની ખાણ અને સુખની પ્રતિપક્ષી'-તરીકે વર્ણવેલી છે.

સ્ત્રીઓનાં આ વિશેષણો વાંચીને અહીં કેટલાક દુર્વિદગ્ધ સ્થિતિને ધારણ કરનારા પંડિતો અને પંડિતાણીઓ અથવા કેવળ પુસ્તક વાંચીને બની બેઠેલા પંડિતો અને પંડિતાણીઓ, આ વિશેષણો વાપરનાર પુરૂષોને પક્ષપાતી કે સ્ત્રી–જાતિના નિન્દકો તરીકેનું હલકટ બિરૂદ આપવા તૈયાર થઈ જાય છે: પરન્તુ તેમ કરવા પહેલાં તેઓને એ સલાહ છે કે-સ્ત્રીજાતિ માટે એ વિશેષણો જે અર્થમાં શાસ્ત્રકારભગવાનોએ વાપર્યા છે, તે અર્થને સમજવાનો તમારે પ્રયાસ કરવો જોઈએ. શાસ્ત્રકારમહર્ષિઓનાં કથનોની અપેક્ષાને સમજ્યા સિવાય જ તે માટે જે તે અભિપ્રાય ઉચ્ચારવા તૈયાર થઈ જવું, એ મગજની અસ્થિરતા અને બુદ્ધિના ઉછાંછળાપણાને સૂચવનારૂં છે. સંયમને ધારણ કરનારી સ્ત્રીઓ માટે એ વિશેષણો નથી, કિન્તુ અનન્ત પાપરાશિ એકત્ર થવા બાદ, પાપથી થનાર સ્ત્રીઅવતારને પામ્યા પછી પણ, શીલનું ખંડન કરવા માટે તત્પર થનાર અને કુશીલનું સેવન કરનાર સ્ત્રીઓ માટેનાં એ વિશેષણો છે. એની સાથે જ શીલવતી સ્ત્રીઓનાં રૂપ અને સૌન્દર્ય પણ અજ્ઞાન પુરૂષોને પાપબુદ્ધિ પેદા કરાવનાર હોવાથી, તેનાથી સાવચેત રહેવાની ચેતવણીસ્વરૂપ પણ છે. સ્ત્રીઓના બાહ્ય સૌન્દર્યમાં પતંગીયું બનનાર આત્મા, શું પોતાની જાતને સદાને માટે શોકની નદીમાં નથી ડૂબાવી દેતો? સ્ત્રીઓના હાવભાવ અને વિલાસવિભ્રમને જોઈ પાણી પાણી થઈ જનારો આત્મા, શું પોતાની જાતને પાપના ગર્તામાં નથી ફેંકી દેતો? સ્ત્રીઓના સ્વાભાવિક અને શ્રૃંગારિક રૂપ જોઈને પાગલ બનનારો આત્મા, શું તેણીઓનાં અનેક કાવત્રાંઓનો ભોગ બની પાયમાલ નથી બનતો? પરરમણીઓની સાથે પ્રેમ

બાંધવામાં ધન-યૌવનને ખુવાર કરનારો, શું અનેક પ્રકારના ક્લેશ અને વૈરવિરોધ રૂપી અગ્નિના ભયંકર તાપમાં રાતદિવસ નથી સળગતો ?

સ્ત્રીઓ એ દુઃખની ખાણ અને મનુષ્યના સુખમાં અગ્નિ મૂકનાર છે, એ વાત આજના જમાનામાં સાબીત કરવી પડે તેમ નથી. એક વિદ્વાને કહ્યું છે કે–'દુનિયાનાં અડધોઅડધ દુઃખ કામિનીઓના સંગમાંથી જન્મે છે.' અર્થાત્–એક સ્ત્રીનો સંગ છોડનાર આત્મા પોતાની જીંદગીમાં આવનારાં પચાસ ટકા જેટલાં દુઃખોથી અનાયાસે મુક્ત બની જાય છે. સ્ત્રીઓ પણ પુરૂષને સુખ આપનારી થાય છે, પણ તે કયી ? સદાચારને ધારણ કરનારી, શીલવ્રતનું અખંડિતપણે પાલન કરનારી, પરપુરૂષને મનથી પણ નહિ ઈચ્છનારી અને જીવનપર્યંત એક પતિવ્રત યા સર્વથા બ્રહ્મચર્યને સેવન કરનારી.

એક અંગ્રેજ કવિએ પણ કહ્યું છે કે—

'Earth's noblest thing, a woman perfected.'

'પવિત્ર સ્ત્રી (શીલવ્રતધારિણી સ્ત્રી), એ દુનિયાની ઉમદામાં ઉમદા વસ્તુ છે.'

પણ શીલવ્રતનો નાશ કરનારી સ્ત્રી તેટલી જ ભયાનક છે. તે પોતાના માટે તથા પરના માટે સાક્ષાત્ પિશાચણીનો અવતાર બને છે. દુનિયામાં કોઈ એવું કુકૃત્ય નથી કે-પોતાની ધારણાને પાર પાડવા માટે તે કરતાં અચકાય. પતિને, પુત્રને કે માતાપિતાને પણ મારતાં તેવી સ્ત્રીઓએ આંચકો ખાધો નથી. શીલવ્રત-ધારિણી સ્ત્રી પતિ માટે, પુત્ર માટે અને માતા-પિતા કે સાસુ-સસરા માટે જેટલી આશિર્વાદ રૂપ છે, તેટલી જ તેથી વિપરીત વર્તાવવાળી સ્ત્રી, એ શ્રાપ રૂપ છે. સઘળી જ સ્ત્રીઓ શીલભ્રષ્ટ હોતી નથી એ વાત સત્ય છે, તો પણ શીલરત્નની કિંમત નહિ આંકનાર સ્ત્રીઓ શીલભ્રષ્ટ થતાં વાર પણ લાગવાની નથી. શીલવ્રતની કિંમતને ભૂલેલી સ્ત્રીઓ પ્રજા માટે ભારેમાં ભારે ભય રૂપ છે. એ વાતને જેટલી વહેલી સમજવામાં આવે, તેટલો જ લાભ છે. આજે પોતાના શીલગુણનું ભરબજારમાં છડેચોક લીલામ કરાવનારી

સ્ત્રીઓ સમાજના નાયકપદે આવવાની ભાવનાઓ સેવે છે, એવા સમયે સ્ત્રીઓ માટે શાસ્ત્રકારમહર્ષિઓએ વાપરેલા પ્રત્યેક વિશેષણોને બહુ સ્પષ્ટ રીતે હૃદયસ્થ બનાવી દેવાની જરૂર છે. 'સ્ત્રી એ નરકની વાટ છે.'–એમ કહેનાર અને લખનાર મહાજ્ઞાનિઓ છે. એમના કથનની પાછળ ભારોભાર સત્ય ભરેલું છે અને અનન્ત દયાની લાગણી રહેલી છે. જગતને અનર્થના મોટા ખાડાઓમાંથી બચાવવા માટે એ વાક્યોનો પ્રયોગ થયેલો છે. સ્ત્રીસૌન્દર્ય પાછળ મોહિત થયેલા પશ્ચિમના દેશમાં પણ એક કહેવત છે કે—

'Woman, money and wine have their blessing and blame.'

અર્થાત્–'સ્ત્રી, પૈસો અને શરાબને પોતાના તરફથી ગુણ પણ છે અને દોષ પણ છે.'

ત્યાંના જ બીજા એક વિદ્વાન ધર્મગુરૂને કહેવું પડયું છે કે—

'Beauties invain their pretty eyes may roll;
Charms strike the sight but merit wins the soul.'

અર્થાત્–'ખૂબસુરત સ્ત્રીઓ પોતાની સુંદર આંખોને ફોકટ ભટકાવે છે; તેની મોહકતા માત્ર આંખને જ ખેંચે છે, પણ હૃદયને જીતવાનું સામર્થ્ય તેનામાં નથી. એ સામર્થ્ય તો માત્ર સદ્‌ગુણમાં જ, અર્થાત્–તેના શીલગુણમાં જ છે.

શીલગુણનો મહિમા કોઈ પણ સ્વરૂપે પશ્ચિમની પ્રજાને પણ સ્વીકારવો જ પડયો છે. લેબર (Labour) નામના એક વિદ્વાને કહ્યું છે કે—

'A chaste wife acquires an influence, over her husband by obeying him.'

'પતિવ્રતધારિણી સ્ત્રી પતિની આજ્ઞા માનીને પતિને વશ રાખે છે.' અર્થાત્-પતિને વશ કરવા માટે પવિત્ર સ્ત્રી પતિની આજ્ઞાને

આધીન થાય છે. બીજા શબ્દોમાં પતિની આજ્ઞાને આધીન નહિ થનારી સ્ત્રી કદી પણ પતિવ્રતધારિણી રહી શકતી નથી.

બેકન (Bacon) નામના એક વિદ્વાને કહ્યું છે કે—

'Wives are youngmen's mistresses, companions for middle age and old men's nurses.'

'સ્ત્રી તેને જ કહેવાય, કે જે યુવાન વયમાં પતિની દાસી તરીકે રહે, મધ્ય વયમાં પતિના મિત્રની ગરજ સારે અને વૃદ્ધ વયમાં પતિની પરિચારિકા (Nurse) બને.'

પતિભક્તા સ્ત્રી તે સ્ત્રી છે, બીજી બધી પિશાચિણીઓ કરતાં પણ ભૂંડી છે : એમ એકલા પૂર્વના તત્ત્વજ્ઞાનિઓ કહે છે એમ નથી, કિન્તુ પૂર્વ, પશ્ચિમ, ઉત્તર કે દક્ષિણ-ચારે દિશાઓના તત્ત્વજ્ઞાનિઓનું એ જ એક કથન છે અને અનુભવ પણ તેની તરફેણમાં છે : તેથી જ્ઞાનિઓનાં વચનોને ખોટાં પાડવાની મહેનત કરવા કરતાં અને ઉપકારિઓ ઉપર 'નિન્દકો' આદિનાં આળો ચઢાવવા કરતાં વસ્તુ-સ્થિતિ સમજી લઈ, અનર્થોથી સ્વયં બચવા અને અન્યોને બચાવવા પ્રયાસ કરવો, એ જ સુજ્ઞોનું કર્તવ્ય છે.

સ્ત્રીઓનો મુખ્ય ગુણ

આજે સતી સીતા અને શિવાજીની માતા જીઝીયા સંબંધી નિબન્ધો લખાય છે અને પોતાના પુત્રને દેશભક્તિ શીખવનાર માતા જીઝીયાને સતી સીતા કરતાં પણ ઉંચે નંબરે ગોઠવાય છે તેમજ એ ગોઠવનાર સ્ત્રીઓનાં મોટે અવાજે વખાણો થાય છે. એવા સમયે લોક ઉન્માર્ગે ન ઘસડાઈ જાય, એ ખાતર સ્ત્રીઓનો મુખ્ય ગુણ કયો હોઈ શકે, એનો વિવેક કરી લેવો આવશ્યક થઈ પડે છે.

શીલભ્રષ્ટ સ્ત્રીઓ દેશસેવિકાઓ થઈને ફરશે, એ સમયે દેશની પાયમાલીનાં નગારાં વાગી રહ્યાં હશે. આ વાતમાં જેઓને થોડો પણ સંદેહ રહેતો હોય, તેઓએ પોતાના ઘેરથી તે અનુભવ લેવો વ્યાજબી

થઇ પડશે. અર્થાત્-ઘરના સ્ત્રીને વ્યભિચારિણી બનાવ્યા પછી એ ઘરની આબાદી કેટલી થાય છે, એ તપાસી લેવું જોઈએ. પરન્તુ એવી ઇચ્છા રાખનારો પતિ જેમ ઉન્મત્ત છે, તેમ દેશની સેવિકાઓનું શીલ લુંટાવ્યા પછી દેશની આબાદી ઇચ્છનારો દેશનેતા પણ ઉન્મત્ત અને અજ્ઞાનની કારમી આંધીથી અંધો થયેલો છે. જ્યાં એવા નિર્વિવેકિઓનું ટોળું જ નેતાગિરિ કરવા નીકળી પડે, ત્યાં એ ટોળાના અનુયાયિઓ ખાડામાં પડે, એમાં લેશ પણ નવાઈ નથી.

સ્ત્રીજાતિની ઉન્નતિની આજની વાતો

'સ્ત્રીઓનું સ્વાતંત્ર્ય ન લુંટાવું જોઈએ અને સ્ત્રીઓના હક્કોનું સંરક્ષણ થવું જોઈએ.'-એમ કહેનારા સ્ત્રી-સેવકોએ ખૂબ ખ્યાલ રાખવો જોઈએ કે-શીલ ગુમાવ્યા પછી સ્ત્રીઓનું સ્વાતંત્ર્ય એ કોઈ ચીજ નથી. સ્ત્રીઓના હક્કો સ્ત્રીઓને ત્યાં સુધી જ શોભા આપનારા થવાના છે, કે જ્યાં સુધી તેઓનું શીલ સુરક્ષિત હશે. ખંડિત શીલવાળી સ્વતંત્ર સ્ત્રી કે અનેક હક્કોને ભોગવનારી સ્ત્રી, આ જગત્ ઉપર જેટલો જૂલ્મ કરવા માટે સમર્થ થશે, તેનો એક અંશ પણ જૂલ્મ પુરૂષ ગુજારી શકવાનો નથી. પુરૂષના જૂલ્મમાંથી સ્ત્રીને મુક્ત બનાવી, સ્ત્રીઓના જૂલ્મ નીચે પુરૂષજાતને મૂકવાની ચેષ્ટા કરનારા પુરૂષો, એ પુરૂષ પણ નથી અને સ્ત્રી પણ નથી, કિન્તુ સ્ત્રી-પુરૂષ ઉભયથી ભિન્ન એક ત્રીજી જાતિના જ મનુષ્યો છે, એમ કહેવું વધારે પડતું નથી: કારણ કે-સ્ત્રીઓની ગુલામી પસંદ નહિ કરનાર પુરૂષ કદી ગુલામ બનવા ઈચ્છે નહિ અને સ્ત્રી એ જો સ્ત્રી હોય, તો પોતાના હાથે પોતાના શીલગુણનો ઘાત થાય તેવી સ્વતંત્રતા પ્રાપ્ત કરવા મરતાં પણ ઈચ્છે નહિ. હવે રહ્યો એ બે સિવાયનો એક ત્રીજો વર્ગ, કે જે સત્ત્વશાળી પુરૂષવર્ગમાંનો પણ નથી અને શીલવ્રતધારિણી સ્ત્રીવર્ગમાંનો પણ નથી, કિન્તુ સ્ત્રીઓની ગુલામીમાં મઝા માણનાર નપુંસક જાતિનો અથવા શીલવિહોણી હાલતમાં જીવન પસાર કરવાનું ઈચ્છનાર કુલટા જાતિનો છે. એ વર્ગની કિંમત પરમા-

ર્યના માર્ગમાં એક ફુટી કોડીની પણ નથી. ' न स्त्री स्वातंत्र्यमर्हति ।' —એ વાક્ય કહેનાર મહર્ષિઓ સ્ત્રીઓને પુરૂષની ગુલામીમાં સબડાવવા ઈચ્છે છે, એમ કહેવા તૈયાર થવું—એના જેવું બીજું કોઈ અજ્ઞાન નથી. ' સ્ત્રીની સ્વતંત્રતા તેની શીલરક્ષામાં જ છે. '—એ પરમાર્થને સમજનારા મહાપુરૂષોએ તે વાક્ય ઉચ્ચારેલું છે. ' શીલવિહોણી સ્ત્રી કદાચ પિતા, પતિ કે પુત્રથી સ્વતંત્ર પણ હશે, તો પણ તે જ વખતે તે અનેક પરપુરૂષોની ગુલામ હશે. '—એ વાત એક ક્ષણભર પણ ભૂલવા જેવી નથી.

માતા, પિતા, પતિ કે પુત્રની કહેવાતી ગુલામીમાંથી છુટવા માટે લડત ચલાવનારી આજની સ્ત્રીઓ કે તેમાં ટેકાઓ પૂરનારા આજના પુરૂષોએ, એ વાત સમજી લેવી જોઈએ કે—તેઓ સ્ત્રીઓને થોડા વર્ષની સાદી જેલમાંથી છોડાવી, જેની મુદત કદી પણ પૂરી ન થઈ શકે તેવી સખ્ત મજૂરીવાળી જેલની દિવાલોમાં પૂરાવી દેવાની ભયંકર કોટિની હીલચાલમાં ભાગ લઈ રહ્યા છે. માતા, પિતા, પતિ કે પુત્ર ગમે તેટલા સ્વાર્થી બની ગયા હશે, તો પણ તેમના ઉપર અનેક પ્રકારનાં બંધનો છે. સ્નેહના બંધનને છેદીને પણ પોતાની પુત્રીઓનું અકલ્યાણ કરવા તેઓ પ્રવૃત્ત થયા હશે, તો પણ તેઓ માથે લોકલજ્જાનું ભારે બંધન બેઠેલું છે. એ બંધનને પણ ફગાવી દેવા તૈયાર થઈ જાય, તો નાતજાતિનાં બંધનો તેઓ ઉપર બેઠેલાં છે. એ બંધનોથી પણ બેપરવા બને, તો રાજ્યસત્તાનાં બંધનો બેઠેલાં છે. એ બધાં બંધનોને ટપી જાય તેવું ધાર્મિક બંધન તો તેઓ ઉપર બેઠેલું જ છે. એ ધાર્મિક બંધનને મજબૂત બનાવવાનો પ્રયાસ કરવો, એ જ એક સુયોગ્ય માર્ગ છે. એ સિવાયના માર્ગો જેટલા જોરથી અજમાવવામાં આવશે, તેટલા જ જોરથી તે, સ્ત્રીજાતિ અને સમસ્ત માનવજાતિ ઉપર પ્રત્યાઘાતી અસર કરવાના છે.

આજે સ્ત્રીજાતિના કલ્યાણ અને અકલ્યાણની વ્યાખ્યાઓ જ પલટાવી દેવામાં આવેલી છે. સ્ત્રીજાતિનું કલ્યાણ તેના શીલસંરક્ષણ માટેના ઉપાયોમાં

રહેલું છે, એ વાત ભૂલી જઈને એથી વિપરીત રીતિએ એના શીલને જોખમમાં મૂકવાના કાર્યને જ આજે સ્ત્રીજાતિના કલ્યાણનું ઉપનામ આપવામાં આવ્યું છે, કે જે કલ્યાણના નામે જ ભારેમાં ભારે અકલ્યાણ કરનાર છે.

સ્ત્રીજાતિના કલ્યાણની વ્યાખ્યામાં આ જાતિનો પલટો લાવવાનું પ્રયોજન શું હોઈ શકે, એનો વાંચકોએ સ્વયં વિચાર કરી લેવો ઘટે છે : પરંતુ એવી અઘટિત વ્યાખ્યાઓ બાંધનારા અજ્ઞાન અને ઉન્મત્ત આત્માઓની પ્રવૃત્તિઓને આધીન થઈ જવું, એ કોઈ પણ રીતિએ ઉચિત નથી, એટલું જ આ સ્થળે કહેવું પર્યાપ્ત છે.

વિશેષણોની અપેક્ષાને સમજો

હવે રહી શીલવતી સ્ત્રીઓ માટેનાં વિશેષણોની વાત. અર્થાત્-શાસ્ત્રકારમહર્ષિઓએ વાપરેલાં ' નરકની વાટ ' આદિ વિશેષણો શીલવતી સ્ત્રીઓને કેવી રીતિએ લાગુ પડી શકે ? ઉત્તરમાં અમે પણ એમ જ કહીએ છીએ કે-એ વિશેષણો શીલવતી સ્ત્રીઓને લાગુ ન પડી શકે અને જ્ઞાની પુરૂષોએ પણ શીલવતી સ્ત્રીઓને લાગુ પાડ્યાં નથી. તેઓએ તો માત્ર એટલું જ કહ્યું છે કે-પુરૂષ સ્ત્રીઓને, પછી તે શીલવતી હોય કે કુલટા હોય, નરકની વાટ માને. પિતા પુત્રને પુત્ર માને, તેથી પુત્ર સર્વ દ્રષ્ટિએ પુત્ર બની જતો નથી. તે પત્નીનો પતિ પણ રહી શકે છે અને પોતાના પુત્રનો પિતા પણ રહી શકે છે : છતાં તેને પિતાની અપેક્ષાએ પુત્ર કહી શકાય છે. એ જ ન્યાયે શીલવતી સ્ત્રી સ્વયં સતી, પતિભક્તા અને જગતનો શણગાર હોવા છતાં, તે પોતાની દૃષ્ટિએ છે. પુરૂષ માટે તો તે પણ સળગતી આગ છે, કે જેનો સ્પર્શ કરવા માત્રથી પુરૂષના ચારિત્ર રૂપી ભાવપ્રાણોનો ભડકો થઈ જાય છે-બળીને રાખ થઈ જાય છે. પુરૂષની અપેક્ષાએ સ્ત્રી અગ્નિની ઝાળ બની, તેથી તે સઘળી અપેક્ષાએ અગ્નિની ઝાળ જ છે એમ માનવાનું પ્રાપ્ત થતું નથી. અન્ય અપેક્ષાએ તે ગમે તેટલી નિર્વિકાર અને શીલથી સુગંધિતા હોય, તો પણ પુરૂષની અપે-

ક્ષાએ તો પુરૂષને વિકાર પેદા થવામાં નિમિત્તભૂત હોવાથી, તે દૃષ્ટિ-વિષ સર્પના વિષથી પણ ભયંકર છે. અર્થાત્–સ્ત્રીઓ માટે વાપરેલાં વિશેષણો એ પુરૂષની અપેક્ષાએ છે: અને જે અપેક્ષાએ તે વપરાયાં છે તે અપેક્ષાએ તે અક્ષરશઃ યથાર્થ છે. રાજીમતિ જેવી શીલવતી સ્ત્રીઓનાં રૂપ અને સૌન્દર્ય પણ રહનેમિ જેવા ચરમભવી મહાપુરૂષોને પણ પતનના માર્ગે લઈ જનારાં થયાં હતાં. રાજીમતિ સ્વયં મહાસતી હોવા છતાં, એમનું રૂપ રહનેમિ માટે અગ્નિની ઝાળ કરતાં પણ ભયંકર હતું એમ કહેવું જેમ ખોટું નથી, તેમ રાજીમતિના વચન રૂપ અંકુશથી વશ થયેલા રથનેમિ માટે રાજીમતિજી ગુરૂ કરતાં પણ અધિક થવાને યોગ્ય હતાં, એમ કહેવું પણ ખોટું નથી. અર્થાત્–જૂદી જૂદી અપેક્ષાએ પરસ્પર વિરૂદ્ધ ભાસતાં ઉભય કોટિનાં વિશેષણો પણ શ્રીમતી રાજીમતિજી માટે સુયોગ્ય રીતિએ ઘટી જાય છે. એ જ રીતિએ સ્ત્રીઓ સંબંધી વાપરેલાં સઘળાં સુંદર–અસુંદર વિશેષણોને ઘટાવી લેવા માટે પ્રયાસ કરવામાં આવશે, તો અનન્ત ઉપકારમહર્ષિઓની આશાતના કરવા રૂપ મહા પાપમાંથી ઉગરી જવાનું થશે.

લેખાંક ૩ જો :

વિષયોની ભયંકરતાસૂચક વચનો

ઇન્દ્રિયજય સંબંધી વિશિષ્ટ કોટિનો ઉપદેશ આપતાં, શ્રી જિનાગમો ફરમાવે છે કે–વિષયો એ ક્ષણ માત્ર સુખને આપનારા છે, પરન્તુ પરિણામે બહુકાળ સુધીનાં દારૂણ દુઃખોને આપનારા છે. વિષયોથી થનારૂં દુઃખ અત્યંત છે અને સુખ તુચ્છ છે. વિષયો, એ સંસારથી મુક્ત થવામાં શત્રુભૂત અને અનર્થોની ખાણ તુલ્ય છે.

ખસવાળો માણુસ ખસને ખણતી વખતે જેમ દુઃખને જ સુખ માને છે, તેમ મોહાતુર મનુષ્યો મોહની પીડાને ક્ષણવાર શમાવનારાં ભોગ સંબંધી દુઃખોને જ સુખ માને છે.

કામભોગથી ચઢીયાતું બીજું કોઈ શલ્ય નથી, કામભોગથી ચઢીયાતું બીજું કોઈ વિષ નથી અને કામભોગથી ચઢીયાતું બીજું કોઈ આશીવિષ નથી : કારણ કે-શલ્ય, વિષ કે આશીવિષ તો ઉપયોગ કર્યા બાદ મારે છે, જ્યારે કામભોગ તો ભોગવ્યા વિના તેની ઇચ્છા કરવા માત્રથી દુર્ગતિમાં લઈ જાય છે.

ઘોર સંસારસાગરમાં જીવોને ભટકવાનું કારણ વિષયોની આકાંક્ષા છે. એ આકાંક્ષાને છોડી દેવામાં આવે, તો આ સંસાર-અટવીનું ઉલ્લંઘન લેશ માત્ર દુષ્કર નથી. વિષયની વાંચ્છાવાળા જીવો આ સંસારમાં ભટકે છે અને વિષયથી નિરપેક્ષ બનેલા જીવો આ સંસારસાગરને તરી જાય છે. એ કારણે સમસ્ત સિદ્ધાન્તોનો કોઈ સાર હોય, તો તે એક જ છે કે-વિષયોની વાંચ્છાથી રહિત બનવું.

ત્રણે લોકમાં આજ સુધી જીવોએ જે કાંઈ અતિ તીક્ષ્ણ દુઃખો અનુભવ્યાં હોય, તે સર્વ વિષયોની વૃદ્ધિનો પ્રતાપ છે અને જે કાંઈ ઉત્તમ સુખોનો અનુભવ કર્યો હોય તે વિષયોની હાનિનો પ્રભાવ છે.

પાંખ છેદાયા પછી જેમ પંખી ઉડી શકતું નથી, તેમ સુન્દર શીલગુણ રૂપી પાંખો છેદાઈ ગયા પછી પાંચે ઇન્દ્રિયોના વિષયોમાં આસક્ત બનેલા જીવો આ સંસારસાગરના પર તીરને પામી શકતા નથી, કિન્તુ તેમાં જ પડે છે.

મોટા હાડકાને ચાટતો એવો કુતરો જેમ પોતાના તાળવાના રસને શોષે છે, કિન્તુ હાડકામાંથી રસનું એક ટીપું પણ નથી પ્રાપ્ત કરતો છતાં હાડકાને જ સુખનો આપનાર માને છે, તેમ સ્ત્રીઓની કાયાનું સેવન કરનાર પુરૂષ પણ, સ્ત્રીઓની કાયામાંથી સુખના એક બિન્દુને પણ નહિ પ્રાપ્ત કરવા છતાં, પોતાની જ કાયાના પરિશ્રમથી થનારા સુખને, સ્ત્રીઓની કાયાના સેવનથી થતું સુખ માને છે, એ એની ઘોર અજ્ઞાનતા છે.

કેલના થડમાં સારી રીતિએ તપાસતાં પણ કોઈ જગ્યાએ જેમ સારનું એક પણ ટીંપું દેખાતું નથી, તેમ ઈન્દ્રિયોના વિષયોમાં સારી

રીતિએ તપાસવા છતાં પણ સુખનું એક બિન્દુ દેખાતું નથી.

સર્વ પ્રકારના પરિગ્રહની ગ્રન્થીથી મૂકાયેલો, વિષયનો વિરાગી અને કષાયનો ત્યાગી એવો મુનિ મુક્તિના જે સુખનો અનુભવ કરે છે, તે સુખનો અનુભવ છ ખંડના અધિપતિ અને સર્વ પ્રકારના પરિગ્રહથી ભરપૂર એવા ચક્રવર્તિને થતો નથી.

શ્લેષ્મમાં પડેલી માખી પોતાની જાતને જેમ તેમાંથી છોડાવી શકતી નથી, તેમ વિષય રૂપી શ્લેષ્મમાં ફસેલા કામાંધ આત્માઓ પણ પોતાની જાતને તેમાંથી ઉગારી શકતા નથી.

પાંચે ઇન્દ્રિયોના વિષયોના ત્યાગથી થનારા વીતરાગતાના સુખનો જે અનુભવ વીતરાગ પુરૂષો કરી શકે છે, તેને તે મહાપુરૂષો જ જાણી શકે છે. ખાડામાં રહેલો સૂઅર જેમ દેવલોકનાં સુખોને જાણી શકે નહિ, તેમ વિષય રૂપી ગર્તામાં મગ્ન થયેલા આત્માઓ પણ વિષય-વિરક્ત મહાપુરૂષોના વિરાગજન્ય સુખને જાણી શકે નહિ.

કામાંધ જીવો શંકારહિત બનીને વિષયોમાં રમણ કરે છે, પરન્તુ શ્રી જિનવચન વડે અજ્ઞાનની ઘોર નિદ્રામાંથી જાગૃત થયેલા પ્રબુદ્ધ જીવો વિષયોથી અત્યંત ભયભીત બની જઇને, તેમાં લેશ પણ આનન્દને પામતા નથી.

કુટુંબાદિ સર્વસંગનો ત્યાગી અને તપથી દુર્બળ બનેલો એવો પણ મુનિ, સ્ત્રીઓના સંસર્ગથી ક્ષણવારમાં પતન પામી જાય છે. બિલાડીની સાથે સંસર્ગ કરનારો મૂષક જેમ સુખને પામી શકતો નથી, તેમ સ્ત્રીની સાથે સંસર્ગ રાખનાર મુનિ પણ સર્વ દુઃખનો ભાગી થાય છે.

પાશલાથી બંધાયેલાં પશુઓ અને પાંજરામાં પૂરાયેલા પક્ષીઓ જેમ કલેશને પામે છે, તેમ સ્ત્રીશરીર રૂપી પાશ અને પંજરમાં બંધાએલા પુરૂષો પણ વારંવાર કલેશને પામે છે.

સ્ત્રીનું શરીર અશુચિ એવી વિષ્ટા, મૂત્ર, વમન, પિત્ત, ચરબી, મજ્જા, ફેફસાં, મેદ, માંસ અને હાડકાંના કરંડીયા રૂપ છે, તો પણ

ચામડીની રૂપાળી ચામડીથી મઢેલા તે શરીરને જોઈને પુરૂષો પાગલ બને છે અને તેને જૂદી જૂદી ઉપમાઓ આપી મૂઢતાનું પ્રદર્શન કરાવે છે: જેમકે-શ્લેષ્મના આગાર રૂપ મુખને પૂર્ણિમાના ચંદ્રની સાથે સરખાવે છે: થૂંક અને લાળથી ઝરતા એવા અધરોષ્ઠને કલ્પવૃક્ષના અંકુરની સાથે સરખાવે છે: માંસ અને મેદથી ભરેલી અશુચિની ગાંઠો જેવા સ્તનોને કનકના કુંભોની સાથે સરખાવે છે: હાડ, ચામ અને માંસથી ભરેલી જંઘાઓને હાથીના કુંભસ્થળની ઉપમા આપે છે: તથા તેવી જ અશુચિના ભંડાર તુલ્ય શરીરને સુવર્ણજડિત કનકની પુતળીની ઉપમા આપે છે. એમ પ્રત્યેક અંગ-ઉપાંગોને મોટી મોટી ઉપમાઓ આપીને કામીપુરૂષો તેનાં અસત્ય વખાણ કરે છે, પરન્તુ તેમની તે ઉપમાઓ કેટલી પોકળ છે, તેને મતિમાન પુરૂષો તરત જ સમજી જાય છે. મતિમાન પુરૂષો તો તેને માંસ, મૂત્ર અને વિષ્ટાનું સંસ્થાન તથા લીંટ, બળખા અને કૃમિઓનું નિવાસસ્થાન સમજી, દૂરથી જ તેનો પરિહાર કરે છે.

વિષયની તૃષ્ણા એટલી ખરાબ છે કે-તેની ખાતર અવિવેકી પુરૂષો ટાઢ-તડકો, પીડા-તકલીફ અને રણસંગ્રામનાં ઘોર કષ્ટો પણ સહે છે: જાતિકુલ અને ધર્મનો પણ યાવત્ ત્યાગ કરે છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ચંદ્ર, સૂર્ય, કાર્તિકસ્વામી આદિ દેવોને પણ લૌકિક માન્યતા પ્રમાણે સ્ત્રીઓનું કિંકરપણું કરાવ્યું હોય, તો તે એક માત્ર વિષયની તૃષ્ણાએ જ. એવી વિષયતૃષ્ણાને વારંવાર ધિક્કાર થાઓ. વિષયની તૃષ્ણાને આધીન થયેલા આત્માઓ એક જ જન્મમાં એવાં એવાં પાપો કરે છે, કે જેને મુખથી પ્રકાશિત કરવાં પણ અતિશય દુષ્કર બની જાય છે. એના અનેક દાખલાઓ શાસ્ત્રોમાં સુપ્રસિદ્ધ છે. તે ભવમાં મુક્તિને પામનાર ઇલાચીપુત્ર જેવા મહાપુરૂષો પણ વિષયની ખાતર જાતિપાંતિનો પણ ત્યાગ કરી નાટકીયા બની ગયા હતા.

કાદવવાળા જલમાં ખૂડેલો હાથી કિનારાને જોવા છતાં પણ જેમ કાંઠે આવી શકતો નથી, તેમ કામસેવનમાં આસક્ત થયેલા

જીવો પોતાના નિસ્તારના કારણભૂત સદ્ધર્મના માર્ગને જોવા અને જાણવા છતાં પણ તેના ઉપર આરૂઢ થઈ શકતા નથી.

વિષ્ટાના ઢગલામાં ખૂંચેલો કરમીયો જેમ તેમાં જ સદાકાળ સુખને માને છે, તેમ વિષય રૂપ અશુચિમાં રક્ત થયેલો મૂઢ જીવ પણ તેમાં જ સુખને માનીને ચાલે છે.

જલ વડે મકરાકર (સાગર) પૂરાવો દુષ્કર છે, તેમ વિષયસુખ રૂપ આમિષમાં આસક્ત થયેલો આ આત્મા પણ વિષયોથી પૂરાવો દુષ્કર છે : અને એ કારણે ભવોભવ તે વિષયથી તૃપ્તિ પામ્યા સિવાય જ ભટક્યા કરે છે.

વિષય રૂપી વિષથી પીડાયેલા જીવો વિવિધ પ્રકારનાં રૂપ આદિ જોવામાં પોતાના ભવને નિષ્ફળ ગુમાવી દે છે અને લાખ્ખો ભવોએ પણ દુર્લભ એવા શ્રી જિનધર્મને પામીને પણ તેની આરાધનાથી વંચિત રહી જાય છે.

વિષયને માટે લાજ મૂકીને મરવા પણ પ્રાણી તૈયાર થઈ જાય છે, કિન્તુ પોતાના આત્માને અપૂર્વ સુખ કરનાર શ્રી જિનધર્મના પાલનની ખાતર થોડા પણ કષ્ટને તે સહી શકતો નથી.

તેવા પુરૂષોને ધિક્કાર થાઓ, કે જે શ્રી જિનવચન રૂપી અમૃતને છોડીને, ચારે ગતિમાં ભટકાવી મારનાર વિષયસુખની પાછળ ચોવીસે કલાક ભટકે છે.

વિષય રૂપી આકરી મદિરાનું પાન કરીને ઉન્મત્ત બનેલા આત્માઓ અરતિ, ભૂખ, તૃષા, દાહજ્વરાદિ વ્યાધિ, પ્રિયજનનો વિયોગ અને યાવત્ મરણ પર્યંતનાં વિવિધ દુઃખોને ચારે ગતિઓમાં સહે છે.

માનને ધારણ કરનારા જે પુરૂષો પ્રાણાંતે પણ દીન વચન નહોતા બોલતા, તે જ પુરૂષો સ્ત્રીઓના સ્નેહ રૂપ ગ્રહ વડે પાગલ બનીને અનેક દીન વચનોને ઉચ્ચારે છે.

જે પુરૂષોના મહાત્મ્ય અને મહિમાને દેવેન્દ્રો પણ ખંડિત

કરવા સમર્થ નહોતા, તેવા પુરૂષો પાસે પણ સ્ત્રીઓએ પોતાનું દાસપણું કરાવ્યું છે.

સિંહ, હાથી અને સર્પાદિક મહા ક્રૂર પ્રાણીઓને જીતવા સુકર છે, પરન્તુ મોક્ષસુખમાં અંતરાય કરનાર એવા એક કામદેવને જીતવો અતિ દુષ્કર છે.

વિષમ એવા વિષયોની તૃષા જીવોને અતિ તીવ્ર અને અનાદિકાળની છે.

પાંચ ઇન્દ્રિયો અતિ દુર્જય છે : કારણ કે–તેને પ્રેરનાર ચિત્ત અતિ ચંચળ છે. જ્ઞાની પુરૂષો આ જીવને ઉદ્દેશીને કહે છે કે–'હે જીવ ! શું તું આંધળો છે ? અથવા શું તેં ધંતુરો પીધો છે ? અથવા શું તું સન્નિપાતે કરીને ઘેરાયલો છે ?, કે જેથી અમૃતતુલ્ય ધર્મનો ત્યાગ કરી દઈ વિષતુલ્ય વિષયોના સેવનમાં રચ્યો રહે છે ? અથવા વિષમ એવા વિષય રૂપી વિષનું જ અમૃત જેટલું બહુમાન કરે છે ?

જે જીવ મન, વચન અને કાયાના વ્યાપારો ઉપર સંયમ રાખતો નથી, પાંચે ઇન્દ્રિયોના વિષયનો પ્રસંગ કરે છે અને આઠે કર્મોની નિર્જરા કરવા માટે લેશ પણ પ્રયાસ કરતો નથી, તે જીવ પોતાના જ હાથે પોતાના ગળા ઉપર કાતર મૂકવા જેવું ઘોર કૃત્ય કરે છે.

સ્વભાવથી જ કુટિલ એવા વિષયભોગમાં રક્ત રહેનાર જીવનું જ્ઞાન, વિજ્ઞાન કે ગુણનો આડંબર એ નિરર્થક છે : કારણ કે–તેનું તે જ્ઞાન, વિજ્ઞાન કે ગુણનો આડંબર તેને નરકની જ્વાલાઓમાંથી ઉગારનારો થઈ શકવાનો નથી.

જે પ્રાણી અલ્પ એવા વિષયસુખની ખાતર મહાન એવા મનુષ્યભવને હારી જાય છે, તે પ્રાણી તુચ્છ એવી રાખની ખાતર અમૂલ્ય એવા ગોશીર્ષ ચંદનને બાળી નાંખે છે, બોકડાની ખાતર ઐરાવણ હસ્તીને વેચી નાંખે છે અથવા એરંડાના વૃક્ષની ખાતર કલ્પવૃક્ષને ઉખેડી નાંખે છે.

જીવિતવ્ય અશાશ્વત છે, મોક્ષનું સુખ શાશ્વત છે અને આયુષ્ય પરિમિત છે, એમ સમજી વિવેકી પુરૂષોએ વિષયભોગોથી વિશેષે કરીને વિરામ પામવો જોઈએ.

પાંચ ઈન્દ્રિયોના વિષયો, મોક્ષમાર્ગમાં રહેલા અર્થાત્ જ્ઞાન–દર્શન–ચારિત્રની આરાધનામાં રક્ત બનેલા મહાપુરૂષોને પણ જીતવા દુષ્કર છે, તો પછી અન્ય આત્માઓ માટે તો કહેવું જ શું ? અર્થાત્–પાંચ ઇન્દ્રિયોના વિષયોને જીતવા જેવું દુષ્કર કાર્ય આ જગત્માં બીજું એક પણ નથી. એ કારણે પોતાના આત્માનું હિત ચિન્તવનાર પુરૂષે વિકાર સહિત મનોહર રૂપવાળી સ્ત્રી, કે જે દેખાવથી જ મનને મોહિત કરી દે છે, તેનો દૂરથી જ ત્યાગ કરી દેવો જોઈએ.

મુનિનું શ્રુત, શીલ, તપ, વિનય કે વિજ્ઞાન ત્યાં સુધી જ ટકે છે, કે જ્યાંસુધી રમણીઓનાં નયનોમાંથી છૂટેલા દષ્ટિ રૂપી બાણો હૈયામાં ભોંકાયા નથી. રમણીઓનાં નયનોમાંથી છૂટેલાં દષ્ટિ રૂપી બાણોનું વિષ જે મુનિને ચઢે છે, તે મુનિનાં તપ, સંયમ અને વૈરાગ્ય એક ક્ષણ વારમાં નાશ પામી જાય છે.

સ્વમતિકલ્પિત નિમેષ માત્ર સુખને આપનારા વિષયસુખની લાલચ ખાતર જે જીવ ચંદ્રકિરણ સમાન ઉજ્વળ યશને આપનાર તથા મુક્તિસુખનાં કારણભૂત નિર્મળ જ્ઞાન, દર્શન અને ચારિત્રને હારી જાય છે, તેના સમાન મૂઢ બીજો કોઈ નથી.

પ્રજ્વલિત થયેલો વિષયાગ્નિ સમસ્ત ચારિત્રના સારને એક ક્ષણવારમાં બાળી નાંખે છે, યાવત્–સમકિતની પણ વિરાધના કરાવી જીવને અનન્ત સંસારસાગરમાં રખડાવી મૂકે છે. વિષયની વિષમ તૃષ્ણાથી પીડાયેલા ચતુર્દશ પૂર્વધરો પણ નિગોદમાં રૂલી જાય છે. વિષમ એવા વિષયોથી બંધાયેલા જીવો આ રીતિએ અનન્ત દુઃખની પરંપરાને પામતા આ ભવસમુદ્રમાં ભટકે છે.

ઈન્દ્રજાળ જેવા માયાવી, વિદ્યુત્લતાના જેવા ચંચળ અને ક્ષણ-દષ્ટનષ્ટ વિષયોમાં પ્રતિબંધ કરવો, એ વિવેકીઓને છાજતો નથી.

વિષયોત્પત્તિના બીજભૂત રાગાદિક દોષના વિકારો આત્માને જે દુઃખ આપે છે, તે દુઃખ આપવાની તાકાત કોપાયમાન શત્રુમાં, વિષમાં, પિશાચમાં કે વેતાલમાં નથી અને પ્રજ્વલિત થયેલા હુતાશન (અગ્નિ)માં પણ નથી. જેઓ રાગાદિક દોષોને વશ છે, તેઓ લાખો દુઃખોને વશ છે અને જેઓના વશમાં રાગાદિક દોષો છે, તેઓના વશમાં સર્વ પ્રકારનાં સુખો છે.

ખેદની વાત છે કે–વિધાતાએ (નિસર્ગે) રચેલી સ્ત્રી રૂપી જાલમાં મૂઢ એવા મનુષ્યો, તિર્યંચો, સુરો અને અસુરો બંધાઈ જાય છે તથા દુઃખથી જ રચાયેલા આ સંસારમાં અનેક પ્રકારનાં કલેશોને પામે છે.

વિપરીત શિક્ષણ પામેલા ઘોડાઓની જેમ વિષય રૂપી ઘોડાઓ તેના ઉપર સ્વાર સ્થનાર મુગ્ધ જીવોને ભયંકર એવી ભવ રૂપી અટવીમાં નાખી દે છે.

સંસાર રૂપી વનમાં રખડતા એવા જે જીવોને વિષમ એવા વિષય રૂપી સર્પો ડસે છે, તે જીવો ચોરાશી લાખ જીવાયોનિમાં દુઃખ રૂપી અગ્નિ વડે વારંવાર શેકાય છે.

સંસારના માર્ગ રૂપી ગ્રીષ્મકાલમાં વિષયો રૂપી કુવાતોથી લૂકાયેલા (લુવાયેલા) જીવો હિતાહિતથી અજાણ બની અનન્ત દુઃખોને અનુભવે છે. વિષયની પિપાસાથી તૃપ્ત થયેલા જીવો આ ભવવનને વિષે નારી રૂપી કાદવવાળા સરોવરમાં રક્ત બન્યા છતાં પણ શાન્તિ પામતા નથી, કિન્તુ દીન, ક્ષીણ અને દુઃખિતપણે રડવડે છે.

શ્રી જિનવચન અને ઈન્દ્રિયજય

આ રીતિએ વિષયની પિપાસાથી થનારાં અકલ્પિત અને સાચાં દુઃખોનું વર્ણન શ્રી જિનાગમોમાં પદે પદે ભરેલું છે. તે આગમોને ભણનાર, ભણાવનાર, સાંભળનાર કે સંભળાવનાર મહાપુરૂષો દુર્જય ઇન્દ્રિયો ઉપર પણ વિજય પ્રાપ્ત કરવા ભાગ્યવાન બની શકે છે. બીજાઓ ઇન્દ્રિયજયના ફાયદાઓ અને ઇન્દ્રિયોની આધીનતાથી થનારાં નુકશાનો જાણે છે, તો પણ એક ભવ પૂરતાં અને તે પણ

માત્ર શારીરિક : તેથી ઈન્દ્રિયોને આધીન રહેવા છતાં, જે આત્માઓને આ ભવમાં કોઈ પણ જાતિની આર્થિક હરકત પહોંચતી નથી કે લેશ પણ શારીરિક નુકશાન અનુભવવું પડતું નથી, તે આત્માઓનો વિરાગ સુકાઈ જાય છે : એટલું જ નહિ પણ એવા આત્માઓને તકલીફ વિના વિષયોપભોગ કરતા દેખીને, અન્ય આત્માઓ પણ વિષયાસક્ત બને છે તથા વિષયાધીનતામાંથી જન્મનારાં દુઃખોની વાત, એને કહેનારાં શાસ્ત્રો, શાસ્ત્રકારો અને ઉપદેશકો પ્રત્યે અશ્રદ્ધાળુ બને છે. પરિણામે વિષયના વિરાગી અને ત્યાગી બનનારા મહાપુરૂષો પ્રત્યે સદ્ભાવરહિત થાય છે. એટલા માટે ઈન્દ્રિયજય રૂપી મહાન સદ્‌ગુણને જીવનમાં ઓતપ્રોત બનાવવા માટે તથા તેનાં સુંદર ફળોનો શાશ્વત કાળ માટે યથેચ્છ ઉપભોગ કરવા માટે, સૌથી પ્રથમ જરૂર શ્રી જિનાગમના શ્રવણની છે. એ શ્રવણથી ઉદ્‌બુદ્ધ થનારો ઈન્દ્રિયજય રૂપી સદ્‌ગુણ ઉપરનો પ્યાર વાસ્તવિક બને છે અને કદી પણ ખસી જતો નથી, કિન્તુ દિન–પ્રતિદિન દૃઢ થતો જાય છે : અને એ સ્થિતિ આવીને ઉભી રહે છે, કે જ્યારે કામાંધ સ્ત્રીઓની અતિ નીચ ચેષ્ટાઓ પણ તે આત્માઓ ઉપર પોતાની વિકારી અસર નિપજાવી શકતી નથી. આ બાબતમાં સાધુ અવસ્થામાં અતિ દુષ્કર દુષ્કર કાર્ય કરનાર અને ચોરાશી ચોવીસી સુધી નામ અમર કરી જનાર મહામુનિ શ્રી સ્થૂલભદ્રજીનું દૃષ્ટાંત અને શ્રાવક અવસ્થામાં શ્રી જિનેશ્વરદેવના શાસનના પરમ ભક્ત નિષ્કલંક શીલને ધારણ કરનારા મહાશ્રાવક શ્રી સુદર્શન શેઠ અને એમની શીલવતી ભાર્યાનું દૃષ્ટાંત છે.

પરન્તુ એ અવસ્થાની પાછળ જે વસ્તુ કાર્ય કરી રહી છે, તે વસ્તુ શ્રી જિનાગમથી ભાવિત મતિ છે. શ્રી જિનવચનના અસ્ખલિત સ્વાધ્યાય સિવાય એ સ્થિતિ પ્રાપ્ત થઈ શકતી નથી. એ સમજવા માટે સુપ્રસિદ્ધ દૃષ્ટાંતો ઘણાં છે : તેમાં પણ જંગલમાં વસનારા અને ઘોર તપને તપનારા ઈતર શાસનના કહેવાતા ઋષિમુનિઓનાં દૃષ્ટાંતો મૂખ્ય છે. એ ઋષિમુનિઓ સર્વ સંગના ત્યાગી બનવા છતાં અને દીર્ઘકાળ સુધી આકરાં તપોને તપવા છતાં પરરમણીઓના આંખના એક

પલકારાથી જ શીલભ્રષ્ટ થઈ ગયા છે : કારણ કે–એમની પાસે એમનું શીલ અખંડિત ટકાવી રાખવા માટે, વિષયનું કારમું વિષ પણ એક ઘડીભરમાં ઉતારી નાખવા માટે પરમ મંત્રતુલ્ય શ્રી જિનાગમનો સ્વાધ્યાય નહોતો. શ્રી જિનાગમનો સ્વાધ્યાય કરનારાનાં ચિત્ત પણ યુવતિઓના મનોહર કટાક્ષો આગળ ચલિત થઈ જાય છે, તો પછી જેવા તેવા વૈરાગ્યને બતાવનારાં વચનોથી ઉત્પન્ન થયેલો અને માગીને આણેલાં આભૂષણની જેમ ક્ષણિક ત્યાગની શોભા આપનારો વૈરાગ્ય, તેના કારમા શત્રુ રૂપી યુવતિઓના સંગમાં ક્યાં સુધી ટકી શકે ?

ઈન્દ્રિયોની આધીનતાથી નિપજનારાં અનિષ્ટ પરિણામો કેવળ આ ભવ પૂરતાં જ ગણાવનારાં શાસ્ત્રવચનો એ પારમાર્થિક વૈરાગ્યના માર્ગમાં તેવી રીતિનાં કારગત નિવડતાં નથી, કે જેવી રીતિનાં કારગત સમસ્ત ભવમાં નિપજનારાં તેનાં અનિષ્ટ પરિણામોને દર્શાવનારાં શાસ્ત્રવચનો નિવડે છે. શ્રી જિનવચન એ સમસ્ત ભવપરિવર્તનમાં નિપજતાં અનિષ્ટો સામે લાલ બત્તી ધરે છે અને ઈન્દ્રિયો ઉપરના કાયમી વિજયથી પ્રાપ્ત થતાં કાયમી સુખો તરફ અંગુલિનિર્દેશ કરે છે, જેને સમજવાથી ભવની સમસ્ત વાસના એકદમ ક્ષય પામી જાય છે અને એ ભવવાસના ક્ષય પામતાંની સાથે જ, ત્રિભુવનાન્તર્ગત કોઈ પણ પદાર્થ તે આત્માને સ્વધર્મથી ચલિત કરવા માટે સમર્થ થઈ શકતો નથી.

અન્યથા, ઔદારિક શરીરવાળા મનુષ્યભવનો વિચાર કરવો છોડી દઇએ, તો વૈક્રિયદેહધારણવાળા દેવલોકના ભવોમાં સાગરોપમકાળ સુધી વિશાળમાં વિશાળ વિષયસુખોનો અનુભવ કરવા છતાં, તે ભવમાં શારીરિક કે આર્થિક કાંઈ પણ અનિષ્ટ પરિણામ નિપજતું નથી : તો તે ભવની પ્રાપ્તિ થયા પછી વિષયો પ્રત્યે વિરાગ ધારણ કરવાનું કાંઈ પણ પ્રયોજન રહેતું નથી : પરન્તુ શ્રી જિનવચનથી વાસિત મતિવાળા તે દેવલોકના ભવોના સાગરોપમ સુધીના વિષયોપભોગના પરિણામે થનારી માઠી ગતિનો સારી રીતિએ નિશ્ચય કરી શકે છે, તેથીં

તે સુખો પણ તેમને લોભાવી શકતાં નથી : અને એક વખત તેવા વર્ણનાતીત વિષયભોગોમાં પણ વિરક્તિ જળવાઈ રહી, પછી તે આત્માને અન્ય ભવોમાં પ્રાપ્ત થનારાં વિષયસુખો લેશ માત્ર આકર્ષી શકતાં નથી, કિન્તુ અતિશય તુચ્છ લાગ્યા કરે છે : અને એમ વિષયો પ્રત્યેની રતિ આત્મામાંથી ખસવા લાગી, પછી એક એવી જાતિની રતિ આત્મામાં ઉત્પન્ન થાય છે, કે જે રતિના સુખ આગળ સમગ્ર દેવગણનાં ત્રિકાળનાં સુખો પણ કિંમત વિનાનાં ભાસે છે. એ સ્થિતિ પ્રાપ્ત કરવા માટે આધાર એક શ્રી જિનવચનનો છે.

ઈન્દ્રિયજયથી મુક્તિ

ઈન્દ્રિયજયથી થનારા ફાયદાઓને વર્ણવતાં, અનન્તજ્ઞાનિઓનાં વચનોને અનુસરનાર મહાપુરૂષોએ એ જ ફરમાવ્યું છે કે–

'गुणकारियाइं धणियं, धिइरज्जुनिअंतिआइं तुह जीव।
निययाइं इंदियाइं, वल्लिनिअत्ता तुरंगुव्व ॥ १ ॥'

'ધૃતિ રૂપી રજ્જુથી નિયંત્રિત કરાયેલી પોતાની ઈન્દ્રિયો જીવને લગામમાં રાખેલ ઘોડાની જેમ અત્યંત ગુણ કરનારી થાય છે.'

એ જ રીતિએ,સારી રીતિએ વશ કરેલા મન-વચન-કાયાના યોગો ગુણ કરનારા થાય છે અને નહિ વશ કરાયેલા તે મદોન્મત્ત હાથીની પેઠે શીલ રૂપી વનને ભાંગી નાખે છે. મન-વચન-કાયાના દોષો જેમ જેમ વિરામ પામે છે અને જેમ જેમ વિષયો પ્રત્યે વૈરાગ્ય વધતો જાય છે, તેમ તેમ જીવને પરમપદ અર્થાત્ મુક્તિ નજીક આવતી જાય છે. તે જ પુરૂષોએ દુષ્કર કાર્ય કર્યું છે, કે જેઓએ સમર્થ એવી યૌવનાવસ્થામાં પણ ધૃતિરૂપી પ્રાકારને વળગી રહી, ઈન્દ્રિય રૂપી સૈન્યને ભાંગી નાખ્યું છે. અર્ધનજરે (કટાક્ષભરી નજરે) જોનારી સ્ત્રીઓ જે ધીર પુરૂષોના હૈયામાં લેશ માત્ર ખટકતી નથી, તે પુરૂષોને જ ધન્ય છે, તેઓ જ નિત્ય નમન કરવા લાયક છે અને તેવા સંયમધારી પુરૂષપુંડરિકોના દાસ થવામાં પણ અમે સૌભાગ્ય સમજીએ છીએ.

જ્ઞાનયોગ સ્વીકારો

ઈન્દ્રિયજય એક મહાન સદ્‌ગુણ છે, પરન્તુ તે શ્રી જિનવચનથી જ પ્રાપ્ત થવા યોગ્ય છે. એ વિષયમાં આપણે બન્યું તેટલા વિસ્તારથી સમજવા માટે અહીં કોશિષ કરી છે. શરૂમાં શ્રી જિનશાસનથી બાહ્ય પણ આ વિષયનું સારી રીતિએ પરિશીલન કરનારા કેટલાક શિષ્ટ લેખકોના અભિપ્રાયો ટાંકયા છે: ત્યાર બાદ શ્રી જૈનશાસનને અનુસરનારા મહાપુરૂષોનું આ સંબંધમાં શું મંતવ્ય છે એ તપાસ્યું છે: અને એ બધાનો સાર એક જ છે કે-પાંચે ઈન્દ્રિયોના વિષયો એ અતિ દુર્જેય છે. વિષયો સ્વયં જડ હોવા છતાં ચેતનને આકર્ષે છે, તેનું કારણ અનાદિની ભવવાસના છે. પ્રત્યેક ભવોમાં એ ભવવાસનાથી, વિષયો એ સુખ રૂપ છે-એમ માનીને એની સાથે વર્તાવ કરવામાં આવ્યો છે, કિન્તુ એ એક ભ્રમ છે એમ શ્રી જિનવચન અને સ્વાનુભવથી સાબીત થાય છે. એ ઉભયનું અવલંબન લઈને હવે તો આત્માએ એવી જાતિનો પ્રયાસ કરવો જોઈએ, કે જેથી તે વિષયોનું આકર્ષણ તેને સદ્ધર્મથી એક લેશ માત્ર ચલાવી શકે નહિ. ઈષ્ટાનિષ્ટ જડ વિષયોમાં થતી રાગદ્વેષની પ્રવૃત્તિ, એ જ આત્માની સાથે જડકર્મના બંધનું મૂળ છે. એ મૂળ ઉપર કુઠારાઘાત થાય અને બંધના કારણને દિન-પ્રતિદિન શિથિલ બનાવાય-એ જાતિનો ઉદ્યમ કરવો, એ વિવેક રૂપી રત્નને પામેલા સત્પુરૂષોનું કર્તવ્ય છે: અને એ કર્તવ્યનું પાલન કરવા માટે જડ વિષયો કે તેના ઉપભોગમાં સહાયક થનાર જડ ઈન્દ્રિયો, બેમાંથી એકેનો નાશ કરવાની આવશ્યકતા નથી, કિન્તુ એ વિષયો અને ઈન્દ્રિયોનું વાસ્તવિક સ્વરૂપ સમજી લઈ, તેમાં રાગદ્વેષની પરિણિત જ માત્ર તજવા યોગ્ય છે. એ વાત સમજાયા પછી આત્મામાં જે ઈન્દ્રિયનિગ્રહ કરવાની શક્તિ પેદા થાય છે, તે જ શક્તિ એ સાચી અને કાયમ માટે ઉપકાર કરનારી છે. એ સિવાયની હઠયોગ આદિ દ્વારાએ કે ઐહિક સુખોની લોભ-લાલચ આદિ દ્વારાએ પ્રાપ્ત થતી ઇન્દ્રિયનિગ્રહની શક્તિ, એ

મિથ્યા છે તથા ક્ષણવારમાં નાશ પામી જનારી છે: તેથી તેવા હઠયોગ આદિના અજ્ઞાનતાભર્યા પ્રયોગોનો ત્યાગ કરી દઈ, સાચા જ્ઞાનયોગ દ્વારા ઇન્દ્રિયનિગ્રહ કરવાની શક્તિ પ્રાપ્ત કરી લેવી જોઈએ: અને એ પ્રાપ્ત કરવાનો સુઅવસર આ મનુષ્યભવ જ છે. જે આત્માઓ ઈન્દ્રિયનિગ્રહના અર્થી છે અને તે દ્વારાએ થનારા અનુપમ ફાયદાઓને પ્રાપ્ત કરવાના અભિલાષી છે, તે આત્માઓને એક જ ભલામણ છે કે-આજ સુધી તેઓએ તે માટે આચરેલા કે ભવિષ્યમાં આચરવા ધારેલા અન્ય અન્ય ઉપાયોનો પરિત્યાગ કરી દઈ, વિધિ-પૂર્વક સમ્યગ્જ્ઞાનામૃતનું નિરન્તર પાન કરી, સંવેગ અર્થાત્ મોક્ષાભિલાષ રૂપી રસની આત્મામાં વૃદ્ધિ કરવી: અને એ રસની આડે આવનાર તુચ્છ એવા વિષયરસની હયાતિને આત્મામાંથી નાબૂદ કરવા પ્રબળ પુરૂષાર્થ કરવો. પરિણામે સર્વ ઈપ્સિતો હાથમાં આવીને ઉભાં રહેશે.

इतिशम् ।

અન્તિમ આરાધના

યાને

મારણાન્તિક સંલેષણા

લેખાંક ૧ લો :

સંલેષણા વ્રતની મહત્તા

મારણાન્તિક સંલેષણાનું બીજું નામ મરણવિધિ છે. શ્રી જૈન-શાસનમાં સાધુ અને ગૃહસ્થ માટે જેમ અનેક પ્રકારનાં વ્રતો દર્શાવવામાં આવ્યાં છે, તેમ એક સંલેષણા વ્રત પણ દર્શાવવામાં આવ્યું છે. સંલેષણા વ્રતનું પાલન આયુષ્યના અન્ત સમયે કરવાનું હોય છે. સાધુ યા શ્રાવકના જીવનમાં અન્ય વ્રતોની જેટલી ઉપયોગીતા છે, તેના કરતાં કેઈગુણી અધિક ઉપયોગીતા આ સંલેષણા વ્રતનીછે. અન્ય વ્રતોની પાલનામાં આયુષ્યના અન્ત સુધી અપ્રમત્ત રહેનાર સાધુ પણ જો મરણની છેલ્લી ઘડીયે આ સંલેષણા વ્રતની આરાધનામાં ચૂકી જાય છે, તો તેની પૂર્વની આરાધના યત્કિંચિત્કર બની જાય છે. તે નિષ્ફળ નથી બનતી, તો પણ નિષ્ફળ તુલ્ય બની જાય છે. જન્માન્તરની ગતિનો આધાર મરણની છેલ્લી ઘડીએ પડેલા આયુષ્યના બંધ ઉપર છે. એ બંધ વખતે જે આત્મા ચૂક કરે છે, તે સુગતિના આયુષ્યથી ભ્રષ્ટ થાય છે. એક વખત કુગતિનું આયુષ્ય બંધાઈ ગયું, પછી પૂર્વની સઘળી આરાધનાને કરમાઈ જવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે. વિપરીત

સામગ્રીઓ મળવાથી પૂર્વની આરાધનાના યોગે ઉપાર્જિત થયેલ પુન્ય યા નિર્જરા કરતાં કેઈગુણું પાપ અને કર્મબંધનો સંચય થાય છે અને પૂર્વના પુણ્યને પણ પાપ રૂપે પલટાવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે. એ કારણે આયુષ્યની છેલ્લી ઘડી બહુ સંભાળવાની હોય છે અને એ સંભાળવા માટે શ્રી જૈનશાસને ઘણો જ ભાર મૂકયો છે.

આયુષ્યનો બંધ ક્યારે ?

આયુષ્યનો બંધ જેમ આયુષ્યની છેક છેલ્લી ઘડીએ થાય છે, તેમ તે પૂર્વે પણ નથી થતો એમ નહિ. આયુષ્યના ત્રીજા ભાગે જન્માન્તરના આયુષ્યનો બંધ માનેલો છે: અર્થાત્-૮૧ વર્ષનું આયુષ્ય હોય તો ૫૪ મા વર્ષે અને ૫૪ વર્ષનું આયુષ્ય હોય તો ૩૬ મા વર્ષે અને ૩૬ વર્ષનું આયુષ્ય હોય તો ૨૪ મા વર્ષે આયુષ્યનો બંધ થઈ શકે છે : તે સમયે ન થાય તો બાકી રહેલાં વર્ષોના ત્રીજા ભાગે પણ તે થાય છે અને તે પણ ચૂકાઈ જાય તો બાકીનાં વર્ષોના બે ભાગ ગયા પછી એમ યાવત્ આયુષ્યની છેલ્લી ક્ષણ (છેલ્લા અંતર્મુહૂર્ત) સુધી આયુષ્યનો બંધ માનેલો છે: પરન્તુ તે એક જ વખતે થાય છે અને એક વખત થયા પછી તે ફરતો નથી. આયુષ્યબંધ માટે અન્તિમ સમયને મૂખ્ય માનેલો છે, તેનાં કારણો ઘણાં છે. ઔપપાતિક દેવ અને નારકીના ભવોમાં તો અનપવર્તી આયુષ્ય હોવાથી, ત્યાં આયુષ્યબંધ માટે છ માસનો નિયમ છે, અર્થાત્-છ માસ આયુષ્ય બાકી રહે ત્યારે જન્માન્તરના આયુષ્યનો બંધ થાય છે; બીજા કોઈ સમયે નહિ. અસંખ્ય વર્ષના અનપવર્તી આયુષ્યવાળા મનુષ્ય, તિર્યંચ અને બીજા પણ સોપક્રમી કે નિરૂપક્રમી અનપવર્તી આયુષ્યવાળા શલાકાપુરૂષો આદિ માટે તે જ નિયમ છે. તે સિવાયના મનુષ્યોનું આયુષ્ય અપવર્તનીય અને સોપક્રમી હોય છે. વિષશસ્ત્રાદિના પ્રયોગથી તે આયુષ્યનું અપવર્તન થાય છે, એટલે ઘણા દિવસોએ ભોગવવા લાયક તે થોડા સમયમાં ભોગવાઈ જાય છે. જન્માન્તરનું આયુષ્ય બાંધ્યા સિવાય કોઈનું મરણ થતું નથી. એ કારણે સોપક્રમી અપવર્તનીય આયુષ્યવાળા મનુષ્ય-તિર્યંચોને

ઘણે ભાગે આયુષ્યના અંતકાળે જ જન્માન્તરનું આયુષ્ય બાંધવાનો વખત આવે છે અને તેથી તેમનો અંતિમ સમય બહુ મૂલ્યવાળો ગણાય તે સ્વાભાવિક છે.

આત્મઘાત નહિ પણ આત્મસંરક્ષણ

એ સમયે જેઓ શાસ્ત્રનિર્દિષ્ટ વિધિપૂર્વક પંડિતમરણે મરે છે, તેઓ અવશ્ય સુગતિના ભાગી થાય છે. એ પંડિતમરણ માટે શ્રી જૈનશાસનમાં ઘણો જ વિસ્તારથી નિર્દેશ કરેલો છે. તે જોવા પહેલાં પ્રથમ એક વાત જોઈ લેવી જોઈએ કે-એ રીતિએ વિધિપૂર્વક મરવા માટે શ્રી જૈનશાસને અનશનાદિની જે વિધિ બતાવી છે, તેથી 'આત્મઘાત' થાય છે કે કેમ? મનુષ્યજીવન એ જો કિંમતી છે, તો વ્રતસ્થ પુરૂષોએ એ રીતિએ અન્નપાનનો સ્વેચ્છાએ ત્યાગ કરી જીવનનો અંત લાવવો, એ શું વ્યાજબી છે? એના કરતાં આયુષ્યના છેલ્લા શ્વાસ સુધી અન્નાદિથી તેનું સંરક્ષણ કરવા પ્રયત્ન કેમ ન કરવો? શ્રી જૈનશાસને દર્શાવેલી સંલેષણાની વિધિ સામે આ પ્રશ્ન ઉભો કરવામાં આવે છે, તો તેનો ઉત્તર શું છે તે પણ સમજી લેવો જોઈએ. સંલેષણાવિધિ માટે શ્રી જૈનશાસને અનશનાદિ જે પ્રક્રિયાઓ ઉપદેશી છે, તેની પાછળ મનુષ્યજીવનનો અકાળે અન્ત આણવાનો હેતુ નથી, કિન્તુ સ્વાભાવિક રીતિએ અંત પામતા મનુષ્યશરીરમાંથી જેટલો સાર ગ્રહણ કરી લેવાય તેટલો ગ્રહણ કરી લઈને મરવાનો ઈરાદો છે. મનુષ્યદેહ એ અંતે વિનશ્વર છે: લાખો ઉપાયે પણ તેની તે વિનશ્વરતાને ખાળી શકાતી નથી: એ કારણે જ્યારે તે સ્વયં જવા માટે તૈયાર થઈ રહ્યું હોય, ત્યારે બીજા ઉપાયો લેવા કરતાં તેની તે સ્થિતિ સમજી લઈ, તેના ઉપરથી સઘળો મમત્વભાવ ઉતારી નાખવા પ્રયત્ન કરવો, એ જ વ્યાજબી છે. એવા વખતે તેને ટકાવી રાખવાના નિષ્ફળ પ્રયત્નો અધિક અસમાધિ ઉત્પન્ન કરાવનારા થઈ પડે છે. અસમાધિ ઉત્પન્ન થાય તેવા પ્રયાસોમાં પડવા કરતાં એવા સમયે આરાધનાને ન ભૂલી જવી, એ વિવેકી પુરૂષોનું કર્તવ્ય થઈ પડે છે.

એ કર્તવ્યને બજાવવાનું નામ સંલેષણાવિધિ છે. એની પાછળ આત્મઘાતનો નહિ કિન્તુ આત્મસંરક્ષણનો ઈરાદો છે. મન-વચન-કાયાના યોગો જ્યારે સંયમવ્યાપારોના પાલન માટે અસમર્થ બને છે, ત્યારે વિવેકી આત્માઓ માટે-'તે શરીરનો વિધિપૂર્વક ત્યાગ કરવો' -એ જ એક કર્તવ્ય બને છે: અને તેમ કરવામાં ન આવે અને સંયમ માટે અસમર્થ બનેલા શરીરને પણ પોષવાનો પ્રયત્ન કરવામાં આવે, તો તેમ કરનાર આત્માનો વિવેકગુણ નાશ પામે છે. તેવી નિષ્ફળ ચેષ્ટા કરનારો આત્મા દેહના વાસ્તવિક સ્વભાવથી અજ્ઞાની છે અને તે અસાર દેહ ઉપર ખોટો મમત્વભાવ ધારણ કરીને નિરર્થક અસમાધિ ખરીદી લે છે. શરીરની વાસ્તવિક સ્થિતિનું જેઓને જ્ઞાન છે અથવા સંયમની ખાતર જ જેઓએ શરીરની પુષ્ટિને કર્તવ્ય તરીકે માનેલ છે, તેવા પરમાર્થદર્શી પુરૂષો તો જે ક્ષણે શરીર સંયમ માટે અસમર્થ બને છે, તે ક્ષણે જ તેના ઉપરથી મમત્વ ઉતારી નાખે છે અને તેને વિધિપૂર્વક વોસિરાવવા (ત્યાગ કરવા)ની ક્રિયામાં જ રક્ત બને છે. મરણના અંતિમ સમય સુધી પણ દેહનું વ્યુત્સૃજન ન કરવું અને પાલન જ કરવું, એ અપ્રશસ્ત રાગનું ચિહ્ન છે: અને એ અપ્રશસ્ત રાગ તેની સદ્‌ગતિમાં ભારે અંતરાય રૂપ છે. જેઓ દેહના રાગી નથી કિન્તુ સંયમના રાગી છે, તેઓ તો સંયમપાલનમાં સહાયક હોય ત્યાં સુધી જ તેનું પોષણ કરવું વ્યાજબી માને છે: ત્યાર બાદ તે શરીરનું પોષણ કરવું એ અસંયમનું જ પોષણ છે એમ માને છે. એ રીતિએ અસંયમની વૃદ્ધિ કરાવનાર શરીરની પુષ્ટિ માટે સ્વપ્ને પણ ઈચ્છા આરાધક આત્માઓને હોતી નથી. સંલેષણાવિધિ પાછળ રહેલા આ ઉચ્ચ ઈરાદાને જેઓ જોઈ શકે છે, તેઓ આ ક્રિયાને એક પ્રકારનો આત્મઘાત નહિ માનતાં પરમ આવકારદાયક અને કર્તવ્ય રૂપ લેખે, તો તેમાં કાંઈ પણ આશ્ચર્ય નથી.

આદરણીય અને ત્યાજ્ય શરીર

આથી એ પણ સિદ્ધ થાય છે કે-જે શાસનમાં અંતિમ સમયે

નિઃસાર એવા શરીરનો કે તેને પોષક અન્નપાનાદિના ત્યાગનો વિધિ નથી, તે શાસન શરીર અને સંસારના સ્વરૂપથી અજ્ઞાન છે અને મહામોહથી ગ્રસ્ત છે. '**शरीरमाद्यं खलु धर्मसाधनम्**' એ વિગેરે વાક્યો પણ તેઓને મોહવૃદ્ધિમાં જ એક હેતુભૂત બને છે: કારણ કે–ધર્મસાધન માટે નાલાયક બનેલ શરીરને પણ અંત સુધી પોષવાની વૃત્તિમાંથી તેઓ મુક્ત બની શકતા નથી. શરીર, એ ધર્મનું આદિ-સાધન છે અને એ માટે એનું સંરક્ષણ કરવું જોઈએ: એ વાત સાચી હોવા છતાં પણ, જેઓનું શરીર એ ધર્મનું સાધન નથી કિન્તુ અધર્મનું સાધન છે અથવા ધર્મસાધન માટે અસમર્થ બન્યું છે, તે શરીરનું સંરક્ષણ એ કર્તવ્ય નથી કિન્તુ મોહ છે. અધર્મના સાધન રૂપ શરીર કે ધર્મસાધન માટે અસમર્થ બનેલ શરીર, એમાંથી એકેનું સંરક્ષણ પણ ધર્મની વૃદ્ધિ માટે થતું નથી, કિન્તુ અધર્મની વૃદ્ધિ માટે થાય છે. આ જાતિનો વિવેક એક માત્ર શ્રી જૈનશાસનમાં છે, તેથી તે જ એક અત્યંત આદરણીય છે.

સંલેષણા માટે પૂર્વતૈયારીઓની જરૂર

ધર્મ માટે અસમર્થ બનેલ શરીરનો ત્યાગ–એ કર્તવ્ય હોવા છતાં પણ, એ ત્યાગ માટેની પૂર્વતૈયારીઓ જેણે કરી નથી, એવા આત્માઓને એ ત્યાગ અત્યંત દુષ્કર બની જાય છે. સંલેષણા એ કર્તવ્ય છે, એમ સમજનાર આત્માએ પણ તે માટે પૂર્વતૈયારીઓ કરવાની અત્યંત આવશ્યકતા છે. અન્યથા, અન્તિમ સમયે આદરેલ અનશનાદિ પ્રક્રિયાઓનો મોટે ભાગે ભંગ થવા સંભવ છે અને સમાધિની ક્રિયાઓ જ ઉલટી અસમાધિનું પરમ નિમિત્ત બની જવા સંભવ છે.

મૃત્યુનો વિજય

અન્તિમ સંલેષણા માટે પૂર્વતૈયારીઓની વિગતવાર માહિતીઓ શ્રી જિનાગમમાં સ્પષ્ટપણે આપેલી છે. પરિકર્મ (પૂર્વતૈયારી) કરનાર કે નહિ કરનાર ઉભયના માટે, 'ભક્તપરિજ્ઞા' નામના 'પયન્ના'માં મરણવિધિ વિસ્તારથી દર્શાવેલી છે. એ વિધિ મુજબ મરણ પામનાર

આત્મા બાલ (અજ્ઞાન) મરણે નહિ, કિન્તુ પંડિત (સજ્ઞાન) મરણે મરે છે : અને એ રીતિએ પંડિતમરણે મરનાર આત્મા દુર્જેય ગણાતા મૃત્યુ ઉપર પણ વિજય મેળવવા માટે સમર્થ બને છે. જન્મ લીધા પછી મરણ પામ્યા સિવાય કોઈને પણ ચાલતું નથી, તો પણ પંડિત-મરણની વિધિએ મરણ પામનાર આત્મા, અધિકમાં અધિક સાત–આઠ ભવમાં જ જન્મ–મરણની પરમ્પરાથી છૂટવા સમર્થ થઈ શકે છે. મૃત્યુને જીતવાનો આ સિવાય કોઈ રસ્તો નથી : અને એક મૃત્યુનો વિજય થઈ ગયા પછી દુઃખ માત્ર ઉપર વિજય પ્રાપ્ત થાય છે. જ્યાં સુધી મૃત્યુના ભયનું નિવારણ કરી શકાયું નથી, ત્યાં સુધી બીજા ભયોનું નિવારણ કિંમત વિનાનું માનેલું છે. ખરો ભય જ મૃત્યુનો છે. એ ભય નાશ નથી પામ્યો, ત્યાં સુધી બીજા ભયોથી થયેલું સંરક્ષણ એ સંરક્ષણ જ નથી અથવા છે તો ક્ષણજીવી છે. એવાં ક્ષણજીવી સંરક્ષણોમાં રાચી જવું, એ તત્ત્વવેત્તાઓનું કાર્ય નથી. એ માટેના પ્રત્યનો એ એ સાચો પુરૂષાર્થ નથી. સાચો પુરૂષાર્થ મૃત્યુના વિજયમાં છે. એ જ મોટો પુરૂષાર્થ છે અને એને સાધનારા જ સાચા મહાન પુરૂષો છે.

પૂર્વતૈયારી માટેના મનોરથો

એવા એક મહાન પુરૂષાર્થનું મૂખ્ય સાધન ' મારણાન્તિક સંલે-ષણા ' છે. એની આરાધના, એ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા માત્રનું કર્ત્તવ્ય છે. ચતુર્વિધ સંઘનો એ નિત્યનો મનોરથ હોય છે કે– ' ક્યારે હું આરાધનાપૂર્વક મરૂં ? અજ્ઞાનમરણે કરીને આત્મા અનન્તી વાર મર્યો, એક દેહ છોડી બીજો દેહ ધારણ કર્યો, તો પણ તેની તે ક્રિયાનો અન્ત ન આવ્યો. આ ભવમાં કોટિ ભવોએ દુર્લભ એવી પંડિતમરણે મરવાની સામગ્રી મળી છે, તો એનો લાભ લઈને હું પંડિતમરણે મરૂં '–એ મનોરથની સિદ્ધિ માટે જ સમ્યગ્દષ્ટિ શ્રાવક બાહ્ય અને અભ્યંતર પરિગ્રહનો મરણની ઘડીઓ આવ્યા પહેલાં જ ત્યાગ કરી દે છે. તે ઘર છોડી અનગાર બને છે, ગુરૂચરણોની સેવા કરે છે, જ્ઞાન મેળવે છે, તપ આચરે છે, મરણના અવસરની આનન્દથી

રાહ જૂએ છે, મરણુનો અવસર નિકટ આવેલો જાણી આનન્દ પામે છે અને પૂર્વે મેળવેલ જ્ઞાન તથા આચરેલ તપનું ફળ પ્રાપ્ત કરવાનો અવસર નજદિક આવેલો જાણી અધિક આનન્દને પામે છે. સમાધિમરણ માટેની આ પૂર્વતૈયારીઓ છે. જે પરિગ્રહને છેવટે છોડવાનો છે, તેનો પહેલેથી ત્યાગ કરવો : જે વેદના અન્તિમ સમયે સહવાની છે, તે સહવાની તાકાત આવે તે માટે આવશ્યક જ્ઞાન અને તપનો પહેલેથી અભ્યાસ કરવો : એ પૂર્વતૈયારીઓ પ્રત્યે દુર્લક્ષ્ય રાખનાર આત્મા ભાગ્યે જ સમાધિમરણને પામી શકે છે. એ કારણે સમાધિમરણની સાધાનામાં સાધનભૂત એવો પરિગ્રહનો ત્યાગાદિ ન થઈ શકે, ત્યાં સુધી તેવા સમ્યગ્દષ્ટિ ગૃહસ્થનો તે મનોરથ પણ ચાલુ જ હોય કે–' ક્યારે હું બાહ્ય–અભ્યંતર પરિગ્રહનો ત્યાગી બનું ? અને ક્યારે હું સુગુરૂઓની સેવા વડે સમ્યગ્જ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિ કરૂં ?' એ રીતિએ પરિગ્રહનો ત્યાગી બનેલ અને ઘર છોડીને અનગાર થયેલ સાધુ પણ રોજ એ વિચાર કરે કે–

' ક્યારે હું શ્રુતસાગરનું અવગાહન કરૂં ?, ગુરૂકુળવાસના સેવન વડે ક્યારે હું અંગ અને ઉપાંગ આદિ શાસ્ત્રોનો પારગામી બનું ?, ઘોર તપશ્ચરણ કરી ક્યારે હું આહારની લોલુપતા અને દેહની મમતાથી છૂટું ? અને ક્યારે હું જન અને વન, ગ્રામ અને અરણ્ય, ઘર અને સ્મશાન, તૃણ અને મણિ, સુવર્ણ અને માટી, સ્ત્રી અને કલેવર, માન અને અપમાન, લાભ અને અલાભ, સુખ અને દુઃખ, સ્વ અને પર, એ સર્વને સમાન માનતો અને સર્વ પ્રત્યે માધ્યસ્થ્ય ભાવને ભજતો થાઉં ? '

સાધુ અને શ્રાવક ઉભય આ જાતિના મનોરથ નિરન્તર કરે અને તે પણ અન્ત સમયે સમાધિ સાચવવા માટે કરે. એ મનોરથોના પ્રતાપે જેટલો ત્યાગ, જેટલું જ્ઞાન, જેટલો તપ જીવનમાં અધિક થાય, તેટલો તે આનન્દ માને : તપ, ત્યાગ કે જ્ઞાનની પ્રાપ્તિ માટે જેટલી શિથિલતા સેવાય, તેટલો તે ખેદ પામે. એ રીતિએ પરિકર્મિત થયેલો આત્મા સમાધિમરણ માટે લાયક બની શકે છે. એ

સિવાયના આત્મા માટે ભવિતવ્યતા સીધી હોય તો જ સમાધિમરણનો યોગ થાય: બાકી મોટે ભાગે અન્ત સમયે અત્યન્ત અસમાધિને પામે અને પરિણામ દુર્ગતિની પરમ્પરામાં આવે.

ભાવિને ભૂલાય નહિ

શ્રી જૈનશાસન ‘મારણાન્તિક સંલેષણા’ને શાથી મહત્ત્વ આપે છે, તે આટલા ઉપરથી પણ સ્પષ્ટ થઇ જાય છે. બીજાઓ તે વિષયને આટલો સ્પર્શી શકયા નથી, એનું કારણ એમનું અજ્ઞાન છે. અજ્ઞાની આત્માઓ મોટા ભાગે ભૂત–ભાવિને ભૂલી જાય છે અને કેવળ વર્તમાનનો જ વિચાર કરે છે. વર્તમાન તો જવા માટે જ સરજાયેલું છે. એ કારણે ભૂત–ભાવિનો વિચાર નહિ કરનાર વર્તમાનથી પણ ભ્રષ્ટ થાય છે. વર્તમાનકાળની સાચી સાર્થકતા તેઓ જ કરી શકે છે, કે જેઓ ભૂત અને ભાવિનો વિચાર કરી ભાવિની સુધારણામાં જ વર્તમાનકાળને પરોવી દે છે. ભાવિની ચિન્તાવાળા મહાપુરૂષોની એક જ ચિન્તા હોય છે કે–

“ भवकोटिभिरसुलभं, मानुष्यं प्राप्य कः प्रमादो मे ।
न च गतमायुर्भूयः, प्रत्येत्यपि देवराजस्य ॥ १ ॥ ”

‘કોટિભવોએ દુર્લભ એવા (ધર્મસામગ્રીયુક્ત) મનુષ્યપણાને પામીને, આ મારો પ્રમાદ કયી જાતિનો? ગયેલું આયુષ્ય દેવરાજ (ઇન્દ્ર)નું પણ પાછું ફરતું નથી.’

ભવિષ્યના હિત માટે વર્તમાનની ક્ષણોનો ઉપયોગ કરી લેવો, એનું નામ જ સાચો વિવેક છે. એ વિવેકને નહિ કરી શકનાર આત્મા મરણ વખતે દીન અને હીન બની જાય છે, છતાં મરણ કોઈને છોડતું નથી. એના સમયે એ હાજર થઈને ઉભું જ રહે છે. એ માટે જેણે આજ સુધી કાંઈ પણ તૈયારી કરી નથી, તેનું ભાવિ ભયંકર બને છે અને તેમાંથી એને કોઈ પણ બચાવી શકતું નથી. ભાવિની ચિન્તા જેઓને નથી, તેઓ દેખવા છતાં અંધ છે, જાગવા છતાં

નિદ્રાધીન છે અને બુદ્ધિમાન છતાં મૂર્ખ છે. તેઓને બુદ્ધિ મળી છે તો પણ તેઓએ તેનો ઉપયોગ કર્યો નથી.

લેખાંક ૨ જો :

ત્રણ પ્રકારનાં મરણો

સંલેખણા યાને સમાધિમરણનું મહત્ત્વ સમજ્યા બાદ,, હવે એની શાસ્ત્રનિર્દિષ્ટ, વિધિ જાણવી જરૂરી બને છે. એ વિષયમાં 'ભક્તપરિજ્ઞા' અને 'આતુર પ્રત્યાખ્યાન'–એ બે પયન્ના સંક્ષેપમાં પણ સારો બોધ કરાવે છે. તેમાંની કેટલીક અગત્યની બીનાઓ આપણે આ સ્થળે જોવી છે.

'ભક્તપયન્ના'ની આદિમાં જ શ્રી જિનશાસનની પ્રશંસા કરતાં ફરમાવ્યું છે કે–

'ભવ રૂપી ગહન વનમાં ભટકતા જીવોને જેના આશ્રયે મોક્ષસુખની પ્રાપ્તિ રહેલી છે, તે **કલ્પતરૂના કાનન તુલ્ય** શ્રી જિનશાસન જયવંત વર્તો.'

આગળ ચાલતાં–'મનુષ્યભવને પામીને શું કરવું જોઈએ?'–તેને સંક્ષિપ્તમાં ફરમાવતાં ઉપદેશ્યું છે કે–

'દુર્લભ એવું મનુષ્યપણું અને તેમાં પણ દુર્લભ એવું શ્રી જિનેશ્વરદેવોનું વચન, એ પામીને આત્માએ શાશ્વત સુખના જ એક રસિયા બનવું જોઈએ. શાશ્વત સુખની પ્રાપ્તિમાં અંતરાયભૂત વિષયસુખની સેવાનો ત્યાગ કરી દેવો જોઈએ. વિષયનું સુખ જે આજે થાય છે તે આવતી કાલે સ્મૃતિશેષ બની જાય છે, તેથી પંડિતો તેવા સુખને કદી પણ ઇચ્છતા નથી. દેવ અને મનુષ્યોનાં વૈષયિક સુખો પણ પરમાર્થથી દુઃખો જ છે અને દુઃખનાં જ એક પરમ નિમિત્ત છે તથા અશાશ્વત છે. વિશુદ્ધ બુદ્ધિવાળા આત્માઓ એ કારણે વિષયસુખોનો

ત્યાગ કરે છે અને શાશ્વત સુખના સાધન રૂપ શ્રીજિનવરેન્દ્રોની આજ્ઞાનું જ એક આરાધન કરે છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને સમ્યક્તપની આરાધના કરવી, એનું નામ જ શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાની આરાધના છે.'

રત્નત્રયીની એકાન્ત આરાધનાસ્વરૂપ પ્રવ્રજ્યાને ગ્રહણ કરવા તત્પર થયેલો આત્મા પણ સંપૂર્ણ આરાધકપણું ત્યારે જ પામે, કે જ્યારે તે આરાધનામરણે કરી મરવા માટે ઉદ્યમવંત બને. સૂત્રોક્ત નીતિ મુજબ વિધિપૂર્વકનું મરણ પામવા માટે ઉદ્યમ ન કરે, તેની રત્નત્રયીની પાલના પણ અધુરી જ છે—સંપૂર્ણ ફળને દેવાવાળી નથી. શ્રી વીતરાગદેવની આજ્ઞાનું અવિકલ આરાધન મરણવિધિને સાચવવાથી જ થાય છે.

જન્મ-મરણને જીતી જનાર શ્રી વીતરાગપુરૂષોએ ત્રણ પ્રકારનાં મરણો ઉપદેશ્યાં છે. ૧—ભક્તપરિજ્ઞા—મરણ: ૨—ઈંગિની—મરણ: અને ૩—પાદ-પોપગમ—મરણ.

ભક્તપરિજ્ઞા મરણના ભેદ વિગેરે

ભક્તપરિજ્ઞા—મરણના પાછા બે પ્રકારો છે. એક સવિચાર—ભક્તપરિજ્ઞા—મરણ, અને બીજું અવિચાર—ભક્તપરિજ્ઞા—મરણ. એ મરણના અધિકારી સાધુ—શ્રાવક ઉભય છે. ઈંગિની અને પાદપોપગમ મરણના અધિકારી માત્ર તેવા પ્રકારના સંઘયણ અને પરિકર્મવાળા મુનિઓ જ છે, કે જેમાં એ મરણોમાં દિવસો સુધી ચારે આહારનો ત્યાગ કરવાનો હોય છે અને શરીરની ચેષ્ટાઓને પણ પાદપ (વૃક્ષના ઠુંઠા)ની જેમ રૂંધવાની હોય છે. વર્તમાનમાં સાધુ-શ્રાવક ઉભય માટે ભક્તપરિજ્ઞા—મરણ વિદ્યમાન છે. સંલેખના (વિવિધ પ્રકારના તપ કરવા) પૂર્વક શરીરને દુર્બલ કરીને મરે, તે 'સવિચાર—ભક્તપરિજ્ઞા—મરણ' છે: અને તે જાતિના પરાક્રમ વિનાના દુર્બલ આત્માઓ સંલેખના કર્યા વિના મરે, તે 'અવિચાર ભક્તપરિજ્ઞા—મરણ' છે. આજકાલના જીવોને માટે મોટે ભાગે 'અવિચાર—ભક્તપરિજ્ઞા—મરણ' જ હોય છે:

કારણ કે—સંલેખના માટે જરૂરી કાળજ્ઞાન, ધૃતિ અને શકિતનો અભાવ છે તથા પ્રાયઃ અકાલ મરણે કરીને જ મરવાનું હોય છે. એ કારણે જ્યારે વ્યાધિગ્રસ્ત અવસ્થા પ્રાપ્ત થાય અને જીવિતવ્યની આશા મૂકાઈ જાય, ત્યારે તે સાધુ યા શ્રાવક 'અવિચાર–ભક્તપરિજ્ઞા–મરણ'ને અંગીકાર કરે. સંસારના નિર્ગુણપણાને સારી રીતિએ ચિંતવનાર યતિ, ગૃહસ્થ અને યાવત્ પોતાના દોષને નિન્દનારો પાસત્થાદિક મુનિ પણ 'ભકિત-પરિજ્ઞા–મરણ'ને યોગ્ય છે. સંસારની નિર્ગુણતાને વિચારતો તે ચિન્તવે કે—

"वाहीजरमरणमयरो, निरंतरुपपत्तिनीरनिउरंबो ।
परिणामदारुणदुहो, अहो दुरंतो भवसमुद्दो ॥१॥"

'અહો ! આ ભવસમુદ્ર દુરન્ત છે, જેમાં વ્યાધિ, જરા અને મરણ રૂપી મગરો, અપરાપર જન્મ પામવા રૂપ જળસમૂહો તથા પરિણામદારૂણ દુઃખોની પરમ્પરાઓ રહેલી છે.'

ગુરૂના ચરણકમલ પાસે આવી, હસ્તકમલ જોડી તેને મસ્તકે લગાવી, વંદન કરીને હર્ષપૂર્વક કહે કે—' હે સત્પુરૂષ ! હું ભકતપરિજ્ઞા રૂપ પ્રશસ્ત વહાણ ઉપર આરૂઢ થઈ, નિર્યામક એવા આપની સહાય વડે આ સંસારાર્ણવને તરી જવા ઈચ્છું છું.'

ગુરૂ પણ કહે કે—" હે વત્સ ! આલોયણ લે, વ્રતને ઉચ્ચર અને સર્વને ખમાવ તથા 'ભકતપરિજ્ઞા–અનશન'ને અંગીકાર કર."

શિષ્ય–'**इच्छं**' 'ઇચ્છું છું'—એમ કહીને ભકિત અને બહુ-માનપૂર્વક ફરી વાર ગુરૂને વન્દન કરે. પાપશલ્યને ઉદ્ધરવા ઇચ્છતો, સંસારથી ઉદ્વેગને પામેલો અને મોક્ષને વિષે ઉત્કંઠિત થયેલો તે શ્રદ્ધાપૂર્વક આલોચના અંગીકાર કરે. બાલકની માફક બાલ્યકાળથી માંડીને આજ સુધી સેવેલા દોષોને ગુરૂ પાસે પ્રગટ કરે. ગુરૂ પણ તે દોષોનું સૂત્રવિધિ મુજબ પ્રાયશ્ચિત્ત આપે. તે પ્રાયશ્ચિત્તનો સ્વીકાર કરી નિર્મલ ભાવવાળો એવો શિષ્ય ફરીને કહે કે—' હે ભગવન્ ! મને મહાવ્રતો (અગર અણુવ્રતો) ઉચ્ચરાવો.'

અખંડિત વ્રતવાળા યતિએ પણ આ વખતે મહાવ્રતોને ફરી ઉચ્ચરવાં જોઇએ, તો પછી અતિચારયુકત વ્રતોને પાળનારા એવા અન્ય આત્માઓ માટે તો પૂછવું જ શું ? પશ્ચાત્તાપથી પીડાતા પાસત્થાદિક મુનિને પણ અન્ત સમયે ઉપસ્થાપના (ફરી વ્રત ઉચ્ચરાવવાં) યોગ્ય છે. ગુરૂ યતિને વિધિપૂર્વક મહાવ્રતો ઉચ્ચરાવે અને દેશવિરતિ–સમ્યગ્દષ્ટિ શ્રાવકને અણુવ્રતો ઉચ્ચરાવે. આ વખતે રોમાંચિત થયેલો યતિ યા ગૃહસ્થ ગુરૂની, સંઘની અને સાધર્મિકની નિષ્કપટભાવે પૂજા કરે. શ્રાવક શ્રી જિનચૈત્ય, શ્રી જિનપ્રતિમા, શ્રી જિનાગમ, ચતુર્વિધ શ્રીસંઘ આદિની ભકિત માટે પોતાનું દ્રવ્ય વાપરે. વિશુદ્ધ મન–વચન–કાયાવાળો તે શ્રાવક જો તે વખતે સ્વજનકુટુંબથી વિરક્ત બને, વિષયો ઉપર ખેદ ધારણ કરે અને સર્વવિરતિ–સંયમ લેવા ઇચ્છે, તો ગુરૂ સંથારા ઉપર જ તેને સર્વવિરતિ–ચારિત્ર અંગીકાર કરાવે. ત્યાર બાદ મહાવ્રતના અંગીકાર રૂપ સર્વવિરતિ–સામાયિક ચારિત્રને ધારણ કરનાર સાધુ અને દેશવિરતિ શ્રાવક ' ભવચરિમ ' પચ્ચક્ખાણ લેવાની ઈચ્છાથી ગુરૂને કહે કે–' હે ભગવન્ ! આપની અનુમતિથી હું ભક્તપરિજ્ઞા–અનશન અંગીકાર કરવા ઇચ્છું છું. '

ગુરૂ પણ દિવ્ય નિમિત્તાદિ જોઈ, સુયોગ્ય કાળે તેને અનશન અંગીકાર કરાવે. સૌથી પ્રથમ અશન–ખાદિમ–સ્વાદિમ, એ ત્રણ પ્રકારના આહારનો યાવજ્જીવ માટેનો ત્યાગ કરાવે. એ પછી એ વાતનું સંઘને નિવેદન કરે અને સંઘ પણ ઉપસર્ગરહિતપણે આરાધના પૂર્ણ થાય એ નિમિત્તે કાયોત્સર્ગ કરે.

ત્યાર બાદ સંઘસમુદાય સમક્ષ ગુરૂ ચૈત્યવંદનપૂર્વક તેને ચારે આહારનું પચ્ચક્ખાણ કરાવે અથવા ત્રણ પ્રકારના આહારને સાગારપણે પચ્ચક્ખાવે અને પછી અવસરે પાણીને પણ વોસિરાવે.

ત્યાર બાદ તે અનશન કરનાર પોતાના બે હાથને મસ્તકે જોડી સર્વ સંઘને સંવેગ પમાડતો વિધિપૂર્વક ખમાવે.

" आयरिय उवज्झाए । सीसे साहम्मिए कुलगणे अ ।
जे मे केइ कसाया, सव्वे तिविहेण खामेमि ॥ १ ॥

" सव्वे अवराहपए, खामेमि अहं खमेउ मे भयवं ।
अहमवि खामेमि सुद्धो, गुणसंघायस्स संघस्स ॥२॥ "

'આચાર્ય, ઉપાધ્યાય, શિષ્ય, કુલ અને ગણના ઉપર મેં જે કોઈ કષાય કર્યા હોય, તે સર્વે ત્રિવિધે ખમાવું છું.–૧. હે ભગવન્ ! મારા સર્વે અપરાધપદ (ગુન્હાઓ)ને ખમો અને હું પણ ગુણના સમૂહવાળા શ્રીસંઘને શુદ્ધ થઈને ખમાવું છું.–૨.

આ રીતિએ આલોચના, વ્રતોચ્ચાર અને સ્વનિન્દાગર્ભિત ખામણાંઓ વડે અને ગુરૂને વિધિપૂર્વક વન્દનાદિ કરવા વડે સેંકડો ભવોમાં ઉપાર્જન કરેલાં દુષ્ટ કર્મોનો તે ક્ષય કરે.

અન્તિમ સમય માટેનો ગુરૂનો ઉપદેશ

અનશન અંગીકાર કરીને આરાધનામાં તત્પર બનેલા આત્માનો આરાધકભાવ વધતો જાય, તે ખાતર ગુરૂ તેને વિસ્તારપૂર્વક ઉપદેશ આપે કે–

" હે વત્સ ! સમ્યક્ત્વ એ પરમ તત્ત્વ છે, એ જાતિના સિદ્ધાન્તના સારને તું ગ્રહણ કર: તથા એ સમ્યક્ત્વની પ્રાપ્તિ અને સંરક્ષણને માટે દુરાગ્રહ રૂપી મૂળમાંથી છે ઉત્પત્તિ અને વૃદ્ધિ જેની એવા મિથ્યાત્વને મૂળથી ઉખેડી નાખ.

"ગુણાનુરાગથી શ્રી વીતરાગદેવની ભક્તિ કર અને સમસ્ત પ્રવચનના સારભૂત પંચનમસ્કારનો આદર કર.

"સુવિહિત સાધુને હિતકર એવા પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં રક્ત બન. અંગીકાર કરેલાં પાંચ મહાવ્રતોની આત્મસાક્ષીએ રક્ષા કર. પ્રત્યેક શુભ ક્રિયાઓમાં શલ્યતુલ્ય નિદાનશલ્યનો તું ત્યાગ કર. મુનિવરોના સમૂહે નિન્દેલા ઈંદ્રિયો રૂપી મૃગેન્દ્રોનું તું દમન કર. નિર્વાણ-

સુખમાં પરમ અંતરાયભૂત કષાયપિશાચોનો ક્ષય કર. મોહ રૂપી મહા દુશ્મનને હણી નાખવા માટે આ ઉપદેશ ખડ્ગતુલ્ય છે તથા ત્રણ જગતના નાયક મુનિનાથકોએ તે ઉપદેશેલ છે.

"મિથ્યાત્વ એ સંસારનું મૂળ બીજ છે અને સમ્યક્ત્વ એ નિર્વાણસુખનો સત્યંકાર (કૉલ) છે. શ્રી પંચપરમેષ્ઠિમંત્રના ધ્યાન માટે સાવધાન બન. મિથ્યાત્વથી મોહિત મતિવાળો આત્મા કુધર્મના સેવનથી સુખની ઈચ્છા કરે છે, કિન્તુ તે ઈચ્છા ઝાંઝવાના જળની ઈચ્છાની જેમ મિથ્યા છે. અગ્નિ, વિષ કે કૃષ્ણ સર્પ જે દોષ નથી કરતા, તે દોષ જીવને એક મિથ્યાત્વ કરે છે. મિથ્યાત્વથી મૂઢ ચિત્તવાળો આત્મા સાધુપુરૂષો ઉપર દ્વેષ ધારણ કરી, તીવ્ર કર્મોનું ઉપાર્જન કરે છે.

" સમ્યક્ત્વને વિષે એક ક્ષણ પણ પ્રમાદ કરીશ નહિ. સમ્યક્ત્વ સર્વ દુઃખોનો નાશ કરનાર છે. જ્ઞાન, તપ, શીલ કે ચારિત્ર સમ્યક્ત્વને અવલંબીને જ રહેલાં છે. સમ્યક્ત્વથી ભ્રષ્ટ તે સર્વથી ભ્રષ્ટ જાણવો. ચારિત્રથી ભ્રષ્ટ સર્વથી ભ્રષ્ટ નથી. ચારિત્રહીન પણ સમ્યક્ત્વવાન સંસારમાં ઝાઝો કાળ ભમતો નથી. કહ્યું છે કે—

" दंसणभट्ठो भट्ठो, दंसणभट्ठस्स नत्थि निव्वाणं ।
सिज्झंति चरणरहिया, दंसणरहिआ न सिज्झंति ॥१॥"

'દર્શનથી ભ્રષ્ટ તે ભ્રષ્ટ છે. દર્શનભ્રષ્ટનો મોક્ષ નથી. ચારિત્રરહિત સિદ્ધિને પામે છે, પણ દર્શનરહિત આત્માની મુક્તિ થતી નથી.'

"સમ્યગ્દષ્ટિ આત્મા અવિરતિ હોય તો પણ યાવત્ તીર્થંકરનામકર્મ ઉપાર્જન કરે છે. આગામી કાળમાં જેનું કલ્યાણ થવાનું છે, એવા રાજા શ્રેણિકનું આ વિષયમાં દષ્ટાંત છે. નિર્મળ સમ્યક્ત્વવાન જીવો આ ભવ અને પરભવમાં અનેક કલ્યાણની પરંપરાઓ પામે છે. સમ્યગ્દર્શન રૂપી રત્નનું મૂલ્ય થઈ શકતું નથી. સુરાસુરલોકને વિષે તે અત્યંત દુર્લભ છે. ત્રણ લોકની પ્રભુતા કાળે કરીને ક્ષય પામે છે, કિન્તુ સમ્યક્ત્વ પ્રાપ્ત થયા બાદ પ્રાપ્ત થનારૂં મોક્ષસુખ કદી પણ ક્ષય પામતું નથી.

"સમ્યક્ત્વની શુદ્ધિ માટે શ્રી અરિહંત, શ્રી સિદ્ધ, શ્રી જિનચૈત્ય, શ્રી જિનપ્રવચન, શ્રી આચાર્ય, શ્રી ઉપાધ્યાય અને શ્રી સાધુભગવન્તોની ભાવપૂર્વક ભક્તિ કર.

"એક શ્રી જિનભક્તિ જ દુર્ગતિનું નિવારણ કરી દેવા સમર્થ છે: અને જ્યાં સુધી મુક્તિ ન થાય ત્યાં સુધી અન્ય પ્રાણિઓને અતિશય અસુલભ એવાં સુખોની પરમ્પરાને પણ આપે છે. લૌકિક વિદ્યા પણ ભક્તિવાનને જ સિદ્ધ થાય છે અને તે ફળ આપનારી પણ ભક્તિવાનને જ થાય છે, તો પછી લોકોત્તર (મોક્ષ) વિદ્યા ભક્તિ વિનાનાને કેવી રીતિએ સિદ્ધ થાય? સર્વ આરાધકોના પરમ નાયક એવા શ્રી વીતરાગભગવન્તો ઉપર જેને ભક્તિ નથી, તેનો આરાધના માટેનો ઘણો પણ પરિશ્રમ, ઉખર ક્ષેત્રમાં શાલિને વાવવા જેવો થાય છે. આરાધ્યની ભક્તિ કર્યા વિના જ આરાધનાને ઇચ્છતો માણસ, બી વાવ્યા વિના જ ધાન્યને ઇચ્છે છે અને વાદળાં વિના જ વરસાદની ઇચ્છા કરે છે. શ્રી જિનભક્તિ એ ઉત્તમ કુલની પ્રાપ્તિ અને સર્વ સુખની નિષ્પત્તિ કરાવનારી છે. એ વિષયમાં રાજગૃહ નગરને વિષે મણિયાર શેઠનો જીવ જે દેડકો, તેનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે.

"શ્રી પંચપરમેષ્ઠિને નમસ્કાર કરવા સ્વરૂપ 'નવકાર' જો મરણ વખતે યાદ રહી જાય, તો તે સંસારનો ઉચ્છેદ કરી નાખે છે. વિશુદ્ધ લેશ્યાયુક્ત બની અનન્ય ચિત્તે કરેલું શ્રી નવકારનું આરાધન ભવનો ક્ષય કરે છે, તેથી તેને એક ક્ષણ પણ દૂર કરીશ નહિ. આરાધના રૂપ પતાકાને ગ્રહણ કરવા માટે શ્રી નવકાર એ હાથ છે. સદ્ગતિએ ગમન કરવામાં શ્રી નવકાર એ ક્યાંય પણ અટકે નહિ એવો અનુપમ રથ છે. અજ્ઞાન એવો પણ ગોવાલનો દીકરો નવકારને આરાધી શુદ્ધશીલસંપન્ન શ્રેષ્ઠિપુત્ર શ્રી સુદર્શન થયો.

"સારી રીતિએ આરાધેલી વિદ્યા જેમ પિશાચને વશ કરે છે, તેમ સારી રીતિએ આરાધેલું શ્રુતજ્ઞાન પણ હૃદય રૂપી પિશાચને વશ કરે

છે. વિધિપૂર્વક આરાધેલ મંત્ર જેમ કાળા નાગને વશ કરે છે, તેમ વિધિપૂર્વક આરાધેલું શ્રુતજ્ઞાન પણ મન રૂપી કાળા નાગને વશ કરે છે. માંકડું જેમ ક્ષણવાર પણ નિશ્ચલ રહી શકતું નથી, તેમ મન રૂપી માંકડું પણ કોઈ એક વિષય વિના ક્ષણવાર પણ સ્થિર રહી શકતું નથી: પરન્તુ શ્રુતજ્ઞાન રૂપી દોરીથી બાંધેલું સર્વત્ર ભમતું મન રૂપી માંકડું શુભ ધ્યાનને વિષે સ્થિર રહે છે. ઉપશમ, વિવેક અને સંવર-એ ત્રણ પદને સાંભળવા માત્ર શ્રુતજ્ઞાનથી **ચિલાતીપુત્ર** જ્ઞાની બન્યા અને દેવલોકને પામ્યા, એ વાત સુપ્રસિદ્ધ છે.

"જ્ઞાનનું ફળ ચારિત્ર છે. તેનું સમ્યક્ પ્રકારે પાલન કર. જેમ તને દુઃખ વહાલું નથી અને સુખ વહાલું છે, તેમ સર્વ જીવને પણ દુઃખ અનિષ્ટ અને સુખ વહાલું છે, એમ જાણીને પ્રયત્નપૂર્વક જીવરક્ષાને વિષે ઉદ્યમ કર. જીવના ભેદોને સારી રીતિએ સમજ અને ત્રિકરણ યોગે છ જીવનિકાયના વધનો ત્યાગ કર. મેરૂપર્વતથી જેમ કોઈ ઉંચું નથી તથા આકાશથી જેમ કોઈ મોટું નથી, તેમ જીવની રક્ષાથી મોટો કોઈ ધર્મ નથી. સંસારના સર્વ જીવોની સાથે તું બહુ વાર સંબંધીપણાને પામ્યો છે, તેથી જીવોને મારતો એવો તું સંબંધીઓને જ મારે છે. જીવનો વધ એ આત્માનો જ વધ છે અને જીવની દયા એ આત્માની જ દયા છે. જીવવધ એ આત્માને દુઃખ આપે છે, જ્યારે જીવદયા એ આત્માને સુખ આપે છે. આત્માના સુખની કામનાવાળાએ જીવોનો વધ સર્વથા ત્યજી દેવો જોઇએ. ચાર ગતિમાં જીવને જેટલાં દુઃખો થાય છે, તે સર્વ સૂક્ષ્મબુદ્ધિએ જોતાં હિંસાનું ફળ છે અને સંસારમાં જે કાંઈ સુંદર આરોગ્ય, સૌભાગ્ય કે પ્રભુત્વ સ્વાભાવિક સુખને આપનારૂં છે, તે સર્વ અહિંસાનું ફળ છે.

"અસત્ય વચનનો ત્યાગ કર. તે અસત્યના ચાર પ્રકારો છે : ભૂતનિહ્નવ (જેમકે—આત્મા નથી), અભૂતોદ્ભાવન (જેમકે—આત્મા સર્વગત છે), અર્થાન્તર (જેમકે-ઘોડાને ગધેડો કહેવો) અને ગર્હા (જેમકે—અંધાને અંધો કહેવો), આ ચારે પ્રકારના અસત્યનો પ્રયત્નપૂર્વક ત્યાગ

કર. સંયમી આત્માઓ પણ ભાષાના દોષથી લેપાય છે. અસત્ય બોલવાનાં કારણો–હાસ્ય, લોભ, ભય અને ક્રોધનો તું ત્યાગ કર. પ્રાણી માત્રને હિત કરનારૂં પ્રશસ્ય વચન જ બોલ. સત્યવક્તા પુરૂષ માતાની પેઠે વિશ્વસનીય બને છે, ગુરૂની પેઠે પૂજનીય બને છે અને સગાની પેઠે સર્વ લોકોને પ્રિય લાગે છે. જટી, મુંડી, શિખી, વલ્કલી કે નગ્ન પણ અસત્યવાદી હોય, તો તે પાખંડી અને ચંડાલ કહેવાય છે. એક વાર પણ બોલેલું અસત્ય વચન ઘણાં એવાં સત્ય વચનોનો નાશ કરે છે. એ વિષે **વસુરાજાનું** દૃષ્ટાંત સુપ્રસિદ્ધ છે.

"હે ધીર ! દાંત ખોતરવાની એક સળી માત્ર પારકું ધન લેવાની બુદ્ધિ ન કર. પૈસાનું હરણ કરનાર પ્રાણનું હરણ કરે છે. પૈસો પ્રાણિને પ્રાણથી પણ પ્રિય છે. જીવદયા રૂપી પરમ ધર્મને અંગીકાર કરેલ મહાપુરૂષે અદત્ત–ગ્રહણ કરવું, એ કોઈ પણ રીતિએ ઉચિત નથી. અદત્ત-ગ્રહણને શ્રી જિનેશ્વરો અને શ્રી ગણધરોએ અત્યંત નિષેધેલું છે. અદત્તને ગ્રહણ કરનાર આ લોકમાં પણ નિન્દનીય અને ગર્હણીય થાય છે તથા પરલોકમાં પણ નરક અને તિર્યંચગતિનાં ઘણાં દુઃખો પામે છે. મનુષ્યપણાને વિષે ઉત્પન્ન થાય ત્યારે પણ દીન થાય છે અને દારિદ્ર્યથી પીડાયેલો રહે છે. ચોરીથી નિવૃત્તિ પામેલ **રોહિણીયો** ચોર અત્યંત સુખને પામ્યો અને ચોરીનો કરનાર **મંડિક** વધબન્ધન આદિ અનેક કષ્ટોને પામ્યો.

"નવ બ્રહ્મગુપ્તિથી યુક્ત શુદ્ધ બ્રહ્મચર્યનું સદા રક્ષણ કર. નિત્ય ઘણા દોષોથી ભરેલો કામ છે, એમ તું જાણ. જેટલા દોષો આ લોક અને પરલોકને વિષે દુઃખના કરનારા છે, તે બધા દોષો મૈથુનસંજ્ઞાથી મનુષ્યને પ્રાપ્ત થાય છે. કામ રૂપ સર્પને રતિ–અરતિ રૂપ બે ચંચલ જીહ્વા છે અને સંકલ્પ–વિકલ્પ રૂપ પ્રચંડ ફણા છે. તે વિષયવિલાસ રૂપ બિલમાં નિવાસ કરે છે તથા તેને મદ રૂપ મુખ છે, દર્પ રૂપ દાઢ છે, લજ્જા રૂપ નિર્મોક (કાંચલી) છે અને દુઃસહ દુઃખકારક વિષથી તે વ્યાપ્ત છે. એ સર્પથી ડસાએલા મનુષ્યો પલવારમાં પરવશ બની જાય છે. કામી માણુસ રૌદ્ર–નરકની વેદનાઓ અને ઘોર એવા સંસારસાગરમાં

પરિભ્રમણનું દુઃખ ભૂલી જાય છે. કામનાં બાણોથી વિંધાયેલો અને રાજાની રાણીને વિષે ગૃદ્ધ થયેલો વણિક અશુચિ ખાઈમાં નખાયો. કામાસક્ત માણસ વેશ્યાની જેમ ગમ્યાગમ્યને જાણતો નથી. કુબેરદત્ત શેઠ પોતાની પુત્રી ઉપર વિષયાસક્ત બન્યો. વિષયાંધ સ્ત્રી કુલ, વંશ, પતિ, પુત્ર, માતા તેમજ પિતાને પણ ગણકારતી નથી અને દુઃખ-સમુદ્રને વિષે પડે છે. વિશ્વાસુ, ઉપકારને વિષે તત્પર અને ગાઢ પ્રેમવાળા પતિને પણ અધમ સ્ત્રીઓ યાવત્ મરણને પમાડે છે. અતિશય ઉંચાં અને ઘણાં વાદળાંવાળી એવી મેઘમાલા જેમ હડકવાના વિષને વધારે છે, તેમ અતિશય ઉંચા સ્તન(પયોધર) વાળી સ્ત્રીઓ પણ પુરૂષના મોહવિષને વધારે છે. સ્ત્રીની સંગતિથી અલ્પ સત્ત્વવાળા મુનિનું પણ મન અગ્નિથી મીણની જેમ ઓગળી જાય છે. દૃષ્ટિવિષ સર્પથી પણ ભયંકર સ્ત્રીઓની દૃષ્ટિનો તું ત્યાગ કર. સ્ત્રીનાં નેત્રબાણો ચારિત્ર-પ્રાણોનો નાશ કરે છે.

"ત્રણ કરણ અને ત્રણ યોગ વડે અભ્યંતર અને બાહ્ય, એમ બન્ને પ્રકારના સંગનો તું ત્યાગ કર. સંગના નિમિત્તથી જ જીવ જીવને મારે છે, જુઠ્ઠું બોલે છે, ચોરી કરે છે, મૈથુન સેવે છે તથા ઇચ્છાનું પરિમાણ (મર્યાદા) કરતો નથી. બાહ્ય-અભ્યંતર પરિગ્રહથી યુક્ત શાન્ત ચિત્તવાળો મુનિ નિર્લોભપણાથી જે સુખને પામે છે, તે સુખને ચક્રવર્તી પણ પામતો નથી.

"અખંડિત અને નિરતિચાર મહાવ્રતોને પણ નિયાણશલ્ય વડે મુનિઓ ઉપઘાત પમાડે છે. મોક્ષના સુખને અવગણીને જે પુરૂષ અસાર એવા વિષયસુખનું નિયાણું કરે, તે પુરૂષ કાચમણિને માટે વૈડૂર્યમણિનો નાશ કરે છે. દુઃખક્ષય, કર્મક્ષય, સમાધિમરણ અને બોધિ-લાભ સિવાય બીજી કોઈ પણ વસ્તુ શ્રી જિનશાસનમાં માગવા યોગ્ય કહી નથી. મોક્ષસુખને તેજ આત્મા સાધી શકે છે, કે જે આત્મા અષ્ટપ્રવચનમાતા સહિત પાંચ મહાવ્રત અને છઠ્ઠું રાત્રિભોજન-વિરમણ-વ્રત જીવનના અંત સુધી પાળે છે અને નિયાણું કરતો નથી.

"ઇન્દ્રિયોના વિષયમાં આસક્ત પુરૂષ નિયાણારહિત ધર્મનું આસેવન કરી શકતો નથી, એ કારણે પાંચ ઇન્દ્રિયોના વિષયોની આસક્તિને તું છોડી દે. સારી રીતિએ શોધવા છતાં પણ જેમ કેલના ગર્ભમાં કાંઈ સાર નથી, તેમ ઇન્દ્રિયોના વિષયોમાં કાંઈ પણ સુખ નથી. વિષયોની અપેક્ષા રાખનારો દુસ્તર એવા ભવસમુદ્રને વિષે પડે છે અને વિષયોથી નિરપેક્ષ બનેલો સંસારસમુદ્રને તરી જાય છે. ધીરપુરૂષો દુર્દાન્ત એવા પણ ઇન્દ્રિય રૂપી સિંહોને ધીરજના બળ વડે જીતી જાય છે અને આરાધના રૂપ વિજયપતાકાને ગ્રહણ કરે છે.

"કષાયોને જીત્યા સિવાય વિષયો જીતાતા નથી, એ કારણે ક્રોધાદિક કષાયોના દુષ્ટ વિપાકો જાણીને, તેને જીતવા માટે ઉદ્યમ કર. ત્રણ જગતને વિષે જે અતિ તીવ્ર દુઃખ કે સુખ છે, તે સર્વ અનુક્રમે કષાયોની વૃદ્ધિ અને હાનિનું જ ફળ છે. ક્રોધ વડે **બ્રહ્મદત્ત**, માન વડે **પરશુરામ**, માયા વડે **વણિક્પુત્ર** અને લોભ વડે **લોભનંદી** આદિ નાશ પામ્યા."

ગુરૂના આ પ્રકારના ઉપદેશામૃતનું પાન કરી, તરસ્યો માણસ જેમ પાણી મેળવીને શાન્તિ પામે, તેમ અનશન અંગીકાર કરનાર શિષ્ય પણ અતિશય શાન્તિને પામે: અને ગુરૂને કહે કે–

'હે ભગવન્! આપે કરૂણા કરીને ભવ રૂપી કિચ્ચડનું ઉલ્લંઘન કરવા માટે મજબૂત લાકડી સમાન જે હિતશિક્ષા સંભળાવી, તેને હું ઇચ્છું છું: તે મુજબ વર્તવા માટે હું તત્પર છું.'

અસહ્ય વેદના સમયે સમભાવનો ઉપદેશ

અશુભ કર્મના ઉદયે ક્ષુધા, તૃષા અને રોગાદિકની વેદના અસહ્ય બને, તો ગુરૂ તેને સમભાવથી સહવા ફરીને ઉપદેશ કરે કે–

"હે સત્પુરૂષ! શ્રી ચતુર્વિધ સંઘ સમક્ષ અનશનની મોટી પ્રતિજ્ઞા લીધી છે તેને ભૂલશો નહિ. અરિહંત, સિદ્ધ, કેવલી અને સર્વ સંઘની પ્રત્યક્ષ જે પચ્ચક્ખાણ કર્યું, તેને ભાગવાનું મન કોણ કરે? શીયાલણી વડે ખવાતો અને ઘોર વેદના પામતો એવો **સુકુમાલ**

મુનિ નિશ્ચળ ધ્યાન વડે આરાધના પામ્યો. ભગવાન શ્રી સુકોશલમુનિ પણ વાઘણુ વડે ખવાતા મોક્ષને પામ્યા. ગોકુળમાં સુબંધુમંત્રિએ છાણાં સળગાવ્યે છતે પાદપોપગમ અનશનવાળા ચાણાક્ય ઉત્તમ અર્થ (આરાધકપણા)ને પામ્યા. હે ધીર પુરૂષ ! તું પણ સત્ત્વનું અવલંબન કર અને સંસારનું નિર્ગુણપણું ભાવ. જન્મ, જરા અને મરણ રૂપી જલવાળો, અનાદિ દુઃખ રૂપી શ્વાપદોથી ઘેરાયેલો અને જીવોને દુઃખનો જ એક હેતુ એવો આ ભવસમુદ્ર કષ્ટને કરનારો છે અને અતિશય રૌદ્ર છે. તું ધન્ય છે કે—અપાર એવા આ ભવસમુદ્રને વિષે લાખ્ખો ભવો વડે પણ પામવું દુર્લભ એવું આ સદ્ધર્મ (અનશન) રૂપી જહાજ (વહાણુ) પામ્યો છું. આના પ્રભાવે જીવો જન્માન્તરને વિષે કદી દુઃખ અને દારિદ્રને પામતા નથી. આ ધર્મ એ અપૂર્વ ચિન્તામણિરત્ન છે, અપૂર્વ કલ્પવૃક્ષ છે, પરમ મંત્ર છે અને પરમ અમૃત છે.”

આ રીતિએ ગુરૂના ઉપદેશને સાંભળતો અને પંચપરમેષ્ઠિ—નમસ્કારમંત્રને સ્મરતો વિનયવંત શિષ્ય પ્રાણનો ત્યાગ કરે. આ વિધિપૂર્વક મરનાર આત્મા પરિણામની વિશુદ્ધિ વડે જઘન્ય થકી સૌધર્મ દેવલોકને વિષે મહર્દ્ધિક દેવપણું પામે : ઉત્કૃષ્ટથી જો ગૃહસ્થ હોય તો અચ્યુત દેવલોક અને સાધુ હોય તો સર્વાર્થસિદ્ધ વિમાન અથવા મોક્ષસુખને પામે.

આ ભક્તપરિજ્ઞાની વિધિ કોઈ મનઃકલ્પિત નથી, કિન્તુ સમસ્ત યોગિઓના ઈશ્વર શ્રી વીરસ્વામિના કથનાનુસાર છે; તેથી જે કોઈ તેને ભણે, ભાવે અને સેવે, તેનું નિયમા કલ્યાણ થાય છે.

* * *

લેખાંક ૩ જો :

મુખ્ય અવલંબન અનશન

શ્રી જિનવચનને નહિ જાણનાર આત્મા આજ સુધી અનેક બાલમરણો અને અકાલમરણો પામ્યો છે. પંડિતમરણે મરવાનો અવ-

સર લાખ્ખો ભવોએ કવચિત્ પ્રાપ્ત થાય છે. પ્રમાદવશ આત્મા તેને પણ ગુમાવી દે છે અને વારંવાર મોહાધીનપણે મરે છે. એવી અજ્ઞાનદશામાંથી છૂટવાનો, એક માત્ર માર્ગ શ્રી જિનવચનનો આશ્રય છે. શ્રી જિનવચનથી પ્રબુદ્ધ થયેલો આત્મા ઘોર અજ્ઞાનનિદ્રાનો ત્યાગ કરી દે છે અને સર્વ મરણોનો અન્ત કરનાર પંડિતમરણે કરીને મરે છે.

પંડિતમરણે મરવા માટે મુખ્ય આવલંબન અનશનનું છે. વિગ્રહગતિ (એક ભવમાંથી બીજા ભવમાં વક્ર ગતિએ જતી વખતે મધ્યનો વખત) છોડી એક સમય પણ જીવ આહાર વિનાનો રહેતો નથી. આહારની આ અનાદિકાલીન વાસનામાં લુબ્ધ થયેલ આત્માને તેમાંથી છૂટવાના પરિણામ જાગતા નથી. શ્રી જિનવચનના જાણપણાથી એ પરિણામ જાગૃત થાય છે, તો પણ અન્તિમ સમયે અનશન અંગીકાર કરવું એ દુષ્કર છે. માનો કે–સદ્ગુર્વાદિકની સહાયથી અનશન અંગીકાર થઈ જાય, તો પણ તેનું જીવનના અંત સુધી નિરતિચાર નિર્વહન થવું, એ એથી પણ દુષ્કર છે.

અનશન અંગીકાર કરનારે ખાસ સ્મરવા યોગ્ય વચનો

અન્તિમ અનશનની આ પ્રતિજ્ઞા શાસ્ત્રોમાં 'મહા પ્રત્યાખ્યાન' તરીકે સંબોધાએલી છે. એ મહા પ્રત્યાખ્યાનની પ્રતિજ્ઞા નિર્વિઘ્ને પાર પડે અને અનશન અંગીકાર કરેલ આત્માની સમાધિમાં લેશ માત્ર આંચ ન આવે, એ ખાતર શાસ્ત્રોમાં જે અનેક પ્રકારનાં વચનો ઉપદેશાયાં છે, તેમાંનાં થોડાંક જોઈ જવાં એ પણ અહીં ખાસ જરૂરી છે. એ મહાવાકયોની પાછળ ઘણો ગંભીર આશય રહેલો છે. એમાંનું એક એક વાકય પણ આત્માને અનન્ત સમાધિમાં નિમગ્ન બનાવી મૂકે તેમ છે. અન્તિમ સમયે આ વાકયો સાંભળવા યોગ્ય, ચિન્તન કરવા યોગ્ય અને મનન કરવા યોગ્ય છે. ઘણાં અગત્યનાં વાકયો મૂળ શ્લોક સહિત મૂક્યાં છે. તે વાકયોને મૂળ ભાષામાં બોલવાથી આત્મા ઉપર ગંભીર અસર કરે છે. બાકીના શ્લોકો પણ અતિ અગત્યના હોવા

છતાં, માત્ર તેનો છાયાનુવાદ જ અહીં મૂકવામાં આવે છે. મૂળની અભિલાષાવાળાને ‘ આઉર પચ્ચકખાણુ’ ‘ મહા પચ્ચકખાણુ ’ આદિ પયન્નાઓ; કે જે ભણુવા માટે સાધુ અને શ્રાવક ઉભયને એકસરખો અધિકાર છે, તેની ભલામણુ કરીએ છીએ.

અનશન અંગીકાર કરેલ આત્માએ વારંવાર શ્રી જિનોને, શ્રી સિદ્ધોને અને સંયતમુનિઓને નમસ્કાર કરવો જોઈએ : અને કહેવું જોઈએ કે–

“ सव्वदुक्खपहीणाणं, सिद्धाणं अरहओ नमः ।
सद्दहे जिणपन्नत्तं, पच्चक्खामि अ पावगं ॥१॥ ”

‘ સર્વ દુઃખરહિત શ્રી સિદ્ધોને અને શ્રી અરિહંતોને નમસ્કાર થાઓ. શ્રી જિનપ્રણિત વસ્તુને હું સદ્દહું છું અને પાપવ્યાપારોનું પચ્ચક્ખાણુ કરું છું. ’

“ जं किंचि दुच्चरियं, तमहं निन्दामि सच्चभावेणं ।
सामाईयं च तिविहं, करेमि सव्वं निरागारं ॥ २ ॥ ”

‘ જે કાંઈ ખરાબ આચરણુ મારાથી થયું હોય, તેને હું સાચા ભાવથી નિન્દું છું અને મન, વચન અને કાયાથી નિરાગાર સામાયિકને હું અંગીકાર કરું છું. ’

“ बाहिरब्भितरं उवहिं, सरीराइ सभोअणं ।
मणसा वयकायेणं, सव्वं तिविहेण वोसिरे ॥ ३ । ”

‘ વસ્ત્રાદિક બાહ્ય ઉપધિનો અને ક્રોધાદિક અભ્યંતર ઉપધિનો તથા શરીર અને ભોજનનો હું મન–વચન–કાયાથી ત્યાગ કરું છું. ’

રાગ, દ્વેષ, હર્ષ, શોક, દીનતા, વ્યાકુલતા, રતિ, અરતિ, ભય અને મદને હું વોસિરાવું છું.

રોષથી, કષાયથી, અકૃતઘ્નતાથી કે અસદ્ ધ્યાનથી મેં મિથ્યા ભાષણુ કર્યું હોય, તેને હું ત્રિવિધે ખમાવું છું.

સર્વ જીવોને હું ખમાવું છું. સર્વ જીવો મને ખમાવો. આશ્રવોને હું વોસિરાવું છું અને શુભ ધ્યાનને સ્વીકારૂં છું.

નિન્દવા યોગ્યને નિન્દું છું, ગર્હવા યોગ્યને ગર્હું છું અને જે જે શ્રી જિનેશ્વરદેવોએ નિષેધ્યું છે તેને આલોઉં છું.

ઉપધિ, શરીર, ચાર પ્રકારનો આહાર અને સર્વ દ્રવ્યોને વિષેની મમતાનો હું ત્યાગ કરૂં છું.

સર્વ પ્રકારના મમત્વને છોડું છું. નિર્મમત્વને અંગીકાર કરૂં છું. એક આત્માના અવલંબન સિવાય સર્વ આલંબનોને છોડી દઉં છું.

એક આત્મા જ મને આધાર છે. જ્ઞાન પણ આત્મા છે, દર્શન પણ આત્મા છે, ચારિત્ર પણ આત્મા છે, પ્રત્યાખ્યાન પણ આત્મા છે અને સંયમયોગ પણ આત્મા છે. પ્રમાદી એવા મેં મૂલ-ઉત્તર ગુણોને જે પ્રયત્નપૂર્વક આરાધ્યા ન હોય, તે સર્વને નિન્દું છું અને આગામી કાળમાં તેથી પાછો હટું છું. હું એકલો છું, મારૂં કોઈ નથી તથા હું પણ કોઈનો નથી, એમ અદીન ચિત્તે આત્માને શિક્ષા આપે. જેમકે–

" इक्को उपजए जीवो, इक्को चेव विवज्जइ ।
इक्कस्स होइ मरणं, इक्को सिज्झइ नीरओ ॥ १ ॥

" इक्को करेइ कम्मं, फलमवि तस्सिक्कओ समणुहवइ ।
इक्को जायइ मरइ, परलोअं इक्कओ जाइ ॥ २ ॥

" इक्को मे सासओ अप्पा, नाणदंसणलक्खणो ।
सेसा मे बाहरा भावा, सव्वे संजोगलक्खणा ॥ ३ ॥

" संजोगमूला जीवेण, पत्ता दुक्खपरंपरा ।
तम्हा संजोगसंबंधं, सव्वं तिविहेण वोसिरे ॥ ४ ॥

" असंजममन्नाणं, मिच्छत्तं सव्वओ विअ ममत्तं ।
जीवेसु अजीवेसु अ, तं निंदे तं च गरिहामि ॥ ५ ॥"

'જીવ એકલો જ ઉપજે છે અને એકલો જ મરે છે. મરણુ એકલાનું જ છે અને કર્મરજરહિત મોક્ષ પણુ એકલાનો જ થાય છે. ૧. જીવ એકલો કર્મ કરે છે અને તેનું ફળ પણુ એકલો જ અનુભવે છે. એકલો જન્મે છે ને એકલો મરે છે તથા પરલોકમાં એકલો જ ઉત્પન્ન થાય છે. ૨. જ્ઞાન-દર્શનલક્ષણુવાળો મારો આત્મા એ જ એક શાશ્વત છે, બાકી મારા બાહ્ય ભાવો સર્વે સંયોગ રૂપ છે. ૩. જીવે આજ સુધી દુઃખની પરંપરા પ્રાપ્ત કરી, તેનું મૂળ કારણુ સંયોગ જ છે. તે કારણે સર્વ સંયોગસંબંધને ત્રિવિધે ત્રિવિધે વોસિરાવું છું. ૪. અસંયમ, અજ્ઞાન, મિથ્યાત્વ અને જીવાજીવને વિષેના મમત્વને હું નિંદુ છું અને ગર્હું છું. ૫.'

મારા થયેલા અપરાધો જે શ્રી જિનેશ્વરદેવો જાણે છે, તે સર્વને ઉપસ્થિત થયેલો એવો હું સર્વ પ્રકારે આલોઉં છું. બાળક બોલતી વખતે જેમ કાય-અકાર્ય સઘળું સરળપણે કહી દે છે, તેમ માયા અને મદરહિતપણે સર્વ પાપોને આલોચવાં જોઈએ. જેમ ઘી વડે સિંચેલો અગ્નિ દીપે, તેમ સરલ થયેલા માણસનો આરાધકભાવ પણુ દીપે-આલોચના શુદ્ધ થાય. શુદ્ધ આલોચનાવાનને ધર્મ સ્થિર થાય અને સ્થિર ધર્મવાળો પરમ નિર્વાણુને પામે. પાપમલનો નાશ કરનારા શ્રી વીતરાગપુરૂષોના શાસનમાં કહ્યું છે કે-શલ્યસહિત માણુસ સિદ્ધિને પામે નહિ. સર્વ શલ્યને ઉદ્ધરી શલ્યરહિત બનેલો આત્મા જ સિદ્ધિને પામે. ઘણા પણુ ભાવશલ્યવાળો ગુરૂ પાસે તેની આલોચના કરે તો આરાધક થાય. થોડું પણુ શલ્ય ગુરૂ પાસે ન આલોવે તો જ્ઞાનસમૃદ્ધ આત્મા પણુ આરાધક ન થાય. દુષ્પ્રયુક્ત શસ્ત્ર કે વિષ, વેતાલ કે યંત્ર અથવા પ્રમાદથી કુપિત કરાએલો સર્પ તે નુકશાન ન કરે, કે જે નુકશાન અંત સમયે નહિ ઉદ્ધરેલું શલ્ય કરે. અનુ-

દ્ધરિત શલ્યવાળો દુર્લભબોધિપણું અને અનંતસંસારીપણું પામે છે, તે કારણ માટે ગારવરહિત પુરૂષ પુનર્ભવ રૂપી લતાઓના મૂલકંદ સમાન મિથ્યાદર્શનશલ્ય, માયાશલ્ય અને નિદાનશલ્યોનો ઉદ્ધાર કરે છે. પાપને કરનારો પુરૂષ પણ તેને ગુરૂ પાસે આલોઈ અને નિન્દીને, ભારને વહન કરનારો પુરૂષ જેમ ભાર ઉતારીને હળવો થાય, તેમ અત્યંત હળવો થાય છે. કરેલ પાપનું પ્રાયશ્ચિત્ત માર્ગવિદ્ ગુરૂ જેમ કહે તેમ કરે અને અનવસ્થાના પ્રસંગથી ભય પામતો રહે.

" सव्वं पाणारंभं, पच्चक्खामि अलीयवयणं च।
सव्वं अदत्तादाणं, अबंभपरिग्गहं चेव ॥ १ ॥"

" सव्वं च असणपाणं, चउविहं जो अ बाहिरो उवही।
अब्भितरं च उवहिं, सव्वं तिविहेण वोसिरे ॥ २ ॥"

'સર્વ પ્રાણારંભ, સર્વ અસત્ય વચન, સર્વ અદત્તાદાન, સર્વ મૈથુન અને સર્વ પરિગ્રહનો હું ત્યાગ કરૂં છું. ૧. અશન–પાનાદિ ચાર પ્રકારનો સર્વ આહાર, સર્વ વસ્ત્ર–પાત્રાદિ બાહ્ય ઉપધિ અને સર્વ કષાયાદિ અભ્યંતર ઉપધિ, તેને હું ત્રિવિધે વોસિરાવું છું. ૨.'

અટવીમાં, દુષ્કાળ વખતે કે મોટો રોગ ઉત્પન્ન થયે છતે જે વ્રત પાળ્યું અને ન ભાગ્યું, તે જ શુદ્ધ પાળ્યું સમજવું. રાગ–દ્વેષના પરિણામથી જે પચ્ચક્ખાણ દૂષિત ન કર્યું, તે જ પચ્ચક્ખાણ અદૂષિત અને ભાવાવશુદ્ધ જાણવું.

આ અનંત સંસારને વિષે અન્ય અન્ય માતાઓના સ્તનનું દુધ જીવે જે પીધું છે, તે સાગરના પાણીથી પણ વધી જાય છે.

આ અનંત સંસારમાં તે તે જાતિઓને વિષે જીવે જે રૂદન કર્યું છે, તેનાં આંસુઓનું પાણી સમુદ્રના પાણીથી પણ અધિક થાય તેમ છે. લોકમાં વાલાગ્રના મધ્ય ભાગ જેટલો પણ પ્રદેશ નથી, કે જ્યાં જીવ ઉત્પન્ન થયો ન હોય કે મર્યો ન હોય. લોકને વિષે ચોરાશી લાખ

જીવયોનિ છે: તેમાંની એકેએક યોનિમાં જીવ અનંતી વાર ઉત્પન્ન થયો છે. ઉર્ધ્વલોકને વિષે, અધોલોકને વિષે અને તિર્યગ્લોકને વિષે ઘણાં બાલમરણોને જીવ પામ્યો છે. તે સર્વને સંભારીને હવે પંડિતમરણે મર. બહુ યોનિઓમાં નિવાસ કરતાં સંસારસ્થ માતા-પિતા, ભાઈ-ભગિની, પ્રિયા-પુત્ર આદિને સંભારતો હવે પંડિતમરણે મર. સંસારમાં રહેલાં તે માતા, પિતા અને બંધુઓમાંથી કોઈ તને ત્રાણ કે શરણ નથી. જીવ એકલો જ કર્મ કરે છે અને એકલો જ કરેલાં કર્મોના પાપ-વિપાકને ભોગવે છે.

જરા-મરણથી ગુપિલ એવા ચતુર્ગતિ રૂપ ગહન વનમાં જીવ એકલો જ ભટકે છે.

જરા અને મરણ ઉદ્વેગને કરનારાં છે તથા નરકની વેદનાઓ પણ ઉદ્વેગને કરનારી છે, તેને સંભારતો પંડિતમરણે કરીને મર.

જરા અને મરણ ઉદ્વેગને કરનારાં છે તથા તિર્યંચની ગતિમાં દારૂણ વેદનાઓ છે, તેને સંભારતો પંડિતમરણથી મર.

જરા અને મરણ ઉદ્વેગને કરનારાં છે તથા મનુષ્યગતિમાં પણ ભારે વેદનાઓ છે, તેને સંભારતો પંડિતમરણે મર.

જરા અને મરણ ઉદ્વેગને કરનારાં છે અને દેવલોકમાંથી પણ અંતે ચ્યવવું પડે છે, તેને સંભારતો પંડિતમરણે મર.

એક જ પંડિતમરણ સેંકડો જન્મ-મરણોને છેદી નાંખે છે. સત્પુરૂષે તે મરણ વડે મરવું જોઈએ, કે જે મરણ વડે મરેલો શુભ મરણ-વાળો કહેવાય.

તે શુભ મરણ, કે જે શ્રી જિનેશ્વર ભગવંતોએ કહેલું છે, તે મરણે, શુદ્ધ રીતિએ અને શલ્યરહિતપણે અનશન અંગીકાર કરીને હું ક્યારે મરીશ? સર્વ ભવસંસારને વિષે શુભાશુભ પરિણામના પ્રસંગે ચાર પ્રકારના પુદ્ગલ અને આઠ પ્રકારના કર્મસમુદાયને મેં અનંતી વાર બાંધ્યા. સંસારચક્રવાલને વિષે સર્વે પુદ્ગલોને આહારપણે પરિણમાવ્યા

અને મૂક્યા, તો પણ હું તૃપ્તિ પામ્યો નહિ. એક આહારના નિમિત્તે હું સર્વ નરકલોકને વિષે અનંતી વાર ઉત્પન્ન થયો અને એ જ આહારના નિમિત્તે સર્વ મ્લેચ્છ જાતિઓમાં પણ બહુ વાર ઉત્પન્ન થયો. સચિત્ત આહારના નિમિત્તે મત્સ્યો પણ રૌરવ નરકને વિષે જાય છે, તેથી સચિત્ત આહાર મનથી પણ પ્રાર્થવા યોગ્ય નથી.

તૃણ અને કાષ્ઠ વડે જેમ અગ્નિ અને હજારો નદીઓ વડે જેમ સમુદ્ર તૃપ્તિને પામતો નથી, તેમ આ જીવ આહાર વડે કદી પણ તૃપ્તિને પામતો નથી.

તૃણ અને કાષ્ઠ વડે જેમ અગ્નિ અને હજારો નદીઓ વડે જેમ સમુદ્ર તૃપ્તિને પામતો નથી, તેમ આ જીવ આહાર વડે કદી પણ તૃપ્તિને પામતો નથી.

તૃણ અને કાષ્ઠ વડે જેમ અગ્નિ અને હજારો નદીઓ વડે જેમ સમુદ્ર તૃપ્ત થતો નથી, તેમ સર્વ પ્રકારના કામસંગ વડે આ જીવ કદી પણ તૃપ્તિને પામતો નથી.

વડવાનલ જેવો અને દુઃખે પાર પમાય એવો આ જીવનો ભોગ-સ્વભાવ ભોગસુખો વડે કદી પણ તૃપ્ત થઈ શકતો નથી.

અવિદગ્ધ એવો આ જીવ અતીતકાલને વિષે શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ–એ પાંચ વિષયોના સમુદાયે કરી તૃપ્ત થયો નથી અને અનાગતકાલે પણ થશે નહિ.

દેવકુરૂ અને ઉત્તરકુરૂ ક્ષેત્રોને વિષે કલ્પવૃક્ષોના સુખ વડે તેમજ વિદ્યાધર અને દેવભવોમાં ભોગવેલાં વિવિધ પ્રકારનાં સુખો વડે આ જીવ તૃપ્ત થયો નહિ.

ખાવા અને પીવાથી આ જીવનું રક્ષણ થઈ શકતું નથી. જીવનું સાચું રક્ષણ દુર્ગતિમાં જવા લાયક ક્રિયાઓથી બચાય તો જ થઈ શકે છે.

દેવેન્દ્રપણું અને નરેન્દ્રપણું તથા ઉત્તમ રાજ્યો અને તેના ભોગો જીવ અનન્તી વાર પામ્યો, તો પણ તૃપ્ત થયો નહિ.

દુધ, દહીં અને ઇક્ષુના રસથી ભરેલા સાગરોમાં અનેક વાર જીવ ઉત્પન્ન થયો, કિન્તુ તેની તૃષા શમી નહિ.

કામરતિનાં અતુલ વિષયસુખોને મન, વચન અને કાયાથી જીવે બહુ વાર અનુભવ્યાં, તો પણ તેની ભોગતૃષ્ણા મટી નહિ. રાગદ્વેષને વશ થઈ ભોગ ઉપરના પ્રતિબંધે કરી, જે કાંઈ ભોગસુખની પ્રાર્થનાઓ મેં કરી હોય, તે સર્વને હું નિન્દુ છું અને ગર્હું છું.

“ हंतूण मोहजालं, छित्तूण य अट्ठकम्मसंकलियं ।
जंमणमरणहट्टं, भित्तूण भवाउ मुच्चिहिसि ॥ १ ॥ ”

‘ મોહજાલને હણીને, આઠ કર્મની સાંકળને છેદીને તથા જન્મ-મરણ રૂપી અરહટ્ટને ભેદીને, હવે હું સંસાર થકી મુક્ત થઈશ.’

પાંચ મહાવ્રતોનું ત્રિવિધે ત્રિવિધે આરોપણ કરી સાવધાનતાથી દેહનો ત્યાગ કરે.

ક્રોધ, માન, માયા, લોભ, રાગ અને દ્વેષનો અપ્રમત્તપણે ત્યાગ કરી પાંચ મહાવ્રતોનું રક્ષણ કરે.

કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય અને પરનિન્દાનો ત્યાગ કરી તથા ત્રણ ગુપ્તિએ ગુપ્ત બની પાંચ મહાવ્રતોનું રક્ષણ કરે.

પાંચ ઇન્દ્રિયોને સંવરીને, પાંચ પ્રકારના શબ્દાદિ કામગુણોને રૂંધીને તથા દેવ-ગુરૂની અતિ આશાતનાથી ભયભીત બનીને પાંચ મહાવ્રતોનું રક્ષણ કરે.

તેજો, પદ્મ અને શુક્લ-એ ત્રણ લેશ્યા તથા ધર્મ અને શુક્લ-એ બે ધ્યાનને આદરતો, ઉપયુક્ત બનીને પાંચ મહાવ્રતોનું રક્ષણ કરે.

સાત ભયથી રહિત બનીને, ચાર કષાયોને સંવરીને તથા આઠ મદનાં સ્થાનોને દૂર કરીને પાંચ મહાવ્રતોનું રક્ષણ કરે.

ગુપ્ત, સમિતિ, ભાવના, જ્ઞાન અને દર્શનથી યુક્ત બનીને પાંચ મહાવ્રતોનું રક્ષણ કરે.

ત્રણ દંડથી વિરત, ત્રણ કરણથી શુદ્ધ અને ત્રણ શલ્યથી નિઃશલ્ય બની અપ્રમત્ત એવો આત્મા પાંચ મહાવ્રતોનું ત્રિવિધે રક્ષણ કરે.

સર્વ સંગનો સમ્યક્ પ્રકારે ત્યાગ કરી, સર્વ શલ્યનો ત્રિવિધે ઉદ્ધાર કરી તથા ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિનું શરણ અંગીકાર કરી પાંચ મહાવ્રતોનું રક્ષણ કરે.

મહાવ્રતોનું રક્ષણ કરવાની ભાવનાવાળો ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિ, એ જ મને ત્રાણ અને શરણ છે, એમ વિચારે.

ક્ષોભાયમાન સમુદ્રને વિષે રત્નથી ભરેલા જહાજનું જેમ બુદ્ધિ અને કરણસંપન્ન નિર્યામકો વડે રક્ષણ કરાય છે, તેમ પરિષહ રૂપી કલ્લોલો વડે ક્ષોભાયમાન થયેલું અને ગુણ રૂપી રત્નો વડે ભરેલું તપ રૂપી વહાણનું પણ, ગુરૂઓના આ ઉપદેશ રૂપી આલંબનને પામીને, આત્મા વડે રક્ષણ કરાય છે.

વ્રતના ભારથી ભારે થયેલા સત્પુરૂષો સ્વશરીરથી પણ નિરપેક્ષ બની પર્વતની ગુફા, કન્દરા અને વિષમ સ્થાનકે પણ ધીરજ વડે પોતાનો અર્થ સાધે છે, તો પછી સાધુઓની સહાય વડે અને અન્યોન્ય વૈયાવચ્ચ વડે સમુદાયની વચ્ચે રહીને સાધુઓ પોતાના અર્થને સાધવા માટે સમર્થ બને, એમાં નવાઈ શી? અર્થાત્—અપ્રમેય, મધુર અને કાનને સુખ આપનારૂં એવું શ્રી જિનવચન સાધુઓના મધ્યમાં રહીને સાંભળતાં સાંભળતાં સ્વ–અર્થ સાધવા સમર્થ થઈ શકાય, એમાં કાંઈ આશ્ચર્ય નથી.

ધન્ય છે તે સત્પુરૂષોને, કે જેઓ શિલાતલને વિષે રહી ધીર-પુરૂષોએ પ્રરૂપેલો અને સત્પુરૂષોએ સેવેલો મહાન્ એવો આત્માનો અર્થ સાધે છે.

પૂર્વે જેણે પોતાના આત્માને દમ્યો નથી, તેને ઈન્દ્રિયો પીડે છે અને પરિષહો સહ્યા નથી તેને દુઃખ સહતાં ભય થાય છે. પૂર્વે જેણે સંયમયોગ પાળ્યો નથી, તે મરણકાળે સમાધિની ઈચ્છાવાળો

હોય તો પણ પરિષહોને સહી શકતો નથી અને વિષયસુખની ઈચ્છાને છોડી શકતો નથી : કિન્તુ પૂર્વે જેણે સંયમયોગ પાળ્યો છે, એવો મરણકાળે સમાધિની ઈચ્છાવાળો પુરૂષ આત્માને વિષયસુખથી નિવારી શકે છે તથા પરિષહ સહન કરવા માટે પણ સમર્થ થઈ શકે છે. પૂર્વે જેણે સંયમયોગ આરાધ્યો છે, તે આત્મા અંતકાળે નિયાણા વિનાનો થઈ, બુદ્ધિપૂર્વક વિચાર કરી, કષાયોને ટાળી, સાવધાનીપૂર્વક મરણને અંગીકાર કરી શકે છે. સમ્યક્ પ્રકારે જેણે તપ આરાધ્યો છે, તે પુરૂષ આત્મામાં સંક્રમણ પામેલાં આકરાં પાપકર્મોને પણ બાળવા માટે સમર્થ થઈ શકે છે. પરિકર્મસહિત એક પંડિતમરણ આદરનારો સુપુરૂષ, અભ્રાન્ત થયો થકો, જલ્દીથી અનંત મરણોનો અંત કરે છે.

પાદોપગમાદિ અનશન પૂર્વક મરવું તે પંડિતમરણ છે. શુભ ધ્યાન અને ભાવનાઓ તેનાં આલંબન છે. સમાધિમરણના અર્થિએ તેને વિષે દૃઢ પ્રયત્ન કરવો.

ઈન્દ્રિયોની સુખશાંતિમાં લીન થયેલો તથા ઘોર પરિષહાદિ સહવામાં બલહીન બનેલો કાયર પુરૂષ અંતકાળે આરાધનામાં મુંઝાય છે. લજ્જા, ગારવ કે બહુશ્રુતપણાના મદ વડે જે આત્મા પોતાના દુશ્ચરિત્રને ગુરૂ આગળ પ્રકાશતો નથી, તે આત્મા આરાધક થતો નથી. અંતકાળે આરાધના કરનારો આત્મા દુષ્કરને કરનારો છે, માર્ગને જાણે છે, કીર્તિને પામે છે તથા શુદ્ધ થાય છે. તૃણમય સંથારો કે પ્રાશુક (જીવરહિત) ભૂમિએ સંથારો એ વિશુદ્ધિનું કારણ નથી, કિન્તુ શુદ્ધ થયેલો આત્મા એ જ સંથારો છે અને વિશુદ્ધિનું કારણ છે. તે દેશ અને તે કાળમાં મારા દેહનો ત્યાગ થાઓ, કે જે દેશ અને જે કાળમાં મારી મતિ શ્રી જિનવચનને અનુસરનારી હોય તથા મારૂં ચિત્ત શુભ ધ્યાન યોગમાં લીન હોય. મતિ જ્યારે શ્રી જિનવચનથી રહિત બને છે અને ચિત્ત જ્યારે શુભધ્યાન-યોગનો ત્યાગ કરે છે, ત્યારે ઇન્દ્રિય રૂપી ચોરો તપ અને સંયમ રૂપ ધનનો વિલોપ કરે છે. મતિ જ્યારે શ્રી જિનવચનથી અનુમત બને છે અને મન જ્યારે સંવરમાં

પ્રવેશ કરે છે, ત્યારે વાયુસહિત અગ્નિ જેમ મૂલ અને ડાલ સહિત વૃક્ષને બાળી મૂકે છે, તેમ આત્મા કર્મને બાળી મૂકે છે. વાયુસહિત અગ્નિ જેમ લીલા વનખંડોને વિષે રહેલાં વૃક્ષોને બાળી મૂકે છે, તેમ પુરૂષકાર સહિત પુરૂષ જ્ઞાને કરીને કર્મનો ક્ષય કરી નાખે છે. અજ્ઞાની આત્મા ઘણા ક્રોડો વર્ષો સુધી જે કર્મોને ખપાવે છે, તે કર્મને ત્રણ ગુપ્તિએ ગુપ્ત એવો જ્ઞાની એક શ્વસોશ્વાસ માત્રમાં ખપાવી દે છે. ઘણા સમર્થ ચિત્તવાળા પુરૂષવડે પણ મરણ સમયે સર્વ દ્વાદશાંગશ્રુતસ્કંધનું ચિન્તવન થવું અશક્ય છે: કિન્તુ શ્રી વીતરાગના મતમાં એક જ પદ, કે જે સંવેગને પેદા કરનારૂં છે, તેનું સ્મરણ મરણ વખતે લાભને આપનારૂં માનેલું છે. સંવેગને નહિ પેદા કરનારાં ઘણાં પણ પદો નિરર્થક છે, જ્યારે સંવેગને પેદા કરનાર એક પણ પદ વડે પુરૂષ મોહજાલને છેદી નાખે છે. સમાધિમરણની ઇચ્છાવાળા આત્માએ સંવેગને પેદા કરનાર એક પણ પદનું સ્મરણ કરતાં મરવું, એ કલ્યાણકર છે. જે જે કરવાથી વિરાગ થાય તે સર્વ આદર સહિત કરવું. વિરાગી આત્મા ભવથી મૂકાય છે, જ્યારે વિરાગહીન આત્મા અનન્તસંસારી થાય છે.

અન્તિમ સમયે વિચારવા યોગ્ય

મરણ વખતે શ્રી જિનભગવાને પ્રકાશેલો ધર્મ પ્રશંસવો અને તેની ત્રિવિધે સદ્દહણા કરવી. શ્રી જિનપ્રકાશિત ધર્મ એ ત્રસસ્થાવર ઉભયને હિત કરનારો છે તથા નિર્વાણનગરનો દરવાજો છે.

અનશન અંગીકાર કરનારે અંતિમ વખતે વિચારવું જોઈએ કે—

" समणोमित्ति अ पढमं, बीयं सव्वत्थ संजओमित्ति ।
सघं च वोसिरामि अ, जिणेहिं जं जं च पडिकुट्ठं ॥१॥"

'પ્રથમ તો હું શ્રમણ છું અને બીજું હું સર્વ અર્થનો સંયમી છું, એ કારણે શ્રી જિનેશ્વરોએ જે જે નિષેધેલું છે, તે સર્વને હું વોસિરાવું છું.'

ઉપધિ, શરીર અને ચતુર્વિધ આહારને મન, વચન અને કાયા વડે ભાવથી વોસિરાવું છું. મન વડે અચિન્તનીય, વચન વડે અવદનીય અને કાયા વડે અકરણીય–સર્વને હું ત્રિવિધે ત્રિવિધે વોસિરાવું છું. અસંયમનો, ઉપધિનો તથા અશુભ યોગોનો ત્યાગ કરતો તથા ઉપશમનું, ક્ષમાનું તથા નિર્લોભતાનું સેવન કરતો આત્મા મરણ વખતે સમાધિને પામે છે.

રોગથી પીડાયેલા તથા આપત્તિથી ગ્રસ્ત થયેલા પુરૂષને સમાધિમરણ કરાવવા માટે નીચેનાં કોઈ પણ પદોથી પચ્ચક્ખાણ કરાવવું.

" मम मंगलमरिहंता, सिद्धा साहू सुअं च धम्मो अ ।
तेसिं सरणोवगओ, सावज्जं वोसिरामित्ति ॥ १ ॥ "

'અરિહંત, સિદ્ધ, સાધુ, શ્રુત અને ધર્મ–એ મને મંગલ છે. તેમનું શરણ પામેલો હું સાવદ્ય (પાપકર્મ)ને વોસિરાવું છું.'

" अरहंता मंगलं मज्झ, अरहंता मज्झ देवया ।
अरहंते कित्तइत्ताणं, वोसिरामित्ति पावगं ॥ २ ॥ "

'અરિહંતો મને મંગલ છે, અરિહંતો મારા દેવ છે અને અરિહંતોની સ્તુતિ કરીને હું પાપને વોસિરાવું છું.'

" सिद्धा मंगलं मज्झ, सिद्धा य मज्झ देवया ।
सिद्धे अ कित्तइत्ताणं, वोसिरामित्ति पावगं ॥ ३ ॥ "

'સિદ્ધો મને મંગલ છે, સિદ્ધો મારા દેવ છે અને સિદ્ધોનું કીર્તન કરીને હું પાપને વોસિરાવું છું.'

" आयरिया मंगलं मज्झ, आयरिया मज्झ देवया ।
आयरिए कित्तइत्ताणं, वोसिरामित्ति पावगं ॥ ४ ॥ "

'આચાર્યો મને મંગલ છે, આચાર્યો મારા દેવ છે અને આચાર્યોનું કીર્તન કરીને હું પાપને વોસિરાવું છું.'

" उवज्झाया मंगलं मज्झ, उवज्झाया मम देवया ।
उवज्झाए कित्तइत्ताणं, वोसिरामित्ति पावगं ॥ ५ ॥ "

'શ્રી ઉપાધ્યાય મને મંગલ છે, શ્રી ઉપાધ્યાય મારા દેવ છે, અને શ્રી ઉપાધ્યાયનું કીર્તન કરીને હું પાપને વોસિરાવું છું.'

મરણ વખતે જીવ આરહંતનો આશ્રય લઈને અથવા સિદ્ધનો આશ્રય લઈને અથવા કેવલજ્ઞાનીનો આશ્રય લઈને અથવા એમાંના કોઈ પણ એકનો આશ્રય લઈને આરાધક થાય. શરીરમાં વેદનાઓ ઉત્પન્ન થાય, ત્યારે તે વેદનાઓને આરાધક આત્મા સમભાવે સહે.

અથવા વિચારે કે–પ્રમાદમાં વર્તતા એવા મારા જીવે ઉત્કૃષ્ટ નરકોને વિષે ઉત્કૃષ્ટ વેદનાઓ અનન્તી વાર સહી છે. અજ્ઞાન વડે કર્મ ઉપાર્જન કર્યું અને એ કર્મના યોગે વેદનાઓ આવી. એને સમભાવે નહિ સહવાથી ફરી કર્મોપાર્જન થાય છે. એમ અનન્તી વાર વેદના અને કર્મના સંબંધને હું પામ્યો. તે તે કર્મોના દુઃખ–વિપાકો અનંતીવાર સહવા છતાં મારો જીવ અજીવ થયો નથી, એમ જાણીને વિદ્વાનોએ પ્રશંસેલું અને મહાપુરૂષોએ સેવેલું અભ્યુદ્યતમરણ હું અંગીકાર કરૂં છું. મરણ સમયે શ્રી જિનોએ અભ્યુદ્યતમરણ ઉપદેશ્યું છે. એ મરણે મરનાર અને આરાધનાને વિષે સાવધાન એવો સત્પુરૂષ કાલ કરીને ઉત્કૃષ્ટ ત્રીજા ભવે અવશ્ય નિર્વાણને પામે. ધીરપુરૂષોએ કહેલું અને સત્પુરૂષોએ સેવેલું એવું આકરૂં અનશન અંત સુધી પાળીને ધીરપુરૂષ નિર્વિઘ્નપણે જયપતાકા મેળવે. જેમ યુદ્ધભૂમિને વિષે સુભટ વિજયવાવટો ફરકાવે, તેમ સંસાર રૂપી સમરભૂમિમાં સૂત્રાર્થથી સજ્જ થયેલો અને સંતોષ રૂપી નિશ્ચલ સન્નાહવાળો આત્મા ચાર કષાય, ત્રણ ગારવ, પાંચ ઇન્દ્રિય અને પરિષહની સેનાને મારીને હઠાવે છે અને વિજયપતાકા મેળવે છે.

આ અપાર સંસાર રૂપી મહોદધિને તરવાની ઇચ્છાવાળાએ 'બહુ કાળ જીવું' અથવા 'જલ્દી મરૂં'–એવી ચિન્તા કરવી નહિ

પાપકર્મથી નિસ્તાર પામવાની ઇચ્છાવાળાએ શ્રી જિનવચન, સમ્યગ્-જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર અને શુભ ભાવને વિષે ઉદ્યમવંત થવું. શ્રી જિનદર્શિત આરાધનાના ચાર પ્રકારો છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ. તે એક એકના પાછા ત્રણ ત્રણ પ્રકારો છે. જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ. પંડિત પુરૂષ ચારે પ્રકારની આરાધનાને ઉત્કૃષ્ટપણે કરી, કર્મરજરહિત બની, તે જ ભવે સિદ્ધિને પામે છે. જઘન્ય આરાધક સાત-આઠ ભવ સંસારમાં કરી પછી સિદ્ધિને પામે છે.

" खामेमि सव्व जीवे, खमामि अहं सव्वजीवाणं ।
सम्मं मे सव्वभूएसु, वेरं मज्झ न केणइ ॥१॥ "

'સર્વ જીવો મને ખમાવો. હું સર્વ જીવોને ખમાવું છું. સર્વ જીવોને વિષે મને સમભાવ છે. કોઈની સાથે મને વૈર નથી.'

" एयं पच्चक्खाणं, अणुपालेऊग सुविहीओ सम्मं ।
वेमाणिएसु देवो, हविज्ज अहवावि सिज्झिज्झा ॥ १ ॥"

'સુવિહિત સાધુ આ પચ્ચકખાણ સમ્યક્ પ્રકારે પાળીને વૈમાનિકોને વિષે દેવ થાય અથવા નિર્વાણને પામે.'

॥ इति शुभं सर्वसत्त्वानाम् ॥

આસ્તિકતાનો આદર્શ

યાને

નાસ્તિક-મત-વાદનું નિરસન-ભાગ બીજો

• સમાપ્ત •